ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ-1215/175/છ, તા.25-11-2016 -થી મંજૂર

# અર્થશાસ્ત્ર

# ધોરણ 12

## પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો, વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

તમસો મા જ્યોતિર્ગમય

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

ડૉ. કિરણ પંડ્યા

**લેખન-સંપાદન**

ડૉ. કાર્તિકેયભાઈ ભટ્ટ (કન્વીનર) ડૉ. આર. એમ. શર્મા
ડૉ. પીન્કી જે. દેસાઈ ડૉ. ટેકપાલસિંહ આનંદ
ડૉ. દીપક એસ. ભાવસાર શ્રી પ્રદીપભાઈ જી. દવે
શ્રી ગૌતમભાઈ બી. વાઘેલા શ્રી સંજયભાઈ એલ. કામળિયા

**સમીક્ષા**

શ્રી એમ. બી. દવે શ્રી કમલેશભાઈ આર. શાહ
શ્રી નીલેશભાઈ એ. ભાવસાર શ્રી રાજેન્દ્રભાઈ આર. શેઠ
શ્રી રશ્મિબહેન બી. પટેલ શ્રી અમૃતભાઈ ડી. પટેલ
ડૉ. વિજય એ. જોષી ડૉ. જગદીશ બી. ભાવસાર
શ્રી કાંતિભાઈ એન. ચૌધરી શ્રી સુનિલકુમાર પી. સોની
શ્રી સરમણભાઈ કે. ગળચર શ્રી રાજેન્દ્રકુમાર કે. મહેતા
શ્રી કેતકીબહેન બી. પટેલ ડૉ. યોગેશ એન. વાંસિયા

**ભાષાશુદ્ધિ**

શ્રી છાયા પારેખ

**ચિત્રાંકન**

શ્રી ગ્રાફિક્સ

**સંયોજન**

ડૉ. ચિરાગ એન. શાહ
(વિષય-સંયોજક : કૉમર્સ)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એચ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, અર્થશાસ્ત્ર** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં એની હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરાવતાં શિક્ષકો અને તજ્જ્ઞો દ્વારા સર્વાંગી સમીક્ષા કરાવવામાં આવી છે. શિક્ષકો તથા તજ્જ્ઞોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**

નિયામક — કાર્યવાહક પ્રમુખ

તા. 14-11-2019 — ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃમુદ્રણ : 2018, 2019, 2020**

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી (IAS), નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


1. અર્થશાસ્ત્રમાં આલેખ 1

2. વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો 14

3. નાણું અને ફુગાવો 29

4. બૅન્કિંગ અને નાણાકીય નીતિ 35

5. ગરીબી 47

6. બેરોજગારી 65

7. વસ્તી 79

8. કૃષિક્ષેત્ર 93

9. વિદેશવેપાર 105

10. ઉદ્યોગ ક્ષેત્ર 121

11. ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો 130

- Abbreviations used in the Book 148


●

# 1 અર્થશાસ્ત્રમાં આલેખ


- **પ્રસ્તાવના**

**1.1 આકૃતિ અને આલેખનો અર્થ**

1.1.1 અર્થશાસ્ત્રમાં આકૃતિઓ તથા આલેખોનું મહત્ત્વ

1.1.2 આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

**1.2 આકૃતિના પ્રકારો**

1.2.1 સમય આધારિત રેખા-આકૃતિ

1.2.2 સ્તંભ આકૃતિ અને તેના પ્રકારો

1.2.2.1 સાદી સ્તંભ આકૃતિ

1.2.2.2 પાસ-પાસેની સ્તંભ આકૃતિ

1.2.2.3 વિભાજિત સ્તંભ આકૃતિ

1.2.2.4 સ્તંભ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

1.2.3 વૃત્તાંશ આકૃતિ

1.2.3.1 વૃત્તાંશ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

**1.3 આલેખના પ્રકારો**

1.3.1 સામાયિક શ્રેણીનાં વલણો દર્શાવતા આલેખો

**1.4 અર્થશાસ્ત્રના અભ્યાસમાં ટેક્નોલૉજીનો ઉપયોગ**

1.4.1 કમ્પ્યૂટર ટેક્નોલૉજી

1.4.2 ઇન્ટરનેટ ટેક્નોલૉજી

1.4.3 અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પૅક્ટ ડિસ્ક (CD)નો ઉપયોગ


**પ્રસ્તાવના (Introduction)**

અર્થશાસ્ત્રમાં વાસ્તવિક જીવનમાં બનતી વિવિધ આર્થિક ઘટનાઓની સમજૂતી અપાય છે અને તેનું વિશ્લેષણ પણ કરવામાં આવે છે. અર્થશાસ્ત્રમાં રાજ્ય, બૅન્કો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ આપેલી 'માહિતી' અને 'આંકડાઓ'નું ખાસ વિશ્લેષણ થતું હોય છે. જ્યારે નિષ્ણાતો દ્વારા ઘટનાઓ અને તેમના વિશ્લેષણની ચર્ચાઓ થાય ત્યારે સામાન્ય વ્યક્તિઓને તેમાં રસ પડતો નથી. પરંતુ જ્યારે આવી ઘટનાઓ વિશેની મુખ્ય બાબતો અને પ્રજાએ સમજવા જેવા અર્થતંત્રના ફેરફારો ચિત્રો દ્વારા વ્યક્ત થાય તો સામાન્ય પ્રજાનું ધ્યાન દોરાય છે; અને પ્રજા સુધી અમુક માહિતી પહોંચે છે. આવા વિશ્લેષણ માટે ખાસ કરીને બે પ્રકારનાં ચિત્રો દોરવામાં આવે છે જેમને (1) આકૃતિ અને (2) આલેખનાં નામે ઓળખવામાં આવે છે.

## 1.1 આકૃતિ અને આલેખનો અર્થ (Meaning of a Diagram and a Graph)

આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ આકૃતિઓ અને આલેખો જુદા પ્રકારનાં ચિત્રો છે અને તેમનો ઉપયોગ જુદાં-જુદાં કારણોસર થતો હોય છે. અર્થશાસ્ત્રમાં પણ આકૃતિઓ અને આલેખોનો ઉપયોગ અલગ-અલગ રીતે થાય છે.

**(1) આકૃતિ :** સામાન્ય રીતે અવલોકિત માહિતીનું ચિત્ર દ્વારા પ્રતિનિધિત્વ આકૃતિ કરે છે. આકૃતિ દોરતી વખતે સ્કેલ-માપ લેવામાં આવે છે, પરંતુ તેને દોરવા માટે આંકડાશાસ્ત્રનું ઊંડું જ્ઞાન જરૂરી નથી હોતું. આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ જ્યારે માહિતીની આવૃત્તિ અસતત હોય ત્યારે આકૃતિનો ઉપયોગ કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આકૃતિ સ્વયં સ્પષ્ટ માહિતી માટે દોરવામાં આવે છે. તેને દોરવા કે સમજવા માટે સામાન્ય જનને સમજાવવા માટે આંકડાશાસ્ત્રનું ઊંડું જ્ઞાન જરૂરી નથી હોતું. આકૃતિઓનો ઉપયોગ વિજ્ઞાપન કંપનીઓ આકર્ષણ ઊભું કરવા, રાજ્ય માહિતી આપવા, સામાજિક સંસ્થાઓ જાગૃતતા ફેલાવવા માટે કરે છે.

**(2) આલેખ :** આલેખ પણ અવલોકિત માહિતીનું ચિત્ર દ્વારા પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ આલેખ માટે વપરાતી માહિતી સ્વયં સ્પષ્ટ હોતી નથી. જ્યારે માહિતીને સતત આવૃત્તિમાં દર્શાવવી હોય ત્યારે આલેખ દોરવામાં આવે છે. સતત આવૃત્તિમાં અપાયેલી માહિતીને સ્પષ્ટ કરવા માટે આંકડાશાસ્ત્રનાં સાધનોનો ઉપયોગ

કરવો પડે છે. વળી, અન્ય પ્રકારની અસ્પષ્ટ આંકડાકીય માહિતી માટે પણ આલેખ દોરવામાં આવે છે. આલેખ દોરવા માટે અને સમજવા માટે આંકડાશાસ્ત્રનું જ્ઞાન જરૂરી બને છે. 'X' અને 'Y' ધરી દ્વારા દોરાયેલા ચતુર્થાંશોમાંના (Quadrants) એક કે એકથી વધુ ચતુર્થાંશ પર આલેખ ફેલાઈ શકે છે અને ચોક્કસ સ્કેલ-માપ વિના આલેખ દોરવો અશક્ય બને છે.

સામાન્ય રીતે આલેખ 'ગ્રાફ પેપર' પર દોરવામાં આવે છે. આલેખનો ઉપયોગ સંશોધનકારો દ્વારા તથા ઉચ્ચ શિક્ષણમાં વધુ કરવામાં આવે છે. સામાન્ય પ્રજાને માહિતી આપવા માટે આલેખનો ઉપયોગ થતો નથી.

**અસતત આવૃત્તિનું ઉદાહરણ :**

**કોષ્ટક 1.1**

| કિંમત (₹ માં) | માંગ એકમમાં (આવૃત્તિ) |
|---|---|
| 1 | 100 |
| 2 | 80 |
| 5 | 70 |
| 7 | 20 |
| 10 | 10 |

**સતત આવૃત્તિનાં ઉદાહરણો**

**કોષ્ટક 1.2**

(A)

| આવકનો વર્ગ | લોકોની સંખ્યા (આવૃત્તિ) |
|---|---|
| 10,000 - 20,000 | 500 |
| 20,000 - 30,000 | 300 |
| 30,000- 40,000 | 100 |

**કોષ્ટક 1.3**

(B)

| ગુણનો વર્ગ | વિદ્યાર્થીઓની સંખ્યા (આવૃત્તિ) |
|---|---|
| 10-19 | 50 |
| 20-29 | 30 |
| 30-39 | 10 |

### 1.1.1 અર્થશાસ્ત્રમાં આકૃતિઓ તથા આલેખોનું મહત્ત્વ :

અર્થશાસ્ત્રમાં આકૃતિ અને આલેખનું મહત્ત્વ નીચે મુજબ જણાવી શકાય :

(1) સામાન્ય રીતે અઘરો અને અટપટો લાગતો અર્થશાસ્ત્રનો અભ્યાસ આકૃતિ દ્વારા સરળ બને છે અને આલેખ દ્વારા વધુ સ્પષ્ટ બને છે.

(2) અર્થતંત્રમાં આવતાં કેટલાંક પરિબળોનાં જુદાં-જુદાં વર્ષોનાં વલણો સહેલાઈથી એક જ આકૃતિ અથવા આલેખમાં જોઈ શકાય છે.

(3) અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રોમાં થતા ફેરફારો પણ સહેલાઈથી સમજી શકાય છે.

(4) અર્થતંત્રનાં કેટલાંક પરિબળો માટેની વર્ગો, પ્રદેશો, ક્ષેત્રો તેમજ સમયગાળા વચ્ચેની સરખામણી સહેલાઈથી કરી શકાય છે.

(5) અર્થશાસ્ત્રની કેટલીક અઘરી બાબતો સમજવા-સમજાવવા પાછળ લખનાર અને વાંચનારનો સમય તથા શક્તિ બચે છે, કારણ કે આકૃતિ અને આલેખ દ્વારા અનેક બાબતો સ્પષ્ટ રીતે જોવાય છે.

(6) અર્થશાસ્ત્રના કેટલાક અઘરા સિદ્ધાંતો આકૃતિ અને આલેખની મદદથી સમજવામાં સરળ બને છે જેમ કે માંગ અને પુરવઠાના વિસ્તરણ અને સંકોચનનો ખ્યાલ કે તેમની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ આકૃતિ દ્વારા સરળ બને છે અને સમગ્રલક્ષી પરિબળોમાં થતાં વલણો સામાયિક શ્રેણીની મદદથી દોરાયેલા આલેખ દ્વારા સ્પષ્ટ થાય છે. જેમ કે, ખેતી ક્ષેત્રમાં આવતા ટૂંકા અને લાંબા ગાળાનાં આકસ્મિક પરિવર્તનો કે કોઈ ઉદ્યોગમાં થતાં નિયમિત પરિવર્તનો તથા વલણો સામાયિક શ્રેણી વડે શોધાય છે અને લાંબા તથા ટૂંકા ગાળાનાં પરિવર્તનોનાં વલણો આલેખો દ્વારા જોવા મળે છે.

### 1.1.2 આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

આકૃતિ અને આલેખનો હેતુ વિશ્લેષણ અને સરખામણી કરવાનો હોવાથી દોરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. જેમ કે,

(1) **આકૃતિ અને આલેખના પ્રકારની પસંદગી અને રજૂઆત :** કોઈ પણ ચિત્રને વધુ આકર્ષક અને અસરકારક બનાવવા માટે તેના પ્રકારની પસંદગી મહત્ત્વની બને છે. દા.ત., કેટલીક માહિતી વિભાજિત સ્તંભ આકૃતિ તથા વૃત્તાંશ આકૃતિ બંને દ્વારા રજૂ થઈ શકે, તો બેમાંથી કઈ આકૃતિની રજૂઆત વધુ અસરકારક બને તે માટેની પસંદગી કરવી જરૂરી બને છે.

(2) **સ્પષ્ટતા :** ચિત્રની રજૂઆત સ્પષ્ટ અને સ્વચ્છ હોવી જોઈએ. વિવિધ વિભાજનોનો અલગ રંગ કે શૅડ દ્વારા દર્શાવવા જોઈએ તથા દરેક વિભાજન દ્વારા વ્યક્ત થતી માહિતીની વિગતો દર્શાવવી જોઈએ.

(3) **ચોક્કસ સ્કેલ-માપ :** આંકડાના આધારે આકૃતિ કે આલેખનું સ્કેલ-માપ લેવું જોઈએ જેથી તે ચિત્ર યોગ્ય કદનું બને.

(4) **આકૃતિ કે આલેખની બંને ધરી પરની વિગતો સ્પષ્ટ દર્શાવવી :** આકૃતિ હોય કે આલેખ, તેની બંને ધરી પરની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવવી જરૂરી બને છે.

(5) **આંકડાકીય માહિતીનો સ્રોત :** આકૃતિ કે આલેખ જે આંકડાકીય માહિતી માટે રજૂ કરાયા હોય તે માહિતી તથા તેનો સ્રોત દર્શાવવાથી આકૃતિ કે આલેખની વિશ્વસનીયતા વધે છે અને તે ચિત્ર અધિકૃત બને છે.

(6) **આંકડાકીય માહિતી ગણવાની રીત દર્શાવવી :** જ્યારે માહિતી સ્વયં સ્પષ્ટ ન હોય અને આંકડાશાસ્ત્રની મદદથી તેને સ્પષ્ટ બનાવાઈ હોય અને તેના આધારે ચિત્ર દોરાયું હોય, તો સ્પષ્ટીકરણ માટે વપરાયેલાં આંકડાશાસ્ત્રનાં સાધનની ખૂબ ટૂંકી વિગત દર્શાવવી જરૂરી હોય છે.

## 1.2 આકૃતિના પ્રકારો (Types of Diagrams)

આકૃતિના સામાન્ય રીતે વપરાતા અનેક પ્રકારો છે. જેમ કે,

- ચિત્રાકૃતિ (Pictogram)
- છૂટાંછવાયાં બિંદુઓ અથવા વિકિર્ણ દર્શાવાતી આકૃતિ (Scatter diagram)
- સમય આધારિત અથવા અન્ય પરિબળ આધારિત-રેખા આકૃતિ (Line diagram)
- વર્તુળ આકૃતિ (Circle diagram)
- સ્તંભ આકૃતિ (Bar diagram)
- વૃત્તાંશ આકૃતિ (Pie diagram)

આ વિભાગમાં આપણે સમય આધારિત રેખા-આકૃતિ, સ્તંભ આકૃતિ અને વૃત્તાંશ આકૃતિ વિશે સમજૂતી મેળવીશું.

### 1.2.1 સમય આધારિત રેખા-આકૃતિ :

સામાન્ય રીતે રેખા-આકૃતિ બે ચલ વચ્ચેના સંબંધની રેખા અને તેનો ઢાળ દર્શાવે છે. દા.ત., માંગરેખા, પુરવઠા રેખા વગેરે.

આ પ્રકારની આકૃતિમાં સ્વતંત્ર ચલ 'X' ધરી પર અને પરતંત્ર ચલ 'Y' ધરી પર દર્શાવાય છે.


સમયના સંદર્ભમાં કોઈ એક ચલનાં સ્વયં સ્પષ્ટ વલણો દર્શાવતી આકૃતિ અર્થશાસ્ત્રમાં વારંવાર વપરાય છે. દા.ત., વિવિધ વર્ષોમાં વસ્તીની સંખ્યા, વિવિધ વર્ષોમાં ફુગાવાનો દર, વિવિધ વર્ષોમાં સાક્ષરતાનો દર વગેરે દર્શાવવામાં આવે છે. આ પ્રકારની આકૃતિને રેખા-આકૃતિ કહી શકાય.

**ઉદાહરણ :**

**કોષ્ટક 1.4 1951થી ભારતમાં :**

**વસ્તીવૃદ્ધિની ટકાવારી**

| સમયગાળામાં | દાયકા માટેનો વસ્તી વૃદ્ધિદર (ટકામાં) |
|---|---|
| 1951-61 | 21.64 |
| 1961-71 | 24.80 |
| 1971-81 | 24.66 |
| 1981-91 | 23.87 |
| 1991-2001 | 21.54 |
| 2001-2011 | 17.64 |




**સ્રોત :** ભારતની વસ્તી-ગણતરી, (Census of India)

**આકૃતિ 1.1 સમય આધારિત રેખા-આકૃતિ**

### 1.2.2 સ્તંભ આકૃતિ અને તેના પ્રકારો :

સ્તંભ આકૃતિ કોઈ એક ચલના મૂલ્યની વિવિધ વિભાગો વચ્ચેની વહેંચણી દર્શાવે છે. દા.ત., જુદા-જુદા સમયે દેશમાં સાક્ષરતાનું પ્રમાણ અથવા સ્ત્રીઓ અને પુરુષોમાં કોઈ એક સમયે સાક્ષરતાનું પ્રમાણ.

- આવી આકૃતિ ઊભા કે આડા સ્તંભો દોરીને દર્શાવાય છે.
- દરેક વિભાગ કે સમય માટે એક જુદો સ્તંભ દોરવામાં આવે છે. તે સ્તંભની ઊંચાઈ (લંબાઈ) તે વિભાગ/સમય માટે ચલનું મૂલ્ય દર્શાવે છે.

આમ, સ્તંભોની ઊંચાઈ/લંબાઈ દ્વારા ચલના મૂલ્યની વિવિધ વિભાગો કે સમયગાળા વચ્ચે સરખામણી થઈ શકે છે.

સ્તંભ આકૃતિ સામાન્ય રીતે ત્રણ પ્રકારની જોવા મળે છે :

(A) સાદી સ્તંભ આકૃતિ (B) પાસ-પાસેની સ્તંભ આકૃતિ (C) વિભાજિત સ્તંભ આકૃતિ.


**1.2.2.1 સાદી સ્તંભ આકૃતિ :** સાદી સ્તંભ આકૃતિ કોઈ એક આધાર, જેમ કે પ્રદેશો, સમયગાળો વગેરે ઉપર કોઈ ચલનું મૂલ્ય દર્શાવે છે. આ આકૃતિ વિવિધ પ્રદેશો, સમયગાળા વગેરે માટે ચલના મૂલ્યની સરખામણી આકર્ષક રીતે રજૂ કરવામાં આવે છે.

**ઉદાહરણ : કોઈ એક દુકાનમાં દર બે મહિનામાં ચૉકલેટ-બૉક્સનું વેચાણ**

**કોષ્ટક 1.5**

| મહિના | વેચાણ (એકમમાં) |
|---|---|
| જાન્યુઆરી-ફેબ્રુઆરી | 35 |
| માર્ચ-એપ્રિલ | 60 |
| મે-જૂન | 65 |
| જુલાઈ-ઑગસ્ટ | 40 |
| સપ્ટેમ્બર-ઑક્ટોબર | 50 |
| નવેમ્બર-ડિસેમ્બર | 30 |

**સ્રોત :** કાલ્પનિક




**આકૃતિ 1.2 સાદી સ્તંભ આકૃતિ**

**1.2.2.2 પાસ-પાસેની સ્તંભ આકૃતિ :** આ પ્રકારની આકૃતિમાં કોઈ એક આધાર ઉપર કોઈ એક ચલનું એક કરતાં વધુ વર્ગો માટેનું મૂલ્ય દર્શાવવામાં આવે છે. આથી આધારના દરેક મૂલ્ય ઉપર ચલના વિવિધ વર્ગોનાં મૂલ્યો દર્શાવતાં જુદા-જુદા સ્તંભો દોરવામાં આવે છે.

ધારો કે સમયગાળો એ આધાર હોય, સાક્ષરતા એ ચલ હોય અને સ્ત્રીઓ તથા પુરુષોના બે વર્ગ હોય, તો વિવિધ સમયગાળા દરમિયાન સ્ત્રીઓ તથા પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ જોવા માટે આવી આકૃતિ દોરાય છે. આમ, સ્ત્રી અને પુરુષ વર્ગના સ્તંભ કોઈ એક વર્ષ માટે પાસ-પાસે દોરાય છે.


આકૃતિને આકર્ષક બનાવવા માટે દરેક વર્ગના સ્તંભને અલગ-અલગ રંગ અથવા શૅડથી દર્શાવવામાં આવે છે.

**ઉદાહરણ : કોઈ એક દુકાનમાં દર બે મહિનામાં વિવિધ માપનાં ચૉકલેટ-બૉક્સનું વેચાણ**

**કોષ્ટક 1.6**

| મહિના | વેચાણ (એકમમાં) | | |
|---|---|---|---|
| | નાના બૉક્સનું વેચાણ | મધ્યમ બૉક્સનું વેચાણ | મોટા બૉક્સનું વેચાણ |
| જાન્યુઆરી-ફેબ્રુઆરી | 30 | 15 | 25 |
| માર્ચ-એપ્રિલ | 40 | 25 | 50 |
| મે-જૂન | 50 | 25 | 35 |
| જુલાઈ-ઑગસ્ટ | 25 | 15 | 10 |
| સપ્ટેમ્બર-ઑક્ટોબર | 40 | 20 | 25 |
| નવેમ્બર-ડિસેમ્બર | 60 | 40 | 20 |

**સ્રોત :** કાલ્પનિક




**આકૃતિ 1.3 પાસ-પાસની સ્તંભ આકૃતિ**

**1.2.2.3 વિભાજિત સ્તંભ આકૃતિ :** જ્યારે સ્તંભ આકૃતિના દરેક સ્તંભના મૂલ્યને એકથી વધુ પેટા વિભાગોમાં વહેંચવામાં આવે ત્યારે વિભાજિત સ્તંભ આકૃતિ બને છે.


સ્તંભના પેટા વિભાગોને અલગ-અલગ રંગો અથવા શૅડથી આકર્ષિત કરવામાં આવે છે અને દરેક વિભાગ જે આંક દર્શાવે તે લખવામાં આવે છે.

**ઉદાહરણ : દર બે મહિનાના ગાળામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ચૉકલેટના બૉક્સનું વેચાણ :**

**કોષ્ટક 1.7**

| ક્ષેત્ર | વેચાણ (એકમમાં) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | જાન્યુઆરી-ફેબ્રુઆરી | માર્ચ-એપ્રિલ | મે-જૂન | જુલાઈ-ઑગસ્ટ | સપ્ટેમ્બર-ઑક્ટોબર | નવેમ્બર-ડિસેમ્બર |
| **ગ્રામ્ય** | 30 | 35 | 40 | 20 | 35 | 40 |
| **શહેરી** | 40 | 80 | 70 | 30 | 50 | 80 |
| **ભારત (કુલ)** | 70 | 115 | 110 | 50 | 85 | 120 |

**સ્રોત :** કાલ્પનિક




**આકૃતિ 1.4 વિભાજિત સ્તંભ આકૃતિ**

### 1.2.2.4 સ્તંભ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

(i) દરેક સ્તંભની પહોળાઈ સરખી હોય છે કારણ કે સ્તંભની પહોળાઈ કોઈ મૂલ્ય દર્શાવતી નથી.

(ii) દરેક સ્તંભની લંબાઈ કે ઊંચાઈ તે સ્તંભ માટેના ચલના મૂલ્યને અનુરૂપ હોવી જોઈએ.

(iii) દરેક સ્તંભની વચ્ચેનો ગાળો આકૃતિમાં સરખો હોવો જોઈએ અને તે જ ગાળો ઊગમબિંદુ અને પ્રથમ સ્તંભ વચ્ચે જાળવવો જોઈએ.

(iv) દરેક સ્તંભ 'X' ધરી પર સામાન્ય રીતે દોરવામાં આવે છે. જેના પર દર્શાવાતા પરિબળને આધાર કહેવાય છે.

આજના આધુનિક યુગમાં કમ્પ્યૂટરની મદદથી ઊભા સ્તંભના બદલે આડા સ્તંભ ('Y' ધરીથી આડા) દોરવાની રીત પણ વધુ પ્રચલિત થઈ છે.

(v) દરેક ઊભો સ્તંભ માહિતીના ક્રમમાં જ દોરવામાં આવે છે. આમ, પ્રથમ માહિતી માટેનો સ્તંભ ઊગમબિંદુથી પહેલો દોરવામાં આવે છે.

### 1.2.3 વૃત્તાંશ આકૃતિ :

વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. એક વર્તુળને એક સમષ્ટિ માની લેવામાં આવે અને માહિતીના વિભાગોને વર્તુળના ભાગ પાડીને દર્શાવવામાં આવે ત્યારે વૃત્તાંશ આકૃતિ બને છે.

જે માહિતી માટે વિભાજિત સ્તંભ આકૃતિ દોરવામાં આવે છે તેવી જ માહિતી માટે વૃત્તાંશ આકૃતિ દોરવામાં આવે છે.

વર્તુળનું ક્ષેત્રફળ 360° હોવાથી ચલનું કુલ મૂલ્ય 360° દ્વારા દર્શાવવામાં આવે છે અને માહિતીના પ્રમાણના આધારે વૃત્તાંશ પાડીને પેટા મૂલ્યો દર્શાવવામાં આવે છે.

આમ કહી શકાય કે, કુલ માહિતીના પેટા વિભાગોને વર્તુળના અંશના પ્રમાણમાં જ્યારે દોરવામાં (દર્શાવવામાં) આવે ત્યારે તેવી આકૃતિને વૃત્તાંશ આકૃતિ કહેવાય છે.

**વૃત્તાંશ શોધવાની રીત :**


$$\text{વૃત્તાંશ} = \frac{\text{પેટા મૂલ્ય}}{\text{કુલ મૂલ્ય}} \times 360$$

**ઉદાહરણ : જુદી-જુદી વસ્તુઓ પાછળ એક વિદ્યાર્થી દ્વારા વપરાતા તેના ખિસ્સા-ખર્ચની ટકાવારી**

**કોષ્ટક 1.8**

| વસ્તુ | ટકાવારી ખર્ચ | વૃત્તાંશની ગણતરી |
|---|---|---|
| ચોપડીઓ | 20 | (20 × 360) ÷ 100 = 72° |
| સ્ટેશનરી | 5 | (5 × 360) ÷ 100 = 18° |
| ફોન,કમ્પ્યૂટર વગેરે પાછળ | 30 | (30 × 360) ÷ 100 = 108° |
| નાસ્તો | 30 | (30 × 360) ÷ 100 = 108° |
| કપડાં | 15 | (15 × 360) ÷ 100 = 54° |
| **કુલ** | **100** | **(100 × 360) ÷ 100 = 360°** |

**સ્રોત :** કાલ્પનિક




**આકૃતિ 1.5 વૃત્તાંશ આકૃતિ**

**1.2.3.1 વૃત્તાંશ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

(i) વર્તુળના 360 વૃતાંશ હોય છે.

(ii) માહિતીના દરેક પેટા મૂલ્યના આધારે વૃત્તાંશ શોધવામાં આવે છે અને દરેક પેટા વિભાગના વૃત્તાંશનો સરવાળો 360° થવો જોઈએ.

(iii) જ્યારે કોઈ બે સમયગાળા કે પ્રદેશો વચ્ચેથી સરખામણી માટે બે વૃત્તાંશ આકૃતિઓ બાજુ-બાજુમાં દોરાય, તો કુલ મૂલ્યના આધારે જે-તે વર્તુળ દોરવામાં આવે છે. નાના આંકવાળી માહિતી માટે નાનું વર્તુળ અને મોટા આંકવાળી માહિતી માટે મોટું વર્તુળ દોરવામાં આવે છે.

**1.3 આલેખના પ્રકારો (Types of Graphs)**

અર્થશાસ્ત્રમાં આલેખો પણ અવારનવાર વપરાતાં હોય છે. આંકડાશાસ્ત્ર મુજબ આલેખના પ્રકારો નીચે મુજબ હોય છે :

(1) સામાયિક શ્રેણીનાં વલણો દર્શાવતાં આલેખ (Time-Series Graphs)

(2) સતત આવૃત્તિ-વિતરણ ધરાવતી માહિતી માટેના આલેખો

- સ્તંભાલેખ (Histogram)
- આવૃત્તિ બહુકોણ (Frequency polygon)
- આવૃત્તિ વક્ર (Frequency curve)
- સંચયી આવૃત્તિ બહુકોણ (Cumulative frequency polygon)

(3) લઘુગુણક (લૉગ) આધારિત આલેખ

### 1.3.1 સામાયિક શ્રેણીનાં વલણો દર્શાવતા આલેખો :

વ્યાપાર કે આર્થિક પ્રવૃત્તિનાં ચક્રોમાં ટૂંકા ગાળાના કે લાંબા ગાળાનાં નિયમિત અથવા અનિયમિત પરિવર્તનો જોવાં મળે છે. આંકડાશાસ્ત્રનાં સાધનો દ્વારા આવાં પરિબળોનાં વલણો શોધવામાં આવે છે અને સમયને આધાર લઈને જ્યારે આવાં વલણોના આલેખો દોરવામાં આવે, તો સામાયિક શ્રેણીના આલેખો તરીકે ઓળખાય છે.

આલેખના અન્ય પ્રકારો આપણા અભ્યાસક્રમમાં ન હોવાથી આ પ્રકરણમાં દર્શાવેલ નથી.

## 1.4 અર્થશાસ્ત્રના અભ્યાસમાં ટેક્નોલૉજીનો ઉપયોગ (Use of Technology in the Study of Economics)

આધુનિક યુગ એ ટેક્નોલૉજીનો યુગ ગણાય છે. આપણે આપણાં રોજિંદા જીવનમાં વધુ ને વધુ ટેક્નોલૉજીનો ઉપયોગ કરતાં થયાં છીએ. એકબીજા સાથે સંપર્કમાં રહેવા, ચલચિત્રોની ટિકિટો બુક કરાવવા, ગીતો સાંભળવા, ડ્રાઈવિંગ કરતી વખતે રસ્તો શોધવા, વસ્તુઓ ખરીદવા, બિલો ભરવા વગેરે માટે ટેક્નોલૉજીનો ઉપયોગ કરીએ છીએ.

આ જ રીતે ટેક્નોલૉજીનો ઉપયોગ શિક્ષણમાં પણ કરીએ છીએ.

અર્થશાસ્ત્ર જીવન જીવવાની કળા અને વિજ્ઞાન અંગેનું શાસ્ત્ર છે અને માનવજીવન દરેક સમયે બદલાતું રહે છે. માટે સામાન્ય પ્રજાએ તથા નિષ્ણાતોએ પોતાની જાતને હંમેશાં નવાં-નવાં પરિવર્તનોથી માહિતગાર રાખવા પડે છે અને તે માટે માનવીને ટેક્નોલૉજી ખૂબ મદદરૂપ સાબિત થાય છે.

અર્થશાસ્ત્રના અભ્યાસમાં સામાન્ય રીતે વપરાતી ટેક્નોલૉજીની જાણકારી નીચે મુજબ આપી શકાય :

### 1.4.1 કમ્પ્યૂટર ટેક્નોલૉજી :

કમ્પ્યૂટરથી અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી અજાણ નથી. આપણે શાળામાં કમ્પ્યૂટરનો ઉપયોગ અવાર-નવાર કરીએ છીએ. ઉપરાંત ઘણા બધા વિદ્યાર્થીનાં ઘરોમાં પણ કમ્પ્યૂટર વસાવેલાં હશે જ ! અરે ! હવે તો તમારા મોબાઇલ ફોન પણ કમ્પ્યૂટરનું કામ આપી શકે તેવા જોવા મળે છે. આપણા અભ્યાસમાં આપણે કમ્પ્યૂટરનો ઉપયોગ વિવિધ રીતે કરી શકીએ તેમ છીએ. જેમ કે,

**(i) પ્રેઝન્ટેશન બનાવવા - તૈયાર કરવા માટે :** અર્થશાસ્ત્રના સિદ્ધાંતો કે અટપટી આંકડાકીય માહિતીને પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ખૂબ જ સરળતાથી સમજાવી શકીએ છીએ.

દા.ત., અંદાજપત્રનો પાઠ સમજવા માટે કે સમજાવવા માટે ત્રણ જ સ્લાઇડ બનાવીને આપણે સમજી કે સમજાવી શકીએ. એક સ્લાઇડમાં અંદાજપત્રનો અર્થ અને ખાતાઓ. બીજી સ્લાઇડમાં અંદાજપત્રનાં ખાતાઓની વિગતો અને ત્રીજી સ્લાઇડમાં આપણા દેશનું અંદાજપત્ર દર્શાવીને આખું પ્રકરણ સરળતાથી સમજી શકીએ અને ઝડપથી યાદ પણ રાખી શકીએ.

**(ii) એક્સલ વર્કશીટ :** અર્થશાસ્ત્રમાં મોટા પ્રમાણમાં આંકડાકીય માહિતીનો ઉપયોગ થાય છે. સંશોધન કરતાં નિષ્ણાતો અત્યંત મોટા પ્રમાણની આંકડાકીય માહિતીની ચકાસણી કરે છે. જેમ કે જ્યારે આપણે ભારતમાં નાના પાયાના ઉદ્યોગો દ્વારા ઉત્પન્ન થતી ચીજવસ્તુઓની માહિતી મેળવવાના પ્રયાસો કરીએ છીએ ત્યારે આપણને અસંખ્ય ચીજવસ્તુઓનાં ઉદાહરણો મળે. આવી માહિતી કમ્પ્યૂટર પ્રોગ્રામની એક્સલ શીટમાં મૂકીને તેના સરવાળા, સરેરાશ, સહસંબંધ વિશેનાં આંક/મૂલ્યો મિનિટોમાં મેળવી શકીએ. એક્સલ શીટ એ આંકડાકીય માહિતીને પ્રોસેસ કરવા માટેનો પ્રોગ્રામ છે. મેળવેલ માહિતી માટે વિવિધ પ્રકારની આકૃતિઓ પણ એક્સલ શીટમાં સહેલાઈથી દોરી શકાય છે.

**(iii) આકૃતિ અને આલેખ દોરવા માટેના પ્રોગ્રામો :** કમ્પ્યૂટર ટેક્નોલૉજીમાં અનેક પ્રોગ્રામો છે જેમના વડે અર્થશાસ્ત્રની વિવિધ આકૃતિ કે આલેખો દોરી શકાય.

સામાન્ય વર્ડ ફાઈલમાં પુરવઠા અને માંગરેખા જેવી સરળ આકૃતિઓ દોરી શકાય છે. એક્સલ શીટ દ્વારા આંકડાકીય માહિતી માટે આકૃતિ અને આલેખો સચોટ માપ પ્રમાણે દોરી શકાય છે. પરંતુ આ માટે આપણને કયા પ્રકારની આકૃતિ જોઈએ છે અને તેને માટે કઈ ફોર્મ્યુલા વપરાય છે તેની જાણકારી હોવી જોઈએ.

**(iv) અભ્યાસ-સામગ્રી સાચવવા માટે :** અર્થશાસ્ત્રના અભ્યાસ માટે અસંખ્ય શૈક્ષણિક સાધન-સામગ્રીની જરૂર પડે છે. ઉપરાંત અર્થશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસ કે સંશોધન માટે પણ આવું સામગ્રી અનિવાર્ય બને છે. આ સામગ્રીને નોટબુક કે ચોપડીઓમાં સાચવવા માટે જગ્યા તેમજ ચીવટ જોઈએ તેમજ ભેજ, જીવાત વગેરેથી તે બગડી જવાનો ભય રહે પરંતુ આપણે આ સામગ્રીને કમ્પ્યૂટરમાં સાચવી શકીએ. ઉપરાંત હાર્ડડિસ્ક કે પેન ડ્રાઇવમાં તેને સાથે રાખીને પણ ગમે ત્યાં લઈ જઈ શકાય. e-mail માં સાચવીને દુનિયાના કોઈ પણ ખૂણે બેસીને તેને વાંચી શકીએ. આમ, આજીવન આપણા અભ્યાસની સામગ્રીને સાચવી શકીએ. આજના સમયમાં Drop-Box, Google Drive, Digi-Locker વગેરે વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે.

**(v) અન્ય સાધનો :** આંકડાશાસ્ત્રના એડવાન્સ પ્રોગ્રામ જેવા કે SPSS, SHAZAM, E-viewss, SAS વગેરે અસંખ્ય માહિતી માટે આંકડાકીય ગણતરીઓ કરે છે. પરંતુ આવા પ્રોગ્રામો બજારમાં ખૂબ જ ઊંચી કિંમતે મળે છે. આવાં સાધનો સંશોધન કરનાર સંસ્થાઓ ખરીદીને ઉપયોગમાં લે છે. પરંતુ કેટલાક સૉફ્ટવેર-વિના મૂલ્યે ઈન્ટરનેટ પરથી પ્રાપ્ત થઈ શકે છે જેવા કે Gretl, PSPP, R વગેરે.

આજના યુગમાં કમ્પ્યૂટરનાં મોટા ભાગના બધાં જ કાર્યો ટેબ્લેટ કે મોબાઈલ ફોન દ્વારા પણ થઈ શકે છે.

**કમ્પ્યૂટર ટેક્નોલૉજીના ઉપયોગ અંગેનાં ભયસ્થાનો**

કમ્પ્યૂટર એક યંત્ર/સાધન છે અને તે અભ્યાસ-સામગ્રી નથી. તે અભ્યાસની પ્રક્રિયા સરળ કરવામાં મદદ કરે છે. તેનો ઉપયોગ જ્ઞાન કે અભ્યાસની અવેજીમાં થઈ શકે નહિ. ઉપરાંત આપણને કમ્પ્યૂટરના પ્રોગ્રામ અંગેની જાણકારી ના હોય તો આપણે ખોટી આકૃતિ કે આલેખ, ખોટી સરેરાશ વગેરે મેળવીને મુશ્કેલીમાં મુકાઈએ છીએ. ઘણી વખત કમ્પ્યૂટરમાં મટીરિયલ ખોટી જગ્યાએ સેવ કરી હોય તો તેમાંથી ડીલિટ થઈ શકે છે.

**1.4.2 ઈન્ટરનેટ ટેક્નોલૉજી :**

ઈન્ટરનેટ એ ડિજિટલ ટેક્નોલૉજીનું એક સ્વરૂપ છે. આપણે સૌ ઈન્ટરનેટનો ઉપયોગ અવારનવાર કરીએ છીએ. નીચેના ચાર્ટ દ્વારા અર્થશાસ્ત્રના અભ્યાસમાં ઈન્ટરનેટ ટેક્નોલૉજીનો ઉપયોગ સમજીએ :

| હેતુ | કઈ રીતે ઈન્ટરનેટ મદદરૂપ થાય |
|---|---|
| (1) ટ્યુટોરિયલ | કેટલીક વેબસાઈટ પર આપણા વિષયના પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન, વાંચવાલાયક સામગ્રી વગેરે open access link માં મૂકવામાં આવે છે. આવા મટીરિયલને આપણે વાંચીએ છીએ ત્યારે તે ટ્યુટોરિયલ જેવું સિદ્ધ થાય છે. |
| (2) (તત્કાલ) ત્વરીત શિક્ષણ કે જાણકારી | કેટલીક સંસ્થાઓ નિષ્ણાતોના ભાષણો, ભાષણોના વિડિયો વગેરે open access link પર મૂકે છે. ઘણી વખત આવી વેબસાઈટ દ્વારા આપણને વર્ગખંડ જેવું ભણવાનું-શીખવાનું કમ્પ્યૂટર પર મળે છે. દા.ત., અર્થશાસ્ત્ર અને અન્ય વિષયોમાં વિશ્વ વિખ્યાત યુનિવર્સિટીના તજજ્ઞોના વ્યાખ્યાનો ઉપલબ્ધ હોય છે. |
| (3) વાંચવાલાયક સામગ્રી | અસંખ્ય પુસ્તકો ઈન્ટરનેટ પર વિના મૂલ્યે વાંચવા મળે છે. ઉપરાંત જે-તે વિષયના નિષ્ણાતોના લેખો, જર્નલો વગેરે પણ વાંચવા મળે છે, તો કેટલીક જર્નલો પૈસા ભરીને પણ વાંચી શકાય છે. આ સામગ્રીઓને e-books, e-journals ના નામે ઓળખવામાં આવે છે. |

| | |
|---|---|
| (4) વિવિધ માહિતી મેળવવા | ઇન્ટરનેટ પર સર્ચ કરીને અર્થશાસ્ત્રમાં ડિગ્રી આપતી કૉલેજો તથા યુનિવર્સિટીની માહિતી મેળવી શકાય છે. તે ઉપરાંત કોઈ પણ વિષયને લગતી જાણકારી સર્ચ કરીને મેળવી શકાય છે. |
| (5) અન્ય માહિતી મેળવવા | સર્ચ કરીને રેફરન્સ બુક્સ, અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ, તેમના quotes/ક્વૉટ (ટાંચણ) વગેરે પણ મેળવી શકાય છે. |
| (6) આંકડાકીય માહિતી | અર્થશાસ્ત્રમાં અનેક પ્રકારની ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે રાજ્યના બજેટની માહિતી, બૅન્કિંગ અંગેની માહિતી, ખેત-ઉત્પાદન અંગેની માહિતી, આયાતનું અને નિકાસનું કદ, ગરીબીનું પ્રમાણ, રોજગારીનું પ્રમાણ, ઔદ્યોગિક ઉત્પાદન અંગેની માહિતી વગેરે. આ બધી જ માહિતી વિશ્વસનીય અને અધિકૃત સ્રોતો એટલે કે બૅન્કિંગની માહિતી માટે RBIની વેબસાઇટ, આયાત-નિકાસ અંગેની માહિતી માટે વેપાર મંત્રાલયની વેબસાઇટ, ભારતના અંદાજપત્ર વિશેની માહિતી નાણાં મંત્રાલયની વેબસાઇટ વગેરે પરથી મેળવી શકાય. અન્ય મહત્ત્વની સંસ્થાઓ જેવી કે CSO, NSSO, WHO, UNO, CMIE, ILO, IMF, વિશ્વબૅન્ક વગેરેની વેબસાઇટોનો પણ ઉપયોગ થાય છે. (વિશ્વસનીય સ્રોત એટલે જે સંસ્થાએ આવી માહિતી નિષ્ણાતોની મદદથી એકઠી કરી અને છાપી હોય તે સ્રોત.) |

**ઇન્ટરનેટ વાપરવા સામેનાં ભયસ્થાનો :**

કમ્પ્યૂટરની જેમ જ ઇન્ટરનેટ પણ એક સાધન છે, તે શિક્ષક કે આપણી પોતાની વિચારશક્તિ અને તર્કશક્તિનું સ્થાન લઈ શકે નહિ. ઇન્ટરનેટ પર અનેક પ્રકારની ખોટી, અપ્રસ્તુત, ભ્રામક, નકલ કરેલ માહિતી ઉપલબ્ધ હોય છે. વાંચકે તથા વિદ્યાર્થીઓએ આવી માહિતીઓથી દૂર રહેવું જોઈએ. ઉપરાંત સાચી અને ખોટી માહિતી અલગ પાડવાનો તર્ક વાપરવો પડે. કોઈ પણ માહિતી વિશ્વસનીય વેબસાઇટ પરથી જ લેવી જોઈએ નહિ તો ગેરમાર્ગે દોરવાઈ જવાય.

**1.4.3 અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પૅક્ટ ડિસ્ક (CD)નો ઉપયોગ :**

કેટલીક સંસ્થાઓ જે રીતે પ્રયોગશાળાઓ, સંશોધનકેન્દ્રો, સરકારી સંસ્થાઓ વગેરે જે સમગ્ર અર્થતંત્રની માહિતી મેળવીને આંકડાકીય વિગતોનો અહેવાલ તૈયાર કરે છે તેવી સંસ્થાઓ અધિકૃત આંકડાઓની CD બજારમાં વેચવા માટે મૂકે છે જેને શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ વગેરે તેને ખરીદે છે અને તેનો ઉપયોગ અભ્યાસ તેમજ સંશોધન માટે કરે છે. જેમ કે,

- ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરીની CD
- વસ્તી-ગણતરીના આંકડાની CD
- ઉદ્યોગોના સર્વે (Annul Survey of Industries)ની CD
- N.S.S.O. (National Sample Survey Organization)ની CD વગેરે ઉપલબ્ધ છે.

અર્થતંત્રની ઘણી બધી માહિતી માટેની CD જે-તે મંત્રાલયોના આંકડાકીય વિભાગોમાંથી મળી શકે છે.

વળી, કેટલીક સંસ્થાઓ જેવી કે CMIE – Centre for Monitoring Indian Economy વગેરે પણ

આંકડાકીય માહિતીની CD વેચે છે તથા સમગ્ર અર્થતંત્રના મહત્ત્વના આંકડાઓના સૉફ્ટવેર બનાવે છે, જોકે તે ખૂબ જ ખર્ચાળ હોય છે જે સંશોધન સંસ્થાઓ કે કંપનીઓ દ્વારા ખરીદવામાં આવે છે.

**કમ્પૅક્ટ ડિસ્ક (CD) વાપરવાની મુશ્કેલીઓ**

અર્થતંત્રની માહિતી આપતી CD માં અનેક પ્રકારના આંકડાઓ આપેલા હોય છે. તેમાંથી આપણને જરૂરી આંકડાઓ શોધવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલ છે. ઉપરાંત ઘણા પ્રકારના સૉફ્ટવેરનો ઉપયોગ કરવા માટેની જાણકારી પણ જરૂરી બને છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) આકૃતિ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(અ) સતત (બ) અસતત (ક) વિષમ (ડ) આદર્શ

(2) આલેખ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(અ) સતત (બ) અસતત (ક) વિસ્તાર (ડ) આદર્શ

(3) નીચેનામાંથી કઈ આકૃતિઓ સમાન માહિતી માટે દોરવામાં આવે છે?

(અ) સાદી સ્તંભ આકૃતિ અને પાસ-પાસેની સ્તંભ આકૃતિ

(બ) વિભાજિત સ્તંભ આકૃતિ અને વૃત્તાંશ આકૃતિ

(ક) પાસ-પાસેની સ્તંભ આકૃતિ અને સામાયિક શ્રેણીનો આલેખ

(ડ) વૃત્તાંશ આકૃતિ અને સામાયિક શ્રેણીનો આલેખ

(4) આજના સમયમાં ઈન્ટરનેટ માટે કયું વિધાન સાચું છે ?

(અ) અભ્યાસ માટેનું એક સાધન છે. (બ) અભ્યાસ માટે શિક્ષકની ફરજ બજાવે છે.

(ક) શાળાની સંપૂર્ણ અવેજીમાં આવતી સંસ્થા છે. (ડ) યુવાનો માટેનું ફક્ત મનોરંજનનું સાધન છે.

(5) આર્થિક માહિતી અંગેની ડેટા CD કોણ તૈયાર કરે છે ?

(અ) ખાનગી પ્રકાશકો (બ) શાળાઓ

(ક) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે (ડ) સામાન્ય વ્યક્તિઓ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) આકૃતિ એટલે શું ?

(2) આલેખ એટલે શું ?

(3) સ્તંભ આકૃતિ એટલે શું ?

(4) વૃત્તાંશ આકૃતિ એટલે શું ?

(5) ડેટા CD એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) આકૃતિ એટલે શું અને તે શા માટે દોરવામાં આવે છે ?

(2) આલેખ એટલે શું અને તે શા માટે દોરવામાં આવે છે ?

(3) અર્થશાસ્ત્રમાં આકૃતિ અને આલેખોનું મહત્ત્વ જણાવો.

(4) અભ્યાસ કરવામાં કમ્પ્યૂટર ટેક્નોલૉજી કઈ રીતે ઉપયોગી બને છે ?

(5) ડેટા CD પર નોંધ લખો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

(2) સ્તંભ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

(3) આકૃતિ અને આલેખ વચ્ચેનો તફાવત જણાવો.

(4) અભ્યાસ કરવામાં ઈન્ટરનેટ ટેક્નોલૉજીનો ઉપયોગ સમજાવો.

(5) કમ્પ્યૂટર અને ઈન્ટરનેટના ઉપયોગનાં ભયસ્થાનો જણાવો.

(6) અર્થશાસ્ત્ર અંગેની બાબતો વ્યક્ત કરવા માટે સામાન્ય પ્રજા તથા નિષ્ણાતો માટે આકૃતિઓ અને આલેખોનું શું મહત્ત્વ છે ?

**5. નીચેના પ્રશ્નો માટે વિસ્તારપૂર્વક જવાબ લખો :**

(1) આકૃતિના પ્રકારો સવિસ્તાર સમજાવો.

(2) અર્થશાસ્ત્રના અભ્યાસમાં ટેક્નોલૉજીના ઉપયોગ અંગે સમજૂતી આપો.

**પારિભાષિક શબ્દો**

**આકૃતિ** : કાર્યકારણનો સંબંધ ધરાવતા ચલો વચ્ચેનો સંબંધ રેખાંકિત કરવામાં આવતાં જે ચિત્ર મળે તેને આકૃતિ કહેવાય.

**આલેખ** : સતત આવૃત્તિ ધરાવતી માહિતી અથવા અસ્પષ્ટ આંકડાકીય માહિતી માટે આંકડાશાસ્ત્રની મદદથી સ્પષ્ટતા લાવીને દોરાતું ચિત્ર એટલે આલેખ.

**સ્તંભ આકૃતિ** : જ્યારે કોઈ એક ચલના મૂલ્યને વિવિધ વિભાગો વચ્ચે વહેંચવામાં આવ્યા હોય ત્યારે દરેક વિભાગ માટે સમાન આધાર પર એક સ્તંભ દોરવામાં આવે અને સ્તંભની ઊંચાઈ તે મૂલ્ય દર્શાવે તેવી આકૃતિ એ સ્તંભ આકૃતિ કહેવાય છે.

**વૃત્તાંશ આકૃતિ** : કુલ માહિતીના પેટા વિભાગોને વર્તુળના અંશના પ્રમાણમાં જ્યારે દોરવા (દર્શાવવા) આવે ત્યારે તેવી આકૃતિ એ વૃત્તાંશ આકૃતિ કહેવાય.

●

# 2 વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો


- **પ્રસ્તાવના**

**2.1 આર્થિક વૃદ્ધિનો અર્થ**
2.1.1 વ્યાખ્યાઓ
2.1.2 આર્થિક વૃદ્ધિના ખ્યાલની મર્યાદાઓ

**2.2 આર્થિક વિકાસનો અર્થ**
2.2.1 વ્યાખ્યાઓ
2.2.2 આર્થિક વિકાસનાં લક્ષણો
2.2.3 આર્થિક વિકાસના ખ્યાલની મર્યાદાઓ

**2.3 વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત**

**2.4 વિકાસના નિર્દેશકો**
2.4.1 રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર
2.4.1.1 કોષ્ટકમાં રજૂઆત
2.4.1.2 મર્યાદાઓ
2.4.2 માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર
2.4.2.1 કોષ્ટકમાં રજૂઆત
2.4.2.2 મર્યાદાઓ
2.4.3 જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારણા
2.4.3.1 જીવનની ભૌતિક ગુણવત્તા એટલે શું?
2.4.3.2 જીવનની ભૌતિક ગુણવત્તામાં સમાવિષ્ટ થતી બાબતો
2.4.3.3 જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક
2.4.3.4 જીવનની ભૌતિક ગુણવત્તા - ત્રણ બાબતો (ઘટકો)
2.4.3.5 માત્ર ત્રણ બાબતો અંગેના કારણો
2.4.3.6 જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની રચના
2.4.3.7 મહત્ત્વની બાબતો
2.4.3.8 સકારાત્મક બાબતો
2.4.3.9 મર્યાદાઓ
2.4.3.10 આજની સ્થિતિ
2.4.4 માનવવિકાસનો આંક
2.4.4.1 માનવવિકાસ આંકના ઘટકો
2.4.4.2 મુખ્ય બાબતો
2.4.4.3 માનવ વિકાસનો અહેવાલ (2015) મુજબ કેટલાંક દેશો માટે માનવવિકાસના નિર્દેશકો
2.4.4.4 તારણો
2.4.4.5 માનવવિકાસના આંકનું મહત્ત્વ
2.4.4.6 મર્યાદાઓ


**પ્રસ્તાવના (Introduction)**

આર્થિક વિકાસ સાધવો એ વિશ્વના દેશોનું આજે એક સૌથી મહત્ત્વપૂર્ણ ધ્યેય છે અને તેમાં પણ બીજા વિશ્વયુદ્ધ પછી તો આર્થિક ચિંતનના કેન્દ્ર બિંદુ તરીકે તેને ગણવામાં આવે છે. 1939થી 1944ના બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાના વિકાસમાન દેશોએ તેમની બેકારી, ગરીબી, અસમાનતા, ભૂખમરાની સમસ્યાઓને ઉકેલવા માટે ઝડપી આર્થિક વિકાસ ઉપર ભાર મૂક્યો ત્યારથી આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ શબ્દ પ્રચલિત બન્યા છે. વિકાસમાન દેશોએ આર્થિક વિકાસ દ્વારા વિકસિત દેશોની સરખામણીમાં માથાદીઠ આવકનો તફાવત ઘટાડવાનું અને જીવનધોરણ ઊંચું લઈ જવાનું નક્કી કર્યું ત્યાર બાદ આવા દેશોમાં આર્થિક વિકાસ માટેની જાગૃતતા આવી છે તેમ કહી શકાય. અત્રે એ પણ યાદ રાખવું જોઈએ કે, આર્થિક વિકાસની જરૂરિયાત માત્ર વિકસતાં રાષ્ટ્રો પૂરતી સીમિત નથી. વિકસિત રાષ્ટ્રોમાં પણ જુદાં કારણોસર તે એટલા જ તીવ્ર પ્રમાણમાં જોવા મળે છે. વિકાસમાન રાષ્ટ્રો આર્થિક વિકાસ દ્વારા ગરીબી, બેકારી ઘટાડીને પ્રજાનું જીવનધોરણ સુધારવાનો ઉદ્દેશ્ય ધરાવે છે, તો વિકસિત રાષ્ટ્રોમાં આર્થિક વિકાસનો હેતુ જીવનધોરણને જાળવી રાખવાનો છે જેથી તેમનું ઊંચું જીવનધોરણ એકધારું જળવાઈ રહે. આ રીતે જોતાં આર્થિક વૃદ્ધિના દરની જાળવણી એ વિકસિત દેશોનો પ્રશ્ન છે. જ્યારે ઝડપી આર્થિક વિકાસ એ વિકાસમાન દેશોની પ્રથમ આવશ્યક જરૂરિયાત છે.

સામાન્ય રીતે આર્થિક વિકાસ Economic Development અને આર્થિક વૃદ્ધિ Economic Growth બંનેને સમાન

ગણવામાં આવે છે. ભૂતકાળમાં આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ શબ્દો, એકબીજાના બદલામાં છૂટથી વપરાતા હતા. પરંતુ કેટલાક અર્થશાસ્ત્રીઓ વર્ષોથી આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ બંનેને જુદાં ગણે છે. શ્રીમતી ઉર્સુલા હિક્સના મતે વિકાસમાન દેશોના આર્થિક પ્રશ્નોનું નિરાકરણ એ આર્થિક વિકાસ છે જ્યારે વિકસિત દેશોના આર્થિક પ્રશ્નોનું નિરાકરણ આર્થિક વૃદ્ધિ છે.

## 2.1 આર્થિક વૃદ્ધિનો અર્થ (Meaning of Economic Growth)

વૃદ્ધિ એટલે આર્થિક વૃદ્ધિ. આર્થિક વૃદ્ધિને સમયના લાંબા ગાળા દરમિયાન અર્થતંત્રમાં ચીજવસ્તુઓના કુલ ઉત્પાદનમાં થતા વધારા સાથે સંબંધ છે. આર્થિક વૃદ્ધિમાં વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવકમાં નિરંતર વધારો થાય છે. આ વૃદ્ધિ માટે જમીન, મૂડી, શ્રમ, નિયોજનશક્તિ જેવાં ઉત્પાદનનાં સાધનોના પુરવઠા અને ગુણવત્તામાં થતો વધારો જવાબદાર હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતાનો વધારો જવાબદાર હોય છે. ટૂંકમાં કહીએ તો, દેશના ઉત્પાદનનાં સાધનોના પુરવઠામાં, તેમની પ્રાપ્તિમાં વધારો થતો હોય, સાધનોની ઉત્પાદકતા-કાર્યક્ષમતા વધતી હોય અને તેનાથી વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવક સતત વધતી હોય તે આર્થિક વૃદ્ધિ છે તેમ કહેવાય. આમ, આર્થિક વૃદ્ધિ પરિમાણાત્મક પરિવર્તન છે. આર્થિક વૃદ્ધિ એ વધુ ઉત્પાદન, કાચી રાષ્ટ્રીય પેદાશમાં દર વર્ષે થતો વધારો દર્શાવે છે જેના દ્વારા દેશની આર્થિક સ્થિતિનું ચિત્ર રજૂ થાય છે. દુનિયાના બે દેશો વચ્ચેની આર્થિક સરખામણીનું મૂલ્યાંકન કરવામાં પણ તે ઉપયોગી સાબિત થાય છે.

### 2.1.1 વ્યાખ્યાઓ (Definitions) :

''આર્થિક વૃદ્ધિ એટલે રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર અથવા વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન પ્રમાણમાં થતો વધારો.''

**- હેન્સન**

''પ્રજાને વધુ ને વધુ વૈવિધ્યપૂર્ણ આર્થિક ચીજવસ્તુઓનો પુરવઠો પૂરો પાડવાની દેશની શક્તિમાં લાંબા ગાળા માટે થતો વધારો આર્થિક વૃદ્ધિ છે.''

**- સાયમન કુઝનેટ્સ**

### 2.1.2 આર્થિક વૃદ્ધિના ખ્યાલની મર્યાદાઓ :

(1) આર્થિક વૃદ્ધિમાં માત્ર પરિમાણાત્મક પરિવર્તનો જ ધ્યાનમાં લેવાય છે.

(2) આર્થિક વૃદ્ધિમાં રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક વધે છે પણ સંસ્થાકીય અને મનોવૈજ્ઞાનિક વલણો યથાવત રહે છે.

(3) આર્થિક વૃદ્ધિનો ખ્યાલ મર્યાદિત છે તે માત્ર ઉત્પાદનમાં થતો વધારો અને વધારાનું પ્રમાણ દર્શાવે છે.

(4) લોકોનું કલ્યાણ તેમજ તેમાં થતા ફેરફારો જાણવા માટે આર્થિક વૃદ્ધિનો ખ્યાલ બહુ ઉપયોગી બનતો નથી.

## 2.2 આર્થિક વિકાસનો અર્થ (Meaning of Economic Development)

વિકાસ એટલે આર્થિક વિકાસ આજે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના દેશો આર્થિક વિકાસ માટે સક્રિય બન્યા છે ત્યારે આપણે સમજવું જોઈએ કે આર્થિક વિકાસ ખરેખર શું છે ? આર્થિક વિકાસ એક પ્રક્રિયા છે, સતત ચાલતી પ્રક્રિયા છે, આર્થિક સુખાકારી પ્રાપ્ત કરવાનું સાધન છે. તેથી આર્થિક વિકાસ શબ્દનો વ્યાપ એટલો મોટો છે કે આર્થિક વિકાસમાં આર્થિક વૃદ્ધિ, આર્થિક સુખાકારી, આર્થિક પ્રગતિ પણ સમાઈ જાય છે.

આર્થિક વિકાસ દરમિયાન પણ વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવક વધે છે પણ આર્થિક વિકાસ એ માત્ર પરિમાણાત્મક ફેરફારો નથી તેમાં આવકના વધારાની સાથે કેટલાક ગુણાત્મક ફેરફારો પણ થાય છે. વિકાસ એ વૃદ્ધિ કરતા વિશેષ છે. બહુમુખી પ્રક્રિયા છે. વિકાસની પ્રક્રિયા દરમિયાન દેશનું આર્થિક અને સામાજિક માળખું બદલાય છે. આર્થિક પ્રગતિની સાથે સામાજિક ક્ષેત્રમાં પણ પ્રગતિ થાય છે. સામાન્ય રીતે રાષ્ટ્રીય આવકનું માળખું બદલાય છે. રાષ્ટ્રીય આવકમાં ખેતી ક્ષેત્રનો ટકાવારી ફાળો ઘટે છે. ઉદ્યોગ અને સેવા ક્ષેત્રનો ફાળો વધે છે. ખેતીના પ્રચ્છન્ન બેકારી ધરાવતા શ્રમિકોને અન્ય ક્ષેત્રમાં રોજગારી મળે છે. આધુનિક ટેક્નોલૉજી અમલમાં આવે છે. જેનાથી સમય અને ખર્ચ બચે છે. નવાં બિયારણો શોધાય છે. પરિણામે ઉત્પાદન અને વહેંચણીનું સંસ્થાકીય માળખું બદલાય છે. આ બધાં માળખાકીય પરિવર્તનોને કારણે ગરીબી, બેકારી અને અસમાનતા ઘટે છે.

**2.2.1 વ્યાખ્યાઓ :**

(1) ''આર્થિક વિકાસ એ બહુપરિમાણિય પ્રક્રિયા છે.''

**- માઈકલ ટોડેરો**

(2) ''આર્થિક વિકાસ એવી પ્રક્રિયા છે કે જે હેઠળ ગરીબી રેખા નીચેની વસ્તીમાં વધારો ન થાય, આવકની વહેંચણી વધુ અસમાનતા ધારણ ન કરે તે શરતોને આધીન રહીને દેશની માથાદીઠ વાસ્તવિક આવકમાં લાંબા સમયગાળા સુધી વધારો જન્માવે છે.''

**- જી. એમ. મેયર**

(3) ''વસ્તી સ્થિર હોય કે સતત વધતી હોય, પરંતુ ઉત્પાદનનાં સાધનો તથા ઉત્પાદનની રીતમાં ફેરફાર જન્માવતી એવી પ્રક્રિયા છે કે જેને લીધે માથાદીઠ આવકમાં સતત વધારો થતો હોય અને લોકોનું જીવનધોરણ ઊંચું જતું હોય, તો દેશનો આર્થિક વિકાસ થઈ રહ્યો છે તેમ કહેવાય.''

**- મેકલપ**

**2.2.2 આર્થિક વિકાસનાં લક્ષણો (Charactristics of Economic Development) :**

**(1) આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે :** આર્થિક વિકાસની પ્રક્રિયા ચોક્કસ દિશામાં નિયત ક્રમમાં ધીમી પણ મજબૂત પ્રક્રિયા છે. કોઈ પણ દેશમાં વિકાસની પ્રક્રિયા શરૂ કરવાનું કામ સરળ છે પણ તે જાળવી રાખવાનું મુશ્કેલ છે. સામાન્ય રીતે વિકાસની પ્રક્રિયા શરૂઆતમાં ઝડપી હોય છે પણ સમય જતાં વિકાસની પ્રક્રિયા ધીમી પડે છે.

**(2) પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તન થાય છે :** આર્થિક વિકાસમાં ઉત્પાદનમાં વધારો એટલે પરિમાણાત્મક અને સંશોધનો દ્વારા વસ્તુની ગુણવત્તામાં સુધારો જેવાં ગુણાત્મક પરિવર્તનો પણ થાય છે પરંતુ ગુણાત્મક પરિવર્તનો વધારે થાય છે.

**(3) માંગમાં પરિવર્તન આવે છે :** વિકાસ થવાથી લોકોની આવક વધે છે. રુચિ બદલાય છે. પરિણામે માંગ બદલાય. વિકાસની શરૂઆતના તબક્કામાં પ્રાથમિક વસ્તુની માંગ ઝડપી વધે છે ત્યાર બાદ મોજશોખ અને સુખ-સગવડની વસ્તુની માંગ વધે છે.

**(4) શ્રમની ગતિશીલતા વધે છે :** વિકાસને કારણે શિક્ષણ વધતાં શ્રમની ગતિશીલતા વધે છે.

**(5) મૂડીસર્જનમાં વધારો થાય છે :** વિકાસથી જુદી-જુદી વસ્તુઓની માંગ વધે છે. નવા સાહસિકો આગળ આવે છે તેથી મૂડીસર્જન અને મૂડીરોકાણના દરમાં મોટો વધારો થાય છે.

**(6) ટેક્નોલૉજીમાં ફેરફાર થાય છે :** વિકાસ થતા અગ્નિ અને પાણી ઉપર આધારિત ટેક્નોલૉજીને બદલે કોલસા-લોખંડ ઉપર આધારિત ટેક્નોલૉજી અપનાવાતા વિકાસ-દર ઝડપી બને છે.

(7) અમુક તબક્કા બાદ વિકાસની પ્રક્રિયા સ્વયંભૂ હોય છે.

**2.2.3 આર્થિક વિકાસના ખ્યાલની મર્યાદાઓ :**

(1) આર્થિક વિકાસ દેશની પ્રગતિને દર્શાવી શકે છે. આર્થિક બાબતોની સ્થિતિ દર્શાવી શકે છે પરંતુ તે સાચા અર્થમાં માનવવિકાસની ચર્ચા કરી શકતું નથી. માનવપ્રગતિનું માપદંડ બની શકતું નથી.

(2) આર્થિક વિકાસને આર્થિક વૃદ્ધિની જેમ માપી શકાતું નથી. આર્થિક વિકાસને માપવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે કારણ કે આર્થિક વિકાસમાં સમાજમાં આવેલાં પરિવર્તનોનો પણ સમાવેશ થાય છે. તેનું માપ કાઢવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે.

(3) આર્થિક વિકાસ થાય તો પ્રજાનું જીવનધોરણ ઊંચું આવે ? આજે ભારતમાં આર્થિક વિકાસ થાય છે છતાં પ્રજાનાં જીવનધોરણમાં ખૂબ સુધારો થયો નથી એટલે વિકાસ એટલે જીવનધોરણમાં સુધારો એવું કહી શકાય નહિ.

## 2.3 વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત (Difference Between Growth and Development)

આર્થિક વિકાસ એ આર્થિક વૃદ્ધિ કરતાં કંઈક વિશેષ છે. આર્થિક વૃદ્ધિ એ એવી પ્રક્રિયા છે જેમાં અર્થતંત્રની આવક વધે છે પરંતુ અર્થતંત્રની સંસ્થાઓમાં પરિવર્તન આવતા નથી. લોકોના મનોવલણ બદલાતા નથી જ્યારે આર્થિક વિકાસમાં અર્થતંત્રની આવકમાં થતા વધારાની સાથે અર્થતંત્રનું માળખું લોકોના મનોવલણ બદલાય છે. તેથી જ જિરાલ્ડ મેયરે જણાવ્યું છે કે, 'વિકાસ એટલે વૃદ્ધિ વત્તા પરિવર્તન.' આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ વચ્ચેના તફાવતને નીચે મુજબ રજૂ કરી શકાય :

| આર્થિક વૃદ્ધિ | આર્થિક વિકાસ |
|---|---|
| (1) આર્થિક વૃદ્ધિ એ ઘટના છે. | (1) આર્થિક વિકાસ પ્રક્રિયા છે. |
| (2) આર્થિક વૃદ્ધિમાં પરિમાણાત્મક પરિવર્તનો થાય છે. | (2) આર્થિક વિકાસમાં પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો થાય છે. |
| (3) આર્થિક વૃદ્ધિમાં અર્થતંત્રમાં ઉપલબ્ધ સાધનોની પુનઃફાળવણી ઉપર ભાર મૂકવામાં આવે છે. | (3) આર્થિક વિકાસમાં અર્થતંત્રમાં વણવપરાયેલાં સાધનોને વપરાશમાં લેવાનો પ્રશ્ન ઊભો થાય છે. |
| (4) આર્થિક વૃદ્ધિ વિકસિત દેશો સાથે સંકળાયેલ ખ્યાલ છે. | (4) આર્થિક વિકાસ વિકાસશીલ દેશો સાથે સંકળાયેલ ખ્યાલ છે. |
| (5) આર્થિક વૃદ્ધિને માપવાનું કાર્ય સરળ છે. | (5) આર્થિક વિકાસને ચોક્કસ રીતે માપવાનું કાર્ય અતિ મુશ્કેલ છે. |
| (6) વૃદ્ધિનો ખ્યાલ સીમિત છે. | (6) વિકાસનો ખ્યાલ વિસ્તૃત છે. |
| (7) આર્થિક વૃદ્ધિને માથાદીઠ આવકના વધારા સાથે સંબંધ છે. | (7) આર્થિક વિકાસને માથાદીઠ આવક ઉપરાંત વહેંચણી સાથે સંબંધ છે. |
| (8) આર્થિક વૃદ્ધિ ઝડપી હોય છે. | (8) આર્થિક વિકાસની પ્રક્રિયા ધીમી હોય છે. |
| (9) આર્થિક વિકાસ વિના આર્થિક વૃદ્ધિ શક્ય છે. | (9) આર્થિક વૃદ્ધિ વિના આર્થિક વિકાસ શક્ય નથી. |

## 2.4 વિકાસના નિર્દેશકો (Indicators of Development)

દેશમાં આર્થિક વિકાસ થયો છે કે કેમ ? જો થયો હોય તો કેટલી ઝડપથી થયો છે ? દેશમાં આર્થિક વિકાસની કક્ષા કેટલી છે ? તે જાણવા અને તેનું માપ કાઢવા માટે કેટલાંક પરિબળોને ધ્યાનમાં લેવા પડે છે. આવાં પરિબળો કે બાબતોને આર્થિક વિકાસનાં નિર્દેશકો, માપદંડો કે ધોરણો તરીકે ઓળખવામાં આવે છે. આર્થિક વિકાસનો દર અને આર્થિક વિકાસની કક્ષાને માપનાર આ પરિબળો એવાં છે કે તેમને સંખ્યા કે આંકડામાં રજૂ કરી શકાય છે. તેથી આર્થિક વિકાસના નિર્દેશકો દ્વારા બે સમયગાળા વચ્ચેના, બે દેશો કે રાજ્યોના આર્થિક વિકાસની તુલના થઈ શકે છે. જેમ થરમૉમિટર શરીરના તાપમાનમાં થયેલા ફેરફારને માપે છે, નોંધે છે તેમ આ પરિબળો દેશના વિકાસને માપે છે. આર્થિક વિકાસના કેટલાક નિર્દેશકો નીચે મુજબના છે :

(1) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર (2) માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર (3) જીવનની ભૌતિક ગુણવત્તા અને તેનો આંક (PQLI) (4) માનવવિકાસનો આંક (HDI).

### 2.4.1 રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર (Growth Rate of National Income) :

આ નિર્દેશક મુજબ જો દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થઈ રહ્યો હોય તો આર્થિક વિકાસ થયો છે તેમ ગણાય. જો રાષ્ટ્રીય આવક ઊંચા દરે વધી હોય તો વિકાસનો દર ઊંચો ગણાય અને જો રાષ્ટ્રીય આવક નીચા દરે વધી હોય તો આર્થિક વિકાસનો દર મંદ ગણાય છે. અને જો રાષ્ટ્રીય આવકમાં વધારો ન થતો હોય તો તે સ્થગિતતાની અવસ્થા દર્શાવે છે. જો રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થતો હોય તો તે આર્થિક વિકાસની પીછેહઠની સ્થિતિ ગણાશે. આ માપદંડ પ્રમાણે નાણાકીય આવક નહિ પણ વાસ્તવિક આવક ધ્યાનમાં લેવાની હોવાથી રાષ્ટ્રીય આવકની બજારભાવે નહિ પરંતુ સ્થિર ભાવે ગણતરી કરવામાં આવે છે.

**2.4.1.1 કોષ્ટકમાં રજૂઆત :** વિશ્વના કેટલાક દેશોમાં રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર અન્ય કેટલાક દેશોના આવકના વૃદ્ધિ-દર કરતા વધારે હોય છે તેથી એમ કહી શકાય કે તેમનો વિકાસનો દર પણ વધારે છે. કોષ્ટકમાં જોઈ શકાય છે : નોર્વે, અમેરિકા, શ્રીલંકા, પાકિસ્તાન કરતાં ભારતનો રાષ્ટ્રીય આવકનો વાર્ષિક વૃદ્ધિ-દર ઊંચો છે. તેથી એમ કહી શકાય કે ભારતનો આર્થિક વૃદ્ધિ-દર પણ આ દેશો કરતાં ઊંચો છે. આજે ભારત વિશ્વમાં ઝડપથી વિકાસ પામતો અર્થતંત્રમાં ગણાય છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે, નોર્વે અને અમેરિકાનો અગાઉ ખૂબ વિકાસ થઈ ચૂક્યો છે. હવે તેઓ 2 થી 3 ટકાના દરે વિકાસ કરી રહ્યા છે.

**કોષ્ટક 2.1**

| દેશ | રાષ્ટ્રીય આવકનો વાર્ષિક ટકાવારી વૃદ્ધિ-દર (2014) |
|---|---|
| નોર્વે | 2.2 |
| અમેરિકા | 2.4 |
| શ્રીલંકા | 4.5 |
| ચીન | 7.3 |
| ભારત | 7.3 |
| પાકિસ્તાન | 4.7 |

**સ્રોત :** વિશ્વ બૅન્ક અને આર્થિક સર્વે, 2015-16

**2.4.1.2 મર્યાદાઓ :** આમ છતાં રાષ્ટ્રીય આવકને વિકાસના એક નિર્દેશક તરીકે સ્વીકારવામાં કેટલીક મર્યાદાઓ રહેલી છે, જે નીચે મુજબની છે :

**(1) રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલી :** બેવડી ગણતરી, સ્વ-વપરાશની વસ્તુઓ, ઘસારો જાણવાની મુશ્કેલી, ગેરકાયદેસર આવક, કર ટાળો, કરચોરી જેવી પ્રવૃત્તિ, સાટા પદ્ધતિ, નિરક્ષરતા, એક કરતા વધારે વ્યવસાયમાં રોકાયેલા લોકો જેવાં કારણોસર દેશની રાષ્ટ્રીય આવક અને તેનો સાચો વૃદ્ધિ-દર જાણી શકાતો નથી તેથી રાષ્ટ્રીય આવક સાચો માપદંડ ગણાય નહિ.

**(2) વસ્તી :** એક માત્ર રાષ્ટ્રીય આવક જાણવાથી વિકાસનો સાચો ખ્યાલ આવી શકતો નથી જે-તે દેશની વસ્તીને પણ ધ્યાનમાં લેવી જોઈએ. (અ) દેશ કરતા (બ) દેશની રાષ્ટ્રીય આવક વધારે હોય તો (બ) દેશનો વિકાસ (અ) દેશ કરતાં વધારે ન કહેવાય કારણ કે જો (બ) દેશની રાષ્ટ્રીય આવકની સાથે (બ) દેશની વસ્તી પણ જો ખૂબ ઝડપથી વધતી હોય તો વિકાસ (અ) દેશથી વધારે છે તેમ ન કહેવાય.

**(3) રાષ્ટ્રીય આવક ગણવાની જુદી-જુદી પદ્ધતિઓ :** રાષ્ટ્રીય આવક ગણવાની જુદી-જુદી પદ્ધતિઓનો વિશ્વમાં ઉપયોગ થાય છે. જેમાં ઉત્પાદન આવક અને ખર્ચની પદ્ધતિ મુખ્ય છે. કોઈ એક પદ્ધતિ કરતાં બીજી પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરતા રાષ્ટ્રીય આવકમાં ફેર પડે છે. બધા દેશો જુદી-જુદી પદ્ધતિથી રાષ્ટ્રીય આવક ગણતા હોવાથી રાષ્ટ્રીય આવકની આંતરરાષ્ટ્રીય તુલનાનું કાર્ય મુશ્કેલ બને છે.

### 2.4.2 માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર (Growth Rate of Per Capita Income) :

આ નિર્દેશક મુજબ જો દેશની માથાદીઠ વાસ્તવિક આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થતો રહે તો આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય. અહીં માથાદીઠ આવક એટલે સરેરાશ માથાદીઠ આવક. દેશની કુલ રાષ્ટ્રીય આવકને વસ્તીના કુલ પ્રમાણ વડે ભાગતા જે સરેરાશ આવક આવે તે માથાદીઠ આવક છે. આમ, આ નિર્દેશક દેશની વસ્તીને પણ ધ્યાનમાં લે છે અને તે દૃષ્ટિએ તે રાષ્ટ્રીય આવકના નિર્દેશક કરતાં ચઢિયાતો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના નિષ્ણાતો માથાદીઠ આવકના નિર્દેશકને સ્વીકારવાની હિમાયત કરે છે. રાષ્ટ્રીય આવકની જેમ માથાદીઠ આવક વધારે હોય અને વધવાનો દર ઊંચો હોય તે દેશનો વિકાસનો દર ઊંચો ગણાય. જો માથાદીઠ આવક નીચા દરે વધે તો વિકાસનો દર નીચો ગણાય અને જો માથાદીઠ આવકમાં વધારો ન થતો હોય તો વિકાસમાં સ્થગિતતાની સ્થિતિ આવી છે તેમ કહેવાય. જો કોઈ દેશની માથાદીઠ આવક ઘટતી હોય તો વિકાસની પીછેહઠની સ્થિતિ દર્શાવે છે.

આર્થિક વિકાસનો અંતિમ હેતુ જીવનધોરણ સુધારીને માનવવિકાસ ઊંચે લઈ જવાનો છે અને તે માટે માથાદીઠ આવકમાં વધારો એ તેનું એક ઉત્તમ નિર્દેશક છે. જો વિકાસથી લોકોનું જીવનધોરણ સુધરે નહિ તો તે સાચા અર્થમાં વિકાસ નથી. તેથી જ માથાદીઠ આવકનો વધારો એ પ્રજાના ભૌતિક કલ્યાણમાં થતા વધારાનો વધુ સારો નિર્દેશક છે. માથાદીઠ આવકમાં વધારો એ વ્યક્તિની ભૌતિક સુખાકારીમાં વધારો લાવે છે અને તેથી તે વિકાસનો સાચો માપદંડ છે.

**કોષ્ટક 2.2**

| દેશ | માથાદીઠ રાષ્ટ્રીય આવક (US $ માં) 2014 (સમખરીદ શક્તિના માપદંડ મુજબ) | વૃદ્ધિ-દર (ટકામાં) |
|---|---|---|
| નોર્વે | 64992 | 1.1 |
| અમેરિકા | 52947 | 1.6 |
| શ્રીલંકા | 9779 | 3.5 |
| ચીન | 12547 | 6.7 |
| ભારત | 5497 | 6.0 |
| પાકિસ્તાન | 4866 | 2.6 |

**સ્રોત :** વિશ્વ બૅન્ક અને આર્થિક સર્વે; 2015-16 (સંકલિત)

**2.4.2.1 કોષ્ટકમાં રજૂઆત :** કોષ્ટકમાં જોઈ શકાય છે ભારતની માથાદીઠ આવક 2014માં સમખરીદ શક્તિના માપદંડ મુજબ 5497 અમેરિકન ડૉલર છે જે નોર્વે, અમેરિકા, ચીન, શ્રીલંકા કરતાં ઘણી ઓછી છે. નોર્વે કરતાં 11 થી 12 ગણી ઓછી છે, તો નોર્વેનો વિકાસ ભારત કરતાં 11 થી 12 ગણો વધારે છે તેમ કહેવાય. પરંતુ ભારતની માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર ઊંચો છે તેથી વિકાસ ઝડપથી થઈ રહ્યો છે તેમ કહેવાય.

**2.4.2.2 મર્યાદાઓ :** માથાદીઠ આવકના નિર્દેશકની મર્યાદાઓ નીચે મુજબ છે :

**(1) માત્ર અંદાજો :** દેશની રાષ્ટ્રીય આવક દર વર્ષે ગણાય છે તેથી તેના આંકડા આપણને લગભગ સાચા મળી રહે છે. પરંતુ દેશની વસ્તી દર વર્ષે ગણાતી નથી. ભારતમાં વસ્તી-દર 10 વર્ષે ગણાય છે. એટલે કે બાકીનાં વર્ષોમાં વસ્તીના આંકડાના માત્ર અંદાજો બાંધવામાં આવે છે. તેથી સાચી માથાદીઠ આવક મળતી નથી.

**(2) રાષ્ટ્રીય આવક-માથાદીઠ આવક ગણવાની મુશ્કેલી :** રાષ્ટ્રીય આવક ગણવાની મુશ્કેલી આપણે જોઈ ગયાં તેવી રીતે માથાદીઠ આવક ચાલુ ભાવે ગણવી કે સ્થિર ભાવે ગણવી તેની મુશ્કેલીને કારણે સાચી સ્થિતિ જાણી શકાતી નથી.

**(3) માથાદીઠ આવક માત્ર સરેરાશ દર્શાવે છે :** માથાદીઠ આવક એ માત્ર સરેરાશ આવક દર્શાવે છે. આ સરેરાશના આધારે કોઈ નિર્ણય ના લઈ શકાય કે દેશોના વિકાસની કક્ષા જાણી શકાય નહિ. જો માથાદીઠ આવક વધે અને દેશોમાં આવકની વહેંચણી સમાન રીતે થાય તો જ આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય. જો વહેંચણી અસમાન થયેલી હોય તો આર્થિક વિકાસ થયો નથી તેમ કહેવાય. તેથી પણ માથાદીઠ આવકરૂપી નિર્દેશક ખામીભરેલો ગણાય છે.

**(4) સરખામણીની મુશ્કેલી :** દુનિયાના દેશોની માથાદીઠ આવક જે-તે દેશના ચલણમાં દર્શાવેલ હોય છે. તેને પ્રથમ અમેરિકન ડૉલરમાં ફેરવવી પડે ત્યાર બાદ સરખામણી કરી શકાય કે કયા દેશનો આર્થિક વિકાસનો દર ઊંચો કે નીચો છે. દુનિયાના દેશોએ પોતાના હૂંડિયામણ દરો ઉપર અનેક જાતના અંકુશો મૂકેલાં હોવાથી તેમનો સાચો વિનિમય-દર જાણી શકાતો નથી તેથી દેશોની સાચી સરખામણી થઈ શકતી નથી.

**(5) ભ્રામક નિર્દેશક છે :** માથાદીઠ આવક જેટલી આવક દેશના બધા નાગરિકોને મળે છે તેવું નથી હોતું. માથાદીઠ આવકનો નિર્દેશક જેટલું નિર્દેશ કરે છે તેના કરતા છુપાવે છે વધારે તેથી તે સાચો નિર્દેશક નથી.

**2.4.3 જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારણા :**

આર્થિક વિકાસનો હેતુ હંમેશાં લોકોના જીવનધોરણમાં સુધારો કરવાનો હોય છે. તેથી કોઈ પણ દેશમાં આર્થિક વિકાસ થયો છે તે બીજા દેશો કરતાં કેટલો વધારે કે ઓછો છે તે માપવા માટે માનવજીવનની ભૌતિક ગુણવત્તાનો નિર્દેશક સ્વીકારવામાં આવે છે.

**2.4.3.1 જીવનની ભૌતિક ગુણવત્તા એટલે શું ? :** માનવજીવનની ભૌતિક ગુણવત્તા વિવિધ વસ્તુઓ અને સેવાઓની વપરાશનાં ધોરણો પર આધારિત છે. વપરાશનાં ધોરણો એટલે સમયના કોઈ એક ગાળા દરમિયાન વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ દ્વારા

(1) વપરાશમાં લેવાયેલ ખોરાક, બળતણ તથા અન્ય બિનટકાઉ વસ્તુઓ (2) વપરાશમાં લેવાયેલ ટકાઉ અને અર્ધ ટકાઉ વસ્તુઓ અને (3) વપરાશમાં લેવાયેલ સેવાઓનો સમૂહ.

આ વપરાશના ધોરણ કે જીવનધોરણ તેમના જીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરે છે. તેથી વપરાશના ધોરણ કે જીવનધોરણને જીવનની ભૌતિક ગુણવત્તા તરીકે ઓળખવામાં આવે છે. દેશના નાગરિકોનું જીવનધોરણ ઊંચું જાય તો જીવનનો ભૌતિક સુધારો થયો છે તેમ કહી શકાય.

**2.4.3.2 જીવનની ભૌતિક ગુણવત્તામાં સમાવિષ્ટ થતી બાબતો :** કોઈ એક વર્ષના ગાળામાં દેશના લોકોએ વપરાશમાં લીધેલ વસ્તુઓ અને સેવાઓના સમૂહ માનવજીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરે છે. આ વસ્તુઓ અને સેવાઓમાં મુખ્યત્વે નીચેના ઘટકોનો સમાવેશ થાય છે :

(1) ખોરાક (કૅલરી પ્રોટીન-ચરબી)

(2) આરોગ્ય અને તબીબી સેવાઓ (વસ્તીના એકમ દીઠ ડૉક્ટરનું પ્રમાણ)

(3) રહેઠાણ અને કપડાં (ઓરડાની સંખ્યા, ઓરડા દીઠ સરેરાશ વ્યક્તિ)

(4) શિક્ષણ અને મનોરંજન (કેટલા ટકા વસ્તીને પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચતર શિક્ષણ મળે છે. ટીવી, થિયેટર્સ) વગેરે

(5) પરિવહન અને માહિતી પ્રસારણ સેવાઓ વસ્તી દીઠ રસ્તા-રેલવેની લંબાઈ, ટેલિફોન સંખ્યા

(6) ઊર્જાશક્તિ (માથાદીઠ ઊર્જાની વપરાશ)

(7) દેશની વસ્તીને મળતું પીવાનું ચોખ્ખું પાણી

(8) સરેરાશ આયુષ્ય

(9) બાળમૃત્યુનું પ્રમાણ

(10) ડ્રેનેજની સુવિધા

જો ઉપર્યુક્ત 10 બાબતોમાં સુધારો થઈ રહ્યો છે તો દેશમાં માનવજીવનની ભૌતિક ગુણવત્તા સુધરી છે તેમ કહી શકાય. જો સુધારો ન થયો હોય તો કયા ક્ષેત્રમાં સુધારાની જરૂર છે તે જાણી તેના ઉપાયો યોજી દેશના વિકાસને વધારી શકાય છે. માનવજીવનના કોઈ પણ નિર્દેશકને સાપેક્ષ રીતે પણ રજૂ કરી શકાય, સૌથી ઊંચું મૂલ્ય ધરાવતા નિર્દેશકને 100નો આંક અપાય છે. જીવનની ભૌતિક ગુણવત્તા સુધારવા ઉપર વિકાસશીલ દેશો હવે વધારે ધ્યાન આપે છે.

**2.4.3.3 જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (Physical Quality Of Life Index = PQLI) :**

રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકનો વધારો એ આર્થિક વિકાસનો સાચો નિર્દેશક નથી તેમની અનેક મર્યાદાઓ છે. દેશની વધતી આવક અમુક લોકોના હાથમાં કેન્દ્રિત થાય. તે વિકાસ નથી. દેશનો વિકાસ એવો હોવો જોઈએ જે ગરીબોનાં જીવનધોરણને ઊંચું લાવે. નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત સંતોષાય. આ બાબતને ધ્યાનમાં રાખીને મોરીસ ડેવિસ મોરીસે જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની રજૂઆત કરી છે. જેને ટૂંકમાં PQLI તરીકે ઓળખવામાં આવે છે. આ આંકમાં માનવજીવનના ભૌતિક ગુણવત્તામાં સુધારાને આર્થિક વિકાસ ગણવામાં આવે છે. જીવનની ભૌતિક ગુણવત્તાની કક્ષા આર્થિક વિકાસની કક્ષા દર્શાવે છે. કોઈ એક દેશ કે રાજ્યમાં બીજા દેશ કે રાજ્યની તુલનામાં માનવજીવનની ભૌતિક ગુણવત્તા ચઢિયાતી હોય તો તેનો અર્થ એવો થાય કે, તે દેશ કે રાજ્યમાં આર્થિક વિકાસની કક્ષા એટલે કે સપાટી ઊંચી છે. ભૌતિક જીવનની ગુણવત્તા માપવા માટે ત્રણ ધોરણો દર્શાવાય છે.

**2.4.3.4 જીવનની ભૌતિક ગુણવત્તાના આંકમા સમાવિષ્ટ - ત્રણ બાબતો (ઘટકો)**

**શિક્ષણ-પ્રમાણ**

↓

દેશમાં સાક્ષરતાનું પ્રમાણ શિક્ષણની સ્થિતિ દર્શાવે છે. દેશમાં શિક્ષણ મેળવેલી વસ્તીની ટકાવારીના આધારે શિક્ષણનું પ્રમાણ જાણી શકાય છે.

**અપેક્ષિત આયુષ્ય**

↓

બાળકના જન્મસમયે તે કેટલા વર્ષનું આયુષ્ય ભોગવશે તેની અપેક્ષાને અપેક્ષિત આયુષ્ય કહે છે. જે પ્રજાનું સરેરાશ આયુષ્ય દર્શાવે છે. અપેક્ષિત આયુષ્ય વધે તો આરોગ્યની સેવાઓ સારી છે તેમ કહેવાય.

**બાળમૃત્યુ-દર**

↓

વર્ષ દરમ્યાન જીવતાં જન્મેલાં દર હજાર બાળકોએ એક વર્ષનું આયુષ્ય પૂર્ણ કર્યા પહેલાં મૃત્યુ પામતાં બાળકોની સંખ્યાને બાળમૃત્યુ-દર કહે છે. જો બાળમૃત્યુ-દર ઘટે તો દેશમાં આરોગ્યની સગવડતા વધી છે તેમ કહેવાય.

PQLI = શિક્ષણનું પ્રમાણ + અપેક્ષિત આયુષ્યનો આંક + બાળમૃત્યુ-દરનો આક

**2.4.3.5 ત્રણ બાબતો જ કેમ ?**

(1) આ ત્રણેય બાબતો અંગેના વિશ્વાસપાત્ર આંકડાઓ દરેક દેશમાં મેળવી શકાય છે.

(2) આ ત્રણેય નિર્દેશકો (પરિબળો) પ્રયત્નો નહિ પરંતુ પરિણામ દર્શાવે છે.

(3) આ ત્રણેય બાબતો વસ્તુલક્ષી હોવાથી કામગીરીની તુલના માટે વ્યાજબી ધોરણો પૂરાં પાડે છે.

**શિક્ષણ :** જીવનની ભૌતિક ગુણવત્તાનો મહત્ત્વનો માપદંડ છે. શિક્ષણનો વધારો વ્યક્તિના કલ્યાણનો વધારો દર્શાવે છે. વ્યક્તિની કુશળતા અને દેશના વિકાસની આવશ્યક બાબત ગણાય છે.

**અપેક્ષિત આયુષ્ય :** સામાજિક પરિસ્થિતિ અને સુખાકારીનું પ્રતિબિંબ છે અપેક્ષિત આયુષ્યનો વધારો. પોષણ તબીબી સારવાર તથા પર્યાવરણીય સંજોગોનું પરિણામ કે પ્રતિબિંબ છે.

**બાળમૃત્યુ-દર :** સામાજિક પરિસ્થિતિ અને સુખાકારીનું પ્રતિબિંબ છે. બાળમૃત્યુ-દર પીવાના સ્વચ્છ પાણી, ઘરનું પર્યાવરણ, મહિલાઓની સ્થિતિ, માતૃત્વની કામગીરીનું સંવેદનશીલ પ્રતિબિંબ છે.

**2.4.3.6 જીવનના ભૌતિક ગુણવત્તાના આંકની રચના**

- દરેક નિદર્શ (શિક્ષણ, આયુષ્ય, બાળમૃત્યુ-દર)ને 100નો ભાર (weightage) આપવામાં આવે છે.
- દેશની તે નિદર્શની કામગીરીના આધારે 0 થી 100 ના આંકની વચ્ચેના ગુણ મૂકવામાં આવે છે.
- આ ત્રણ બાબતોમાં એ દેશને મળેલા ગુણોનો સરવાળો થાય છે.
- સરવાળાને 3 વડે ભાગીને સરેરાશ કાઢવામાં આવે છે.
- જે આંક મળે તે PQLI ના આંક તરીકે ઓળખાય છે.

**2.4.3.7 મહત્ત્વની બાબતો :**

(1) જેમ દેશનો PQLI 100ની નજીક તે દેશની ઉપર્યુક્ત ત્રણ બાબતો (નિદર્શ)માં કામગીરી ઉત્તમ છે તેમ કહેવાય.

(2) જેમ દેશનો PQLI 0 ની નજીક, તે દેશની ઉપર્યુક્ત ત્રણ બાબતો (નિદર્શ)માં કામગીરી કનિષ્ટ (ઊતરતી કક્ષાની) છે તેમ કહેવાય.

(3) PQLI 0 થી 100ની વચ્ચે હોઈ શકે છે.

(4) PQLI ના આંકથી એક જ દેશનાં બે રાજ્યો કે બે જુદા-જુદા દેશોની તુલના થઈ શકે છે.

(5) જેમ PQLIનો આંક વધારે (ઊંચો) તેમ દેશનો આર્થિક વિકાસ વધારે તેમ કહેવાય.

(6) જેમ PQLIનો આંક નીચો તેમ દેશનો આર્થિક વિકાસ નીચો છે તેમ કહેવાય.

**2.4.3.8 સકારાત્મક બાબતો :**

(1) PQLI માં માનવજીવનના ધોરણને સ્પર્શતા શિક્ષણ અને આરોગ્ય જેવી બાબતોનો સમાવેશ થાય છે.

(2) માથાદીઠ આવકના નિર્દેશક કરતા PQLI ચઢિયાતા છે.

(3) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે PQLI રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક કરતાં ઓછી મર્યાદાવાળા છે.

(4) PQLI થી જુદા-જુદા દેશો, દેશોનાં જૂથો, એક જ દેશનાં વિવિધ રાજ્યોની તુલના થઈ શકે છે.

(5) શહેરી-ગ્રામીણ, સ્ત્રી-પુરુષના PQLI બનાવી તેમની તુલના થઈ શકે છે.

**2.4.3.9 મર્યાદાઓ :**

(1) માત્ર ત્રણ જ બાબતોનો સમાવેશ કર્યો છે અને આ ત્રણ જ બાબતોના આધારે સચોટતાથી દેશોનો વિકાસ થયો છે કે નહિ તે કહી શકાય નહિ. સાચો આંક મેળવવા આ ત્રણ બાબતો સિવાયની બાબતોનો પણ સમાવેશ કરવો જોઈએ.

(2) માત્ર સરેરાશ દર્શાવે છે : ત્રણ નિર્દેશકના મળેલા આંકને 3 વડે ભાગવાથી મળતો આંક PQLI છે જે સરેરાશ છે. સરેરાશથી તે દેશની ત્રણ બાબતોમાં અગ્રિમતા કે પછાતતા કહી શકાય નહિ. સરેરાશથી નિર્ણયો લેવાતા નથી.

(3) કોઈ દેશનો PQLIનો દર ઊંચો હોય (હાલમાં) તો દેશનો વિકાસ બીજા દેશો કરતા વધારે છે તેમ સામાન્યીકરણ કરી શકાય નહિ.

(4) ત્રણ ધોરણને માનવજીવનમાં એકસરખું મહત્ત્વ (100 આંક) અપાય છે જે અયોગ્ય છે. ત્રણેય બાબતો માનવજીવનમાં એકસરખું મહત્ત્વ ધરાવતી નથી.

(5) જીવનની ભૌતિક ગુણવત્તા આંકમાં આવકવૃદ્ધિ મહત્ત્વની છે જેની ઉપેક્ષા કરી છે.

(6) ધનિક દેશોની PQLI વધવાની ગતિ ધીમી હોય છે કારણ કે સરેરાશ આયુષ્ય અમુક હદથી વધારે વધારી શકાતું નથી.

**2.4.3.10 આજની સ્થિતિ :**

વિશ્વમાં 2003 પછી PQLI ની ત્રણ બાબતોને આધારે બનતા આંકને બદલે તેમાં માનવજીવનને સ્પર્શતી બીજી ત્રણ બાબતોનો સમાવેશ કરીને જીવનની ગુણવત્તાનો આંક (QLI) તૈયાર કરવામાં આવે છે.

**2.4.4 માનવવિકાસનો આંક (Human Development Index - HDI) :**

વિકાસનો અદ્યતન નિર્દેશક માનવવિકાસ આંક છે. 1990માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમમાં (UNDP) દ્વારા માનવવિકાસ અહેવાલ (HDR) રજૂ થયો. આ અહેવાલમાં વિકાસના માપદંડ તરીકે માનવવિકાસનો આંક (HDI) રજૂ કરવામાં આવ્યો. HDIમાં આર્થિક માપદંડોની સાથે બિનઆર્થિક માપદંડ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. HDI તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકામાં ભારતના અર્થશાસ્ત્રીનો ફાળો પણ છે. જુદા-જુદા દેશોમાં થતાં વિકાસના પ્રયત્નોનું મૂલ્યાંકન કરીને આંક તૈયાર કરાય છે. 1990 થી HDI ને માપવા માટે જે વિવિધ ન્યૂનતમ અને મહત્તમ મૂલ્યનો ઉપયોગ થતો હતો જેમાં 2010માં સુધારો કરવામાં આવ્યો છે.

**2.4.4.1 માનવવિકાસના આંકના ઘટકો :**

HDI તૈયાર કરવામાં સુગમ બને એ માટે માત્ર **ત્રણ જ** પરિબળો ધ્યાનમાં લેવાય છે. આ પરિબળોના

આંકની યાદી આપવાને બદલે તેની સરેરાશ ઉપર આધારિત સંયુક્ત આંક તૈયાર કરાય છે : (1) અપેક્ષિત આયુષ્ય (2) શૈક્ષણિક સિદ્ધિઓ (જ્ઞાન)નો આંક સામાજિક સિદ્ધિ દર્શાવે છે જ્યારે (3) જીવનધોરણ દર્શાવતો આવકનો આંક આર્થિક સિદ્ધિઓ દર્શાવે છે.

**HDI**

| **અપેક્ષિત આયુષ્ય** | **જ્ઞાન (શિક્ષણ)** | **સારું જીવનધોરણ** |
|---|---|---|
| જન્મસમયે વસ્તીનું અપેક્ષિત આયુષ્ય કેટલું છે તેને આધારે આંક અપાય છે. જો 50 વર્ષથી ઓછું આયુષ્ય તો તંદુરસ્તીથી વંચિત ગણાય છે. જેમ આયુષ્યનો આંક ઊંચો તેમ સ્થિતિ સારી માનવામાં આવે છે. | જ્ઞાનનું પ્રમાણ જાણવા પુખ્ત-શિક્ષિતોની ટકાવારી કેટલી છે તે જાણવામાં આવે છે. આમાં 15 વર્ષ અને તેનાથી વધુ ઉંમરની વ્યક્તિના અક્ષરજ્ઞાનને ધ્યાનમાં લેવાય છે. જેમાં બે બાબતોનો સમાવેશ થાય છે : (A) સ્કૂલિંગના સરેરાશ વર્ષ અને (B) સ્કૂલિંગનાં અપેક્ષિત વર્ષો દેશમાં શાળા કક્ષા માટે કેટલાં વર્ષ અપેક્ષિત છે તેમાંથી બાળક શાળામાં સરેરાશ કેટલાં વર્ષ ગાળે છે તેના આંક મેળવવામાં આવે છે. | જીવનધોરણ એટલે મળતી સગવડતા જેમાં પીવાનું શુદ્ધ પાણી, આરોગ્યની સેવા, સેનિટેશનની સેવા, બાળમૃત્યુ-દર, ઓછાં વજનવાળાં બાળકોની ટકાવારી, માથાદીઠ દૈનિક કૅલરી, 5 વર્ષથી નીચેનાં બાળકોનો મૃત્યુ-દર, પ્રોટીન અને ચરબીની પ્રાપ્તિને જોવાય છે અને સારા જીવનધોરણનો આધાર આવક ઉપર હોય છે. આવકનો સૂચક આંક માથાદીઠ કાચી રાષ્ટ્રીય આવક (GNI), PPP સમખરીદ શક્તિના ધોરણે મપાય છે. |

**2.4.4.2 મુખ્ય બાબતો :**

- ત્રણ ધોરણોને આધારે ગણાતા HDIનું મહત્તમ મૂલ્ય 1 ગણાય છે.
- HDI નું મૂલ્ય 0 થી 1ની વચ્ચે હોય છે.
- જે દેશનો HDI 1ની નજીક તે વધુ વિકસિત ગણાય છે. તેને HDI માં ઊંચો ક્રમ મળે છે.
- જે દેશનો HDI 1 થી દૂર તે ઓછો વિકસિત છે. તેને HDI માં ક્રમ નીચો મળે છે.
- વર્ષ 2014માં દુનિયાના 188 દેશોમાં HDI માં 0.944 આંક સાથે નોર્વે દેશ પ્રથમ ક્રમે અને ભારત 0.609 અંક સાથે 130માં ક્રમે હતો.

**2.4.4.3 2015નો માનવવિકાસનો અહેવાલ અને વિશ્વના દેશો :** વર્ષ 2015માં માનવવિકાસનો અહેવાલ (HDR) રજૂ થયો તેમાં વર્ષ 2014માં વિશ્વના દેશોની માનવવિકાસ આંકમાં સ્થિતિ શું હતી તે પૃ. 25 મુજબની અનુસૂચિ દર્શાવે છે.

**કોષ્ટક 2.3**

| દેશ | HDI (2014)માં | | માથાદીઠ આવક (Per Capita GNI) | જન્મસમયે અપેક્ષિત સરેરાશ આયુષ્ય (ALE) | અભ્યાસના અપેક્ષિત વર્ષો | અભ્યાસના વાસ્તવિક વર્ષો |
|---|---|---|---|---|---|---|
| | મૂલ્ય (Value) | ક્રમ (Rank) | | | | |
| નોર્વે | 0.944 | 1 | 64992 | 81.6 | 17.5 | 12.6 |
| અમેરિકા | 0.915 | 8 | 52947 | 79.1 | 16.5 | 12.9 |
| ચીન | 0.727 | 90 | 12547 | 75.8 | 13.1 | 7.5 |
| ભારત | 0.609 | 130 | 5497 | 68.0 | 11.7 | 5.4 |
| પાકિસ્તાન | 0.538 | 147 | 4866 | 66.2 | 7.8 | 4.7 |
| નાઈઝર | 0.348 | 188 | 908 | 61.4 | 5.4 | 1.5 |

**સ્રોત :** HDR, 2015 અને આર્થિક સર્વે, 2015-16

2015ના HDI ના અહેવાલમાં વિશ્વના 188 દેશોને આવરી લેવામાં આવ્યા છે. માનવવિકાસની દૃષ્ટિએ વિશ્વના દેશોને 4 વિભાગમાં વહેંચાયા છે :

(1) સૌથી વધુ માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 1 થી 49 રાષ્ટ્રોનું સરેરાશ માનવવિકાસનું મૂલ્ય 0.890 છે.

(2) વધુ માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 50 થી 105 રાષ્ટ્રો સરેરાશ 0.735 HDI

(3) મધ્યમ માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 106 થી 143 રાષ્ટ્રો સરેરાશ 0.614 HDI

(4) નીચો માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રો : 144 થી 188 રાષ્ટ્રો સરેરાશ 0.493 HDI

**2.4.4.4 2015ના માનવવિકાસ અહેવાલનાં તારણો**

(1) 2014માં માનવવિકાસની દૃષ્ટિએ 0.944 ના મૂલ્ય સાથે નોર્વેનો પ્રથમ નંબર છે.

(2) ભારતનો માનવવિકાસ આંક 0.609 છે અને તેનું 188 દેશોમાં 130મું સ્થાન છે.

(3) ભારતનો HDIના વર્ગીકરણમાં મધ્યમ માનવવિકાસના ગ્રૂપમાં સમાવેશ થાય છે.

(4) 2014માં HDIમાં છેલ્લા ક્રમે આફ્રિકા ખંડમાં આવેલ 0.348ના આંક સાથે નાઈઝરનું સ્થાન છે.

**2.4.4.5 માનવવિકાસ આંકનું મહત્ત્વ :**

(1) આર્થિક વિકાસના HDIના માપદંડમાં માત્ર આર્થિક નહિ સામાજિક કલ્યાણના શિક્ષણ અને આરોગ્ય જેવા માપદંડનો પણ સમાવેશ કર્યો છે. તેથી તે પરિપૂર્ણ બને છે.

(2) HDI આર્થિકનીતિ ઘડનારાઓને સૂચવે છે કે આર્થિક વિકાસ સાધન છે અને માનવકલ્યાણ અંતિમ ઉદ્દેશ્ય છે.

(3) સાચી પ્રગતિ = આર્થિક પ્રગતિ + સામાજિક પ્રગતિ હોય છે.

(4) HDI વિધેયાત્મક છે. HDI વધે તેનો અર્થ દેશમાં શિક્ષણ અને આરોગ્યની સ્થિતિ સુધરી રહી છે.

(5) HDI થી વિકાસમાન દેશોને કયા વિકાસની શક્યતા વધારે છે. ક્યાં સરકારે વધારે કામ કરવાનું છે તેનો ખ્યાલ આવે છે.

(6) HDI વધારે પ્રગતિશીલ ખ્યાલ છે.

**2.4.4.6 મર્યાદાઓ :**

(1) HDI માં ત્રણ જ સામાજિક નિર્દેશકોનો સમાવેશ કરાયો છે, જે ઓછા છે. બીજા સામાજિક નિર્દેશકોનો સમાવેશ કરવો જોઈતો હતો.

(2) HDI માં ત્રણેય પરિબળોને સરખું મહત્ત્વ અપાયું છે. ખરેખર ત્રણેયનું જુદી-જુદી પરિસ્થિતિમાં જુદું-જુદું મહત્ત્વ હોય છે.

(3) માનવવિકાસનો આંક નિરપેક્ષ સ્થિતિ દર્શાવતો નથી. કોઈ એક દેશ અન્ય દેશોની તુલનાએ કયા સ્થાને છે તે દર્શાવવામાં આવે છે, જેમાં સાપેક્ષ પ્રગતિ જ દર્શાવાય છે.

HDI ઉપરાંત

(1) GDI = Gender Development Index = જાતિય સમાયોજન આંક

(2) TAI = Technological Achievement Index = ટેક્નોલૉજી સિદ્ધી આંક

(3) HPI = Human Poverty Index = માનવ ગરીબી આંક

(4) HCI = Human Consumer Index = માનવ વપરાશ-આંક

જેવા અન્ય નિર્દેશકોનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) વિકાસ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે. આ વિધાન કોણે રજૂ કર્યું છે ?

(અ) ટોડેરો (બ) કિન્ડલ બર્જર (ક) માર્શલ (ડ) મેચલપ

(2) કયો ખ્યાલ ગુણાત્મક છે ?

(અ) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર (બ) માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર

(ક) આર્થિક વૃદ્ધિ (ડ) આર્થિક વિકાસ

(3) 2014માં વિશ્વમાં માનવવિકાસ-આંકની દૃષ્ટિએ ભારતનો ક્રમ કેટલામો હતો ?

(અ) 127 (બ) 128 (ક) 129 (ડ) 130

(4) 2014માં માનવવિકાસ અહેવાલ મુજબ ભારતની માથાદીઠ આવક કેટલા ડૉલર હતી ?

(અ) 7110 (બ) 7068 (ક) 480 (ડ) 5497

(5) દેશના આર્થિક વિકાસમાં વધારો થવાથી

(અ) ખેતી ક્ષેત્રનો ફાળો ઘટે છે. (બ) ખેતી ક્ષેત્રનો ફાળો વધે છે.

(ક) ઉદ્યોગ ક્ષેત્રનો ફાળો ઘટે છે. (ડ) સેવા ક્ષેત્રનો ફાળો ઘટે છે.

(6) જીવનની ભૌતિક ગુણવત્તા-આંક (PQLI)નું મહત્તમ મૂલ્ય કેટલું હોય છે ?

(અ) 100થી ઓછું (બ) 100થી વધુ (ક) 100 (ડ) શૂન્ય

(7) માનવવિકાસના આંકનું મૂલ્ય કેટલું હોય છે ?

(અ) શૂન્ય (બ) એક (ક) શૂન્યથી એક વચ્ચે (ડ) સો

(8) આર્થિક વૃદ્ધિનો પ્રશ્ન મુખ્યત્વે કેવાં રાષ્ટ્રોના પ્રશ્નો સાથે સંકળાયેલો છે ?

(અ) વિકસિત (બ) વિકાસશીલ

(ક) પછાત દેશો (ડ) ત્રીજા વિશ્વના દેશો

(9) 2014માં માનવવિકાસ આંકની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવનાર દેશ હતો.

(અ) જાપાન (બ) નોર્વે (ક) અમેરિકા (ડ) ભારત

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) આર્થિક વૃદ્ધિ એટલે શું?

(2) આર્થિક વિકાસનો અર્થ આપો.

(3) માથાદીઠ આવક એટલે શું?

(4) રાષ્ટ્રીય આવકની તુલનામાં માથાદીઠ આવકનો માપદંડ શા માટે વધુ આવકારદાયક છે?

(5) જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક કોણે રજૂ કર્યો હતો?

(6) 2014માં HDI ના કેટલા દેશોના આંક બહાર પડ્યા છે ?

(7) માનવવિકાસના આંકમાં કયાં પરિબળોને આવરી લેવામાં આવ્યાં છે?

(8) બાળમૃત્યુ-દર એટલે શું?

(9) માનવવિકાસના આંકનું મહત્તમ મૂલ્ય જણાવો.

(10) ઊંચી માથાદીઠ આવક શું સૂચવે છે?

(11) સેનીટેશનની સુવિધા શેમાં સુધારો સૂચવે છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) રાષ્ટ્રીય આવકના નિર્દેશકની મર્યાદાઓ જણાવો.

(2) માથાદીઠ આવકના નિર્દેશકની મર્યાદાઓ જણાવો.

(3) પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો કયાં-કયાં આવે છે તે જણાવો.

(4) ઉત્પાદનમાં વધારો એ કયા પ્રકારનું પરિવર્તન છે ?

(5) વિકાસના નિર્દેશકો શું છે ? યાદી આપો.

(6) વૃદ્ધિની મર્યાદાઓ જણાવો.

(7) વિકાસની મર્યાદાઓ જણાવો.

(8) અપેક્ષિત આયુષ્ય એટલે શું ?

(9) વૃદ્ધિ અને વિકાસમાંથી કોને માપવામાં મુશ્કેલી પડે છે ? શા માટે ?

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) જીવનની ભૌતિક ગુણવત્તા એટલે શું ? તેમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(2) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવકની ચર્ચા કરો.

(3) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માથાદીઠ આવકને સમજાવો.

(4) જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની મર્યાદાઓ ટૂંકમાં સમજાવો.

(5) ભારતમાં વર્તમાનમાં વૃદ્ધિ થઈ રહી છે અથવા વિકાસ થઈ રહ્યો છે અથવા બંને થઈ રહ્યા છે. તમારા જવાબ માટેના કારણો આપો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો તફાવત ઉદાહરણ દ્વારા સમજાવો.

(2) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારણાના આંક વિશે સમજાવો.

(3) માનવવિકાસ આંકમાં કઈ-કઈ બાબતોનો સમાવેશ થાય છે ? તેની સમજૂતી આપો.

(4) PQLI અને HDIની તુલના કરો. બંનેમાંથી કયો શ્રેષ્ઠ નિર્દેશક છે ? શા માટે ?

(5) આર્થિક વિકાસના નિર્દેશકો ટૂંકમાં સમજાવો.

**પારિભાષિક શબ્દો**

| | |
|---|---|
| **આર્થિક પ્રગતિ** | : માથાદીઠ આવકમાં થતો વધારો એ આર્થિક પ્રગતિ છે. |
| **આર્થિક વૃદ્ધિ** | : વૃદ્ધિ એટલે આર્થિક વૃદ્ધિ જે રાષ્ટ્રીય આવક વધવાનો દર અથવા વસ્તુ અને સેવાઓના કુલ ઉત્પાદનના પ્રમાણમાં થતો વધારો દર્શાવે. |
| **આર્થિક વિકાસ** | : આર્થિક વિકાસ એ બહુપરિમાણીય પ્રક્રિયા છે. |
| **જીવનની ભૌતિક ગુણવત્તા** | : વપરાશના ધોરણ કે જીવનધોરણને જીવનની ભૌતિક ગુણવત્તા કહે છે. |
| **પરિમાણાત્મક પરિવર્તન** | : અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રોમાં કુલ ઉત્પાદનમાં થતો વધારો એ પરિમાણાત્મક પરિવર્તન છે. |
| **ગુણાત્મક પરિવર્તન** | : નવાં સંશોધનો થાય, નવી પદ્ધતિઓ ઉપયોગમાં આવે, શ્રમની કાર્યક્ષમતા બદલાય, ક્ષેત્રવાર અર્થતંત્રમાં હિસ્સો બદલાય તે ગુણાત્મક પરિવર્તન છે. |
| **પ્રૌઢ સાક્ષરતા-દર** | : 15 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં શિક્ષણના પ્રમાણને પ્રૌઢ સાક્ષરતા-દર કહે છે. |
| **અપેક્ષિત આયુષ્ય** | : બાળકના જન્મસમયે તે કેટલા વર્ષનું સરેરાશ આયુષ્ય ભોગવશે તેની અપેક્ષા |
| **બાળમૃત્યુ-દર** | : જીવતાં જન્મેલાં દર હજાર બાળકોએ એક વર્ષનું આયુષ્ય ભોગવ્યા પહેલાં મૃત્યુ પામતાં બાળકોની સંખ્યા કે પ્રમાણ |
| **જીવનધોરણ** | : નાગરિકોને પ્રાપ્ત થતી સુવિધાઓ જેમાં પાણી-વીજળી-ડ્રેનેજ-મકાન-વાહનવ્યવહાર સંદેશાવ્યવહાર, આરોગ્ય સુવિધા દ્રાવ્ય કેલરી, પ્રોટીન અને ચરબીનો સમાવેશ થાય છે. |
| **અભ્યાસના અપેક્ષિત વર્ષો** | : દેશમાં શાળામાં વિદ્યાર્થીના નક્કી કરેલા અપેક્ષિત વર્ષ આટલાં વર્ષ વિદ્યાર્થી શાળામાં ભણે તેવી અપેક્ષા હોય છે. |
| **અભ્યાસના સરેરાશ વર્ષો** | : દેશમાં શાળામાં વિદ્યાર્થીઓએ સરેરાશ ગાળેલાં વર્ષોનું પ્રમાણ |
| **સમખરીદ શક્તિ** | : સ્થાનિક બજારમાં એક સમાન વસ્તુઓ માટે બે ચલણોના મૂલ્યના સંદર્ભમાં ખરીદશક્તિની સમાનતા |

●

# 3 નાણું અને ફુગાવો


- **પ્રસ્તાવના**

**3.1 સાટાપ્રથાનો અર્થ**

3.1.1 સાટાપ્રથાની મર્યાદાઓ

3.1.1.1 જરૂરિયાતોનો પરસ્પર મેળ બેસાડવાની મુશ્કેલી

3.1.1.2 મૂલ્યના સંગ્રહની મુશ્કેલી

3.1.1.3 મૂલ્યના માપનની મુશ્કેલી

**3.2 નાણાંનો ઉદ્ભવ અને વિકાસ - નાણાંની ઉત્ક્રાંતિ**

**3.3 નાણાંનો અર્થ અને કાર્યો**

3.3.1 વિનિમયના માધ્યમનું કાર્ય

3.3.2 મૂલ્યના સંગ્રાહક તરીકેનું કાર્ય

3.3.3 મૂલ્યના માપદંડ તરીકેનું કાર્ય

**3.4 નાણાંના પ્રકારો**

**3.5 ફુગાવાનો અર્થ**

**3.6 ફુગાવાની વ્યાખ્યા**

**3.7 ફુગાવાનાં લક્ષણો**

**3.8 ફુગાવાનાં કારણો**

3.8.1 માંગમાં થયેલો વધારો

3.8.2 ઉત્પાદન-ખર્ચમાં વધારો

3.8.3 અન્ય કારણો


## પ્રસ્તાવના (Introduction)

આધુનિક આર્થિક જગતમાં નાણું તમામ આર્થિક પ્રવૃત્તિઓના કેન્દ્ર સ્થાને છે. આજે વ્યક્તિને જરૂરિયાત સંતોષવા માટે વસ્તુઓ અને સેવાઓ ખરીદવા નાણાંની જરૂર પડે છે. નાણું વિનિમયનું માધ્યમ છે. સાથે મૂલ્યનું સંગ્રાહક પણ છે. ભવિષ્યમાં ઉદ્ભવનારી જરૂરિયાતો ખરીદવા લોકો નાણાંને બચાવે છે.

માનવી અમર્યાદિત જરૂરિયાત ધરાવે છે. વળી, બધી જ જરૂરિયાત તે જાતે પૂરી કરી શકતો નથી. માટે પરસ્પરના વિનિમય દ્વારા, વસ્તુઓ તથા સેવાઓની આપ-લે દ્વારા તે વધુમાં વધુ જરૂરિયાતો સંતોષવાનો અને મહત્તમ સંતોષ મેળવવાનો પ્રયત્ન કરે છે.

પ્રાચીન સમયમાં માણસે પોતાની પાસે હોય તેવી વસ્તુઓ અને સેવાઓ આપીને પોતાને જરૂરી અન્ય વસ્તુઓ અને સેવાઓ મેળવવાનો પ્રયત્ન કર્યો અને આ પ્રથાને વસ્તુ વિનિમય પ્રથા કે સાટાપ્રથા કહેવામાં આવે છે.

## 3.1 સાટાપ્રથાનો અર્થ (Meaning of a Barter System)

વસ્તુવિનિમય પ્રથા એટલે વસ્તુ કે સેવાના બદલામાં અન્ય વસ્તુ કે સેવા મેળવવાની પ્રથા.

**3.1.1 સાટાપ્રથાની મર્યાદાઓ :** શરૂઆતનાં વર્ષોમાં ગ્રામસમાજ-વ્યવસ્થા, ખેતીનો પરસ્પરનો વ્યવહાર તથા ખૂબ ઓછી જરૂરિયાતવાળું સાદું જીવન હતું એટલે વસ્તુ વિનિમય પ્રથા દ્વારા માનવી પોતાની જરૂરિયાતો સંતોષતો રહ્યો. જેમ કે, ખેડૂત ઘઉં ઉગાડી સ્વવપરાશ માટે ઘઉં રાખતો તથા વધારાના ઘઉં આપી ચોખા, કાપડ, ચંપલ મેળવતો, ચંપલ બનાવનાર આ જ રીતે ચંપલ આપી અનાજ, કાપડ, ઘી વગેરે મેળવતો. જ્ઞાન આપનાર શિક્ષક (ગુરુજી)ને જ્ઞાનના બદલામાં અનાજ મળતું તો કલાકારોને પણ મનોરંજનના બદલામાં વસ્તુઓ મળતી.

પણ, સમાજ અને આર્થિક જગતનો વિકાસ થતા વસ્તીમાં વધારો થતાં જરૂરિયાતો વધવા લાગી, બદલાવા લાગી અને સૂક્ષ્મ થવા લાગી. ઔદ્યોગીકરણ, શહેરીકરણ અને શ્રમવિભાજન તથા વિશિષ્ટકરણને કારણે સાટાપ્રથા મર્યાદાવાળી બની. હવે પરસ્પરના પ્રત્યક્ષ વ્યવહારો ઓછા થઈ ગયા અને જરૂરિયાતો વધુ થઈ ગઈ.

સાટાપ્રથાની મુખ્ય મર્યાદાઓ નીચે મુજબ છે :

**3.1.1.1 જરૂરિયાતોનો પરસ્પર મેળ બેસાડવાની મુશ્કેલી :** આર્થિક-સામાજિક વિકાસ થવાની સાથે માણસની જરૂરિયાતો વધી અને અર્થતંત્ર સરળમાંથી જટિલ બન્યું. પહેલાં ઘઉં આપીને ચોખા મેળવવા કે ચોખા

આપીને કાપડ મેળવવું જે રીતે સરળ હતું તે હવે ન રહ્યું. કારણ કે જેમની પાસે ચોખા હતા તેને ઘઉંની જરૂર ન હતી. તેને ચોખાના બદલામાં કાપડની જરૂર હતી અને જેની પાસે કાપડ હતું તેને ચોખાના બદલામાં નહિ પણ ઘીના બદલામાં કાપડ આપવું હતું. આમ, વસ્તુવિનિમય પ્રથામાં પરસ્પર મેળ બેસાડવો અઘરો પડ્યો અને અવિભાજ્ય વસ્તુ સામે વિભાજ્ય વસ્તુનો વિનિમય કેવી રીતે કરવો તે પ્રશ્નો પણ ઉપસ્થિત થયા.

**3.1.1.2 મૂલ્યના સંગ્રહની મુશ્કેલી :** વસ્તુવિનિમય પ્રથામાં વ્યક્તિને મૂલ્યના સંગ્રહની બાબતમાં વ્યાપક મુશ્કેલીનો સામનો કરવો પડતો. અહીંયાં મૂલ્ય એટલે વિનિમય મૂલ્ય.

ખેડૂત ઘઉંનું ઉત્પાદન કરી ઘઉંના બદલામાં ચંપલ કે કાપડ મેળવે પણ દિન-પ્રતિદિન ઉત્પાદન અને ઉત્પાદકતા વધતા. વધેલા ઘઉં સાચવવા કેવી રીતે તે પ્રશ્ન ઉપસ્થિત થયા. ઘઉંનો સંગ્રહ થાય તો ભવિષ્યમાં ઘઉં આપી ફરીથી ચંપલ, કાપડ, ચોખા મેળવી શકાય. પણ ઘઉં લાંબો સમય સાચવવા કેવી રીતે ?

વ્યક્તિ મહેનત દ્વારા જે વસ્તુઓનું મોટા પાયે ઉત્પાદન કરતો તેના બદલામાં તત્કાળ વસ્તુ કે સેવા મેળવી લેવી પડતી. બાકી આ ઉત્પાદનો કે તે સ્વરૂપમાં વિનિમય મૂલ્ય સાચવવું ખૂબ અઘરું થઈ પડ્યું.

**3.1.1.3 મૂલ્ય માપનની મુશ્કેલી :** શ્રમ-વિભાજન અને વિશિષ્ટીકરણ પછી ઔદ્યોગિક આર્થિક જગતમાં વસ્તુઓને સેવાઓના મૂલ્ય માપનનો પ્રશ્ન પણ ખૂબ અગત્યનો બન્યો. ઘઉં સામે ચોખાનો વિનિમય કરવાનો હતો ત્યાં સુધી બરાબર હતું પણ હવે ઘઉં સામે અનેક વસ્તુઓ આવી ગઈ જેના વિનિમય-દરને યાદ રાખવો, નક્કી કરવો મુશ્કેલ હતો. એક મણ ઘઉં બરાબર બે મણ ચોખા, એક મણ ઘઉં બરાબર દસ મીટર કાપડ, એક મણ ઘઉં બરાબર કિલો ઘી તો કિલો ઘી બરાબર કેટલું કાપડ ? અને કેટલા ચોખા ? આ નક્કી કરવું અને તે મુજબ વ્યાપાર કરવો અઘરો બન્યો. માટે એક સર્વસામાન્ય માપદંડ પણ જરૂરી બન્યો.

આમ, જરૂરિયાતોના પરસ્પર મેળ બેસાડવાની તકલીફને લીધે, મૂલ્યના સંગ્રાહકની જરૂરિયાત તથા મૂલ્યના માપદંડ તરીકે કોઈ માધ્યમ હોય તે જરૂરી બનતા વસ્તુવિનિમય પ્રથાનો અંત આવ્યો અને નાણાંની શોધ થઈ.

### 3.2 નાણાંનો ઉદ્‌ભવ અને વિકાસ

વસ્તુવિનિમય પ્રથા અમલમાં હતી ત્યારે મૂલ્યના સંગ્રહ તથા વિનિમયને સરળ બનાવવા સર્વમાન્ય માધ્યમ તરીકે વસ્તુઓ અને પશુઓનો ઉપયોગ શરૂ થયો. ભારતમાં ખાસ તો ગાયને ધનના સ્વરૂપમાં જોવાનું શરૂ થયું.

ખેતીપ્રધાન અર્થવ્યવસ્થામાં અનાજનું ઉત્પાદન થતું. વર્તમાન વપરાશ માટેનું અનાજ બાદ કરી વધેલા અનાજથી પશુ ખરીદવામાં આવતાં અને જરૂર પડે પશુને વેચી અનાજ પાછું મેળવાતું. વ્યક્તિ અનાજના બદલામાં પશુ મેળવતો અને પશુ આપી કોઈ પણ જરૂરિયાત મેળવતો. આમ ગાય, ભેંસ, ઘોડા જેવાં પશુ વિનિમયનું માધ્યમ બનતાં કે મૂલ્યના સંગ્રાહક બનતા.

વિનિમયના માધ્યમ તરીકે અને મૂલ્યના સંગ્રાહક તરીકે પશુનો ઉપયોગ પણ મર્યાદાવાળો બન્યો. પશુ પણ બીમાર પડે મૃત્યુ પામે, લાંબા સમય સુધી તેમના સ્વરૂપમાં પણ મૂલ્ય સંગ્રહી શકાય નહિ અને ભૌતિક રીતે પણ અમુક હદથી વધારે પશુને રાખવા અગવડતા ભર્યું બન્યું. હેરફેરમાં પણ મુશ્કેલી સર્જાઈ. એટલે પછી કીમતી પથ્થરોનો ઉપયોગ થવા લાગ્યો. રાજાશાહી વ્યવસ્થા આવતા સિક્કાઓની શરૂઆત થઈ અને રાજધાની તથા નગરોમાં સિક્કાએ વિનિમયના માધ્યમ તરીકે કામ શરૂ કર્યું, પણ તેનો ઉપયોગ ખૂબ મર્યાદિત વિસ્તારો અને લોકોમાં થતો.

લોકશાહીનો ઉદ્‌ભવ તથા ઔદ્યોગીકરણ આધુનિક નાણાંના સ્વરૂપ માટે મોટું પ્રેરક બળ બન્યા. કેન્દ્રિય સત્તાના પીઠબળથી બહાર પાડવામાં આવનાર નાણાંને સર્વમાન્ય સ્વીકૃતી મળી અને વિનિમયના માધ્યમ તરીકે તેણે ઝડપભેર માન્યતા મેળવી. મૂલ્યના સંગ્રહમાં પણ આધુનિક નાણું જ વધારે સફળ રહ્યું. બૅંકિંગ વ્યવસાયના વિકાસે મૂલ્યના સંગ્રહ તથા સ્થળાંતરને ઝડપી તથા સરળ બનાવ્યું.

### 3.3 નાણાંનો અર્થ અને કાર્યો (Meaning of Money and Functions of Money)

માર્શલના મતે ''કોઈ પણ સમયે અને સ્થળે કોઈ સંશય કે વિશેષ તપાસ વિના જેના દ્વારા વસ્તુઓ અને સેવાઓનો વિનિમય થઈ શકે તેને નાણું કહેવાય.''

રોબર્ટ્સનના મતે 'વસ્તુઓ અને સેવાઓના બદલામાં જે સર્વ સ્વીકૃત છે તે નાણું છે.'

આમ, જે નાણાંનું કાર્ય કરે છે તે નાણું છે. નાણાંને સમજવા માટે નાણાંનાં કાર્યો સમજવા જોઈએ.

નાણાંનાં મુખ્ય કાર્યો નીચે મુજબ છે :

**નાણાંનાં કાર્યો**

**3.3.1 વિનિમયના માધ્યમનું કાર્ય :** નાણાંનું સૌથી અગત્યનું કાર્ય વિનિમયના માધ્યમ તરીકેનું છે. નાણું આપણા આર્થિક વ્યવહારોને સરળ બનાવે છે અને વસ્તુ વિનિમય પ્રથામાં જરૂરિયાતનો પરસ્પર મેળ બેસાડવામાં જે તકલીફ પડતી હતી તેનો ઉકેલ લાવે છે. ખેડૂત ઘઉં આપીને નાણાં મેળવે છે અને પછી નાણાં આપીને ચોખા, કાપડ, ઘી વગેરે મેળવે છે. વ્યક્તિ નાણાંનો ખર્ચ કરીને વર્તમાનમાં વસ્તુઓ અને સેવાઓ મેળવે છે, તો બચત કરીને ભવિષ્યમાં વસ્તુઓ અને સેવાઓ મેળવે છે. મૂળભૂત રીતે જરૂરિયાતો સંતોષવા માટે ઉપયોગી વસ્તુઓ અને સેવાઓ ખરીદવા નાણાંનો માધ્યમ તરીકે ઉપયોગ થાય છે.

**3.3.2 મૂલ્યના સંગ્રાહક તરીકે :**

નાણાંની બીજી અગત્યની કામગીરી મૂલ્યના સંગ્રાહક તરીકેની છે. વ્યક્તિ પોતે ઉત્પન્ન કરેલ વસ્તુ કે સેવા આપીને અન્ય વસ્તુ કે સેવા મેળવતો પણ ભવિષ્યમાં વસ્તુ કે સેવા મેળવવા માટે તેણે બચત કેવી રીતે કરવી ? તે પ્રશ્ન હતો, નાણાં દ્વારા તે વિનિમય મૂલ્યનો સંગ્રહ કરી શકે છે. અનાજ કે પશુના સ્વરૂપમાં મૂલ્યનો સંગ્રહ લાંબા સમય સુધી શક્ય ન હતો. નાણું આ બાબતમાં વધુ સફળ પુરવાર થયું છે. નાણાં સ્વરૂપમાં મૂલ્યનો સંગ્રહ સરળ છે. અનાજ વેચી નાણું મેળવી નાણાંનાં સ્વરૂપમાં મૂલ્યનો સંગ્રહ થાય અને પછી જ્યારે જરૂર હોય ત્યારે તેના દ્વારા વસ્તુ કે સેવાની ખરીદી પણ થાય.

મૂલ્ય સંગ્રાહક તરીકે નાણું સફળ હોવાથી જ તે વિલંબિત ચૂકવણીનું ધોરણ પણ બની શક્યું છે. ધિરાણની આખી જ વ્યવસ્થા, ઉધાર ખરીદ-વેચાણની પદ્ધતિ અને હપ્તા પદ્ધતિના પાયામાં નાણાંનું આ લક્ષણ જ મદદરૂપ થયું છે.

**3.3.3 મૂલ્યના માપદંડ તરીકેનું કાર્ય :**

નાણું મૂલ્યના માપદંડ તરીકે અગત્યનું કાર્ય બજાવે છે. વસ્તુવિનિમય પ્રથામાં દરેક વસ્તુનું વિનિમય મૂલ્ય યાદ રાખવું પડતું. એક મણ ઘઉં બરાબર કેટલા મણ ચોખા ? કેટલા મીટર કાપડ ? કેટલા કિલો ઘી, કેટલા જોડ ચંપલ ? વગેરે...

નાણું આ કાર્યને સરળ બનાવે છે. નાણાંને કારણે કિંમતોનું તંત્ર કામ કરે છે અને દરેક વસ્તુને સેવાની કિંમત નક્કી થાય છે અને પરિણામે મૂલ્યની ગણતરી સરળ બને છે. નાણું મૂલ્યનો તુલનાત્મક અભ્યાસ સરળ બનાવે છે માટે નિર્ણયોની પ્રક્રિયા ઝડપથી થાય છે.

### 3.4 નાણાંના પ્રકારો (Types of Money)

વસ્તુવિનિમય પ્રથાના સમયથી જ વિનિમયનું માધ્યમ કે મૂલ્યના સંગ્રાહક તરીકેની કામગીરી કરવા માટે પશુઓ કે કીમતી પથ્થરો ઉપયોગમાં લેવાયા. ત્યાર બાદ ધાતુના સિક્કાઓએ આ કામ કર્યું અને પછી કાયદામાન્ય નાણાં તરીકે ચલણી નોટો અને સિક્કાઓ આવ્યા તથા બૅન્કિંગ સિસ્ટમનો વિકાસ થતા બૅન્ક-નાણું આવ્યું. હવે તો ક્રેડિટ કાર્ડ કે ઈ-બૅન્કિંગમાં નાણાંએ નવું સ્વરૂપ ધારણ કર્યું. ટૂંકમાં નાણાંના પ્રકારો ગણીએ તો (1) વસ્તુ નાણું (2) પશુ નાણું (3) ધાતુ નાણું (4) કાગદી નાણું (5) પ્લાસ્ટિક નાણું (6) બૅન્ક નાણું (અદૃશ્ય કે ઈ-મની).

### 3.5 ફુગાવાનો અર્થ (Meaning of Inflation)

સામાન્ય રીતે ભાવવધારો એટલે ફુગાવો.

ફુગાવો એ આર્થિક સમસ્યા છે અને નાણાકીય ઘટના છે. સામાન્ય પ્રજા ચીજવસ્તુના ભાવવધારાને ફુગાવો માને છે પરંતુ અર્થશાસ્ત્રમાં ફુગાવાનો સ્પષ્ટ અર્થ આપવાનો પ્રયત્ન થયો છે.

### 3.6 ફુગાવાની વ્યાખ્યા (Definition of Inflation)

''વસ્તુના પુરવઠા કરતા તેની વધારે પ્રમાણમાં માંગ થાય તે સ્થિતિને ફુગાવો કહે છે.''

**- ડૉ. એ. પી. લર્નર**

''વાસ્તવિક આવક કરતા નાણાકીય આવક વધારે ઝડપથી વધે તેને ફુગાવો કહે છે.''

**- ડૉ. એ. સી. પીગુ**

ભાવસપાટીમાં થતાં સતત અને સર્વગ્રાહી વધારો એ ફુગાવો છે જેમાં નાણાંની ખરીદશક્તિ સતત ઘટે છે.

ડૉ. જે. એમ. કેઈન્સ માને છે કે, ફુગાવાની સાચી સ્થિતિ સાધનોને પૂર્ણ રોજગારી પછી પણ નાણાકીય આવક વધે તો સર્જાય છે.

આમ, ફુગાવાની વિવિધ વ્યાખ્યાના આધારે ફુગાવાની નીચેની લાક્ષણિકતાઓ સ્પષ્ટ થાય છે :

### 3.7 ફુગાવાનાં લક્ષણો (Characteristics of Inflation)

(1) ભાવસપાટીમાં સતત વધારો થાય છે.

(2) અર્થતંત્રનાં બધાં જ ક્ષેત્રોમાં ભાવ વધે છે.

(3) નાણાંનું મૂલ્ય (ખરીદશક્તિ) ઘટતું જાય છે.

(4) પૂર્ણ રોજગારીની સ્થિતિ પછી વધતી ભાવસપાટી ફુગાવો છે.

ફુગાવાને સમજવા માટે અન્ય કેટલીક બાબતો પણ ધ્યાનમાં લેવી જોઈએ. જેવી કે,

(1) સરકારે કાયદા દ્વારા, સબસીડી દ્વારા ભાવસપાટી દબાવી રાખી હોય, તો ભાવ ન વધતા હોવા છતાં ફુગાવો છે. જેને દાબેલો ફુગાવો પણ કહે છે.

(2) જો અર્થતંત્રમાં ટૂંકા સમય માટે, અમુક જ સેવા કે વસ્તુ માટે ભાવવધારો લાગુ પડ્યો હોય તોપણ તે ફુગાવો નથી.

(3) અર્થતંત્રમાં સાધનો બેકાર પડ્યાં હોય ત્યારે ઉત્પાદકો વધુ ઉત્પાદન કરવા પ્રેરાય છે. આથી આ સાધનો કામે લાગશે અને ઉત્પાદન વધતા ભાવો ઘટશે.

ટૂંકમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પછી, અર્થતંત્રનાં બધાં જ ક્ષેત્રોમાં ભાવસપાટી સતત વધ્યા કરે તે ફુગાવો છે અને આવો ફુગાવો આર્થિક વિકાસને અવરોધક છે.

### 3.8 ફુગાવાનાં કારણો (Causes of Inflation)

ફુગાવો એટલે અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં ચીજવસ્તુઓ અને સેવાની કિંમતોમાં સતત વધારો. હવે વસ્તુ કે સેવાની કિંમત નક્કી કરનારાં મુખ્ય બે પરિબળ છે : માંગ અને પુરવઠો. માટે ફુગાવો કિંમતોમાં વધારા માટે પણ મુખ્યત્વે આ બે પરિબળો જ જવાબદાર છે. એટલે ફુગાવાનાં મુખ્ય કારણો છે : (1) માંગમાં વધારો (2) ખર્ચમાં વધારો.

#### 3.8.1 માંગમાં વધારો :

વસ્તુની માંગમાં વધારો થવાનાં કારણે વસ્તુની કિંમતમાં વધારો થાય છે. જો વસ્તુની માંગ વધે ત્યારે વસ્તુના પુરવઠામાં વધારો થઈ શકે તેમ ન હોય અને થાય તોપણ ખૂબ ધીમા દરે વધારો થતો હોય તો

વસ્તુની કિંમતમાં વધારો થાય છે. અર્થતંત્રમાં માંગ વધવાને કારણે જો ફુગાવો સર્જાય તો આવા ફુગાવાને માંગ પ્રેરિત ફુગાવો કહે છે. વસ્તુની માંગમાં વધારો થવાનાં કારણો નીચે મુજબ છે.

**(1) નાણાંના પુરવઠામાં વધારો :** નાણાવાદીઓ ફુગાવાને સંપૂર્ણપણે નાણાકીય ઘટના માને છે. તેમના મતે દેશમાં નાણાંનો પુરવઠો વધવાથી લોકોની નાણાકીય આવકો વધે છે અને આવકો વધતા લોકો વસ્તુઓ અને સેવાઓની માંગમાં વધારો કરે છે. જેની સામે પુરવઠો લગભગ સ્થિર હોવાથી કિંમતોમાં વધારો થાય છે. નાણાં આધારિત કોઈ પણ અર્થતંત્રમાં વસ્તુઓ અને સેવાઓનાં પ્રમાણ કરતાં નાણાંનું પ્રમાણ વધી જાય ત્યારે ફુગાવો સર્જાય. માટે જ મેકલપ કહે છે કે, ‘‘ખૂબ વધુ નાણું ઓછી વસ્તુઓને પકડવા દોડે ત્યારે ફુગાવો સર્જાય છે.

**(2) સરકારના જાહેર ખર્ચમાં વધારો :** ભારત જેવા વિકાસની પ્રક્રિયામાં સામેલ દેશોમાં સરકાર આર્થિક વિકાસ માટે ઘણી આર્થિક પ્રક્રિયામાં જોડાય છે. આંતર મૂડી માળખાનું સર્જન પાયાની જરૂરિયાતો પૂરી પાડવી કે રોજગારીનું સર્જન કરવું જેવી પ્રવૃત્તિમાં સરકાર જાહેર ખર્ચ કરે છે જેનાથી દેશમાં નાણાંનો પુરવઠો વધે છે. લોકોની આવકમાં વધારો થાય છે અને માંગમાં વધારો થતા ભાવ વધારો સર્જાય છે. જો સરકાર દેશમાં વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન કરતા વધારે મોટા પ્રમાણમાં નાણા-પુરવઠો અર્થતંત્રમાં મૂકે. જાહેર ખર્ચ કરે તો ફુગાવો વધારે વેગ પકડે છે.

**(3) વસ્તીવધારો :** ભારતમાં સરેરાશ 2 ટકાના દરે વધતી વસ્તીએ માંગવૃદ્ધિનું દબાણ ઊભું કર્યું છે. સતત વધતી વસ્તી રોજિંદા વપરાશની ચીજવસ્તુઓની માંગમાં વધારો કરે છે અને વધતી વસ્તીની માંગ પૂરી ન થઈ શકે ત્યારે ભાવસપાટીમાં વધારો થાય છે. વસ્તી સ્થિર હોય પણ તેની આવકોમાં વધારો થાય તોપણ તેમની માંગમાં વધારો થાય છે.

આમ, નાણા-પુરવઠાના વધારાને કારણે આવકોમાં થયેલો વધારો માંગમાં વધારો કરે છે અને ભાવ સપાટીમાં વધારો કરે છે.

**3.8.2 ખર્ચમાં વધારો :**

કિંમતને અસર કરનાર બીજું પરિબળ છે પુરવઠો. પુરવઠાલક્ષી અર્થશાસ્ત્રના સમર્થકો માને છે કે ઉત્પાદન-ખર્ચમાં વધારો થાય તોપણ વસ્તુઓના ભાવમાં વધારો થાય છે.

કાચા માલની કિંમતોમાં, યંત્રોમાં, વીજળી, પાણીના દરોમાં શ્રમિકોના વેતનમાં, વાહનવ્યવહાર ખર્ચમાં વધારો થવાના કારણે વસ્તુ કે સેવાની કિંમતોમાં વધારો થાય છે. ખર્ચ વધવાના કારણે અમલી બનેલા ફુગાવાને ખર્ચપ્રેરિત ફુગાવો પણ કહે છે.

**3.8.3 અન્ય કારણો :**

ફુગાવાના મૂળમાં તો બે જ કારણો છે : (1) માંગમાં વધારો (2) ખર્ચમાં વધારો. પણ વ્યવહારમાં ભાવસપાટી વધવા માટે ક્યારેક અન્ય પરિબળો પણ દબાણ ઊભું કરે છે. જોકે અન્ય પરિબળો ટૂંકા ગાળાના હોય છે. પણ તે ભાવવધારાને તીવ્ર બનાવે છે. દા.ત., વિદેશી આયાત પર ચાલતા ઉદ્યોગો. આયાતવેરામાં વધારો થાય, આકસ્મિક સંજોગોમાં અછત ઊભી થાય તોપણ ભાવમાં વધારો થાય.

મૂળભૂત રીતે તો માંગમાં અને ઉત્પાદન-ખર્ચમાં જ વધારો થતો હોય છે પણ તેને અસર કરનારાં આ અન્ય પરિબળો સમજવા જરૂરી છે.

**(અ) કરવેરાનીતિ :** સરકારની કરવેરાનીતિ ખાસ તો ઊંચા દરે વધતા વેરા વસ્તુના ઉત્પાદન-ખર્ચમાં અને કિંમતમાં વધારો કરે છે માટે ઊંચા કરવેરાના દર ફુગાવા માટે જવાબદાર બની શકે.

**(બ) આયાતી વસ્તુની કિંમતમાં વધારો :** ભારતમાં જરૂરી પેટ્રોલિયમ પેદાશના 70 % જેટલો પુરવઠો આયાત દ્વારા પૂરો પાડવામાં આવે છે. જો આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડ ઑઇલના ભાવ વધે તો પેટ્રોલ-ડીઝલના ભાવ વધે છે અને પેટ્રોલ-ડીઝલ એ એવી વસ્તુ છે કે તેના ભાવ વધતા અન્ય અનેક ચીજવસ્તુના ભાવ વધે છે.

(ક) અછત :

જ્યારે કાચા માલની, વીજળી કે ઉત્પાદન માટે જરૂરી કોઈ પણ બાબતની અછત ઊભી થાય ત્યારે તેના ભાવમાં વધારો થાય છે. ઉત્પાદન-પ્રક્રિયામાં સામેલ કોઈ પણ બાબતની વ્યાપક અને લાંબા ગાળાની અછત ફુગાવા માટે જવાબદાર બને છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) ''વસ્તુઓ અને સેવાઓના બદલામાં જે સર્વસ્વીકૃત છે તે નાણું છે.'' - નાણાંની આ વ્યાખ્યા કોણે આપેલી છે.

(અ) માર્શલ (બ) કેઈન્સ (ક) પિગુ (ડ) રોબર્ટ્સન

(2) માંગમાં વૃદ્ધિ થવાના કારણે થતા ભાવવધારાને કેવો ફુગાવો કહે છે ?

(અ) માંગપ્રેરિત (બ) ખર્ચપ્રેરિત (ક) વેતનપ્રેરિત (ડ) નફાપ્રેરિત

(3) સતત અને સર્વગ્રાહી ભાવવધારાની સ્થિતિમાં નાણાંનું મૂલ્ય ......

(અ) ઘટે છે. (બ) વધે છે. (ક) સ્થિર રહે છે. (ડ) બદલાતું નથી.

(4) સરકારે કાયદા દ્વારા વધતા ભાવોને અટકાવ્યા હોય, તો તેવો ભાવવધારો કયા પ્રકારનો ફુગાવો છે ?

(અ) દાબેલો ફુગાવો (બ) ખુલ્લો ફુગાવો (ક) દોડતો ફુગાવો (ડ) છૂપો ફુગાવો

(5) ફુગાવાની સાચી સ્થિતિ અર્થતંત્રમાં સાધનોની પૂર્ણ રોજગારી બાદ ભાવ વધે ત્યારે સર્જાય છે, આવું કયા અર્થશાસ્ત્રી માને છે ?

(અ) માર્શલ (બ) ક્રાઉથર (ક) કેઈન્સ (ડ) પિગુ

(6) ચોખા આપીને કાપડ મેળવવાની આર્થિક વ્યવસ્થા કયા નામે ઓળખાતી હતી ?

(અ) નાણાપ્રથા (બ) બૅન્કિંગ વ્યવસ્થા (ક) સાટાપ્રથા (ડ) ઉધાર પ્રથા

(7) નીચેનામાંથી નાણાંના કયા વિકલ્પમાં વિનિમય મૂલ્યનો સૌથી સારી રીતે સંગ્રહ થઈ શકે છે ?

(અ) અનાજ (બ) પશુ (ક) પથ્થર (ડ) સિક્કા

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) વસ્તુવિનિમય પ્રથાનો અર્થ આપો.

(2) માર્શલે આપેલી નાણાંની વ્યાખ્યા આપો.

(3) ફુગાવો એટલે શું ?

(4) ખર્ચપ્રેરિત ફુગાવો કોને કહેવાય ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) નાણાંના વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને ચર્ચો.

(2) નાણાંના મૂલ્યસંગ્રહના કાર્યને ચર્ચો.

(3) ફુગાવાનાં લક્ષણો જણાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) નાણાંનો અર્થ આપી તેનાં કાર્યો ટૂંકમાં સમજાવો.

(2) નાણાંના ઉદ્ભવ અને વિકાસ પર ટૂંક નોંધ લખો.

(3) ''ખૂબ વધુ નાણું ઓછી વસ્તુઓને પકડવા દોડે ત્યારે ફુગાવો સર્જાય છે.'' - વિધાન સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) સાટાપ્રથાનો અર્થ આપી સાટાપ્રથાની મર્યાદાઓ સમજાવો.

(2) ફુગાવાનો અર્થ આપી તેનાં કારણો ચર્ચો.

●

# 4 બૅન્કિંગ અને નાણાકીય નીતિ


- પ્રસ્તાવના

**4.1 બૅન્કોનો ઉદ્ભવ અને અર્થ**

**4.2 બૅન્કોનું વર્ગીકરણ (મુખ્ય પ્રકારો)**

4.2.1 વેપારી બૅન્ક

4.2.1.1 વેપારી બૅન્કોનાં કાર્યો

4.2.1.2 ભારતમાં વેપારી બૅન્કોનું અસ્તિત્વ

4.2.2 મધ્યસ્થ બૅન્ક

4.2.2.1 ભારતીય રિઝર્વ બૅન્ક

4.2.2.2 રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનાં કાર્યો

**4.3 નાણાકીય નીતિ**

4.3.1 નાણાકીય નીતિનાં સાધનો


**પ્રસ્તાવના (Introduction)**

આપણે સૌ બૅન્ક શબ્દથી પરિચિત હોઈશું. આપણે આપણાં ઘરની બચતો બૅન્કમાં મુદતી થાપણોના સ્વરૂપે કે બચત ખાતામાં મૂકી હશે. આપણામાંના કેટલાક વિદ્યાર્થીઓના વાલીઓએ ધંધાની લેવડ-દેવડ માટે બૅન્કમાં ખાતું ખોલાવ્યું હશે, તો કેટલાક વાલીઓ રાંધણ ગૅસની સબસીડી બૅન્કના ખાતામાં મેળવતા હશે.

વળી, આપણે સ્કૂલની ફી બૅન્કના ચેક દ્વારા ભરી હશે તો ઘરમાં ટીવી, રેફ્રિજરેટર વગેરે જેવી વસ્તુઓ ખરીદવા બૅન્કમાંથી નાણાં ઉપાડ્યાં હશે. આપણામાંના કેટલાંકના વાલીઓએ ઘર ખરીદવા માટે બૅન્કમાંથી ધિરાણ લીધું હશે.

આમ, આધુનિક યુગમાં આપણા બધા જ નાણાકીય વ્યવહારો બૅન્ક દ્વારા થાય છે, તો આ પ્રકરણમાં આપણે બૅન્કો વિશેની સમજૂતી મેળવીશું.

**4.1 બૅન્કોનો ઉદ્ભવ અને અર્થ (Evolution and Meaning of Banks)**

અંગ્રેજીમાં બૅન્ક શબ્દનો અર્થ જથ્થો કે સમૂહ થાય છે. સંસ્કૃત ભાષામાં બૅન્કને મળતો શબ્દ 'ભાંડ' છે. જેનો અર્થ મૂડીનો જથ્થો એમ થઈ શકે છે અને આ શબ્દ પરથી 'ભંડોળ' શબ્દ બન્યો છે. અંગ્રેજીમાં બૅન્ક (bank) શબ્દ ફ્રાંસ અને ઇટાલીના શબ્દો 'Banca' અને 'Banque' પરથી ઊતરી આવ્યો છે. યુરોપમાં પ્રાચીન સમયમાં શરાફો ઢળતી પાટલી પર નાણાંની લેવડ-દેવડ અને જુદા-જુદા પ્રદેશોમાં નાણાંની ફેરબદલી કરતા હતા. આમ, પાટલી (bench) પર નાણાંના જથ્થાની ફેરબદલી થતી અને આમ 'બૅન્ક' શબ્દ અંગ્રેજીમાં ઉપયોગ થવા લાગ્યો.

આમ કહી શકાય કે બૅન્ક શબ્દને નાણાંના ભંડોળ સાથે સંબંધ છે.

વિશ્વની સૌપ્રથમ બૅન્ક તરીકે સ્પેઇનમાં 1401માં સ્થપાયેલી 'બૅન્ક ઑફ બાર્સિલૉના' ગણાય છે. જ્યારથી નાણું ચલણ તરીકે સ્વીકૃતિ પામ્યું ત્યારથી નાણાંનું કાર્ય ફક્ત વિનિમયના માધ્યમ અને મૂલ્યના માપદંડ પૂરતું જ મર્યાદિત ન રહેતા મૂલ્યના સંગ્રાહક તરીકે તેમજ ભવિષ્યના સોદાઓની ચૂકવણી કે વિલંબિત ચૂકવણીના સાધન તરીકે પણ સ્વીકૃત બન્યું. નાણાંનાં કાર્યો વધતાં નાણાંના મૂલ્યની જાળવણીનો પ્રશ્ન ઊભો થયો. ટૂંકમાં નાણાં આધારિત અર્થ-વ્યવસ્થામાં નાણાંની સાચવણી, તેની હેરફેર અને તેના મૂલ્યની જાળવણી માટે કોઈ સંસ્થાની જરૂર પડી જે કાર્ય બૅન્ક દ્વારા થતું જોવા મળે છે.

**બૅન્કનો અર્થ :** બૅન્કિંગની સેવા આપતી સંસ્થા એટલે બૅન્ક. એટલે કે,

''માંગવામાં આવે એટલે નાણાં પરત કરવાની શરતે ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થાને બૅન્ક કહે છે.''

''બૅન્ક એટલે નફાના હેતુથી કાર્ય કરતી એવી ધંધાકીય સંસ્થા જે પ્રજાની બચતોને થાપણો તરીકે સ્વીકારે, તેના બદલામાં વ્યાજ આપે, તે થાપણો સાચવે, વળી તે થાપણોમાંથી જે લોકોને જરૂર હોય તેમને ધિરાણ આપે અને ધિરાણ સામે વ્યાજ વસૂલ કરે તથા અતિરિક્ત નાણાંનું દેશના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં રોકાણ પણ કરે.''

ટૂંકમાં, અર્થતંત્રમાં બૅન્કો દ્વારા નાણાંની હેરફેર (નાણાંનું mobilization) થાય છે. નાણું પડી રહે એટલે કે તેની એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં સતત હેરફેર થતી ન રહે તો નાણાંના પડી રહેલાં જથ્થાનું મૂલ્ય ભવિષ્યના ગાળામાં ઓછું થતું જાય છે. ફરતાં નાણાંનું મૂલ્ય વધતું રહે છે.

## 4.2 બૅન્કોનું વર્ગીકરણ (મુખ્ય પ્રકારો) (Classification of Banks)

સામાન્ય રીતે બૅન્કો બે પ્રકારની હોય છે : (1) વાણિજ્ય/વેપારી બૅન્ક (2) મધ્યસ્થ બૅન્ક

### 4.2.1 વેપારી બૅન્ક

ભારતમાં 1949ની બૅન્કિંગ કંપનીધારા મુજબ,

''વેપારી બૅન્ક એટલે એવી સંસ્થા જે બૅન્કિંગ અંગેના વ્યવહારો કરે એટલે કે દેશમાં રોકાણ વધારવા માટે પ્રજાની થાપણો સ્વીકારે જે ગ્રાહકને જરૂર પડે ત્યારે પાછી મળે અને જેમાંથી ચૅક, ડ્રાફ્ટ, પે-ઑર્ડર વગેરે દ્વારા ઉપાડ થઈ શકે.''

''Commercial bank is one which transacts the business of banking that is accepting deposits from the people for the purpose of lending or investment; repayable on demand or otherwise and withdrawable by cheque, draft, order or otherwise.''

વેપારી બૅન્ક ધંધાદારી એકમ છે અને નફા માટે કાર્ય કરે છે.

પ્રજા પોતાની બચતો આવી બૅન્કોમાં જમા કરાવે છે જેને બૅન્ક થાપણોના સ્વરૂપમાં સાચવે છે અને તે થાપણો બૅન્ક અન્ય કાર્યોમાં રોકે છે. એક રીતે બૅન્ક પ્રજાના પૈસા અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં વાપરે છે અને તેથી પ્રજાને તેના બદલામાં થાપણો પર વ્યાજ ચૂકવે છે.

થાપણોનું બૅન્ક કોઈ ક્ષેત્રોમાં રોકાણ કરી શકે (જેમ કે ખેતી કે ઉદ્યોગોના વિકાસ માટેના કાર્યક્રમોમાં વાપરી શકે), અથવા તો સરકારની જામીનગીરીઓ ખરીદી શકે અથવા જે લોકોને રૂપિયાની જરૂર હોય તેવા લોકોને ધિરાણ આપી શકે. રોકાણ કરે ત્યારે બૅન્કને નફો કે આવક મળે છે અને ધિરાણના બદલામાં બૅન્ક વ્યાજ વસૂલ કરીને કમાણી કરે છે.

થાપણો સ્વીકારવા માટે જે વ્યાજનો દર બૅન્ક આપે તેના કરતાં ધિરાણ પર ઊંચો વ્યાજનો દર વસૂલ કરી બૅન્ક નફો કમાય છે. આમ, બૅન્ક ધંધાદારી સંસ્થા છે.

બીજા શબ્દોમાં, બૅન્કો નાણાંની હેરફેર કરીને નફો કમાવવા માટેનો ધંધો કરે છે તેથી જ તેમને વેપારી બૅન્ક કહેવાય છે.

#### 4.2.1.1 વેપારી બૅન્કનાં કાર્યો :

વેપારી બૅન્કો અનેક કાર્યો કરે છે જે નીચે મુજબનાં હોય છે :

**(A) વેપારી બૅન્કનાં મુખ્ય કાર્યો :**

**(1) થાપણો સ્વીકારવી :** પ્રજા પાસે રહેલી બચતોને બૅન્ક સ્વીકારે છે અને તેને થાપણના સ્વરૂપે સાચવે છે. વળી, પ્રજાની બચતો પોતાની પાસે રાખે એટલે તેમને વ્યાજ ચૂકવે છે. બીજા શબ્દોમાં કહીએ તો થાપણોના સ્વરૂપે પ્રજા બૅન્કને ધિરાણ આપે છે જેના બદલામાં બૅન્ક વ્યાજ ચૂકવે છે.

થાપણો મુખ્યત્વે ત્રણ પ્રકારની હોય છે :

**(i) ચાલુ ખાતાની થાપણો :** આ ખાતું ધંધા, પેઢી કે વ્યક્તિના નામે ખોલાવવામાં આવે છે. એમાં રખાતી થાપણો (નાણું) બધા પ્રકારની થાપણો કરતાં વધુ તરલ હોય છે. ધંધા માટે દિવસમાં જેટલી વાર ઉપાડ કરવો હોય તેટલી વાર ઉપાડ થઈ શકે છે. આ ખાતેદારને ચેકબુક મળે છે પરંતુ વ્યાજ મળતું નથી. ઉપરથી બૅન્ક

તેમની પાસે અમુક પ્રકારનો સર્વિસ ચાર્જ વસૂલ કરે છે. આ ખાતામાં જમા રકમ કરતાં અતિરિક્ત ઉપાડ પણ ધંધા માટે કાયદા મુજબ કરી શકાય છે.

(ii) **બચત ખાતાની થાપણો :** આ ખાતામાં વ્યક્તિઓ પોતાની ટૂંકા ગાળા માટેની બચતો રાખે છે. જ્યારે પૈસા પાછા જોઈએ ત્યારે ચેકબુક દ્વારા ઉપાડી શકે છે. વળી, આવી થાપણો પર તેમને વ્યાજ પણ મળે છે. આજના સમયમાં ડૅબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ વગેરેથી પણ બચત ખાતામાંથી ઉપાડ કરી શકાય છે. આ ખાતામાંથી ઉપાડ અંગેના કાયદા દરેક બૅન્કે નિર્ધારિત કરેલા હોય છે.

**રીકરિંગ ખાતાની સગવડ :** આ થાપણો પણ બચત ખાતાની થાપણોનો એક પ્રકાર છે. જે વ્યક્તિઓ એક સાથે બચત કરવા ન ઇચ્છતી હોય કે ન કરી શકતી હોય તેવી વ્યક્તિઓ દર મહિને (અમુક સમયગાળા દરમિયાન) કોઈ ચોક્કસ રકમ આ ખાતામાં જમા કરાવતી રહે છે. આમ, વ્યક્તિની થાપણ વધતી જાય છે અને જમા થયેલી થાપણ પર તેને વ્યાજ મળતું રહે છે. આવી થાપણોને રીકરિંગ થાપણો કહે છે. (જ્યારે કોઈ મહિનાની રકમ જમા ના કરાવાય તો વ્યાજના નુકસાનની સાથે ક્યારેક દંડ ભરવો પડે છે.)

(iii) **મુદતી થાપણો (ફિક્સ ડિપૉઝિટ) :** આ થાપણો ચોક્કસ મુદત માટે મૂકવામાં આવે છે. આ થાપણો પર બૅન્ક સૌથી વધુ વ્યાજ ચૂકવે છે. જ્યારે લાંબા ગાળા માટે વ્યક્તિ બચત કરવા ઇચ્છતી હોય ત્યારે આવી થાપણો રાખે છે અને જરૂર પડે અતિરિક્ત ઉપાડની સવલત (Over Draft) મેળવી શકે છે.

**(2) ધિરાણની સવલતો પૂરી પાડવી :** અર્થતંત્રમાં ધંધા માટે કે અન્ય કારણો માટે રોકાણકર્તાઓને, વ્યક્તિઓને, ખેડૂતોને તથા અન્ય વર્ગના લોકોને નાણાંની જરૂર પડે ત્યારે તેઓ બૅન્કો પાસે ધિરાણ લે છે. બૅન્ક વ્યાજ લઈને વિવિધ પ્રકારનું ધિરાણ પૂરું પાડે છે. સમયના સંદર્ભમાં ધિરાણ ટૂંકા ગાળાનું, મધ્યમ ગાળાનું કે લાંબા ગાળાનું હોઈ શકે. (ટૂંકા ગાળાનું ધિરાણ એટલે 1 વર્ષ સુધીનું, મધ્યમ ગાળાનું એટલે 1 થી વધુ અને 5 વર્ષ સુધીનું અને લાંબા ગાળાનું 5 થી 15 વર્ષ સુધીનું. પરંતુ આ પ્રમાણેનો સમય કોઈ ચોક્કસ નિર્ધારિત ગાળો નથી હોતો. વિવિધ પ્રવૃત્તિઓ અનુસાર ટૂંકો ગાળો, મધ્યમ ગાળો કે લાંબો ગાળો નક્કી થતો હોય છે.)

વળી, ધિરાણના હેતુના સંદર્ભમાં ધિરાણ, ખાનગી હેતુ માટે, ખેતી માટે, ધંધાકીય હેતુ માટેનું હોઈ શકે.

દરેક પ્રકારના ધિરાણ માટે વ્યાજના દર અલગ-અલગ હોય છે.

**(3) ચૂકવણી અને ઉપાડની સવલત પૂરી પાડવાની કામગીરી :** બૅન્ક ગ્રાહકોને સરળતાથી નાણાંની ચૂકવણી અને ઉપાડની સવલત વિવિધ રીતે પૂરી પાડે છે, જેમાં ચૅક, ઉપાડ ચિઠ્ઠી, ડ્રાફ્ટ, પે-ઑર્ડર, ડૅબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ATM (ઑટોમેટિક ટૅલર મશીન), ઇન્ટરનેટ બૅન્કિંગ વગેરે સુવિધાઓનો સમાવેશ થાય છે.

**(4) શાખસર્જનની કામગીરી :** નાણાંનો પુરવઠો નાણાંની માંગને અનુરૂપ રહે તે માટે બૅન્કો શાખસર્જનનું કાર્ય કરે છે. શાખસર્જન દ્વારા પ્રવર્તમાન નાણાંના જથ્થામાંથી (થાપણોમાંથી) નવા નાણાંનું સર્જન થાય છે, એટલે કે નાણાંનો પુરવઠો બને છે. જ્યારે શાખસર્જનની પ્રવૃત્તિ વધે ત્યારે નાણાંનો પુરવઠો વધે અને જ્યારે શાખસર્જનની પ્રવૃત્તિ ઘટે ત્યારે નાણાંનો પુરવઠો ઘટે છે.

બૅન્ક જ્યારે પોતાની પ્રાથમિક થાપણમાંથી ધિરાણ આપે ત્યારે ધિરાણનો ચેક વટાવવા માટે ધિરાણ લેનાર વ્યક્તિના નામનું ખાતું તે જ બૅન્કમાં કે તેની બીજી શાખામાં ખૂલે છે. આ ચેક જમા થતા આ નવા ખાતામાં તેટલા રૂપિયા જમા થાય છે. આ વ્યુત્પન્ન થાપણમાંથી તે જ પ્રમાણે ત્રીજી વ્યક્તિને ધિરાણ મળે છે, નવું ખાતું ખૂલે છે અને નવી જમા રકમ નોંધાય છે. આમ, એક થાપણમાંથી અનેક થાપણો સર્જાય છે.

બીજી બાજું દરેક ધિરાણ લેનાર વ્યક્તિ પોતાના ખાતામાં જમા થયેલાં ધિરાણનાં નાણાંનો ઉપાડ કરીને વાપરે ત્યારે અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધે છે.

થાપણની પૂરેપૂરી રકમ જેટલું ધિરાણ કોઈ પણ બૅન્ક કાયદા અનુસાર આપી શકતી નથી. દરેક થાપણના અમુક ટકા અનામત રાખીને બાકીની રકમમાંથી જ ધિરાણ આપવામાં આવે છે, જેને રોકડ અનામતનું પ્રમાણ કહે છે.

ધારો કે પ્રાથમિક થાપણ ₹ 1000ની હોય અને રોકડ અનામતનું પ્રમાણ કાયદેસર રીતે 20 % હોય, તો બૅન્કો 1000 × $\frac{1}{20\%}$ જેટલું શાખસર્જન ₹ 1000ની થાપણમાંથી કરશે. એટલે કે ₹ 1000ની પ્રાથમિક થાપણમાંથી ₹ 5000 જેટલું શાખસર્જન થશે. બીજા શબ્દોમાં બૅન્કિંગ વ્યવસ્થામાં ₹ 1000ના નાણાંના જથ્થામાંથી ₹ 5000નો પુરવઠો બનશે. આમ, ₹ 4000 જેટલાં નવાં નાણાંનું સર્જન થશે. જેને નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

**કોષ્ટક 4.1**

| બૅન્ક (1) | થાપણો (₹ માં) (2) | રોકડ અનામતો (₹ માં) દર 20 % (3) | નવું ધિરાણ (₹ માં) (4) |
|---|---|---|---|
| A | **1000** | 200 | 800 |
| B | 800 | 160 | 640 |
| C | 640 | 128 | 512 |
| . | . | . | . |
| . | . | . | . |
| . | . | . | . |
| **કુલ** | 5000 | **1000** | 4000 |

આમ, શાખસર્જન = પ્રાથમિક થાપણ × $\frac{1}{\text{રોકડ અનામતનું પ્રમાણ}}$

જ્યારે ગ્રાહકો તેમના ચાલુ ખાતામાં જમા રકમ કરતાં વધુ ઉપાડ કરે છે તેને અતિરિક્ત ઉપાડ (Over Draft) કહેવાય છે અને આવા ઉપાડથી પણ શાખસર્જન થાય છે.

**(5) આંતર બૅન્કિંગ વ્યવહારો કરવા :** એક બૅન્ક બીજી બૅન્કને ટૂંકા કે લાંબા સમય માટે ધિરાણ પૂરું પાડતી હોય છે. ટૂંકા ગાળાનું ધિરાણ એક બૅન્ક બીજી બૅન્કને મધ્યસ્થ બૅન્ક દ્વારા આપે છે અને આને call money કહેવાય છે. તેની ઉપર લેવાતા વ્યાજના દરને call money rate કહેવાય છે.

**(B) વેપારી બૅન્કનાં ગૌણ કાર્યો :**

વેપારી બૅન્કો નીચે મુજબનાં ગૌણ કાર્યો કરે છે :

**(1) ગ્રાહકોના એજન્ટ તરીકે તથા ઉપયોગી સેવાઓ પૂરી પાડવાનું કાર્ય :** બૅન્ક તેના ગ્રાહકોને વિવિધ સેવાઓ પૂરી પાડે છે. દા.ત., એકબીજાથી અજાણ્યા આયાતકારોને અને નિકાસકારોને શાખનું પ્રમાણપત્ર આપે છે. કેટલીક આર્થિક પ્રવૃત્તિઓ માટે બાંહેધરી આપે છે. વળી, ક્યારેક બૅન્કો કરવેરાનાં ચલણો ભરવાની વગેરે સુવિધાઓ પણ ગ્રાહકોને આપે છે. ગ્રાહકોની કીમતી વસ્તુઓ જેવી કે, દાગીના, મહત્ત્વના ડૉક્યુમેન્ટ વગેરે સાચવવા માટે બૅન્કો સેફ ડિપૉઝિટ વૉલ્ટની (લૉકરની) સુવિધા ભાડું વસૂલ કરીને પોતાના ગ્રાહકોને પૂરી પાડે છે.

ખૂબ નાના કદની આર્થિક પ્રવૃત્તિઓ માટે અમુક વર્ગને ખૂબ નાના ધિરાણ (માઇક્રો ફાઇનાન્સ) પૂરું પાડે છે. ધંધામાં કે વ્યક્તિગત સોદાઓમાં ચૂકવણી બાબતે વિશ્વસનિયતા પૂરી પાડવા માટે બૅન્ક ડ્રાફ્ટ અથવા પે-ઑર્ડરની સુવિધા પણ પૂરી પાડે છે.

**(2) બદલાતા સમય સાથે આધુનિક સેવાઓ પૂરી પાડવાનું કાર્ય :** બૅન્કોનો ખ્યાલ અને કાર્યપદ્ધતિ સમય સાથે સતત બદલાતા રહે છે. બૅન્કિંગ કાર્યોમાં સતત નવીનીકરણ થતું રહે છે. આજના સમયમાં ચલણ કે ચેક વાપર્યા વગર એક બૅન્કના ખાતામાંથી કોઈ અન્ય બૅન્કના ગ્રાહકના ખાતામાં મિનિટોમાં નાણાંની ઈલેક્ટ્રૉનિક ટ્રાન્સફર માટે NEFT (National Electronic Fund Transfer) અને RTGS (Real Time Gross Settlement) જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. આ બંને સુવિધાઓ CORE (Centralized Online Real Time Exchange) બૅન્કિંગના લીધે શક્ય બની છે.

વળી, ઇન્ટરનેટ બૅન્કિંગ તથા મોબાઇલ ફોનના બૅન્કિંગ 'ઍપ' દ્વારા ગ્રાહક પોતાના ખાતાની બધી વિગતો કમ્પ્યૂટર અથવા મોબાઈલ ફોન પર મેળવી શકે છે. વસ્તુઓની ખરીદી કરી શકે છે અને ટિકિટો પણ બુક કરી શકે છે. બૅન્કો DEMAT ખાતાની પણ સગવડ પૂરી પાડે છે. (DEMAT ખાતું એટલે શૅર, ડિબેન્ચર, બૉન્ડ, જામીનગીરીઓ વગેરેને ભૌતિક સ્વરૂપે ના સાચવવા પડે તે માટેનું ઇલેક્ટ્રૉનિક ખાતું. જેથી આવું ખાતું ધરાવનાર લોકો પોતાના શૅર, ડિબેન્ચર, બોન્ડ વગેરે e-(ઇલેક્ટ્રોનિક) સ્વરૂપે સાચવી શકે.)

### 4.2.1.2 ભારતમાં વેપારી બૅન્કોનું અસ્તિત્વ :

ભારતમાં વેપારી બૅન્કો જાહેર તેમજ ખાનગી માલિકીની જોવા મળે છે. 1991ના આર્થિક પરિવર્તનો પછી ખાનગી ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય બૅન્કોનો પ્રવેશ પણ થયો છે. વળી, ભારતમાં અસંગઠિત નાણાબજારમાં બૅન્ક જેવાં કાર્યો કરતી પેઢીઓ પણ જોવા મળે છે અને સાથે-સાથે સહકારી બૅન્કો પણ અસ્તિત્વમાં છે.

પરંતુ વેપારી બૅન્કની કાયદેસરની વ્યાખ્યા મુજબ બૅન્કિંગનાં કાર્યો કરતી જે સંસ્થાઓ રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના 1934ના ધારાની બીજી અનુસૂચિમાં (બીજા શિડ્યુલમાં) પ્રવેશ પામી હોય (તે રીતે સ્થપાઈ હોય) તેને શિડ્યુલ બૅન્ક કહેવાય છે અને તે જ ખરી બૅન્ક છે. આવી બૅન્કને રિઝર્વ બૅન્કના બધા જ નિયમો અને ધારાધોરણો લાગુ પડે છે.

**શિડ્યુલ બૅન્કો**

- વેપારી બૅન્કો
  - જાહેર ક્ષેત્રની વેપારી બૅન્કો
  - ખાનગી ક્ષેત્રની વેપારી બૅન્કો
  - ભારતમાં કામ કરતી વિદેશી બૅન્કો
  - પ્રાદેશિક ગ્રામીણ બૅન્કો (RRBs)
- સહકારી બૅન્કો

ઉપરના ચાર્ટમાં શિડ્યુલ બૅન્કોનું વર્ગીકરણ જોવા મળે છે.

### 4.2.2 મધ્યસ્થ બૅન્ક :

દુનિયાના દરેક દેશમાં એક મધ્યસ્થ બૅન્ક હોય છે, જે દેશની તમામ બૅન્કોની કામગીરીનું સંચાલન, મૂલ્યાંકન અને અંકુશની કામગીરી બજાવે છે. ઉપરાંત મધ્યસ્થ બૅન્ક ગ્રાહકોના તથા પ્રજાના હક અને હિતની જાળવણી કરવાની કામગીરી પણ બજાવે છે.

R. P. Kent defines a central bank as, ''the institution charged with the responsibility of managing the expansion and contraction of the volume of money in the interest of the general public welfare.''

આર. પી. કૅન્ટના શબ્દોમાં મધ્યસ્થ બૅન્ક એટલે, ''એવી સંસ્થા કે જેને દેશના (પ્રજાના) સામાન્ય હિત

માટે અર્થતંત્રમાં નાણાંના જથ્થાના (નાણાંના પ્રમાણના) વિસ્તરણ અને સંકોચનની જવાબદારી સોંપવામાં આવી હોય.''

આમ, મધ્યસ્થ બૅન્ક એટલે દેશની સર્વોચ્ચ બૅન્ક જેનું મુખ્ય કાર્ય નાણાબજાર અને બૅન્કિંગ ક્ષેત્રને મદદ કરવાનું, તેનું નિયંત્રણ કરવાનું અને તેને પ્રોત્સાહન આપવાનું છે તથા દેશના આર્થિક હિત માટે નાણાકીય સ્થિરતા જાળવવાનું છે.

સમગ્ર અર્થતંત્ર પર નાણાંના હેરફેરની અનેક અસરો થતી હોય છે જે દેશની આર્થિક વૃદ્ધિ તથા વિકાસને અસર પહોંચાડે છે. નાણાકીય વ્યવહારોના નિયંત્રણ તથા નાણાંના મૂલ્યની જાળવણીની જવાબદારી મધ્યસ્થ બૅન્ક દ્વારા બજાવવામાં આવે છે. મધ્યસ્થ બૅન્ક આમ કરવા માટે નાણાકીય નીતિ ઘડે છે. ટૂંકમાં મધ્યસ્થ બૅન્ક અર્થતંત્રમાં આર્થિક સ્થિરતાની જવાબદારી સ્વીકારે છે.

મધ્યસ્થ બૅન્ક સરકારને પણ નાણાકીય સલાહ-સૂચનો આપે છે.

**4.2.2.1 ભારતીય રિઝર્વ બૅન્ક :**

ભારતની મધ્યસ્થ બૅન્ક રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના નામે ઓળખાય છે.

1934ના રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના ધારા મુજબ RBIની સ્થાપના એપ્રિલ 1, 1935માં થઈ હતી. ₹ 5 કરોડના ખાનગી મૂડીરોકાણથી RBI સ્થપાઈ હતી. જાન્યુઆરી 1, 1949માં RBI નું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

RBI દેશની સર્વોચ્ચ બૅન્ક (Apex Bank) છે જે સમગ્ર બૅન્કિંગ ક્ષેત્રની કામગીરી પર ધ્યાન રાખે છે, તેનું નિયંત્રણ કરે છે અને સાથે-સાથે ભારતની નાણાકીય નીતિ ઘડે છે.

**4.2.2.2 રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનાં કાર્યો :**

ભારતની સર્વોચ્ચ બૅન્ક તરીકે RBI નીચેનાં કાર્યો કરે છે :

**(A) RBI ની નાણાકીય જવાબદારીઓ/RBI નાં નાણાકીય કાર્યો :**

**(1) ચલણ બહાર પાડવાનું કાર્ય :** ₹ 2 અને 2 થી વધુ રકમની નોટો છાપવાની અને બજારમાં મૂકવાની ફરજ RBI બજાવે છે. જ્યારે ચલણી સિક્કાઓ અને 1 ₹ ની કાગદી નોટ ભારત સરકારના નાણાં ખાતા દ્વારા બહાર પાડવામાં આવે છે. પરંતુ સરકારના એજન્ટ તરીકે RBI તેમની વહેંચણી કરવાની જવાબદારી નિભાવે છે.

**(2) સરકારની બૅન્કર તરીકેનું કાર્ય :** RBI કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોની બૅન્ક, તેમના નાણાકીય એજન્ટ તથા નાણાકીય સલાહકાર તરીકેની ફરજ બજાવે છે. એજન્ટ તરીકે સરકારના બૉન્ડ, સરકારનાં ખાતાઓ, ચલણી સિક્કાઓ, એક રૂપિયાની નોટ વગેરેનો વહીવટ કરે છે તથા સરકારને ધિરાણ પણ આપે છે.

**(3) બૅન્કોની બૅન્ક અને બૅન્કોના અંતિમ સહાયક તરીકેનું કાર્ય :** RBI ભારતની બધી જ શિડ્યુલ્ડ બૅન્કોની બૅન્ક તથા નિયમનકાર છે. તે બૅન્કોની રોકડ અનામતનું સંચાલન કરે છે. વેપારી બૅન્કોની ધિરાણ અંગેની નીતિની દિશા નક્કી કરે છે અને વ્યાજના દર પણ આદેશિત કરે છે. કોઈ પણ શિડ્યુલ્ડ બૅન્કની નાણાકીય કટોકટીના સમયે તે અંતિમ સહાયક તરીકેની જવાબદારી નિભાવે છે.

**(4) શાખ નિયમનની કામગીરી :** નાણાકીય નીતિનાં વિવિધ સાધનોની મદદ વડે RBI વેપારી બૅન્કોની શાખસર્જનની પ્રવૃત્તિ તથા નાણાંના પુરવઠાનું નિયમન કરે છે.

**(5) વિદેશી હૂંડિયામણની જાળવણીનું કાર્ય :** જ્યારે હૂંડિયામણનો દર કાયદાકીય રીતે સ્થિર રાખવામાં આવે ત્યારે RBI હૂંડિયામણનો દર નક્કી કરે છે. જ્યારે વિદેશી હૂંડિયામણનો દર બજારમાં તેની માંગ અને

પુરવઠાના આધારે નક્કી થતો હોય ત્યારે RBI બજારમાં વિદેશી હૂંડિયામણની ખરીદી કે વેચાણ કરીને વિદેશી હૂંડિયામણની સરખામણીમાં ભારતના રૂપિયાનું મૂલ્ય જાળવે છે. આમ, RBI ભારતના ચલણનું મૂલ્ય અન્ય દેશોના ચલણની સામે જાળવવાની કામગીરી બજાવે છે.

RBI ભારતના વિદેશી હૂંડિયામણના જથ્થાની સાચવણી કરે છે તેમજ ભારતમાં આવતી વિદેશી મૂડી કે ભારતની બહાર જતી વિદેશી મૂડી પર ધ્યાન રાખે છે.

**(B) RBI નાં બિનનાણાકીય કાર્યો :**

**(1) નિયમન અને દેખરેખની કામગીરી :** RBI ભારતનાં સમગ્ર મૂડીબજાર અને નાણાબજારની કામગીરીની દેખરેખ અને નિયમન કરે છે. જેમાં વેપારી બૅન્કોની શાખાઓના વિસ્તરણ, કામ કરવાની પદ્ધતિ, બૅન્કો સિવાયની નાણાકીય સંસ્થાઓ તથા સહકારી બૅન્કોની કામગીરી વગેરે પર ખાસ ધ્યાન રાખે છે.

**(2) પ્રોત્સાહન કાર્યો :** આપણા દેશમાં આજે પણ અનેક લોકોએ બૅન્કનાં ખાતાં ખોલાવ્યાં નથી. ઘણા લોકો તેમની ધિરાણ માટેની જરૂરિયાતો માટે અસંગઠિત નાણાબજાર પર આધારિત છે. ધંધાની ચૂકવણીઓ ચેકના બદલે કૅશ દ્વારા કરે છે જેથી વિનિમયની ખરી નોંધ થઈ શકતી નથી અને તેથી નાણાંનું મૂલ્ય તેમજ રાષ્ટ્રીય આવક સાચા પ્રમાણમાં જાણવાની મુશ્કેલીઓ થાય છે. આથી RBI લોકોમાં આ અંગેની જાગૃતતા લાવવા માટે પ્રયત્નો કરે છે. ગામડાઓમાં બૅન્કોની વધુ શાખાઓ ખોલાય તેવા પ્રયત્નો કરે છે. વધુ લોકો સંગઠિત નાણાબજારમાં આવે તે માટે પણ સતત પ્રયાસો કરે છે. વળી, લોકોના હિત માટે સહકારી બૅન્કોને પણ પ્રોત્સાહન આપે છે.

**(3) સમાવેશી વિકાસ માટેનાં કાર્યો :** ભારતમાં આર્થિક ભિન્નતા તથા ગ્રામીણ-શહેરી ભિન્નતા વધુ હોવાના કારણે જ્યારે નાણાકીય અથવા તો આર્થિક પરિવર્તનો આવે ત્યારે દરેક વર્ગના લોકો અને એકમોને આવાં પરિવર્તનોનો લાભ મળવો જરૂરી છે. RBI આ માટે બૅન્કિંગ ક્ષેત્રે સતત પ્રયાસો કરતી રહી છે. ધિરાણ માટેની અગ્રિમતા ધરાવતાં ક્ષેત્રો જેવાં કે ખેતી, નાના કદના ઉદ્યોગો, સ્વરોજગારો તેમજ પરંપરાગત ગૃહ ઉદ્યોગો વગેરે માટે ખાસ ધિરાણ-વ્યવસ્થા ઊભી કરે છે.

લોકોમાં બૅન્કિંગ અને નાણાં-વ્યવસ્થા વિશેની જાણકારી અને જાગૃતતા વધે તે માટેનો પ્રચાર કરે છે.

હાલના સમયમાં પ્રધાનમંત્રી જનધન યોજનાનું સંચાલન RBI કરે છે.

વળી, બૅન્કોના ગ્રાહકોના હિત અને હકની જાળવણી પણ કરે છે.

બૅન્કિંગ પ્રવૃત્તિઓના સુધારાઓ તથા સંશોધનને વેગ આપવા માટે RBI દરેક પ્રકારના નાણાકીય આંકડાઓ તથા/નિષ્ણાતોના લેખો પોતાની વેબસાઇટ ઉપર મૂકે છે, જે દરેક વ્યક્તિને વિના મૂલ્યે પ્રાપ્ત થઈ શકે છે.

### 4.3 નાણાકીય નીતિ (Monetary Policy)

અર્થશાસ્ત્રના સિદ્ધાંત મુજબ નાણાકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ. નાણાંની માંગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં નાણાંના મૂલ્યને અસર પહોંચે છે તથા અર્થતંત્રમાં અસ્થિરતા (instability) આવે છે. માટે નાણાંની માંગ અને પુરવઠાનું સંચાલન અત્યંત જરૂરી છે અને આથી નાણાકીય નીતિને સ્થિરતા લાવવા માટેની નીતિ (stabilization policy) તરીકે પણ ઓળખવામાં આવે છે.

ભારતમાં શરૂઆતનાં વર્ષોમાં નાણાકીય નીતિનો હેતુ નાણાંનું પ્રમાણ, મૂલ્ય અને સ્વરૂપને નિયંત્રિત કરવાનો હતો. હાલના સમયમાં નાણાકીય નીતિનો ઉપયોગ શાખસર્જનના નિયંત્રણ માટે થાય છે.

સૈદ્ધાંતિક વ્યાખ્યા તપાસીએ તો નાણાકીય નીતિ એટલે,

● *નાણાકીય સત્તા દ્વારા લેવાયેલાં એવાં સભાન પગલાં જે નાણાંના જથ્થા, ઉપલબ્ધી અને નાણાંના ખર્ચમાં પરિવર્તન લાવે.*

● *સામાન્ય આર્થિક નીતિના હેતુઓ સિદ્ધ કરવા માટે સર્વોચ્ચ બૅન્કના હસ્તક નાણાંના પુરવઠાને અંકુશિત કરવાનાં સાધનો સોંપતી નીતિ એટલે નાણાકીય નીતિ.*

● *સાદા શબ્દોમાં, દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને, પ્રજાનું હિત જાળવીને આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બૅન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ.*

**4.3.1 નાણાકીય નીતિનાં સાધનો :**

નાણાકીય નીતિનાં મુખ્ય સાધનો નીચે મુજબ સમજાવી શકાય :

**(A) પરિમાણાત્મક સાધનો :** પરિમાણાત્મક સાધનો સમગ્ર અર્થતંત્ર પર એકસરખી અસર પહોંચાડે છે. માટે આ સાધનોને સામાન્ય સાધનો (general measures) પણ કહેવાય છે.

**(1) બૅન્ક રૅટ :** જ્યારે વેપારી બૅન્કો નાણાંની અછત અનુભવે ત્યારે RBI પાસે નાણાં ઉધાર લે છે. RBI વેપારી બૅન્કોને લાંબા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે તેને બૅન્ક રૅટ કહેવાય. જ્યારે RBI બૅન્ક રૅટ વધારે ત્યારે વેપારી બૅન્કોને ધિરાણ લેવાનું મોંઘું પડતા તેઓ સામે પ્રજાને ઊંચા વ્યાજના દરે ધિરાણ આપે છે. વ્યાજનો દર વધતાં પ્રજા ઓછું ધિરાણ લે છે અને આમ નાણાંનો પુરવઠો ઘટે છે. જ્યારે અર્થતંત્રમાં ફુગાવો હોય ત્યારે RBI બૅન્ક રૅટ વધારી નાણાંનો પુરવઠો ઘટાડે છે જેથી ફુગાવો ઓછો થાય. મંદી હોય ત્યારે તેથી ઊલટું કરવામાં આવે છે.

**કોષ્ટક 4.2 ભારતમાં બૅન્ક રેટનાં વલણો**

| વર્ષ | બૅન્ક રૅટ (% માં) |
|---|---|
| 1953 | 3.5 |
| 1981 | 10 |
| 1991 | 12 |
| 2016 | 7 |

**સ્રોત :** www.rbi.org

જ્યારે નાણાંની માંગ કરતાં નાણાંનો પુરવઠો વધુ હોય ત્યારે ફુગાવો સર્જાય છે અને એથી ઊલટું હોય તો મંદી સર્જાય છે.

બૅન્ક રૅટ ખૂબ નીચો રાખવાની નીતિને સસ્તા નાણાંની નીતિ કહેવાય છે અને બૅન્ક રૅટ ખૂબ ઊંચો રાખવાની નીતિને મોંઘા નાણાંની નીતિ કહેવાય છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી RBI નાણાંનો પુરવઠો બૅન્ક રૅટ દ્વારા નિયંત્રિત કરવાના બદલે રેપો રૅટ અને રીવર્સ રેપો રૅટ દ્વારા કરે છે. બૅન્ક રૅટ લાંબા ગાળાનો રૅટ છે માટે તે ટૂંકા ગાળામાં બદલાતો નથી જ્યારે રેપો રૅટ અને રીવર્સ રેપો રૅટ ટૂંકા ગાળામાં બદલી શકાય છે. આથી ટૂંકા ગાળાના નિયંત્રણ માટે સરળ બને છે.

**(2) રેપો રૅટ (Repo Rate) અને રીવર્સ રેપો રૅટ (Reverse Repo Rate) :** જ્યારે વેપારી બૅન્કોને ખૂબ ટૂંકા ગાળા માટે (1 દિવસ, 7 દિવસ, 15 દિવસ જેટલા ટૂંકા ગાળા માટે) નાણાંની જરૂર પડે છે ત્યારે તેઓ RBI પાસે નાણું લે છે. જે દરે RBI વેપારી બૅન્કોને આવું નાણું આપે તે રેપો રૅટ કહેવાય.

(Repo રૅટમાં Repo એટલે Repurchase Rate. ટૂંકા ગાળાનું આવું ધિરાણ લેવા માટે વેપારી બૅન્કો RBI ને કોઈ વટાવ દરે પરત લેવાની શરતે પોતાની પાસે રહેલી જામીનગીરીઓ વેચે છે. આ વટાવનો દર એટલે રેપો રૅટ.)

ફુગાવાના સમયે RBI રેપો રૅટ વધારે છે જેથી વેપારી બૅન્કોમાં ઓછું ધિરાણ લે છે અને પ્રજાને સામે ઊંચા દરે ધિરાણ આપે. આમ પ્રજા ઓછું ધિરાણ લે અને નાણાંનો પુરવઠો તથા ફુગાવો ઘટવા પામે. મંદીના સમયે RBI રેપો રૅટ નીચો કરે છે.

જ્યારે RBI ને ટૂંકા ગાળાનું ધિરાણ જોઈએ ત્યારે તે વેપારી બૅન્કો પાસેથી ધિરાણ લે છે. આવા રૅટને

રીવર્સ રેપો રૅટ કહે છે. જ્યારે રીવર્સ રેપો રૅટ વધુ હોય ત્યારે વેપારી બૅન્કોને RBI ને લોન આપવા માટેનું વધુ આકર્ષણ થાય છે અને તેઓ વધારાનાં નાણાં RBIને ધિરાણ પેટે આપે છે. આમ તેઓ સામાન્ય પ્રજાને ઓછું ધિરાણ આપી શકે છે અને બજારમાં નાણાંનો પુરવઠો ઘટે છે. રીવર્સ રેપો રૅટ નીચો હોય ત્યારે તેથી નાણાંનો પુરવઠો વધે છે.

**કોષ્ટક 4.3 છેલ્લાં કેટલાંક વર્ષોમાં રેપો અને રીવર્સ રેપો રૅટ**

| વર્ષ | રેપો રૅટ (% માં) | રીવર્સ રેપો રૅટ (% માં) |
|---|---|---|
| જાન્યુઆરી, 2006 | 6.50 | 5.50 |
| માર્ચ, 2010 | 5.0 | 3.50 |
| ઑગસ્ટ, 2016 | 6.5 | 6 |

**સ્રોત :** www.rbi.org

**(3) કપરા સમયમાં સ્થિરતા લાવવા માટેની જોગવાઈ :** આ એક વિશિષ્ટ જોગવાઈ છે જ્યાં સતત કપરા સંજોગોમાં અને નાણાંની કટોકટીના (અછતના) સમયે વેપારી બૅન્કો RBI પાસે સરકારી જામીનગીરીઓ મૂકીને નિર્ધારિત દરે ધિરાણ લે છે. આ દર રેપો રૅટ કરતાં વધુ હોય છે. 2016માં આ દર 7 ટકાનો હતો. (જેને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી કહેવાય છે.)

**(4) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર (Cash Reserve Ratio - CRR) :** RBIની 1934ની ધારા મુજબ દરેક વેપારી બૅન્કોએ પોતાની થાપણોના અમુક ટકા જેટલી રકમ RBI પાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે. શરૂઆતનાં વર્ષોમાં આ પ્રમાણ ચાલુ ખાતાની થાપણોના 5 % અને લાંબા ગાળાની થાપણોના 2 % જેટલું નક્કી થયું હતું. 1962 પછી કુલ થાપણોના 3 %થી 15 %ની વચ્ચે CRR રાખવાનું નક્કી થયું. RBI જરૂરિયાત મુજબ CRR બદલે છે.

CRR નો મુખ્ય હેતુ બૅન્કિંગ-વ્યવસ્થા પાસે પૂરતાં પ્રમાણમાં રોકડા નાણાં રહે તે માટેનો છે જેથી કોઈ સંજોગોમાં ઘણા બધા ગ્રાહકો પોતાની થાપણો પાછી ખેંચે તો તેમને આપવા માટે બૅન્કો પાસે પૂરતાં નાણાં હોય.

વળી, આ સાધન ફુગાવાનું નિયંત્રણ કરવા માટે પણ વપરાય છે. CRR વધે તો બૅન્કો પાસે શાખસર્જન કરવા માટે ઓછું નાણું રહે છે અને તેઓ પ્રજાને ઓછું ધિરાણ આપે છે. આમ, નાણાંનો પુરવઠો અને આથી ફુગાવો નીચો રહે છે. મંદીના સમયમાં CRR ઓછો કરાય છે.

**(5) કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ (Statutory Liquidity Ratio–SLR) :** 'બૅન્કિંગ રેગ્યુલેશન ઍક્ટ' મુજબ દરેક વેપારી બૅન્કે CRRથી જુદા અને તેથી ઉપરાંત પોતાની કુલ થાપણોના 25 % જેટલું મૂલ્ય નકદ, સોનું, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે જેને કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ કહે છે.

SLR ઊંચું હોય તો બૅન્કોની થાપણોનું વધુ પ્રમાણ સરકારી જામીનગીરીઓમાં રોકાય છે. જે રાજ્યના ખર્ચને પૂરો પાડવામાં વપરાય છે. વળી, કેટલુંક પ્રમાણ નકદ અને સોનામાં રહે છે અને SLR વધુ હોય, તો પ્રજાને તેટલાં પ્રમાણમાં ઓછું ધિરાણ મળે છે. SLR નીચો હોય તો પ્રજાને વધુ ધિરાણ મળે છે.

**(6) ખુલ્લાં બજારનાં કાર્યો (Open Market Operations-OMO) :** અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવા કે ઘટાડવા RBI ખુલ્લાં બજારમાં સરકારી જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરે છે.

જ્યારે RBI સરકાર પાસેથી જામીનગીરીઓની ખરીદી કરે છે ત્યારે અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધે છે

અને જ્યારે ખુલ્લા બજારમાં વેચે છે ત્યારે નાણાંનો પુરવઠો ઘટે છે. આ પ્રકારનું કાર્ય ફુગાવા કે મંદીના નિયંત્રણ માટે કરાવવામાં આવે છે.

ભારતમાં 1991 પહેલાં આ સાધનોનો ખાસ ઉપયોગ થતો ન હતો.

**(7) RBI ના સરવૈયાને હૂંડિયામણના વધતા કે ઘટતા પ્રમાણના આંચકાઓથી મુક્ત કરવા માટે ‘સ્ટરિલાઈઝેશન’ની (Sterilization) નીતિ :** જ્યારે દેશમાં વધુ પ્રમાણમાં વિદેશી હૂંડિયામણ આવે કે દેશની બહાર જાય ત્યારે RBI ના હૂંડિયામણના ખાતામાં વધ-ઘટ થતાં તેનું સરવૈયું ખોરવાય છે. આવી પરિસ્થિતિનાં નિયંત્રણ માટે RBI હૂંડિયામણની પુરાંત અથવા ખોટ જેટલા પ્રમાણની સરકારી જામીનગીરીઓ ખુલ્લા બજારમાં ખરીદી કે વેચીને પોતાના સરવૈયાની સમતુલા જાળવે છે જેથી સમગ્ર નાણાં-વ્યવસ્થાની સમતુલા જળવાઈ રહે છે.

**(B) ગુણાત્મક સાધનો :**

સામાન્ય સાધનોથી જુદા અને તે ઉપરાંત RBI કેટલાંક ચોક્કસ ક્ષેત્રોના વિકાસ માટે અથવા અલગ-અલગ ક્ષેત્રોને નિર્ધારિત અસર પહોંચાડવા માટે ગુણાત્મક સાધનોનો ઉપયોગ કરે છે.

ગુણાત્મક સાધનો એટલે જરૂરી ક્ષેત્રો માટે જ તર્કપૂર્વક વપરાતાં સાધનો. આ સાધનો બધાં ક્ષેત્રોને એકસરખી અસર પહોંચાડવા માટે હોતાં નથી.

**(1) સલામતીની જરૂરિયાત :** સામાન્ય પ્રજાને જ્યારે વેપારી બૅન્કો ધિરાણ આપે ત્યારે આ ધિરાણ પાછું આવે તેની ચોકસાઈ બૅન્કે રાખવી પડે છે. આથી બૅન્કો ધિરાણ લેનાર દરેક વ્યક્તિ પાસે તેમની કોઈ મિલકત જેવી કે ઘરેણાં, થાપણો, કાર, ઘર, જમીન વગેરે સલામતી/બાંહેધરી પેટે લખાવે છે. જો કોઈ ગ્રાહક બૅન્કની શરતો મુજબ ધિરાણની રકમ પાછી ન ચૂકવે તો બૅન્ક આવું સલામતી પેટે રાખેલું સાધન જપ્ત કરે છે.

પરંતુ દેશના દરેક વર્ગને બૅન્કનું ધિરાણ મળે તથા ખેતી જેવાં ક્ષેત્રોનો સરખો વિકાસ થાય તે માટે અલગ-અલગ વર્ગ પાસે ઓછાવત્તા પ્રમાણમાં સલામતી/બાંહેધરી લખાવવાની પદ્ધતિ અપનાવવા RBI વેપારી બૅન્કોને આદેશ આપે છે. જેમ કે ગરીબ ખેડૂત પાસે નહિવત અને મોટા ધંધાના માલિક પાસે મોટા પ્રમાણમાં સલામતી/બાંહેધરી લખાવવામાં આવે છે.

**(2) માર્જિનની જરૂરિયાત :** સલામતી/બાંહેધરી પેટે બતાવેલી મિલકતના અમુક જ ટકા અથવા માંગેલી લોનના અમુક જ ટકા જેટલી રકમનું ધિરાણ એકમને/વ્યક્તિને મળી શકે છે. આવી ટકાવારીને ધિરાણનું માર્જિન (margin) કહે છે. RBI જુદા-જુદા વર્ગો માટે જુદા-જુદા માર્જિન રાખવાની ભલામણ કરે છે.

**(3) ધિરાણની ટોચમર્યાદા :** કોઈ પણ એક વ્યક્તિને કે એકમને માટે ધિરાણની ટોચમર્યાદા RBI નક્કી કરે છે.

**(4) ભેદભાવયુક્ત/ભેદપારખું વ્યાજના દર (Discriminatory Interest Rate) :** અલગ-અલગ પ્રકારના ધિરાણ માટે અલગ-અલગ વ્યાજના દર રાખવાની પદ્ધતિ RBI સૂચવે છે. જેને ભેદપારખું/ભેદભાવયુક્ત વ્યાજના દરની નીતિ કહે છે. દા.ત., એક ગરીબ ખેડૂતને ખેતીની પ્રવૃત્તિ માટે ખૂબ નીચા દરે ધિરાણ આપવામાં આવે છે, તો પૈસાદાર વ્યક્તિઓને ઘર કે કાર ખરીદવા માટે ખૂબ ઊંચા દરે ધિરાણ મળે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) સંસ્કૃત ભાષા પ્રમાણે બૅન્ક શબ્દનો અર્થ શું થાય ?

(અ) નાણાંનો પુરવઠો (બ) મૂડીનો જથ્થો (ક) મૂડીરોકાણ (ડ) વ્યવસાય

(2) ભારતમાં વેપારી બૅન્કમાં મોટે ભાગે કેટલા પ્રકારની થાપણો હોય છે ?

(અ) 2 (બ) 6 (ક) 10 (ડ) 3

(3) ટૂંકા ગાળાનું ધિરાણ સૈદ્ધાંતિક રીતે કેટલા સમયગાળા માટેનું હોય છે ?

(અ) 1 વર્ષ સુધીનું (બ) 1 થી 3 વર્ષ સુધીનું

(ક) 1 થી 5 વર્ષ સુધીનું (ડ) 5 થી 15 વર્ષ સુધીનું

(4) મધ્યસ્થ બૅન્ક એટલે શું ?

(અ) ખાનગી બૅન્ક (બ) દેશની સર્વોચ્ચ બૅન્ક (ક) સહકારી બૅન્ક (ડ) વિદેશી બૅન્ક

(5) RBI અન્ય બૅન્કો પાસેથી અત્યંત ટૂંકા સમયનું ધિરાણ લે તેના દરને શું કહેવાય ?

(અ) રેપો રેટ (બ) બૅન્ક રેટ

(ક) રીવર્સ રેપો રેટ (ડ) ખુલ્લા બજારનો દર

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) બૅન્કનો અર્થ આપો.

(2) વેપારી બૅન્કનો અર્થ આપો.

(3) મધ્યસ્થ બૅન્કનો અર્થ આપો.

(4) નાણાકીય નીતિનો અર્થ આપો.

(5) નાણાકીય નીતિનાં પરિમાણાત્મક સાધનો એટલે શું ?

(6) નાણાકીય નીતિનાં ગુણાત્મક સાધનો એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) બૅન્ક શબ્દનો ઉદ્‌ભવ શી રીતે થયો ?

(2) વેપારી બૅન્કનાં ખાતાઓ વિશે જણાવો.

(3) નાણાકીય નીતિનાં ગુણાત્મક સાધનો પર નોંધ લખો.

(4) મધ્યસ્થ બૅન્કનાં કાર્યો ટૂંકમાં જણાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) વેપારી બૅન્ક અને મધ્યસ્થ બૅન્ક વચ્ચેનો તફાવત જણાવો.

(2) વેપારી બૅન્કના મુખ્ય અને ગૌણ કાર્યોની યાદી આપી દરેક કાર્યને એક વાક્યમાં સમજાવો.

(3) મધ્યસ્થ બૅન્કનાં પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનોની યાદી આપીને દરેકને એક વાક્યમાં સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) વેપારી બૅન્કનો અર્થ આપી તેનાં કાર્યો સમજાવો.

(2) મધ્યસ્થ બૅન્કનો અર્થ આપી તેનાં કાર્યો સમજાવો.

(3) નાણાકીય નીતિનાં પરિમાણાત્મક સાધનો સવિસ્તર સમજાવો.

## પારિભાષિક શબ્દો

**બૅન્ક** : બૅન્ક એટલે નફાના હેતુથી કાર્ય કરતી એવી ધંધાકીય સંસ્થા જે પ્રજાની બચતોને થાપણો તરીકે સ્વીકારે, તેના બદલામાં વ્યાજ આપે, તે થાપણો સાચવે, વળી તે થાપણોમાંથી જેમને જરૂર હોય તેમને ધિરાણ આપે, ધિરાણ સામે વ્યાજ વસૂલ કરે તથા અતિરિક્ત નાણાંનું દેશના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં રોકાણ પણ કરે.

**શાખ સર્જન** : પ્રાથમિક થાપણોમાંથી ધિરાણ આપીને બૅન્કિંગ વ્યવસ્થામાં નવી થાપણો ઊભી કરીને નાણાંનો પુરવઠો વધારવાની નીતિવિષયક પ્રક્રિયા એટલે શાખસર્જન.

**શિડ્યુલ બૅન્ક** : ભારતમાં રિઝર્વ બૅન્કની 1934ની ધારાની બીજી અનુસૂચિમાં પ્રવેશ પામેલી બૅન્કિંગ સંસ્થા (તે પ્રમાણે સ્થપાયેલી સંસ્થા) એટલે શિડ્યુલ બૅન્ક

**મધ્યસ્થ બૅન્ક** : મધ્યસ્થ બૅન્ક એટલે દેશની સર્વોચ્ચ બૅન્ક જેનાં મુખ્ય કાર્યોમાં નાણાબજાર અને બૅન્કિંગ ક્ષેત્રની મદદ, નિયંત્રણ અને પ્રોત્સાહન તથા દેશના આર્થિક હિત માટે નાણાકીય સ્થિરતા લાવવી વગેરેનો સમાવેશ થાય છે.

**નાણાકીય નીતિ** : દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને પ્રજાનું હિત જાળવીને આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બૅન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ

**પ્રાથમિક થાપણો** : ગ્રાહક દ્વારા બૅન્કમાં થાપણોના સ્વરૂપે જમા કરાવેલ પ્રારંભિક બચતોને પ્રાથમિક થાપણ કહેવાય.

**વ્યુત્પન્ન થાપણો** : પ્રારંભિક થાપણોમાંથી સર્જાયેલી લૉનનાં નાણાં બૅન્કમાં જમા કરાવવાથી ઉત્પન્ન થયેલી થાપણો એટલે વ્યુત્પન્ન થાપણો.

**સરકારી જામીનગીરીઓ** : પ્રજા પાસેથી ધિરાણ પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વારા બજારમાં વેચવામાં આવતા બૉન્ડ જેને ચોક્કસ મુદત બાદ સરકાર પરત ખરીદી લે છે અને મુદત દરમિયાન વ્યાજ ચૂકવે છે તેવા બૉન્ડને સરળ ભાષામાં જામીનગીરી કહેવામાં આવે છે.

**નાણાંના સંગ્રાહક તરીકે નાણાંનું કાર્ય** : નાણું મૂલ્યનો સંગ્રહ કરવા વપરાય છે. નાણાંનું અન્ય ચલણોમાં રૂપાંતર થાય ત્યારે અથવા બજાર પ્રવૃત્તિઓમાં વપરાય ત્યારે તેનું પોતાનું મૂલ્ય પણ વધે છે.

●

# 5 ગરીબી


- પ્રસ્તાવના

**5.1 ગરીબીનો અર્થ**

**5.2 ગરીબીનું સ્વરૂપ**

5.2.1 નિરપેક્ષ ગરીબી

5.2.1.1 ગરીબી રેખા

5.2.2 સાપેક્ષ ગરીબી

**5.3 ગરીબીના નિર્દેશકો**

5.3.1 નીચો માથાદીઠ ઘરગથ્થુ વપરાશી ખર્ચ

5.3.2 કુપોષણનું પ્રમાણ

5.3.3 અપેક્ષિત આયુષ્ય અને બાળમૃત્યુ-દર

5.3.4 તબીબી સગવડો

5.3.5 પીવાનું પાણી

5.3.6 શૌચાલયની સુવિધા

5.3.7 રહેઠાણ

5.3.8 વીજળી-વપરાશ

5.3.9 શિક્ષણ

5.3.10આવક અને સંપત્તિની અસમાન વહેંચણી

5.3.11બેરોજગારીનો ઊંચો દર

**5.4 ગરીબીનાં કારણો**

5.4.1 ઐતિહાસિક કારણો

5.4.2 ગ્રામીણ ગરીબીનાં કારણો

5.4.2.1 કુદરતી પરિબળો

5.4.2.2 વસ્તીવિષયક પરિબળો

5.4.3 આર્થિક કારણો

5.4.3.1 નીચી શ્રમિક દીઠ ખેત-ઉત્પાદકતા

5.4.3.2 જમીન અને સંપત્તિની અસમાન વહેંચણી

5.4.3.3 નાના અને ગૃહ ઉદ્યોગોનો અલ્પ વિકાસ

5.4.3.4 ઝડપથી વધતા ભાવો

5.4.3.5 બેરોજગારીનું ઊંચું પ્રમાણ

5.4.4 સામાજિક કારણો

5.4.4.1 શિક્ષણનું નીચું સ્તર

5.4.4.2 લૈંગિક અસમાનતા

5.4.5 અન્ય કારણો

5.4.5.1 યુદ્ધ

5.4.5.2 સંરક્ષણ-ખર્ચમાં વધારો

5.4.5.3 ખામીયુક્ત નીતિઓ

**5.5 ગરીબી ઘટાડવાના ઉપાયો**

5.5.1 ખેતીક્ષેત્રે શ્રમિકોની ઉત્પાદકતા વધારવી

5.5.2 નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ

5.5.3 અસંગઠિત ક્ષેત્રનો વિકાસ

5.5.4 યોગ્ય કરનીતિનો ઉપયોગ

5.5.5 માનવ મૂડીરોકાણમાં વધારો

5.5.6 વાજબી કિંમતે વસ્તુઓ અને સેવાઓ

5.5.7 રોજગારલક્ષી કાર્યક્રમો

5.5.7.1 સ્વરોજગારી માટેના કાર્યક્રમો

5.5.7.2 વેતન રોજગારી કાર્યક્રમો

5.5.7.3 પ્રધાનમંત્રી રોજગાર યોજના

5.5.7.4 રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન (NREGA)

5.5.8 આવાસ યોજનાઓ

5.5.9 સામાજિક સલામતીની યોજનાઓ

5.5.10 જનધન યોજના


**પ્રસ્તાવના (Introduction)**

ગરીબી અર્થતંત્રમાં પ્રવર્તતી એવી પરિસ્થિતિ છે, જેમાં સમાજનો એક વર્ગ પોતાની પાયાની લઘુતમ જરૂરિયાતો પણ સંતોષી શકતો નથી. મોટા ભાગના વિકાસમાન દેશો કે જ્યાં માથાદીઠ આવકનું નીચું પ્રમાણ, આવકની અસમાન વહેંચણી જોવા મળે છે, ત્યાં વસ્તીનો મોટો ભાગ કે જે ગરીબ છે તે સારું જીવન જીવવા જરૂરી પાયાની લઘુતમ જરૂરિયાતો જેવી કે પૂરતો પોષક આહાર, કપડાં, સારું રહેઠાણ પણ પ્રાપ્ત કરી શકતા

નથી તો બીજી તરફ ધનિક અને સાધન-સંપન્ન વર્ગ ઊંચી આવક સાથે ઊંચું જીવનધોરણ જીવતા હોય છે. અર્થતંત્રમાં જોવા મળતી આ આર્થિક અસમાનતાને કારણે સમાજમાં અસંતોષ, અશાંતિ, ઈર્ષ્યાભાવ તેમજ વર્ગવિગ્રહ જેવી પરિસ્થિતિ જોવા મળે છે. માનવવિકાસ અહેવાલ, 1997 મુજબ આર્થિક વિકાસ તે સાધન છે અને માનવવિકાસ તે ધ્યેય છે. આથી આર્થિક વિકાસ સાથે ગરીબીમાં પણ ઝડપથી ઘટાડો થાય તે અપેક્ષિત છે. જ્યાં સુધી સમાજમાંથી આવકની અસમાનતા અને ગરીબીમાં ઘટાડો ન થાય ત્યાં સુધી આર્થિક વિકાસ સાચા અર્થમાં વિકાસ કહી શકાય નહિ. આ સંદર્ભમાં ભારતમાં આયોજનકાળ દરમિયાન ગરીબી નાબૂદીના ધ્યેયને આયોજનના એક મહત્ત્વના ધ્યેય તરીકે પણ સ્વીકાર્યો છે. ખાસ કરીને પાંચમી પંચવર્ષીય યોજના અને તે પછીની પંચવર્ષીય યોજનાઓમાં ગરીબી નાબૂદી માટેની વ્યૂહરચના હેઠળ ખાસ કાર્યક્રમો અને યોજનાઓ શરૂ કરવામાં આવી છે પરંતુ ગરીબીમાં લક્ષ્યાંક મુજબનો ઘટાડો કરી શકાયો નથી.

### 5.1 ગરીબીનો અર્થ (Meaning of Poverty)

જ્યારે સમાજનો એક મોટો વર્ગ પોતાની પાયાની લઘુતમ જીવન જરૂરિયાતોને સંતોષી શકતો નથી. તે પરિસ્થિતિને ગરીબી કહેવાય. જો સમાજનો આ મોટો વર્ગ ન્યૂનતમ જીવનધોરણથી પણ નીચું જીવનધોરણ ધરાવતો હોય ત્યારે સમાજમાં વ્યાપક ગરીબી છે તેમ કહી શકાય.

વિશ્વમાં મોટા ભાગના દેશોમાં ગરીબીનું અર્થઘટન કરવાના પ્રયાસો થયા છે. પરંતુ ગરીબી એક સાપેક્ષ ખ્યાલ હોવાથી તેનો અર્થ સમય, સ્થળ અને સમાજ બદલાતા બદલાતો રહે છે. ગરીબી માટેના મોટા ભાગનાં અર્થઘટનોમાં સમાજના એક સરેરાશ જીવન-સ્તરને ધ્યાનમાં લઈ સમાજમાં પ્રવર્તમાન અસમાનતાઓને દર્શાવવામાં આવે છે. તેથી વિકસિત અને વિકાસશીલ દેશોમાં ગરીબીને નક્કી કરતાં ધોરણોમાં તફાવત જોવા મળે છે. આ સંદર્ભમાં ગરીબીનાં જુદાં-જુદાં અર્થઘટનોને બે વિભાગમાં વહેંચી શકાય : (1) ગરીબીનો પરંપરાગત અર્થ અથવા આવક ગરીબી (2) ગરીબીનો આધુનિક અર્થ અથવા બિનઆવક ગરીબી.

ગરીબીના આવક અભિગમ મુજબ જીવનજરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓને ખરીદવા માટે નક્કી કરવામાં આવેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટી એટલે ગરીબી રેખા. ગરીબી રેખા દ્વારા નક્કી થયેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટીથી ઓછી આવક ધરાવનાર કે ખર્ચ કરનાર વર્ગ ગરીબ કહેવાય. આમ, આ અર્થઘટન અનુસાર ગરીબી એક અભાવની સ્થિતિ છે. ભારતમાં ગરીબી રેખા માટે જરૂરી ચોક્કસ ન્યૂનતમ કેલરી પ્રાપ્ત કરવા જરૂરી ખોરાક પાછળ થતા લઘુતમ વપરાશી ખર્ચને ધ્યાનમાં લેવાય છે. પરંતુ આ પદ્ધતિથી નક્કી થતી ગરીબીરેખાની મર્યાદા એ છે કે તે ફક્ત અપૂરતા ખોરાકની કે ભૂખમરાની સ્થિતિને દર્શાવે છે. ગરીબી ફક્ત ભૂખમરાની સ્થિતિ નથી. લઘુતમ સરેરાશ જીવનધોરણના ખ્યાલમાં ખોરાક ઉપરાંત અન્ય બાબતો જેમ કે કપડાં, રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, પીવાનું સ્વચ્છ પાણી વગેરે પાયાની સગવડોનો પણ સમાવેશ થાય છે અને તેથી જ ગરીબીના આધુનિક અભિગમ તરીકે બિનઆવક ગરીબીનો ખ્યાલ વધુ મહત્ત્વનો બન્યો છે.

આધુનિક અર્થશાસ્ત્રીઓ મતે આવક ગરીબી તે ગરીબીનું એક મહત્ત્વનું પાસુ છે. પરંતુ તે માનવજીવનના એક નાના હિસ્સાનો જ ખ્યાલ આપે છે. કાર્ય કરવાની તથા પસંદગી માટેની જે સ્વતંત્રતા ધનિકો પાસે ઉપલબ્ધ હોય છે તે ગરીબોને ક્યારેય હોતી નથી. આ સંદર્ભમાં ગરીબીનો પૂરો ખ્યાલ મેળવવા ફક્ત આવકના સંદર્ભમાં જ વંચિતતાનો વિચાર ન કરતા તે સિવાયના માનવજીવનના વિકાસ માટે જરૂરી બાબતો જેવી કે જ્ઞાન, લાંબું અને સ્વસ્થ જીવન, સારું જીવનધોરણ, વ્યક્તિ સ્વાતંત્ર્ય, તકોની ઉપલબ્ધતા અને પસંદગીઓ તથા સ્વાભિમાન સાથે ગૌરવપૂર્ણ જીવનનો પણ વિચાર થવો જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)ના માનવવિકાસ અહેવાલમાં

માનવવિકાસ આંક (HDI) અને માનવ ગરીબી આંક (HPI)ની ગણતરીમાં મુખ્ય ત્રણ બાબતો જ્ઞાન, આરોગ્ય અને સારા જીવનધોરણનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં જ્ઞાન માટે સાક્ષરતા-દર અને નોંધણીનો દર (Enrollment ratio), આરોગ્ય માટે જન્મ-સમયે અપેક્ષિત આયુષ્ય અને સારા જીવનધોરણ માટે માથાદીઠ કુલ ગૃહ ઉત્પાદનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## 5.2 ગરીબીનું સ્વરૂપ (Nature of Poverty)

ગરીબીના ખ્યાલને વધુ સારી રીતે સમજવા અર્થશાસ્ત્રીઓ ગરીબીને તેના સ્વરૂપના આધારે બે વિભાગમાં વિભાજિત કરે છે : (1) નિરપેક્ષ ગરીબી અને (2) સાપેક્ષ ગરીબી.

### 5.2.1 નિરપેક્ષ ગરીબી :

જીવનની લઘુતમ જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે નક્કી કરવામાં આવેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટી એટલે ગરીબી રેખા. આ ગરીબીરેખાથી ઓછી આવક કે ખર્ચ ધરાવતો વર્ગ નિરપેક્ષ ગરીબ કહેવાય. નિરપેક્ષ ગરીબી સંપૂર્ણ ગરીબી તરીકે પણ ઓળખાય છે. નિરપેક્ષ ગરીબીના ખ્યાલથી અર્થતંત્રમાં ગરીબીરેખા હેઠળ જીવતા ચોક્કસ વર્ગને નક્કી કરી શકાય છે અને આ ખાસ ગરીબ વર્ગની ગરીબી ઘટાડવા લક્ષ્યાંક આધારિત ચોક્કસ નીતિઓ ઘડી શકાય છે.

**5.2.1.1 ગરીબીરેખા :** ગરીબીના નિરપેક્ષ સ્તરનો અંદાજ મેળવવા અનાજ, દાળ, દૂધ, માખણ વગેરેનું લઘુતમ ભૌતિક પ્રમાણ કે જે જીવનનિર્વાહ માટે જરૂરી છે તે પ્રાપ્ત કરવા માટે લઘુતમ માથાદીઠ વપરાશી ખર્ચ ગરીબી રેખા છે. આ લઘુતમ માથાદીઠ વપરાશી ખર્ચ (ગરીબી રેખા) નક્કી કરવા આયોજનની શરૂઆતમાં ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચ દ્વારા ગ્રામ્યક્ષેત્રો માટે વ્યક્તિ દીઠ દૈનિક 2400 કૅલરી અને શહેરીક્ષેત્રો માટે દૈનિક 2100 કૅલરી નક્કી કરવામાં આવી. આ પદ્ધતિનો આયોજન પંચ દ્વારા 1969માં મંજૂર કર્યો અને 1960-61ની કિંમતોને આધાર વર્ષ તરીકે લઈ માથાદીઠ માસિક ₹ 20 નક્કી કરવામાં આવી. દાંડેકર અને રથે આ કાર્યપદ્ધતિના આધારે ગ્રામ્યક્ષેત્રો માટે 1960-61ની આધાર કિંમતે માથાદીઠ માસિક ₹ 15 અને શહેરી ક્ષેત્રો માટે માથાદીઠ માસિક ₹ 22.5 નક્કી કર્યો. ત્યાર બાદ આયોજન પંચ દ્વારા પ્રો. ડી. ટી. લાકડાવાળાની અધ્યક્ષતા હેઠળ નક્કી કરાયેલ તજ્જ્ઞ જૂથ એ વર્ષ 1993 માટે 1973-74ની આધાર કિંમતે ગ્રામીણ ક્ષેત્રો માટે માથાદીઠ માસિક ₹ 49 અને શહેરીક્ષેત્રો માટે માથાદીઠ માસિક ₹ 57 વપરાશી ખર્ચનો અંદાજ મૂક્યો.

ગરીબીરેખાની ગણતરીની પદ્ધતિની એક મોટી મર્યાદા એ છે કે, તેમાં ફક્ત કૅલરી વપરાશને જ આધાર તરીકે લેવામાં આવે છે. પરંતુ ગરીબી એક આર્થિક પરિસ્થિતિ છે અને ભૂખ એક શારીરિક પરિસ્થિતિ છે. આથી ગરીબીરેખા 'ભૂખમરાની રેખા' બનીને રહી જાય છે. ગરીબીરેખાના ખ્યાલને ગતિશીલ બનાવવા જીવનની ગુણવત્તાનું લઘુતમ સ્તર નક્કી કરવું જોઈએ અને તે માટે જીવન જરૂરી સગવડો જેવી કે પૌષ્ટિક અને સમતુલિત આહાર, સ્વાસ્થ્ય, વીજળી, રસોઈનું ઈંધણ, કપડાં, શિક્ષણ પાછળનું ખર્ચ, રહેઠાણ વગેરે બાબતોનો સમાવેશ થવો જોઈએ. આ સંદર્ભમાં ગરીબી માપનની પદ્ધતિની પુનઃરચના કરવા પ્રો. સુરેશ તેંડુલકરની અધ્યક્ષતાવાળી સમિતિએ પોતાનો અહેવાલ વર્ષ 2009માં સરકારને સોંપ્યો. સમિતિએ ગરીબી-રેખાને નક્કી કરતી નવી કાર્યપદ્ધતિ નક્કી કરી. જેમાં કૅલરીના વપરાશ માટે જરૂરી ખર્ચ ઉપરાંત શિક્ષણ અને સ્વાસ્થ્ય માટેના ખર્ચનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આ નવી પદ્ધતિ મુજબ વર્ષ 2011-12 માટે માસિક માથાદીઠ વપરાશી ખર્ચ ગ્રામીણ ક્ષેત્રો માટે ₹ 816 અને શહેરીક્ષેત્રો માટે ₹ 1000 ગરીબીરેખા તરીકે નક્કી કરવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે નિરપેક્ષ ગરીબી નક્કી કરવા ગરીબીરેખા સામાન્ય રીતે કોઈ એક વર્ષ દરમિયાન સરેરાશ પુખ્ત વયના વ્યક્તિ દ્વારા વપરાશમાં લેવાતાં બધાં જ જરૂરી સંસાધનો માટેના ખર્ચ દ્વારા નક્કી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગરીબીરેખાનું નિર્ધારણ વિશ્વ બૅન્ક દ્વારા વર્ષ 2005માં સમખરીદશક્તિ (ppp)ના આધારે દૈનિક આવક 1.25 ડૉલર નક્કી કરી. જે વર્ષ 1990 માટે 1 ડૉલર હતી અને વર્ષ 2015માં તે દૈનિક આવક 1.90 ડૉલર નક્કી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય ગરીબીરેખાની મદદથી જુદા-જુદા દેશોમાં એક જ માપદંડ વડે નિરપેક્ષ ગરીબીની તુલના કરી શકાય છે.

**ભારતમાં નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ :**

NSSO (National Sample Survey Organisation)ના 68માં રાઉન્ડ (2011-12)માં સંયુક્ત કુટુંબ દીઠ ખર્ચના આંકડાઓનો ઉપયોગ કરતા તેંડુલકર સમિતિના અંદાજ મુજબ ભારતમાં વર્ષ 2004-5માં નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ 37.2 % હતું, જે વર્ષ 2011-12માં ઘટીને 21.9 % થયું હતું.

**કોષ્ટક 5.1 ભારતમાં ગરીબીનું ટકાવારી પ્રમાણ**

| ગરીબી | 2004-5 (ટકામાં) | 2011-12 (ટકામાં) |
|---|---|---|
| ગ્રામ્યક્ષેત્રે | 41.8 | 25.7 |
| શહેરીક્ષેત્રે | 25.7 | 13.7 |
| સમગ્ર ભારતની વસ્તીના | 37.2 | 21.9 |

**સ્રોત :** આર્થિક સર્વે, 2015-16

ગ્રામ્યક્ષેત્રે ગરીબીનું પ્રમાણ વર્ષ 2004-5માં 41.8 % હતું. તે વર્ષ 2011-12માં ઘટીને 25.7 % થયું હતું. જ્યારે શહેરીક્ષેત્રે વર્ષ 2004-5માં ગરીબીનું પ્રમાણ 25.7 % હતું તે ઘટીને વર્ષ 2011-12માં 13.7 % થયું હતું.

**ભારતમાં રાજ્યવાર નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ :**

ભારતનાં વિભિન્ન રાજ્યોના સંદર્ભમાં જોઈએ તો આયોજન પંચના 2011-12ના અંદાજોના આધારે રાજ્યવાર ગરીબીનું પ્રમાણ નીચે મુજબ જોવા મળ્યું હતું :

**કોષ્ટક 5.2 વર્ષ 2011-12માં રાજ્યવાર નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ**

| ગરીબી હેઠળ વસ્તીની ટકાવારી | રાજ્યો |
|---|---|
| 10 ટકા થી ઓછી | ગોવા, કેરળ, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, પંજાબ, આંધ્રપ્રદેશ |
| 10 ટકા થી 20 % | જમ્મુ કશ્મીર, હરિયાણા, તમિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ત્રિપુરા, નાગાલૅન્ડ, મેઘાલય |
| 20 થી 30 % | પશ્ચિમ બંગાળ, મિઝોરમ, કર્ણાટક, ઉત્તરપ્રદેશ |
| 30 થી 40 % | મધ્યપ્રદેશ, અસમ, ઓડિસા, બિહાર, અરુણાચલ પ્રદેશ, મણિપુર, ઝારખંડ, છત્તીસગઢ |

**સ્રોત :** આર્થિક સર્વે, 2015-16

ઉપર દર્શાવેલ માહિતી અનુસાર 10 ટકાથી ઓછી ગરીબી દર્શાવતાં રાજ્યોમાં ગોવા, કેરળ, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, પંજાબ, આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. જમ્મુ કશ્મીર, હરિયાણા, તમિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ત્રિપુરા, નાગાલૅન્ડ, મેઘાલય રાજ્યોમાં 10 %થી 20 % ગરીબીનું પ્રમાણ જોવા મળ્યું છે. જ્યારે પશ્ચિમ બંગાળ, મિઝોરમ, કર્ણાટક, ઉત્તરપ્રદેશમાં 20 %થી 30 % અને મધ્યપ્રદેશ, અસમ, બિહાર, ઓડિસા, ઝારખંડ, છત્તીસગઢ, અરુણાચલ પ્રદેશમાં પ્રમાણમાં વધુ એટલે કે 30-40 % ગરીબી જોવા મળી હતી. વર્ષ 2013માં પ્રકાશિત થયેલ વાર્ષિક અહેવાલ મુજબ ભારતનાં વિભિન્ન રાજ્યોમાં સૌથી ઓછી ગરીબી 5.09 % સાથે ગોવા રાજ્ય હતું અને સૌથી વધુ ગરીબીનું પ્રમાણ 39.93 % સાથે છત્તીસગઢ રાજ્યમાં હતું.

**5.2.2 સાપેક્ષ ગરીબી :**

નિરપેક્ષ ગરીબીના ખ્યાલમાં પાયાની લઘુતમ જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી લઘુતમ વપરાશી ખર્ચને ધ્યાનમાં લેવાય છે. પરંતુ સાપેક્ષ ગરીબીના ખ્યાલમાં સમાજમાં વસતા જુદા-જુદા વર્ગો વચ્ચે થતી આવકની અસમાન વહેંચણીને ધ્યાનમાં લેવામાં આવે છે. સામાન્ય રીતે દરેક અર્થતંત્રમાં આવકની વહેંચણીમાં અસમાનતા જોવા મળે છે ત્યારે ઓછી આવકવાળો વર્ગ વધુ આવકવાળા વર્ગની તુલનાએ સાપેક્ષ ગરીબ કહેવાય છે.

સાપેક્ષ ગરીબીના અભ્યાસ માટે સમાજના લોકોને જુદાં-જુદાં આવકજૂથોમાં વિભાજિત કરી આવકની વહેંચણીની અસમાનતાના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવે છે. સાપેક્ષ ગરીબી સમાજનાં જુદાં-જુદાં આવક જૂથોના આવક સ્તરોમાં તફાવતની કક્ષા દર્શાવે છે. ભારત માટે પણ હવે એવી દલીલ કરવામાં આવે છે કે ઝડપથી વિકસતા રાષ્ટ્ર તરીકે ગરીબીનો અભ્યાસ ગરીબીરેખાને બદલે સાપેક્ષ ગરીબી અથવા આવકની અસમાન વહેંચણીના સંદર્ભમાં થવો જોઈએ.

એક કાલ્પનિક ઉદાહરણ દ્વારા સાપેક્ષ ગરીબીના ખ્યાલને સમજી શકાય. ધારો કે કોઈ એક દેશની વસ્તીને નીચે મુજબ પાંચ આવકજૂથોમાં વહેંચવામાં આવે છે :

**કોષ્ટક 5.3**

| જૂથ | આવકજૂથ (₹ માં) |
|---|---|
| જૂથ 1 | શૂન્યથી ત્રીસ હજાર |
| જૂથ 2 | ત્રીસ હજારથી એક લાખ |
| જૂથ 3 | એક લાખથી ત્રણ લાખ |
| જૂથ 4 | ત્રણ લાખથી દસ લાખ |
| જૂથ 5 | દસ લાખથી વધુ |

ઉપરના ઉદાહરણમાં જૂથ 2માં સમાવિષ્ટ વર્ગની આવક, જૂથ 1માં સમાવિષ્ટ વર્ગની આવક કરતાં વધુ છે. તેથી કહી શકાય કે જૂથ 2 કરતા જૂથ 1માં રહેલ વ્યક્તિઓ પ્રમાણમાં સાપેક્ષ ગરીબ છે. પરંતુ જૂથ 2માં સમાવિષ્ટ વર્ગની આવકજૂથ 3, 4, 5માં સમાવિષ્ટ વ્યક્તિઓની આવક કરતાં ઓછી છે. આથી જૂથ 2ના વ્યક્તિઓ જૂથ 3, 4, 5માં સમાવિષ્ટ વ્યક્તિઓની તુલનામાં સાપેક્ષ ગરીબ કહી શકાય.

સાપેક્ષ ગરીબી કે આવકની અસમાનતા માપવા માટે સામાન્ય રીતે આવકજૂથોની રચના, લોરેન્જ વક્ર, ગીની ગુણોત્તર જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

### 5.3 ગરીબીના નિર્દેશકો (Indicators of Poverty)

ગરીબીની કક્ષા અને તેનું બંધારણ દર્શાવતી બાબતોને ગરીબીના નિર્દેશકો કહે છે. દેશમાં ગરીબીને દર્શાવતાં વિવિધ પરિબળોને ગરીબીના નિર્દેશક તરીકે ઓળખવામાં આવે છે. ગરીબો અને તેમની ગરીબીની કક્ષાને ઓળખવા માટે ચોક્કસ નિર્દેશકો ઉપયોગી છે. જેના દ્વારા ગરીબીના ચોક્કસ સ્વરૂપ અને પ્રમાણને જાણી શકાય છે. ગરીબીના નિર્દેશકો નીચે પ્રમાણે છે :

#### 5.3.1 માથાદીઠ ઘરગથ્થુ વપરાશી ખર્ચ :

માથાદીઠ ઘરગથ્થુ વપરાશી ખર્ચ તે કોઈ એક વર્ષ દરમિયાન કુટુંબો દ્વારા ખરીદેલ બધી જ વસ્તુઓ અને સેવાઓ, ટકાઉ વસ્તુઓ (જેમ કે કાર, વૉશિંગ મશીન, કમ્પ્યૂટર) વગેરેના બજાર-મૂલ્યને તે જ વર્ષની વસ્તી વડે ભાગતા પ્રાપ્ત થાય છે. માથાદીઠ વપરાશી ખર્ચ તે દેશમાં વસતા લોકોની જીવન-જરૂરિયાત તેમજ સુખસગવડની વસ્તુઓ અને સેવાઓની પ્રાપ્તિને દર્શાવે છે. વિકાસમાન દેશોમાં વિકસિત દેશોની તુલનામાં માથાદીઠ વપરાશી ખર્ચ ઘણું જ ઓછું હોવાથી જીવનની ગુણવત્તા ઘણી જ નીચી હોય છે. તેથી ગરીબી વધુ પ્રમાણમાં જોવા મળે છે. વિશ્વના કેટલાક દેશોમાં માથાદીઠ ઘરગથ્થુ વપરાશી ખર્ચ નીચે મુજબ જોવા મળ્યું હતું :

**કોષ્ટક 5.4 માથાદીઠ વપરાશી ખર્ચ**

| દેશ | વર્ષ 2005ના સ્થિર ભાવે US $ માં વર્ષ : 2014 |
|---|---|
| US | 31469 |
| UK | 25828 |
| જાપાન | 22149 |
| પાકિસ્તાન | 603 |
| ચીન | 1420 |
| ભારત | 725 |

**સ્રોત :** www.worldbank.org

ઉપર્યુક્ત માહિતી અનુસાર ભારતમાં વર્ષ 2005ના સ્થિર ભાવે વર્ષ 2014માં માથાદીઠ ઘરગથ્થુ વપરાશી ખર્ચ 725 ડૉલર હતું. જે US માં 31,469 ડૉલર, UKમાં 25,828 ડૉલર, જાપાનમાં 22,149 ડૉલર હતું. પાકિસ્તાનમાં તે 603 ડૉલર ખર્ચ જોવા મળતું હતું. ભારતમાં માથાદીઠ ઘરગથ્થુ વપરાશી ખર્ચ US અને UK જેવા વિકસિત દેશોની તુલનાએ ઘણું જ ઓછું જોવા મળે છે.

#### 5.3.2 કુપોષણનું પ્રમાણ :

કુપોષણ એવી પરિસ્થિતિ છે જેમાં વ્યક્તિ દ્વારા લેવાતા ખોરાકમાં પૂરતા પ્રમાણમાં કૅલરી, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, વિટામિન અને મીનરલ્સનો સમાવેશ થતો નથી. ભારતમાં કૃષિ-ઉત્પાદન વધ્યું હોવા છતાં નીચી માથાદીઠ આવક અને આવકની અસમાન વહેંચણીને કારણે ઓછી આવકવાળા વર્ગને પૂરતો પોષણક્ષમ ખોરાક પ્રાપ્ત થતો નથી. ભારતમાં કુપોષિત વ્યક્તિઓની માહિતી પૃ. 53 મુજબ છે :

**કોષ્ટક 5.5 કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ ટકામાં**

| વર્ષ | કુલ કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ (ટકાવારીમાં) |
|---|---|
| 1990-92 | 23.7 |
| 2000-02 | 17.5 |
| 2005-07 | 20.5 |
| 2010-12 | 15.6 |
| 2014-16 | 15.2 |

**સ્રોત :** આર્થિક સર્વે, 2015-16

ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર વર્ષ 1990-92ના સમયગાળામાં ભારતમાં કુલ 23.7 % વસ્તી કુપોષિત (ઓછો ખોરાક પ્રાપ્ત કરતી) હતી. આ પ્રમાણ વર્ષ 2000-02, 2005-07 અને 2010-12ના સમયગાળામાં તે અનુક્રમે 17.5 %, 20.5 % અને 15.6 % હતી. વિશ્વમાં ખાદ્ય સુરક્ષાની પરિસ્થિતિ, 2015 પરના FAOના અહેવાલ મુજબ ભારતમાં કુપોષિત (ઓછો ખોરાક મેળવતી) વસ્તીનું પ્રમાણ વિશ્વમાં બીજા નંબરે હતું, જે ગરીબીનો નિર્દેશ કરે છે.

### 5.3.3 અપેક્ષિત આયુષ્ય અને બાળમૃત્યુ-દર :

જન્મસમયે અપેક્ષિત આયુષ્ય એટલે નવું જન્મેલું બાળક સરેરાશ કેટલાં વર્ષ જીવશે તેવી અપેક્ષા છે. દેશમાં વસતા લોકોનું સરેરાશ અપેક્ષિત આયુષ્ય નક્કી કરવામાં પૂરતો પોષણક્ષમ આહાર, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સ્વાસ્થ્ય સેવાઓ વગેરે પર આધાર રાખે છે. ગરીબ વ્યક્તિઓ આ પ્રકારની સગવડો ઓછી પ્રાપ્ત કરતા હોવાથી તેમનું સરેરાશ આયુષ્ય નીચું રહે છે.

બાળ-મૃત્યુદર એટલે દર 1000 જીવિત જન્મતાં બાળકોમાંથી એક વર્ષથી ઓછા સમયગાળામાં મૃત્યુ પામતાં બાળકોનું પ્રમાણ છે. બાળમૃત્યુ-દરનું પ્રમાણ સ્વાસ્થ્ય સેવાઓની ઉપલબ્ધતા, માતામાં શિક્ષણનું પ્રમાણ, બાળકોમાં રસીકરણ, પોષણક્ષમ આહાર વગેરે બાબતો પર રહેલો છે. બાળમૃત્યુ-દર પણ નબળી આરોગ્ય સેવાઓના સંદર્ભમાં ગરીબીનો નિર્દેશક છે.

વિશ્વના કેટલાક દેશોમાં જન્મસમયે અપેક્ષિત આયુષ્ય અને બાળમૃત્યુ-દર નીચે દર્શાવ્યા મુજબનો રહ્યો છે :

**કોષ્ટક 5.6 આયુષ્ય અને બાળમૃત્યુ-દર**

| દેશ | અપેક્ષિત આયુષ્ય (વર્ષમાં) (વર્ષ : 2014) | બાળમૃત્યુ-દર (વર્ષ : 2014) |
|---|---|---|
| નોર્વે | 81.6 | 02 |
| અમેરિકા | 79.1 | 06 |
| શ્રીલંકા | 74.9 | 09 |
| ચીન | 75.8 | 10 |
| ભારત | 68.0 | 39 |

**સ્રોત :** HDR-2015, આર્થિક સર્વે (2015-16) તથા www.data.worldbank.org.માંથી સંકલિત

ઉપર દર્શાવેલ માહિતી અનુસાર નોર્વેમાં જન્મસમયે અપેક્ષિત આયુષ્ય 81.6 વર્ષ હતું જે અમેરિકામાં 79.1 વર્ષ, શ્રીલંકામાં 74.9 વર્ષ, ચીનમાં 75.8 વર્ષ હતું જ્યારે ભારતમાં તે 68.0 વર્ષ જોવા મળ્યું હતું. જે ચીન, શ્રીલંકા જેવા દેશો કરતા પણ ઓછું છે.

બાળમૃત્યુ-દરની બાબતમાં નોર્વેમાં દર હજાર જન્મ લેતાં બાળકોએ બાળમૃત્યુનું પ્રમાણ 2, અમેરિકામાં 6, શ્રીલંકામાં 9, ચીનમાં 10 જ્યારે ભારતમાં 39 ઘણું જ વધારે કહી શકાય તેટલું છે.

### 5.3.4 તબીબી સગવડો :

સ્વાસ્થ્યક્ષેત્રે ડૉક્ટરો, નર્સ, કંપાઉન્ડર વગેરે કર્મચારીઓનો સમાવેશ થાય છે અને તેની અછત સ્વાસ્થ્ય સેવાઓને પ્રતિકૂળ અસર કરે છે. ભારતમાં આંતરરાષ્ટ્રીય તુલનાએ તબીબી સગવડો અને ડૉક્ટરોની અછત જોવા મળે છે.

વિકસતા ગરીબ દેશોમાં લોકોને તબીબી સગવડો ઓછી હોય છે. તેઓ વારંવાર અનેક રોગોનો ભોગ બને છે. આવા ગરીબોને પૂરતો પૌષ્ટિક ખોરાક મળતો નથી. પરિણામે તેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. દેશમાં આરોગ્યવિષયક સેવાઓ ઓછી હોય છે. લોકો આવી સેવાઓથી વંચિત રહે છે. પરિણામે ગરીબી વધારે હોય છે. વિકસતા દેશોમાં દર છ હજારની વસ્તી માટે એક ડૉક્ટરની સેવા ઉપલબ્ધ છે જ્યારે વિકસિત દેશોમાં દર 350ની વસ્તી માટે એક ડૉક્ટરની સેવા ઉપલબ્ધ છે. વિકસતા દેશોમાં દર વર્ષે લગભગ 1.7 કરોડ લોકો ડાયેરિયા મૅલેરિયા, ક્ષય જેવા રોગથી મૃત્યુ પામે છે. દુનિયામાં લગભગ 2.3 કરોડ લોકો ઍઇડ્સના ભોગ બન્યા છે. એમાંથી 90 % વિકસતા દેશોમાં છે.

### 5.3.5 પીવાનું પાણી :

જનસમૂહનું સ્વાસ્થ્ય સૌથી વધુ સુરક્ષિત પીવાલાયક પાણી અને સ્વચ્છતાની સગવડ સાથે સંકળાયેલું છે. દૂષિત પાણી, શુદ્ધ અને પૌષ્ટિક ખોરાકનો અભાવ વગેરે પરિબળો અનેક રોગોનું કારણ બને છે. વસ્તી-ગણતરી 2011ની માહિતી અનુસાર ભારતમાં 63.3 % કુટુંબોને નળ દ્વારા શુદ્ધીકરણ સ્રોત (Treated source)થી પીવાનું પાણી ઉપલબ્ધ છે. 8.67 % કુટુંબોને નળ દ્વારા શુદ્ધીકરણ ન કરેલ પાણી, 26 % લોકોને અન્ય સ્રોત જેવા કે કૂવા, હૅન્ડ પંપ, ટ્યૂબવેલ, ઝરણાં, નદી, નહેરો, તળાવથી પીવાનું પાણી પ્રાપ્ત થાય છે. શુદ્ધ પીવાના પાણીની ગેરહાજરીમાં ગંદું પ્રદૂષણયુક્ત પાણી, દેશમાં પાણીજન્ય રોગો વધારી ગરીબીની સમસ્યાને વધારે ગંભીર બનાવે છે.

### 5.3.6 શૌચાલયની સુવિધા :

ભારતમાં વસ્તી-ગણતરી-2011ની માહિતી અનુસાર કુલ વસ્તીના લગભગ 70 % વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે. જેમને પાણીજન્ય અને ચેપી રોગો થવાની શક્યતા વધુ છે. આનાથી બચવા સ્વચ્છતા મહત્ત્વની છે અને તે માટે શૌચાલયની સુવિધા અગત્યની છે.

**કોષ્ટક 5.7 શૌચાલયની સગવડના પ્રકાર મુજબ ઝૂંપડાવાસી કુટુંબો**

| કુલ કુટુંબો | મકાનમાં જ શૌચાલયની સગવડવાળાં કુટુંબો | મકાનમાં શૌચાલયની સગવડ ન હોય તેવાં |
|---|---|---|
| 100 % | 66 % | 34 % |

ભારતમાં 66 % કુટુંબો મકાનની અંદર જ શૌચાલયની સુવિધા ધરાવે છે. જ્યારે બાકીનાં 34 % કુટુંબો જાહેર શૌચાલય કે ખુલ્લામાં જાય છે. પરિણામે સ્વચ્છતાના અભાવે પ્રદૂષણ અને શારીરિક નબળાઈ, ઉત્પાદકતા અને ઉત્પાદનને નીચા રાખે છે, જે ગરીબીને વધારવા માટે કારણભૂત પરિબળ બને છે.

### 5.3.7 રહેઠાણ :

ગરીબીના નિર્દેશક તરીકે રહેઠાણો અને તેનું સ્વરૂપ એક નિર્દેશક છે. વિકસતા દેશોમાં રહેઠાણોની તંગી છે. લોકો ગંદી ચાલો અને ઝૂંપડપટ્ટીમાં રહે છે. આ પ્રવર્તતી ગરીબીનું માપદંડ છે. રહેઠાણ એ માનવીની પ્રાથમિક જરૂરિયાતો છે. રહેઠાણ મળે તો કેવા મળે છે તેના પરથી ગરીબીનું ધોરણ નક્કી થાય છે. રહેઠાણનું મકાન, ઓરડાઓ, રહેનારાઓની સંખ્યા, ઘરમાં નળ, ડ્રેનેજ, વીજળી જેવી સગવડતા ધરાવતાં મકાનોની ટકાવારી ગરીબીની કક્ષા દર્શાવે છે. ભારતમાં પૂરતી સગવડતાવાળાં મકાનોની તંગી છે. ભારતમાં 60 કરોડ લોકો સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે અથવા જીવન માટે જોખમરૂપ એવા નિવાસસ્થાનમાં રહે છે. ભારતમાં મોટા ભાગનાં મકાનો એક રૂમની સગવડતાવાળાં છે જે ગરીબીનું એક માપદંડ બને છે.

### 5.3.8 વીજળીની વપરાશ :

કોઈ પણ દેશના આર્થિક વિકાસને અસર કરનારું એક મહત્ત્વનું પરિબળ વીજળીની સગવડ છે. દેશમાં ઉત્પાદન વધારવા તેમજ લોકોના જીવનની ગુણવત્તા સુધારવા વીજળીની સગવડ ખૂબ જ મહત્ત્વની છે. ભારત વીજળીનો એક મોટો ઉત્પાદક અને વપરાશ કરતો દેશ છે. આમ છતાં વધુ વસ્તી અને ઓછી માથાદીઠ આવક હોવાથી માથાદીઠ વીજળીની વપરાશ ખૂબ જ ઓછી છે.

### 5.3.9 શિક્ષણ :

વિશ્વ બૅન્કની માહિતી મુજબ 15 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો જે લખી અને વાંચી શકે તે સાક્ષર છે બાકીના નિરક્ષર છે. તેઓ મોટે ભાગે ગરીબ હોય છે.

શિક્ષણ અને તાલીમનું ઓછું પ્રમાણ દેશમાં અકુશળ અને ઓછી ઉત્પાદકતા ધરાવતા શ્રમિકો ઉપલબ્ધ કરાવે છે. જેનાથી શ્રમિકોની વ્યવસાય રોજગારીની તકો અને પસંદગીઓ મર્યાદિત બને છે. પરિણામે નીચાં વેતનો અને ઓછી આવકોને કારણે ગરીબી વધે છે.

વર્ષ 2011માં બ્રાઝિલમાં સાક્ષરતા-દર 91 % હતો. જ્યારે ભારતમાં તે 74.04 %, નેપાળમાં 60 % અને પાકિસ્તાનમાં 55 % જોવા મળ્યો હતો. જે દર્શાવે છે કે વિકાસશીલ દેશોમાં સાક્ષરતા-દર સરખામણીએ ઘણો ઓછો છે. ગરીબ વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી લોકો રૂઢિચુસ્ત, માનસ ધરાવતા હોવાથી પરિવર્તનો અપનાવી શકાતા નથી. અજ્ઞાનતાનું ઊંચું પ્રમાણ ગરીબીનું પ્રબળ નિર્દેશક ગણાય છે.

માત્ર માથાદીઠ આવકના પ્રમાણ ઉપરથી જ વિશ્વમાં પ્રવર્તતી ગરીબીનો સાચો અંદાજ મળતો નથી એવું હોઈ શકે છે, ઊંચી માથાદીઠ આવકવાળા દેશમાં ગરીબીરેખા નીચેની વસ્તીનું પ્રમાણ વધારે હોઈ શકે છે.

### 5.3.10 આવક અને સંપત્તિની અસમાન વહેંચણી :

1991ના આર્થિક સુધારા બાદના સમયમાં ભારતમાં ઊંચા દરે આર્થિક વૃદ્ધિ અને માથાદીઠ આવકમાં ઝડપથી વધારો થયો હોવા છતાં આવકની અસમાન વહેંચણીને કારણે ગરીબાઈમાં મોટા પ્રમાણમાં ઘટાડો નોંધાયો નથી. આવકની અસમાનતા વધવા સાથે એક તરફ ઉચ્ચ જીવનધોરણ સાથે ઉચ્ચ સગવડો ભોગવતો ધનિક વર્ગ તો બીજી તરફ ઓછી આવક ધરાવતા મકાનવિહોણા તેમજ ગંદા વસવાટોમાં વસતા, ખોરાક,

શિક્ષણ અને સ્વાસ્થ્યની પાયાની લઘુતમ જરૂરિયાતોથી વંચિત ગરીબ વર્ગ જોવા મળે છે. નીચે કોષ્ટકમાં USA, UK અને ભારતમાં ટોચના 1 % વસ્તી પાસે રહેલ વાસ્તવિક આવકનો હિસ્સો દર્શાવેલ છે.

**કોષ્ટક 5.8 ટોચની 1 % વસ્તી પાસે વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો હિસ્સો**

| દેશ | વર્ષ : 1998 | વર્ષ : 2012 |
|---|---|---|
| US | 15.2 | 18.9 |
| UK | 12.5 | 12.7 |
| ભારત | 9.0 | 12.6 |

**સ્રોત :** આર્થિક સર્વે, 2015-16

ઉપર દર્શાવેલ માહિતી મુજબ USA, UK અને ભારત ત્રણેય દેશોમાં વર્ષ 1998ની તુલનાએ વર્ષ 2012માં ટોચની 1 % વસ્તી પાસે વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો હિસ્સો વધતો રહ્યો છે. વર્ષ 1998ની તુલનાએ વર્ષ 2012માં વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો હિસ્સો USમાં 15.2 ટકાથી વધી 18.9 %, UKમાં 12.5 ટકાથી વધી 12.7 અને ભારતમાં 9.0 ટકાથી વધી 12.6 % થયો છે. ભારત માટે એવું કહી શકાય કે, ભારતમાં આર્થિક સુધારાઓથી ઉદ્ભવેલા લાભો ધનિકોની તરફેણમાં વધુ રહ્યા છે. આમ, આપણા દેશમાં ગરીબ અને ધનિક વચ્ચે આર્થિક અસમાનતાનો જે ગાળો (અંતર) જોવા મળે છે તે પણ ભારતમાં પ્રવર્તમાન ગરીબીનો નિર્દેશક છે.

### 5.3.11 બેરોજગારીનો ઊંચો દર :

પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ઇચ્છા, શક્તિ અને લાયકાત ધરાવતા વ્યક્તિને કામ ન મળે તો તે બેકાર કહેવાય. ભારતમાં આયોજનની શરૂઆતમાં નીચા આર્થિક વિકાસ અને 1991 પછી રોજગારી વિહોણી વૃદ્ધિ (Jobless growth)ને કારણે રોજગારી સર્જનનો દર, વધતા શ્રમના પુરવઠાના સંદર્ભમાં નીચો રહ્યો હોવાથી બેરોજગારીનો દર ઊંચો રહ્યો છે. બેરોજગારીની સ્થિતિમાં વ્યક્તિ આવકના અભાવે પોતાની અને પોતાના કુટંબની લઘુતમ જરૂરિયાતો પણ સંતોષી શકતા નથી. પરિણામે ગરીબીનું પ્રમાણ ઊંચું રહે છે. ભારતમાં વર્ષ 2011 સુધી બેરોજગારીનો દર 9 ટકાની આસપાસ રહ્યો હતો. વર્ષ 2013-14માં શ્રમબ્યૂરો દ્વારા બેરોજગારીની મોજણી પ્રમાણે 15 વર્ષથી મોટી ઉંમરના લોકોમાં બેરોજગારીનો દર 4.9 % જેટલો જોવા મળ્યો હતો. ગ્રામીણ ક્ષેત્ર માટે આ દર 4.7 % અને શહેરીક્ષેત્રો માટે તે 5.5 % જોવા મળ્યો હતો.

## 5.4 ગરીબીનાં કારણો (Causes of Poverty)

કોઈ પણ સમસ્યાના શ્રેષ્ઠ ઉકેલ માટે તે સમસ્યાનાં કારણો જાણી તેને દૂર કરવાના ઉપાયો કરવા જોઈએ. ગરીબીની સમસ્યાનો ઉકેલ લાવવા ગરીબી માટેનાં કારણો સમજવા જરૂરી છે. ભારતમાં ગરીબી માટેનાં મુખ્ય કારણો નીચે મુજબ છે :

### 5.4.1 ઐતિહાસિક કારણો :

ઇતિહાસકારો જણાવે છે કે 17મી સદીમાં ભારત પ્રમાણમાં વધુ શહેરીકૃત અને વ્યાવસાયિક રાષ્ટ્ર હતું. વેપારમાં ભારત સુતરાઉ કાપડની નિકાસમાં મોટો હિસ્સો ધરાવતું હતું અને તેની સાથે સિલ્ક, મરી-મસાલા,

ચોખાની નિકાસ પણ કરતું હતું. પરંતુ ભારતમાં અંગ્રેજો, ફ્રેન્ચ, ડચ જેવી પ્રજાના આગમન બાદ તેમની સંસ્થાનવાદી શોષણની નીતિને કારણે ભારતમાં ખેતી અને ઉદ્યોગોની પરિસ્થિતિ કથળતી ગઈ.

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન વિવિધ કારણોસર ભારતમાં ખેતીક્ષેત્રની સ્થિતિ નાજુક બની હતી. એક તરફ ભારતમાં ખેતી વરસાદ પર આધારિત હતી ત્યાં બ્રિટિશ શાસને સિંચાઈ માટે મૂડીરોકાણમાં ખાસ રસ દાખવ્યો નહિ. બીજી તરફ વારંવાર પડતા દુષ્કાળો, જમીનદારી-પ્રથા, વધતા જમીન મહેસૂલ, સાંથપ્રથા વગેરેને કારણે ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થતા ગયા અને જમીનદારો, શાહુકારો અને મોટા વેપારીઓ દ્વારા અપાતા ધિરાણ અને વ્યાજના બોજા હેઠળ દબાઈ ગયા. ખેડૂતો જમીનવિહોણા બનતા ગયા. ખેડૂત અને ખેતી બેહાલ બન્યા પરિણામે ગરીબીમાં વધારો થતો ગયો.

ઉદ્યોગ અને વ્યાપારની બાબતમાં અંગ્રેજો દ્વારા ભારતમાં એવા પ્રકારની વેપારનીતિ, કરનીતિ તેમજ ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકવામાં આવી કે જેથી અંગ્રેજોને ભારતમાં વેપારથી ફાયદો થાય. ભારતીય નિકાસો માટે યુરોપનાં બજારોમાં વિવિધ પ્રતિબંધો મૂકવામાં આવ્યા જ્યારે ઇંગ્લૅન્ડમાં ઉત્પાદિત વસ્તુઓના ભારતમાં વેચાણ માટે વિશેષ પ્રકારની કર-રાહતો અને છૂટછાટો આપવામાં આવી, તેમજ આ પેદાશોને દેશના ખૂણેખૂણા સુધી પહોંચાડવા રેલવેનો ઉપયોગ કરવામાં આવ્યો. આ પ્રકારની નીતિથી અંગ્રેજોને ભારતમાં ઉત્પાદન અને વેચાણથી અધિશેષ પ્રાપ્ત થયો જેનું તેઓ દ્વારા ઇંગ્લૅન્ડમાં મૂડીરોકાણ કરી ઔદ્યોગિકીકરણને વેગ આપ્યો અને ત્યાંના ઉત્પાદિત માલના વેચાણ માટે ભારતીય બજારોનો ઉપયોગ કર્યો. આ વ્યવસ્થામાં ભારતીય ઉદ્યોગો અને વેપારીઓની હરીફાઈ-શક્તિ અને ઉત્પાદન-શક્તિ ઘટવા લાગી. ભારતના નાના અને ગૃહ ઉદ્યોગો પાયમાલ થવા લાગ્યા. પરિણામે ભારતમાં બેકારી અને ગરીબી વધવા લાગી.

### 5.4.2 ગ્રામીણ ગરીબીનાં કારણો :

**5.4.2.1 કુદરતી પરિબળો :** ભારત શરૂઆતથી ખેતીપ્રધાન દેશ રહ્યો છે અને આજે પણ વસ્તીનો એક મોટો હિસ્સો ગામડાઓમાં ખેતીક્ષેત્ર પર નિર્ભર છે. ભારતમાં ખેતીક્ષેત્રે ઉત્પાદનનો આધાર મુખ્યત્વે કુદરતી પરિબળો જેમ કે વરસાદ, હવામાન વગેરે બાબતો પર રહેલું છે. વારંવાર પડતા દુષ્કાળ, વરસાદની અનિશ્ચિતતા, પૂર, વગેરેને કારણે ખેતીક્ષેત્રે ઉત્પાદન તથા આવકો ઓછી અને અનિશ્ચિત રહે છે. પરિણામે ગરીબી વધુ જોવા મળે છે.

**5.4.2.2 વસ્તીવિષયક પરિબળો :** ભારતમાં આઝાદી પછી આયોજનકાળ દરમિયાન આર્થિક વિકાસ સાથે ઝડપથી સુધરતી આરોગ્ય સેવાઓને કારણે એક તરફ મૃત્યુ-દરમાં ઝડપથી ઘટાડો થયો અને સામે પક્ષે જન્મ-દરમાં ખાસ ઘટાડો થયો નહિ. જેના પરિણામે ઊંચો વસ્તીવૃદ્ધિ-દર જોવા મળ્યો. ઝડપથી વધતી વસ્તીને કારણે માથાદીઠ આવકમાં ખાસ વધારો થયો નહિ. નીચી માથાદીઠ આવક અને કુટુંબોના મોટા કદને કારણે જીવનની ગુણવત્તાના સ્તર નીચા ગયા. વધતી વસ્તીને કારણે શ્રમના પુરવઠામાં ઝડપથી વધારો થયો પરંતુ રોજગારીની તકોમાં ધીમો વધારો થવાને કારણે વેતન-દરો ઘટતા ગયા, બેરોજગારી વધતી ગઈ પરિણામે ગરીબીમાં વધારો થયો.

### 5.4.3 આર્થિક કારણો :

**5.4.3.1 શ્રમિક દીઠ નીચી ખેત-ઉત્પાદકતા :** ભારતમાં ગ્રામ્યક્ષેત્રે ગરીબી વધુ હોવા માટેનું એક મહત્ત્વનું કારણ તે કૃષિક્ષેત્રે શ્રમિકની નીચી ખેત-ઉત્પાદકતા છે. કૃષિક્ષેત્રે સિંચાઈની સગવડોનો અભાવ, અપૂરતી ટેક્નોલૉજી, શિક્ષણ અને તાલીમની ઊણપ, મૂડીરોકાણનો નીચો દર, વસતીનું વધુપડતું ભારણ વગેરેને કારણે

શ્રમિક દીઠ ખેત-ઉત્પાદકતા નીચી રહે છે. પરિણામે ખેડૂતોની આવકો નીચી રહેતા ગરીબીનું પ્રમાણ વધુ જોવા મળે છે.

**5.4.3.2 જમીન તથા સંપત્તિની અસમાન વહેંચણી :** ખેતી માટે જમીન ખૂબ જ મહત્ત્વની છે. ભારતમાં અંગ્રેજોના શાસનકાળથી જ જમીનદારી પ્રથા જેવી વ્યવસ્થાઓને કારણે જમીન માલિકી મૂઠીભર જમીનદારોના હાથમાં હતી. આ વર્ગ ખેતી સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલો ન હોવાથી તેઓને ખેતીક્ષેત્રના વિકાસ માટે મૂડીરોકાણમાં રસ ન હતો. બીજી તરફ જમીન પર ખેતી કરનાર ખેતમજૂરો કે ભાગિયા હતા જેમની પોતાની જમીનમાલિકી ન હોવાથી તેઓને પણ ખેતીક્ષેત્રે મૂડીરોકાણમાં રસ ન હતો. પરિણામે ખેતીક્ષેત્રે ખેત-ઉત્પાદન અને ખેત-ઉત્પાદકતા નીચી રહેતા ગરીબીનું પ્રમાણ ઊંચું જોવા મળ્યું છે.

**5.4.3.3 નાના અને ગૃહઉદ્યોગોનો અલ્પવિકાસ :** ભારતમાં બીજી પંચવર્ષીય યોજનાથી આર્થિક વિકાસની વ્યૂહરચનાના ભાગરૂપે પાયાના અને ભારે ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવ્યું. પરંતુ ગ્રામ્યક્ષેત્રે નાના અને ગૃહઉદ્યોગો કે જેમનો રોજગારી, ઉત્પાદન અને આવકમાં ખૂબ જ મોટો ફાળો આપે છે તેની અવગણના થઈ. આ ઉપરાંત ખેતીની સાથે સંલગ્ન ઉદ્યોગો જેવા કે પશુપાલન, ડેરીઉદ્યોગ, મત્સ્યપાલન, વગેરેના ઓછા વિકાસને કારણે મોસમી બેકારી પણ વધુ જોવા મળે છે. તેથી ગરીબીનું પ્રમાણ ઊંચું રહ્યું છે.

**5.4.3.4 ઝડપથી વધતા ભાવો :** વધતા ભાવો ગરીબીને ગંભીર રીતે અસર કરે છે. યુદ્ધ, દુષ્કાળ, નીચું રાષ્ટ્રીય ઉત્પાદન, ઝડપથી વધતી માંગ, ઉત્પાદન-ખર્ચમાં થતો વધારો વગેરે કારણોસર ચીજવસ્તુઓ અને સેવાઓ તેમજ ખાદ્યચીજોના ભાવોમાં ઝડપથી વધારો થાય છે. જેના પરિણામે ઓછી આવકવાળા વર્ગની ખરીદશક્તિમાં ઝડપથી ઘટાડો થાય છે. જીવનધોરણનું સ્તર નીચું આવે છે. ગરીબી વધે છે. બીજી તરફ વધતા ભાવોની સ્થિતિમાં ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને મોટા ખેડૂતોને ફાયદો થાય છે. તેથી સમાજમાં આવકની અસમાનતા પણ વધે છે.

**5.4.3.5 બેરોજગારીનું ઊંચું પ્રમાણ :**

ભારતમાં મોટા ભાગની વસ્તી ગામડાઓમાં ખેતીક્ષેત્ર પર નભે છે. પરંતુ મોટા ભાગની ખેતી વરસાદી ખેતી હોવાથી વર્ષમાં એક કે બે જ પાક લેવાય છે. આથી, ખેતીક્ષેત્રે મોટા પ્રમાણમાં મોસમી બેકારી જોવા મળે છે. ઝડપથી વધતી વસ્તી અને સંયુક્ત કુટુંબપ્રથાને કારણે ખેતી પર વસ્તીનું ભારણ વધતા પ્રચ્છન્ન બેકારી વધે છે. ગામડાઓમાં ખેતીક્ષેત્રે પૂરક ઉદ્યોગોનો ઓછો વિકાસ, નિરક્ષરતા, શ્રમની ઓછી ગતિશીલતા વગેરેને કારણે બેરોજગારીનું પ્રમાણ ઘણું જ ઊંચું જોવા મળે છે જે ગરીબીનું કારણ બને છે.

**5.4.4 સામાજિક કારણો :**

**5.4.4.1 શિક્ષણનું નીચું સ્તર :** ભારતમાં ગરીબી માટે એક મહત્ત્વનું કારણ શિક્ષણ, તાલીમ, કૌશલ્યની ઊણપ છે. શિક્ષણના નીચા સ્તરને કારણે ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રમાં કૃષિક્ષેત્રે નવી ટેક્નોલૉજી, નવી ખેત પદ્ધતિઓ, સંશોધનો, ખેત-ઉત્પાદનના વેચાણ માટે બજારોના લાભ પ્રાપ્ત થતા નથી. આના પરિણામે ખેતીક્ષેત્રે એક તરફ હેક્ટર દીઠ ઉત્પાદકતા ઓછી રહે છે. તો બીજી તરફ શ્રમિક દીઠ ઉત્પાદકતા પણ નીચી રહે છે. જે ખેડૂતોની નીચી આવકોમાં પરિણામે છે. આ ઉપરાંત શિક્ષણના નીચા સ્તરને કારણે ગામડાઓમાં વૈકલ્પિક રોજગારીની તકો પણ ઓછી મળે છે. વેતન-દરો નીચા રહે છે તેથી ગરીબીનું સ્તર ઊંચું રહે છે.

**5.4.4.2 લૈંગિક અસમાનતા :** ભારતમાં સ્ત્રી-પુરુષ અસમાનતા (લૈંગિક અસમાનતા) શરૂઆતથી જ અસ્તિત્વમાં

છે. સમાજમાં સ્ત્રીઓના સ્વાસ્થ્ય પ્રત્યે ઓછું ધ્યાન આપવામાં આવે છે. પરિણામે સ્ત્રીઓમાં કુપોષણ, ઓછું વજન, નબળાઈનું પ્રમાણ વધારે છે. જેના પરિણામે પ્રસૂતિ સમયે માતા મૃત્યુ-દર ઊંચો રહે છે. તેમજ નવાં જન્મ લેતાં બાળકોના સ્વાસ્થ્યમાં ઘટાડો કરે છે. કામની વહેંચણી બાબતે પણ સ્ત્રીઓ ઘરનું કામ કરે, તેવી માન્યતાને કારણે સ્ત્રીઓમાં શિક્ષણનું સ્તર નીચું છે તેમજ તેઓને આર્થિકક્ષેત્રે કામકાજની તકો ઓછી ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત કામકાજના સ્થળે પુરુષ કરતા સ્ત્રીઓના વેતનદરો સામાન્ય રીતે ઓછા જોવા મળે છે. અર્થતંત્રની કુલ જનસંખ્યામાં સ્ત્રીઓનું પ્રમાણ લગભગ અડધાથી પણ ઓછું છે. જેમાં સ્વાસ્થ્યનું નીચું પ્રમાણ અને આર્થિકક્ષેત્રે કામકાજની ઓછી તકોને કારણે કુટુંબોની આવકો નીચી રહે છે, તેથી ગરીબી વધુ પ્રમાણમાં જોવા મળે છે.

### 5.4.5 અન્ય કારણો :

**5.4.5.1 યુદ્ધ :** ભારતે આઝાદી બાદ પડોશી દેશો પાકિસ્તાન અને ચીન સાથે યુદ્ધનો સામનો કર્યો છે. યુદ્ધના સમયમાં દેશના અછત ધરાવતાં સંસાધનો, યુદ્ધ માટે જરૂરી શસ્ત્ર-સરંજામના ઉત્પાદન અને આયાત પાછળ ખર્ચાય છે. ત્યારે જીવનજરૂરી ચીજવસ્તુઓના ઉત્પાદનમાં ઘટાડો થાય છે. યુદ્ધ દરમિયાન ભવિષ્યમાં સર્જાનારી ચીજવસ્તુઓની અછતથી બચવા લોકો દ્વારા અનાજ, કપડાં, બળતણ જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓની સંગ્રહખોરી વધે છે. પરિણામે ભાવો ઝડપથી વધે છે. આમ, યુદ્ધને પરિણામે દેશ-વિકાસની પ્રક્રિયામાં ઘણું જ પાછળ ધકેલાય છે. વારંવાર યુદ્ધનો સામનો કરવાને કારણે ભારતમાં વિકાસલક્ષી ખર્ચમાં કાપ મુકાયો છે. આર્થિક વિકાસ નીચો રહ્યો છે અને વધતા ભાવોની સમસ્યા ઊભી થઈ. પરિણામે ગરીબીમાં વધારો થયો હતો.

**5.4.5.2 સંરક્ષણ-ખર્ચમાં વધારો :** વારંવાર થયેલા યુદ્ધના કારણે દેશની સંરક્ષણની બાબત વધુ ગંભીર બની હતી. તેથી દેશની સંરક્ષણ વ્યવસ્થાને મજબૂત બનાવવા આધુનિક મિસાઈલો, લડાકુ વિમાનો, ટેન્કો, સબમરિન વગેરે પાછળના ખર્ચમાં સતત વધારો કરવો પડ્યો છે. વર્તમાન સમયમાં આંતકવાદ જેવી સમસ્યાનો સામનો કરવા પણ સંરક્ષણ વ્યવસ્થામાં ખાસ સુવિધાઓ પાછળનો ખર્ચ વધ્યો છે. સંરક્ષણ પાછળ થતો આ પ્રકારનો ખર્ચ બિનવિકાસલક્ષી ખર્ચ છે અને તેમાં જેટલો વધારો થાય તેટલો આર્થિક વિકાસ માટેના ખર્ચમાં ઘટાડો થાય છે. આર્થિક વિકાસ મંદ પડે છે અને ગરીબીનું પ્રમાણ ઊંચું રહે છે.

**5.4.5.3 ખામીયુક્ત નીતિઓ :** ભારતમાં ઝડપી આર્થિક વિકાસ માટે આયોજન હેઠળ બીજી પંચવર્ષીય યોજનાથી પાયાના ભારે ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવ્યું અને ઝડપી ઔદ્યોગિકીકરણ દ્વારા ઊંચા દરે આર્થિક વિકાસ હાંસલ કરી દેશની ગરીબી અને બેકારીની સમસ્યાઓનો ઉકેલ લાવવાની નીતિ અપનાવાઈ. પરંતુ આ નીતિમાં દેશની મોટા ભાગની વસ્તી જે કૃષિક્ષેત્ર પર નભતી હતી તેની અવગણના કરવામાં આવી. દેશમાં મોટા ભાગની વસ્તીને રોજગારી અને આવક પૂરી પાડતા ખેતીક્ષેત્ર તેમજ નાના અને ગૃહ ઉદ્યોગોના ઓછા વિકાસને કારણે લોકોની આવકો નીચી રહી. આ ઉપરાંત આયોજનકાળ દરમિયાન ગરીબી અને બેકારી નિવારણ માટેની જે વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી તેમાં વારંવાર બદલાતી સરકારોને કારણે સાતત્ય અને સંકલનનો અભાવ જોવા મળ્યો. પરિણામે આ યોજનાઓ દ્વારા લક્ષ્યાંક મુજબ ગરીબીમાં ઘટાડો થઈ શક્યો નહિ.

## 5.5 ગરીબી ઘટાડવાના ઉપાયો (Measures of Reducing Poverty)

ભારતમાં આયોજનકાળ દરમિયાન ગરીબી ઘટાડવા, નીચે મુજબના ઉપાયો કરવામાં આવ્યા છે :

### 5.5.1 ખેતીક્ષેત્રે શ્રમિકોની ઉત્પાદકતા વધારવી :

ખેતીક્ષેત્રે શ્રમિકોમાં ઉત્પાદકતા વધારી તેમની આવકો વધારી ગરીબીને ઘટાડી શકાય છે. આ માટે ખેડૂતોને

જાહેર કાર્યક્રમો દ્વારા સુધારેલી ટેક્નોલૉજી, પૂરતા પ્રમાણમાં અને સસ્તા દરે કૃષિ નીપજકો, સુધારેલી માળખાકીય સેવાઓ, ઉત્પાદન માટે પૂરતા ભાવો અને બજારો, કૃષિ-સંશોધનની માહિતી પહોંચાડવાના પ્રયાસો કરાયા છે.

**5.5.2 નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ :**

ભારતમાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદન અને કુલ રોજગારીમાં નાના અને ગૃહ ઉદ્યોગોનો ફાળો મોટો છે. આથી જો નાના અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ કરવામાં આવે તેમને પ્રોત્સાહન આપવામાં આવે, તો મોટા પાયા પર ગરીબી નાબૂદ કરી શકાય.

**5.5.3 અસંગઠિત ક્ષેત્રનો વિકાસ :**

અસંગઠિત ક્ષેત્રમાં શાકભાજી વેચનારા, બાંધકામ ક્ષેત્રના મજૂરો, ખેતમજૂરો, હાથલારી ચલાવનારા વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આવા કામદારોની સ્થિતિ સુધારવા રાષ્ટ્રીય આયોગ દ્વારા કામની પરિસ્થિતિ નક્કી કરવી, જીવન વીમા, સ્વાસ્થ્ય તેમજ વૃદ્ધાવસ્થામાં પેન્શન જેવી સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટેની ભલામણ કરાઈ છે. આ ઉપરાંત નાના અને સીમાંત ખેડૂતોને ખેતી માટે પાણીની વ્યવસ્થા, ધિરાણની સગવડોની ભલામણ કરાઈ છે.

**5.5.4 યોગ્ય કરનીતિનો ઉપયોગ :**

અર્થતંત્રમાં આવકની અસમાનતા અને ગરીબી ઘટે તે રીતે આવકની પુનઃવહેંચણી માટે સરકાર દ્વારા કરનીતિનો ઉપયોગ કરવામાં આવે છે. ધનિક વર્ગ કે જેમની કર ભરવાની શક્તિ વધારે છે તેમની પાસેથી વધુ કર વસૂલવામાં આવે અને ગરીબ વર્ગને ઓછો કર ભરવો પડે તેવી કરરાહતો આપવામાં આવે છે. જેના પરિણામે ગરીબોની આર્થિક-સામાજિક સ્થિતિમાં સુધારો થાય છે. આવકની અસમાનતા અને ગરીબી ઘટે છે.

**5.5.5 માનવ મૂડીરોકાણમાં વધારો :**

વિકસિત રાષ્ટ્રો કે જ્યાં માનવ-ક્ષમતાઓના વિકાસ માટે મોટા પાયા પર શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્યવર્ધનમાં મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યાં બેરોજગારીનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે. પરિણામે ગરીબી પણ ઓછી જોવા મળે છે. સમાજમાં શિક્ષણનું ઊંચું સ્તર કામદારોમાં રોજગારી માટેના વિસ્તૃત વિકલ્પો અને પસંદગીઓ પૂરી પાડે છે. કૌશલ્યવિકાસથી કામદારોની ઉત્પાદકતા વધે છે જે ઊંચાં વેતનોમાં પરિણામે છે. આ માટે કામદારોને કામના સ્થળે તાલીમ અને સંશોધન માટે સતત મૂડીરોકાણ જરૂરી છે.

**5.5.6 વ્યાજબી કિંમતે વસ્તુઓ અને સેવાઓ :**

ગરીબ કુટુંબોને પૂરતો પોષણક્ષમ આહાર કે ખાદ્ય સુરક્ષા (Food Security) પ્રાપ્ત થાય તે માટે રાહતદરે ખાદ્યપદાર્થો પૂરા પાડવા જોઈએ કે જેથી ગરીબીમાં પ્રત્યક્ષ રીતે ઘટાડો કરી શકાય. ભારતમાં આ માટે જાહેર વિતરણ-વ્યવસ્થા હેઠળ સસ્તા અનાજની દુકાનો દ્વારા ગ્રામીણ અને શહેરી ગરીબો ખરીદી શકે તે કિંમતે પાયાની જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવે છે.

**5.5.7 રોજગારલક્ષી કાર્યક્રમો :**

રોજગારી સર્જન અને ગરીબી નિવારણ એકબીજા સાથે સંબંધિત છે. ગરીબી નિવારણ માટે રોજગારલક્ષી મુખ્ય કાર્યક્રમો નીચે મુજબ છે :

**5.5.7.1 સ્વરોજગારી માટેના કાર્યક્રમો :**

છઠ્ઠી યોજનામાં ગ્રામીણ ગરીબો માટે વિવિધ એજન્સીઓ દ્વારા ઘણા કાર્યક્રમો ચલાવવામાં આવતા હતા, તે બધા કાર્યક્રમોને સંકલિત કરી 2 ઑક્ટોમ્બર, 1980થી સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ (IRDP) શરૂ કરવામાં આવ્યો. IRDP ના મૂળ ઉદ્દેશ ગરીબ પરિવારોમાં સ્વરોજગારીને પ્રોત્સાહન આપવું કે જેથી તેઓ ગરીબીરેખાથી વધુ આવક પ્રાપ્ત કરી શકે. આ કાર્યક્રમમાં ખાસ લક્ષિત જૂથો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું જેમાં નાના તેમજ સીમાંત ખેડૂતો, ખેતમજૂરો તેમજ ગામડાના કારીગરોનો સમાવેશ થાય છે. આ રીતે IRDP કાર્યક્રમ ગરીબી વિરોધી કાર્યક્રમના રૂપમાં જોવા મળ્યો.

સ્વરોજગારી માટેના કાર્યક્રમો (IRDP અને અન્ય) કાર્યક્રમો માં નીચે મુજબના કાર્યક્રમોનો સમાવેશ થતો હતો :

(1) IRDP (સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ)

(2) TRYSEM (સ્વરોજગાર માટે ગ્રામીણ યુવાનોને તાલીમ)

(3) DWCRA (ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રીઓ અને બાળકોનો વિકાસનો કાર્યક્રમ)

(4) MWS (10 લાખ કૂવાઓની યોજના)

(5) SITRA (ગ્રામીણ કારીગરો માટે સુધારેલી ટુલકિટ પૂરી પાડવી.)

(6) ગંગા કલ્યાણ યોજના

1લી એપ્રિલ, 1999થી IRDP અને તેની સાથે સંકળાયેલી અન્ય યોજનાઓને ભેગી કરી તેને સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) નામ આપવામાં આવ્યું. આ યોજનામાં ગામડાઓમાં ટચુકડા ઉદ્યોગોના વિકાસ સાથે સ્વસહાય જૂથોને માળખાકીય મદદ, ટેક્નોલૉજી, ધિરાણ, ઉત્પાદિત વસ્તુઓના બજાર માટેની સુવિધા ગ્રામીણ ગરીબોને પૂરી પાડવામાં આવે છે.

**5.5.7.2 વેતન રોજગારી કાર્યક્રમો :** આ કાર્યક્રમો ગરીબી નાબૂદી માટેની વ્યૂહરચનાનો એક ભાગ છે જે બહુઆયામી ઉદ્દેશો ધરાવે છે. વેતન રોજગારી માટેના કાર્યક્રમોનું લક્ષ્યાંક તેવા ગરીબો હતા જેમની પાસે તેમના ભૌતિક શ્રમ સિવાય આવકનું કોઈ સાધન ન હતું. આ કાર્યક્રમો ફક્ત ખેતી સિવાયના મોસમમાં સ્વરોજગારી પૂરી નથી પાડતી પરંતુ પૂર, દુષ્કાળ, અછત અને અન્ય કુદરતી આફતો દરમિયાન રોજગારી પૂરી પાડે છે. આ કાર્યક્રમો હેઠળ ગામડાઓમાં માળખાકીય સેવાઓનો વિકાસ કરવામાં આવે છે. તેમજ શ્રમિકોને યોગ્ય વેતન પ્રાપ્ત થાય તેવા પ્રયાસો થાય છે. વેતન રોજગારી કાર્યક્રમમાં (1) જવાહર રોજગાર યોજના (JRY) (2) રોજગારી બાંહેધરી યોજના (EAS) કાર્યક્રમોનો સમાવેશ થયો હતો.

**5.5.7.3 પ્રધાનમંત્રી રોજગાર યોજના (PMRY) :** 1990ના દાયકામાં સંગઠિત ક્ષેત્રમાં રોજગારી વૃદ્ધિ સ્થગિત થઈ ગઈ હતી તેમજ જાહેર ક્ષેત્રની વૃદ્ધિ નકારાત્મક રહી હતી. બીજી તરફ બેરોજગારી-દરમાં ઝડપથી વધારો થઈ રહ્યો હતો. આ પરિસ્થિતિમાં સ્વરોજગાર માટે પ્રધાનમંત્રી રોજગાર યોજના શરૂ કરવામાં આવી જેનો મુખ્ય હેતુ શિક્ષિત બેરોજગારોને મદદ કરી સ્વરોજગારો માટે સાહસો સ્થાપવા મદદ કરવાનો છે.

**5.5.7.4 રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન(2005) (NREGA) :** વર્ષ 2005માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી કાનૂન (NREGA) મંજૂર કરવામાં આવ્યો, જેનો હેતુ સાર્વજનિક નિર્માણ કાર્યક્રમો હેઠળ સંપત્તિઓ ઊભી કરી

દર વર્ષે ગ્રામીણ, શહેરી ગરીબ તેમજ નીચલા મધ્યમ વર્ગના કુટુંબના એક વ્યક્તિને ઓછામાં ઓછી 100 દિવસની રોજગારી પૂરી પાડવાનો છે. વર્ષ 2009માં NREGA ને સુધારીને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી કાનૂન (MGNREGA)નું સ્વરૂપ આપવામાં આવ્યું.

**5.5.8 આવાસ યોજનાઓ :** ભારતનાં ગામડાઓમાં આજે પણ ખૂબ મોટા પ્રમાણમાં ગરીબીરેખા હેઠળ જીવતાં કુટુંબો અર્ધસ્થાયી કે કામચલાઉ મકાનોમાં વસવાટ કરે છે. ગરીબોને યોગ્ય રહેઠાણની સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી વર્ષ 1985-86માં ગ્રામીણ ક્ષેત્રોમાં ગરીબીરેખાથી નીચેનાં કુટુંબો તેમજ અનુસૂચિત જાતિ અને જનજાતિ વર્ગને મકાનની સુવિધા પૂરી પાડવા ઇન્દિરા આવાસ યોજના (IAY) શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત વર્ષ 2013-14માં રાજીવ આવાસ યોજના અમલમાં મુકાઈ હતી. શહેરી ક્ષેત્રોમાં પણ ગરીબ કુટુંબો ગંદી ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. શહેરી ક્ષેત્રમાં ઝડપથી વધતી આવાસની સમસ્યાને ધ્યાનમાં રાખી 25 જૂન, 2015થી શહેરી ગરીબો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) શરૂ કરવામાં આવી છે. આવાસ યોજનાઓ ગરીબ કુટુંબોને રહેઠાણની સુવિધાઓ તો પૂરી પાડે છે. પરંતુ સાથે-સાથે તે રોજગાર સર્જનનું મહત્ત્વનું સ્રોત પણ છે.

**5.5.9 સામાજિક સલામતીની યોજનાઓ :** ભારતમાં ગરીબીને ઘટાડવાની વ્યૂહરચનાના એક ભાગરૂપે વિવિધ સામાજિક સલામતીની યોજનાઓ શરૂ કરવામાં આવી છે. અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે 9 મે, 2015 થી અટલ પેન્શન યોજના (APY) અમલમાં આવી છે. આ સાથે પ્રધાનમંત્રી સુરક્ષા યોજના હેઠળ 18 થી 70 વર્ષની ઉંમરના વ્યક્તિઓને ₹ 12ના નજીવા પ્રીમિયમે ₹ 2 લાખનો અકસ્માત વીમો તેમજ વાર્ષિક ₹ 330 ના પ્રીમિયમે ₹ 2 લાખનો જીવનવીમો આપતી જીવન જ્યોતિ વીમા યોજના શરૂ કરાઈ છે. ખેતીક્ષેત્રે ખેડૂતોને પાક નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY) શરૂ કરવામાં આવી છે.

**5.5.10 જનધન યોજના :** નાણાકીય સમાવેશીકરણ દ્વારા ગરીબીના મૂળમાં ઘા કરવા માટેની મહત્ત્વાકાંક્ષી યોજના એટલે પ્રધાનમંત્રી જનધન યોજના. આ યોજનાની શરૂઆત 28 ઑગસ્ટ 2014ના રોજ કરવામાં આવી જેના પ્રથમ દિવસે જ 1.5 કરોડ ખાતા ખોલવામાં આવ્યા. અને 8 જાન્યુઆરી સુધીમાં તેની સંખ્યા 12.58 કરોડ થઈ જ્યાં 10,590 કરોડની થાપણો મૂકવામાં આવી.

**જનધન યોજનાનું મહત્ત્વ અને લક્ષણો :** પ્રતિવસ્તી બૅન્કિંગ સેવાનું પ્રમાણ વધે અને પ્રાદેશિક અસમાનતા ઘટે તે હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી જેના મૂળમાં સરકારની ગરીબ પરિવારોને આપવામાં આવતી સહાય સીધી જ તેના બૅન્ક ખાતામાં જમા થાય તે હતો.

જનધન યોજનાની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં શૂન્ય સિલક સાથે ખાતુ ખોલાવી શકાય છે અને ખાતુ ખોલાવ્યાના પાંચ માસ પછી તેમાંથી ₹ 5000નો ઑવર ડ્રાફ્ટ મળી શકે છે. આ યોજનામાં 26 જાન્યુઆરી પહેલા ખાતુ ખોલાવનારને જીવન વીમાનો લાભ પણ આપવાનું જાહેર થયું.

પ્રધાનમંત્રી જનધન યોજના મૂળભૂત રીતે નાણાકીય સમાવેશીકરણ (Financial Inclusion) માટેની સર્વગ્રાહી યોજના ગણવામાં આવી છે. જે બીજી રીતે (માઇક્રો ફાઇનાન્સ) સૂક્ષ્મ ધિરાણ અને બૅન્કિંગ સુવિધા દ્વારા ગરીબીના મૂળમાં ઘા કરવાની યોજના છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ લખો :**

(1) ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચે ગ્રામ્યક્ષેત્રે વ્યક્તિની ખોરાકમાં ન્યૂનતમ દૈનિક કેટલી કૅલરી નક્કી કરી છે ?

(અ) 2400 (બ) 2300 (ક) 2200 (ડ) 2100

(2) તેંડુલકર સમિતિની ભલામણો મુજબ વર્ષ 2011-12 માટે શહેરીક્ષેત્રોની ગરીબીરેખા નક્કી કરવા કેટલા રૂપિયા નક્કી કર્યા છે ?

(અ) 816 (બ) 916 (ક) 1000 (ડ) 2000

(3) વર્ષ 2013માં ભારતમાં સૌથી ઓછી ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(અ) ગુજરાત (બ) રાજસ્થાન (ક) ગોવા (ડ) બિહાર

(4) વર્ષ 2011-12ના અંદાજો મુજબ 30 થી 40 ટકાની ગરીબીની શ્રેણીમાં નીચેનામાંથી કયા રાજ્યનો સમાવેશ થાય છે ?

(અ) પંજાબ (બ) જમ્મુ-કશ્મીર (ક) કર્ણાટક (ડ) ઓડિસા

(5) ભારતમાં વર્ષ 2014-16ના સમયગાળામાં કુપોષિત વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ કેટલું છે ?

(અ) 23.7 (બ) 15.2 (ક) 11.2 (ડ) 20.5

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ગરીબીરેખા એટલે શું ?

(2) સાપેક્ષ ગરીબીનો અર્થ લખો.

(3) તેંડુલકર સમિતિએ ગરીબીરેખા નક્કી કરવા કયા પ્રકારના ખર્ચનો સમાવેશ કર્યો છે ?

(4) સાપેક્ષ ગરીબીને માપવા માટે કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ગરીબીનો આવક અભિગમ સમજાવો.

(2) ગરીબીનો આધુનિક અભિગમ સમજાવો.

(3) ગરીબીરેખાની મર્યાદા જણાવો.

(4) ભારતમાં નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ કેટલું છે ?

(5) પીવાનું સ્વચ્છ પાણી અને મકાનની ઉપલબ્ધતાનું મહત્ત્વ સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ગરીબી માટેનાં આર્થિક કારણો સમજાવો.

(2) ગરીબીનિવારણ માટેના રોજગારલક્ષી કાર્યક્રમો સમજાવો.

(3) ગરીબીના સ્વાસ્થ્ય સંબંધિત નિર્દેશકો ચર્ચો.

(4) ગરીબીનું સ્વરૂપ સમજાવો.

(5) ગરીબીનિવારણ માટેની સામાજિક સલામતીની યોજનાઓ ટૂંકમાં સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ગરીબી એટલે શું ? ગરીબીના નિર્દેશકો સમજાવો.

(2) ગરીબીનું સ્વરૂપ દર્શાવી ગરીબીનાં કારણો ચર્ચો.

(3) ભારતમાં ગરીબી ઘટાડવાના ઉપાયો ચર્ચો.

**પારિભાષિક શબ્દો**

**લોરેન્જ વક્ર (Lorenz Curve)** : અર્થશાસ્ત્રમાં લોરેન્જ વક્ર તે આવક અથવા સંપત્તિની વહેંચણીની આલેખ દ્વારા રજૂઆત કરે છે. વર્ષ 1905માં મેક્સ ઓ. લોરેન્જ (Max. O. Lorenz) દ્વારા સંપત્તિની વહેંચણીની અસમાનતાને રજૂ કરવા લોરેન્જ વક્ર દર્શાવ્યો હતો.

**ગીની (ગુણાંક)** : ગીની (ગુણાંક) તે લોરેન્જ વક્ર પર આધારિત આવક અથવા સંપત્તિની વહેંચણીનું સંખ્યાત્મક માપ છે. ગીની (ગુણાંક)નું મૂલ્ય 0 થી 1ની વચ્ચે હોય છે. જે ગીની (ગુણાંક)નું મૂલ્ય શૂન્ય હોય તો તે સંપત્તિની સંપૂર્ણ સમાન વહેંચણીને દર્શાવે છે. જો ગીની ગુણોત્તરનું મૂલ્ય 1 હોય તો તે સમગ્ર સંપત્તિની માલિકી એક જ વ્યક્તિની છે તેમ દર્શાવે છે. ગીની (ગુણાંક)નું મૂલ્ય જેમ વધારે તેમ સંપત્તિની વહેંચણી વધુ અસમાન તેમ કહેવાય.

**માથાદીઠ વપરાશી-ખર્ચ** : કોઈ એક વર્ષ દરમિયાન કુટુંબો દ્વારા ખરીદેલ બધી જ વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યને તે જ વર્ષની કુલ વસ્તી વડે ભાગતા માથાદીઠ વપરાશી-ખર્ચ પ્રાપ્ત થાય છે.

**શ્રમિકદીઠ ઉત્પાદકતા** : કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન એક શ્રમિક દ્વારા જે પ્રમાણમાં વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન થાય તે શ્રમિક દીઠ ઉત્પાદકતા છે.

**સાક્ષરતા-દર** : ભારતમાં 1991ની વસ્તીગણતરી મુજબ સાત વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ કે જે સમજણ સાથે લખી કે વાંચી શકે છે તેનું કુલ વસ્તીમાં ટકાવારી પ્રમાણ સાક્ષરતા-દર છે.

**FAO** : Food and Agricultural Organization (FAO) United Nationsની ખાસ એજન્સી છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂખમરાને ઘટાડવાનો પ્રયાસ કરે છે.

●

# 6 બેરોજગારી


- પ્રસ્તાવના

**6.1 બેરોજગારીનો અર્થ**

**6.2 બેરોજગારીના પ્રકારો**

6.2.1 સંપૂર્ણ બેરોજગારી

6.2.2 અર્ધ બેરોજગારી

6.2.3 પ્રચ્છન્ન બેરોજગારી

6.2.4 ચક્રીય બેરોજગારી

6.2.5 ઘર્ષણજન્ય બેરોજગારી

**6.3 બેરોજગારી ઉદ્‌ભવવાનાં કારણો**

6.3.1 વસ્તીવૃદ્ધિનો ઊંચો દર

6.3.2 રોજગારીની તકોમાં ધીમો વધારો

6.3.3 બચત અને મૂડીરોકાણનો નીચો દર

6.3.4 મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ

6.3.5 વ્યાવસાયિક શિક્ષણનું નીચું પ્રમાણ

6.3.6 માનવશક્તિના આયોજનનો અભાવ

6.3.7 જાહેર ક્ષેત્રની બિનકાર્યક્ષમતા

6.3.8 કૃષિક્ષેત્રની અવગણના

6.3.9 શ્રમની ઓછી ગતિશીલતા

6.3.10અપૂરતી માળખાકીય સુવિધા

**6.4 બેરોજગારી ઘટાડવાના ઉપાયો**

6.4.1 વસ્તીનિયંત્રણ

6.4.2 આર્થિક વિકાસનો દર ઊંચો લઈ જવો

6.4.3 રોજગારલક્ષી આયોજન

6.4.4 રોજગારલક્ષી શિક્ષણ

6.4.5 ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ

6.4.6 આંતર માળખાકીય સેવાનો વિસ્તાર

6.4.7 કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિનો વેગ અને વિસ્તાર

**6.5 બેરોજગારીની સમસ્યા હલ કરવા માટે રાજ્યની યોજનાઓ**


**પ્રસ્તાવના (Introduction)**

વર્તમાન સમયમાં વિશ્વના ઘણા બધા દેશો ગરીબી, બેરોજગારી, ફુગાવો અને મંદી જેવી અનેક આર્થિક અને સામાજિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાઓએ વિશ્વમાં આજે ચિંતાજનક પરિસ્થિતિ ઊભી કરી છે. આ સમસ્યાઓમાંથી બહાર નીકળવા માટે દરેક દેશ પોતાની રીતે સતત પ્રયત્નશીલ હોવાં છતાં, પણ આ સમસ્યાનું પૂર્ણ નિરાકરણ થયું નથી તે એક વાસ્તવિકતા છે. વિકસિત અને વિકાસશીલ દેશોએ આર્થિક વિકાસ કર્યો હોવા છતાં પણ પૂર્ણ રોજગારીનું સર્જન કરવામાં સફળ થયા નથી. પરિણામે બેરોજગારીની સમસ્યાએ આજે વૈશ્વિક સમસ્યાનું રૂપ ધારણ કર્યું છે. ભારતમાં પણ બેરોજગારીની સમસ્યા દીર્ઘકાલીન સમસ્યા છે. તેથી જ આયોજનમાં બેરોજગારીની સમસ્યા નિવારવાના ધ્યેયને અગ્રિમતા આપવામાં આવી છે. પરંતુ દેશમાં આર્થિક વિકાસ થયો હોવા છતાં બેરોજગારીની સમસ્યા ઘટવાને બદલે વધતી ગઈ છે. તે આપણા આયોજનની મર્યાદા છે. વિકાસશીલ ભારત દેશમાં એક તરફ ઊંચો વસ્તીવૃદ્ધિનો દર અને બીજી તરફ અપૂરતો આર્થિક વિકાસ થવાને કારણે બેરોજગારીની સમસ્યાએ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે.

## 6.1 બેરોજગારીનો અર્થ (Meaning of Unemployment)

સામાન્ય રીતે બેરોજગારી એટલે કામ કરી શકે તેવી વ્યક્તિની કામ વગરની સ્થિતિ.

બેરોજગાર માત્ર શ્રમિક જ હોય તેવું નથી, પણ ઉત્પાદનનાં અન્ય સાધનો પણ બેરોજગાર હોઈ શકે છે. પરંતુ સામાન્ય રીતે બેરોજગારીને માત્ર શ્રમના સંદર્ભમાં જ વિચારવામાં આવે છે. તેથી અહીં આપણે શ્રમિકને લક્ષમાં રાખીને બેરોજગારીનો અર્થ સ્પષ્ટ કરીશું.

પિગુના મતે બેરોજગારી એટલે ''કોઈ વ્યક્તિ માત્ર ત્યારે જ બેકાર કહેવાય છે કે જ્યારે તેની કામ કરવાની ઈચ્છા હોવા છતાં કામ મળતું નથી.''

ટૂંકમાં બેરોજગારી એટલે ''પ્રવર્તમાન વેતન-દરે વ્યક્તિની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં તેને કામ ન મળે ત્યારે તે વ્યક્તિ બેરોજગાર છે તેમ કહેવાય.''

બેરોજગારીના ઉપર્યુક્ત અર્થ મુજબ પ્રવર્તમાન વેતન-દરે વ્યક્તિની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં તેને કામ વગર રહેવું પડે ત્યારે આવી બેરોજગારીને ''અનૈચ્છિક બેરોજગારી'' કે ફરજિયાત સ્વરૂપની બેરોજગારી'' કહેવાય છે. તેવી જ રીતે જો વ્યક્તિની કામ કરવાની ઈચ્છા અને શક્તિ ન હોય અને પરિણામે તે પ્રવર્તમાન વેતન-દરે કામ વગર બેસી રહે તેવી વ્યક્તિને બેરોજગાર કહેવાય નહિ. આવા વ્યક્તિને 'સ્વૈચ્છિક બેરોજગાર' ગણી શકાય. આ અર્થ મુજબ બાળકો, વૃદ્ધો, અશક્તો અને પોતાની ઈચ્છાથી કામ વગર બેસી રહેનાર સક્રિય શ્રમ-પુરવઠાનો હિસ્સો ના હોવાથી બેરોજગાર ગણાય નહિ. આવી સ્વૈચ્છિક બેરોજગારી એ બેરોજગારીની સમસ્યા નથી.

બેરોજગારીનો ખ્યાલ સક્રિય શ્રમના પુરવઠાના સંદર્ભમાં જ સમજાવવામાં આવે છે. સક્રિય શ્રમના પુરવઠામાં સામાન્ય રીતે 15 થી 64 વર્ષની વયજૂથમાં હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. બેરોજગારીના અર્થની સ્પષ્ટતા પરથી કહી શકાય કે, અનૈચ્છિક બેરોજગારી કે ફરજિયાત સ્વરૂપની બેરોજગારી જ દેશ માટે સમસ્યારૂપ ગણવામાં આવે છે. ભારતમાં પણ બેરોજગારીએ ગંભીર આર્થિક સમસ્યાનું સ્વરૂપ ધારણ કર્યું છે.

બેરોજગાર વ્યક્તિ આર્થિક રીતે આશ્રિત હોય છે અને સમાજમાં સ્વમાનપૂર્વક જીવન જીવી શકતી નથી. તેથી ભારતમાં બેરોજગારીની સમસ્યા એ માત્ર આર્થિક સમસ્યા જ નથી પણ તે સામાજિક, નૈતિક અને રાજકીય ક્ષેત્રે સમસ્યાઓ ઊભી કરી શકે છે.

### 6.2 બેરોજગારીના પ્રકારો (Types of Unemployment)

બેરોજગારીનું સ્વરૂપ કે પ્રકારો નક્કી કરતી વખતે અર્થતંત્રનું સ્વરૂપ પણ જાણવું જરૂરી છે. કારણ કે વિકસિત અને વિકાસશીલ દેશોમાં જોવા મળતી બેરોજગારીનું સ્વરૂપ વિભિન્ન હોય શકે છે. સામાન્ય રીતે વિકસિત દેશોમાં આવતા ચક્રીય ફેરફારોને કારણે અસરકારક માંગના અભાવને કારણે બેરોજગારી ઉદ્ભવે છે. જે મોટા ભાગે ટૂંકા ગાળા માટેની હોય છે. વિકસિત દેશોમાં ચક્રીય બેરોજગારી અને ઘર્ષણજન્ય બેરોજગારી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જેને અસરકારક માંગમાં વધારો કરીને હલ કરી શકાય છે. જ્યારે ભારત જેવા વિકાસશીલ દેશમાં ઊંચા વસ્તીવૃદ્ધિના દરને કારણે, શ્રમના પુરવઠામાં ઝડપી વધારો થાય છે. પરંતુ બીજી તરફ દેશમાં માળખાગત ખામીને કારણે રોજગારીની તકોમાં ધીમા દરે વધારો થાય છે જેથી બેરોજગારીની સમસ્યા સર્જાય છે. એટલે કે ભારતમાં જોવા મળતી બેરોજગારી માળખાગત સ્વરૂપની હોય છે અને તે લાંબા ગાળા માટેની હોય છે. જેને આર્થિક, સામાજિક અને રાજકીય માળખામાં યોગ્ય ફેરફાર લાવીને અને આંતર માળખાકીય સુવિધાનો વિસ્તાર કરીને હલ કરી શકાય.

બેરોજગારીનું સ્વરૂપ કે પ્રકારો જાણવા માટે શ્રી રાજકૃષ્ણ સમિતિ રિપોર્ટ 2011-12 એ નીચેના ચાર માપદંડો રજૂ કર્યા છે :

**(1) સમય :** જે વ્યક્તિ કામ કરવાની વૃત્તિ અને શક્તિ ધરાવતી હોય, પરંતુ અઠવાડિયામાં 28 કલાક કે તેથી ઓછા કલાક માટે કામ મળે તો તેને તીવ્ર રીતે બેરોજગાર ગણાય. પરંતુ જો વ્યક્તિને અઠવાડિયામાં 28 કલાકથી વધારે પરંતુ 42 કલાકથી ઓછા સમય માટે કામ મળતું હોય તો તેની બેરોજગારીની તીવ્રતા ઓછી ગણાય.

**(2) આવક :** વ્યક્તિને કામમાંથી એટલી ઓછી આવક મળતી હોય કે જેથી તેની ગરીબી દૂર ન થઈ

શકે તો તે આવકની દૃષ્ટિએ બેરોજગાર ગણાય છે. ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં આવી બેરોજગારી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

દા.ત., કોઈ એક વ્યક્તિને પોતાના પરિવારનું ભરણ-પોષણ કરવા માટે એક મહિનામાં ₹ 30,000/ની આવશ્યકતા હોય પણ તે વ્યક્તિ વર્તમાન કામમાંથી ₹ 15,000/- કે તેથી ઓછી જ આવક મેળવી શકતી હોય.

**(3) સંમતિ :** વ્યક્તિ જે કામ કરવા માટેની લાયકાત ધરાવતો હોય પરંતુ તે લાયકાત પ્રમાણેનું કામ તેને ન મળતું હોય તેવા સંજોગોમાં તેને પોતાની લાયકાત કરતા ઓછી લાયકાતવાળું અન્ય પ્રકારનું કામ સ્વીકારવું પડે છે. પરંતુ આ પ્રકારના કામથી તેને ઓછી આવક પ્રાપ્ત થતી હોવાથી તે અર્ધબેરોજગાર કહેવાય છે.

દા.ત., C.A. ની ડિગ્રી મેળવેલ વ્યક્તિએ ક્લાર્ક તરીકે કામ કરવું પડે.

**(4) ઉત્પાદકતા :** શ્રમિકની વાસ્તવિક ઉત્પાદકતા જે હોય તેના કરતા તે વ્યક્તિ હાલ ઓછી ઉત્પાદકતા એ કામ કરતો હોય, તો ઉત્પાદન તેની શક્તિ કે ઉત્પાદકતા કરતા ઓછું હશે.

દા.ત., કોઈ એક વ્યક્તિ એક દિવસમાં 20 મીટર કાપડ બનાવી શકવાની ક્ષમતા ધરાવે છે. પણ તેને 10 મીટર જ કાપડ બનાવી શકે તેટલું જ કામ મળતું હોય.

ઉપર્યુક્ત માપદંડ પ્રમાણે બેરોજગારીના પ્રકારો આ પ્રમાણે પાડી શકાય :

### 6.2.1 સંપૂર્ણ બેરોજગારી :

**અર્થ :** જે વ્યક્તિઓ પ્રવર્તમાન વેતનના દરે રોજગારી મેળવવા માંગે છે અને જરૂરી લાયકાત પણ ધરાવે છે, પરંતુ તેમને બિલકુલ રોજગારી ના મળતી હોય તો તેઓ સંપૂર્ણ બેરોજગાર કે ખુલ્લા બેરોજગાર કહેવાય.

સામાન્ય રીતે જે દેશમાં શ્રમનો પુરવઠો ઝડપથી વધતો હોય અને શહેરીકરણની પ્રક્રિયા પણ ઝડપી હોય ત્યાં આવી સંપૂર્ણ બેરોજગારીનો વૃદ્ધિ-દર ઊંચો જોવા મળે છે. આ પ્રકારની બેરોજગારી ગામડાં કરતા શહેરોમાં વધુ જોવા મળે છે. જેમાંના મોટા ભાગના ખુલ્લા-બેરોજગારો ગામડામાંથી શહેરોમાં કામની શોધમાં આવેલા વ્યક્તિઓ હોય છે. સંપૂર્ણ બેરોજગારીનો ભોગ સામાન્ય રીતે શિક્ષિતો અને તાલીમ વગરના વ્યક્તિઓ વધુ બનતા હોય છે.

સંપૂર્ણ બેરોજગાર વ્યક્તિઓ કામ કરી શકે તેમ હોવા છતાં કામ મેળવી શકતા નથી પરંતુ આવી વ્યક્તિઓ વસ્તુનો વપરાશ અને ખર્ચ તો કરતા જ હોય છે. તેથી તેઓ બોજારૂપ બને છે અને ઉત્પાદકતા ઘટવાનું કારણ પણ બને છે. સંપૂર્ણ બેરોજગારીનું પ્રમાણ 15 થી 25 વર્ષની વયજૂથની વ્યક્તિઓમાં વધુ જોવા મળે છે.

સંપૂર્ણ કે ખુલ્લી બેરોજગારીનો આંક આધારભૂત રીતે મેળવવો મુશ્કેલ હોય છે છતાં પણ તેને માપવાની ત્રણ પદ્ધતિઓ પ્રચલિત છે :

(1) રોજગાર વિનિમય કેન્દ્રમાં થયેલ નોંધણી દ્વારા (2) શ્રમના પુરવઠાના સેમ્પલ સર્વે દ્વારા (3) વસ્તી-ગણતરીના આંકડા દ્વારા.

### 6.2.2 અર્ધબેરોજગારી :

**અર્થ :** શ્રમિકો તેમની શક્તિનો પૂરો ઉપયોગ કરી શકતા ન હોય એટલે કે ઓછા સમય માટે કે લાયકાત કરતા ઓછી લાયકાતવાળું કાર્ય સ્વીકારવું પડે તેને અર્ધબેરોજગાર કહેવાય.

શ્રમિક દિવસના જેટલા કલાક અથવા વર્ષના જેટલા દિવસ કામ કરવાની વૃત્તિ અને શક્તિ ધરાવતો હોય

તેના કરતા ઓછા કલાક કે દિવસનું કામ મળે તો તે અર્ધબેરોજગાર કહેવાય. દા.ત., એક કારખાનામાં કે ખેતરમાં શ્રમિકને આઠ કલાકને બદલે માત્ર પાંચ કલાક કામ મળતું હોય તો તે અર્ધબેરોજગાર કહેવાય. આ અર્થ મુજબ ભારતમાં ગ્રામ્ય વિસ્તારમાં ખેતીક્ષેત્રે જોવા મળતી મોસમી બેરોજગારી પણ અર્ધબેરોજગારીનો જ એક પ્રકાર છે. કારણ કે ખેતીક્ષેત્રે રોકાયેલ શ્રમિકને વાવણી અને લણણી (કાપણી)ની મોસમમાં જ કામ મળે છે. પણ બાકીના સમયમાં કામ વગર બેસી રહેવું પડે છે. ભારતની ખેતી મોટા ભાગે વરસાદ આધારિત છે અને સિંચાઈની સગવડ મર્યાદિત હોવાથી ખેતીક્ષેત્ર આવી મોસમી સ્વરૂપની બેરોજગારી વિશેષ જોવા મળે છે.

તેવી જ રીતે કેટલીક શિક્ષિત વ્યક્તિઓને તેમની લાયકાત કે ડિગ્રી પ્રમાણે કામ ના મળતા ઊતરતી કક્ષાનું કામ સ્વીકારવું પડે છે તેને પણ અર્ધબેરોજગારી કહેવાય. દા.ત., કમ્પ્યૂટર એન્જિનિયરની ડિગ્રી ધરાવનાર વ્યક્તિને ગૅરેજમાં નોકરી કરવી પડે.

### 6.2.3 પ્રચ્છન્ન બેરોજગારી :

પ્રચ્છન્ન બેરોજગારી એટલે છૂપી બેરોજગારી. આ પ્રકારની પ્રચ્છન્ન બેરોજગારી ભારત જેવા વિકસતા દેશમાં સવિશેષ જોવા મળે છે.

**અર્થ :** કોઈ એક વ્યવસાયમાં પ્રવર્તમાન ટેક્નોલૉજીના સંદર્ભમાં જરૂરી હોય તેના કરતા વધુ શ્રમિકો રોકાયેલા હોય. આવા વધારાના શ્રમિકોને આ ક્ષેત્રમાંથી ખસેડી લેવામાં આવે તોપણ કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર ન થતો હોય, તો તેઓ પ્રચ્છન્ન બેરોજગાર કહેવાય છે.

એટલે કે, જો ઉત્પાદનનાં સાધનો અને ઉત્પાદનની ટેકિનક આપેલી હોય અને અતિ વસ્તી ધરાવતા વિકસતા દેશોના ખેતીક્ષેત્રમાં વિશેષ પ્રમાણમાં શ્રમની સીમાંત ઉત્પાદકતા શુન્ય હોય, તો તેવા દેશોમાં પ્રચ્છન્ન બેરોજગારી પ્રર્વતે છે, તેમ કહી શકાય.

ઉપર્યુક્ત અર્થ મુજબ એમ કહી શકાય કે, પ્રચ્છન્ન બેરોજગારની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે.

ભારતમાં વસ્તી સતત વધતી ગઈ છે. તેથી રોજગારી માગનારાઓની સંખ્યા પણ ઊંચા દરે વધે છે. પરંતુ દેશમાં ખેતી સિવાયનાં અન્ય ક્ષેત્રોનો અપૂરતો વિકાસ થયો હોવાથી રોજગારી માંગનારી વધારાની વસ્તીનું ખેતીક્ષેત્રે ભારણ વધતું જાય છે. આ વધારાના શ્રમિકોને ખેતીક્ષેત્રમાંથી ખસેડી લેવામાં આવે તોપણ ખેત-ઉત્પાદનમાં ઘટાડો થશે નહિ. આ વધારાના શ્રમિકોની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોવાથી આ શ્રમિકોને પ્રચ્છન્ન બેરોજગાર કહી શકાય. શહેરોમાં પણ ઉદ્યોગ અને વેપારક્ષેત્રે આવી પ્રચ્છન્ન બેરોજગારી જોવા મળતી હોય છે. સામાન્ય રીતે જે વ્યવસાયમાં શ્રમકાર્ય કુટુંબ દ્વારા થતું હોય શ્રમિકોને વેતન નાણાકીય સ્વરૂપમાં ન ચૂકવવામાં આવતું હોય તેમાં પ્રચ્છન્ન બેરોજગારી વિશેષ જોવા મળતી હોય છે.

દા.ત., ધારો કે 10 હેક્ટર જમીનનો ઈષ્ટતમ ઉપયોગ કરવામાં આવે તો વધુમાં વધુ 5 શ્રમિકોને રોજગારી પૂરી પાડી શકાય તેમ હોય. પરંતુ અન્ય સ્થળે કામ મળે તેમ ન હોવાથી કુટુંબના બીજા 3 સભ્યો પણ આજ ખેતરમાં કામમાં જોડાય. પણ તેમના જોડાવવાથી આ ખેતરના કુલ ઉત્પાદનમાં કોઈ જ વધારો થતો ન હોય તો આ વધારાના 3 શ્રમિકો પ્રચ્છન્ન બેરોજગાર છે તેમ કહેવાય. આવા શ્રમિકો બેકાર દેખાતા નથી, પણ તેમની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોવાથી તે પ્રચ્છન્ન બેરોજગાર ગણાય.

### 6.2.4 ચક્રીય બેરોજગારી :

મૂડીવાદી સ્વરૂપની અર્થ-વ્યવસ્થામાં મૂડીરોકાણ કરનાર અને બચત કરનાર બંને જુદી વ્યક્તિઓ હોવાથી મૂડીરોકાણ અને બચત કરનાર વચ્ચે અવાર-નવાર અસમતુલા સર્જાય છે. પરિણામે ક્યારેક આખા અર્થતંત્રમાં તેજીનું તો ક્યારેક મંદીનું મોજું ફરી વળે છે. તેજીની સ્થિતિમાં અર્થતંત્રમાં મૂડીરોકાણ, ઉત્પાદન, આવક, રોજગારી વગેરે વધવાનું વલણ હોય છે. જ્યારે સમગ્ર અર્થતંત્રમાં મંદીનું વાતાવરણ સર્જાય ત્યારે ચીજવસ્તુઓ

અને સેવાની માંગમાં ઘટાડો થાય છે. પરિણામે અસરકારક માંગના અભાવને કારણે ઉદ્યોગોએ ઉત્પાદન ઘટાડવું પડે છે અથવા ઉત્પાદનના એકમો બંધ કરવા પડે છે અને ઘણા બધા શ્રમિકોને કામ પરથી છૂટા કરવામાં આવે છે. આમ અહીં મંદી બેરોજગારીનું કારણ બને છે. તેથી આ બેરોજગારીને ચક્રીય બેરોજગારી કે મંદીજન્ય બેરોજગારી કે વ્યાપાર ચક્રીય બેરોજગારી તરીકે ઓળખવામાં આવે છે.

ઈ.સ. 1929-30માં અમેરિકામાં આવેલ મહામંદીની અસર વિશ્વના ઘણા બધા દેશોમાં જોવા મળેલી, તેથી આ મંદીને વિશ્વ મહામંદી તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્તમાન સમયમાં પણ ક્યારેક અમેરિકા, ઇંગ્લૅન્ડ જેવા વિકસિત દેશોમાં આવી બેરોજગારી સર્જાય છે. ભારતમાં પણ મૂડીવાદી સ્વરૂપના બજારતંત્રનું અસ્તિત્વ હોવાથી અવાર-નવાર આવી ચક્રીય બેરોજગારી ઉદ્ભવતી જોવા મળે છે. જેમ કે ભારતમાં હીરા ઉદ્યોગક્ષેત્રે ક્યારેક આ સ્વરૂપની બેરોજગારી ઉદ્ભવતી જોવા મળે છે.

ચક્રીય બેરોજગારીની સમસ્યા હલ કરવા માટે રાજ્યે ઉત્પાદકીય કે વિકાસલક્ષી કાર્યોમાં મૂડીરોકાણમાં વધારો કરીને વધુ ને વધુ લોકોને રોજગારી પૂરી પાડીને તેમની આવકમાં વધારો થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. જેથી લોકોની આવક વધતા અસરકારક માંગમાં વધારો થશે અને ઉત્પાદન વધશે. ઉત્પાદન વધતા રોજગારી વધશે. પરિણામે ચક્રીય બેરોજગારીની સમસ્યા હળવી થશે.

### 6.2.5 ઘર્ષણજન્ય બેરોજગારી :

**અર્થ :** જ્યારે ઉત્પાદન પદ્ધતિમાં, ચીજવસ્તુની માંગમાં કે ચીજવસ્તુના ઉત્પાદનમાં ફેરફાર થવાથી કે શોધખોળ અને નવી ટેક્નોલૉજીને કારણે બજારમાં નવી વસ્તુ પ્રવેશવાથી જો બેરોજગારી સર્જાય તો આવી બેરોજગારીને ઘર્ષણજન્ય બેરોજગારી તરીકે ઓળખવામાં આવે છે.

વિકસિત દેશોમાં જૂની ઉત્પાદન પદ્ધતિના સ્થાને નવી ઉત્પાદન પદ્ધતિ આવતા, જૂની ઉત્પાદન પદ્ધતિવાળા એકમોને આર્થિક રીતે નુકસાન જતાં કેટલાક એકમો બંધ પડે છે. પરિણામે તેમાં રોકાયેલા શ્રમિકો નવી ઉત્પાદન પદ્ધતિને અનુરૂપ કાર્ય ના શીખે ત્યાં સુધી તેમને બેરોજગાર રહેવું પડે છે. નવી પદ્ધતિ મુજબનું કાર્ય શીખીને ફરીથી શ્રમિકો રોજગારી મેળવી લે છે. એટલે કે આ સ્વરૂપની બેરોજગારી ટૂંકા ગાળા માટેની હોય છે.

દા.ત., સાદા મોબાઇલ ફોનના સ્થાને સ્માર્ટ મોબાઇલ ફોન આવતા સાદા મોબાઇલ ફોનના ઉત્પાદન, વેચાણ અને સર્વિસ ક્ષેત્રે કામ કરતા શ્રમિકોને રોજગારી મળતી બંધ થતા તેઓ બેરોજગાર બને છે. આ સ્વરૂપની બેરોજગારી ઘર્ષણજન્ય બેરોજગારી ગણાય.

## 6.3 બેરોજગારી ઉદ્ભવવાનાં કારણો (Causes of Unemployment)

ભારતમાં બેરોજગારીના પ્રમાણની માહિતી આયોજન પંચ, સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઇઝેશન (C.S.O.), નેશનલ સેમ્પલ સર્વે અને રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા પ્રકાશિત થતા બેરોજગારીના અહેવાલમાંથી પ્રાપ્ત થાય છે. તેમજ બેરોજગારીની સમસ્યાના અભ્યાસ અર્થે રચાયેલ ભગવતી સમિતિના અહેવાલમાં પણ ભારતની બેરોજગારીનું પ્રમાણ અને કારણો દર્શાવવામાં આવ્યા છે.

ભારતમાં આર્થિક વિકાસના દરને ઊંચો લઈ જવા માટે અને બેરોજગારીની સમસ્યાના ઉકેલ માટે ઈ.સ. 1951થી આયોજનબદ્ધ પગલાં ભરવામાં આવ્યાં હોવા છતાં, બેરોજગારીની સમસ્યા વધારે ને વધારે તીવ્ર બનતી ગઈ છે. યોજનાના અંતે બેરોજગારીના પ્રમાણની નીચે આપેલ માહિતી પરથી સ્પષ્ટ થાય છે :

ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજનાને અંતે 53 લાખ બેરોજગારો હતા જે વધીને પાંચમી યોજનાને અંતે 304 લાખ અને નવમી યોજનાને અંતે વધીને 348.5 લાખ બેરોજગારો થયા.

ઉપર્યુક્ત બેરોજગારીની માહિતી પરથી તારણ કાઢી શકાય કે, ભારતમાં વ્યાપક પ્રમાણમાં બેરોજગારી જોવા

મળે છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આ ચિંતાજનક બાબત છે. બેરોજગારીના વધારા માટે શ્રમના પુરવઠામાં ઝડપથી થતી વૃદ્ધિ, રોજગારીની તકોમાં ધીમો વધારો, નીચો બચત અને મૂડીરોકાણનો દર તેમજ શિક્ષણ પદ્ધતિની ખામી જેવાં અનેક કારણો જવાબદાર છે. ભારતમાં બેરોજગારીની સમસ્યા ઉદ્ભવવાનાં કેટલાંક મુખ્ય કારણો તપાસીએ.

### 6.3.1 વસ્તીવૃદ્ધિનો ઊંચો દર :

ભારતમાં વસ્તીનું કદ અને વસ્તીવૃદ્ધિના દરનું ઊંચું પ્રમાણ જોવા મળે છે.

ભારતમાં વસ્તીવૃદ્ધિનો દર ઊંચો રહેવાથી દેશની કુલ વસ્તીમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં વધારો થયો છે. તેથી શ્રમના પુરવઠામાં પણ ઝડપથી વધારો થાય છે અને શ્રમબજારમાં રોજગારીની શોધમાં પ્રવેશતા નવા શ્રમિકોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ગયું છે. પરંતુ તેની સામે રોજગારીની તકોમાં ધીમા દરે વધારો થતો હોવાથી બેરોજગારીની અને અર્ધબેરોજગારીની સમસ્યા વધતી જાય છે. એક અંદાજ મુજબ ભારતમાં પ્રતિ વર્ષ 1.70 કરોડ જેટલી વસ્તી વધે છે. આમ, ઊંચા દરે વધતી વસ્તીની સામે દેશમાં રોજગારી આપવાનાં સાધનો અપૂરતાં હોય ત્યાં બેરોજગારીમાં વધારો થાય તે સ્વાભાવિક છે. દેશમાં રોજગાર વૃદ્ધિ-દર વસ્તીવૃદ્ધિના દર કરતા ખૂબ નીચો હોવાથી બેરોજગારીની સમસ્યા સર્જાય છે અને તે વધતી જાય છે.

### 6.3.2 રોજગારીની તકોમાં ધીમો વધારો :

રોજગારી વધારાને આર્થિક વિકાસના વૃદ્ધિ-દર સાથે ખૂબ જ ગાઢ સંબંધ છે. પરંતુ આયોજનકાળ દરમિયાન આર્થિક વિકાસનો દર વધતો ગયો હોવા છતાં રોજગારીની પૂરતી તકોનું સર્જન કરવામાં નિષ્ફળતા મળી છે, જે એ દર્શાવે છે કે ભારતનો ''આર્થિક વિકાસ રોજગારી વગરનો વિકાસ રહ્યો છે.''

ભારતમાં આયોજનના પ્રથમ ત્રણ દશકામાં સરેરાશ લગભગ 3.5 ટકાના દરે આર્થિક વિકાસ હાંસલ કરી શકાયો હતો. જે દર વધીને દસમી યોજનામાં 7.6 % અને અગિયારમી યોજનામાં 7.8 % થયો હોવા છતાં યોજનાના અંતે બેરોજગારોની સંખ્યા વધતી ગઈ છે. આયોજનબદ્ધ આર્થિક વિકાસનાં પગલાં ભરવા છતાં પણ નવા અને જૂના રોજગારી ઇચ્છુકો માટે રોજગારીની પૂરતી તકો ઊભી કરી શકાતી નથી. ખેતીક્ષેત્રે હરિયાળી ક્રાંતિ અમુક વિસ્તાર પૂરતી જ મર્યાદિત રહી છે અને કૃષિ સિવાયનાં અન્ય ક્ષેત્રોનો પણ પ્રમાણમાં ઓછા વિકાસ થયો હોવાથી શ્રમ-પુરવઠાના વધારાને અનુરૂપ રોજગારીની નવી તકોનું સર્જન કરવામાં સફળતા મળતી નથી અને બેરોજગારીમાં વધારો થાય છે.

### 6.3.3 બચત અને મૂડીરોકાણનો નીચો દર :

ભારતમાં આયોજન સમયમાં રાષ્ટ્રીય આવકમાં વધારો થયો છે. પણ સાથે-સાથે વસ્તીવૃદ્ધિનો દર પણ ઊંચો જોવા મળ્યો છે. પરિણામ સ્વરૂપ માથા દીઠ આવકમાં રાષ્ટ્રીય આવકના પ્રમાણમાં નીચા દરે વધારો થાય છે. નીચી માથા દીઠ આવક અને બોજારૂપ વસ્તીના નિભાવ પાછળ થતા ખર્ચને કારણે બચત અને મૂડીરોકાણનો દર નીચો રહે છે. મૂડીરોકાણનો દર નીચો હોવાથી ઉદ્યોગક્ષેત્ર, ખેતીક્ષેત્ર કે અન્ય ક્ષેત્રોમાં પૂરતા પ્રમાણમાં નવી રોજગારીની તકો ઊભી કરી શકાતી ના હોવાથી બેરોજગારીની સમસ્યામાં વધારો થાય છે.

### 6.3.4 મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ :

ભારતમાં મૂડીની અછત અને શ્રમની છત છે. આ પરિસ્થિતિમાં બેરોજગારીની સમસ્યા હળવી કરવા શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવવી વધારે અનુકૂળ ગણાય પરંતુ ભારતમાં ખાસ કરીને બીજી પંચવર્ષીય યોજનાથી મોટા અને પાયાના ઉદ્યોગોના વિકાસની નીતિ અપનાવી છે. પંચવર્ષીય યોજનાઓમાં પણ મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિના પ્રમાણમાં શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિને ઓછું મહત્ત્વ મળ્યું છે. ખેતી અને ઉદ્યોગ ક્ષેત્રમાં

વધુ ને વધુ યાંત્રીકરણ અપનાવવામાં આવ્યું છે, જે રોજગારીમાં ધીમા દરે વધારો કરે છે. ઉદ્યોગક્ષેત્રે પણ ઉત્પાદકતા વધારવા માટે તેમજ સંગઠિત મજૂર મંડળો સામે એક પ્રકારનું રક્ષણ મેળવવા, શ્રમનો બચાવ કરે તેવી ઉત્પાદન પદ્ધતિ અપનાવવાનું વલણ અપનાવે છે. આ ઉપરાંત રેલવે, સિંચાઈ, રસ્તા, બાંધકામ તેમજ રાજ્યનાં અન્ય જાહેર ક્ષેત્રોમાં પણ મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ વધતો જાય છે. પરિણામે બેરોજગારીની સમસ્યા તીવ્ર બનતી ગઈ છે. તેથી જ બેરોજગારીના અભ્યાસ માટે રચાયેલ વેકંટરામન સમિતિ અને ભગવતી સમિતિએ પણ ભારતમાં વધારેપડતા યાંત્રીકરણનો વિરોધ કર્યો હતો.

### 6.3.5 વ્યાવસાયિક શિક્ષણનું નીચું પ્રમાણ :

ભારતમાં શિક્ષિતોની વધતી જતી બેરોજગારીનું એક મહત્ત્વનું કારણ ખામીયુક્ત શિક્ષણ પદ્ધતિ છે. દેશમાં દરેક ક્ષેત્રે બદલાતી જતી કાર્ય પદ્ધતિને અનુરૂપ કામ કરી શકે તેવા શ્રમિકો તૈયાર કરવામાં આજની શિક્ષણ પ્રણાલી પૂરતી સફળ થઈ નથી.

આર્થિક વિકાસના દરને ઊંચો લઈ જવાના હેતુથી ઉદ્યોગક્ષેત્ર, ખેતીક્ષેત્ર તેમજ અન્ય ક્ષેત્રોમાં જે નવી ટેક્નોલૉજી અને યાંત્રીકરણ અપનાવવામાં આવ્યું છે. તેના કારણે આ પદ્ધતિને અનુરૂપ કેળવાયેલ, ટેક્નોલૉજીનું જ્ઞાન ધરાવતા શ્રમિકોની જરૂર પડે છે. પરંતુ તેનાથી વિપરિત સ્થિતિ વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં જોવા મળે છે. પરિણામે આવા કુશળ શ્રમિકો મળતા નથી કારણ કે શિક્ષણક્ષેત્રે વ્યાવસાયિક શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. વર્તમાન શિક્ષણ માનવીનું માનસિક અને શારીરિક ઘડતર કરવામાં નિષ્ફળ નીવડ્યું છે. તેથી શિક્ષણ મેળવ્યા પછી પણ વ્યક્તિ સ્વરોજગારી મેળવી શકે તેટલી પણ તેમનામાં ક્ષમતા આવતી નથી અને બેરોજગારીની સમસ્યાનો ભોગ બને છે.

### 6.3.6 માનવશક્તિના આયોજનનો અભાવ :

ભારતમાં આયોજનકાળ દરમિયાન માનવશક્તિનું યોગ્ય આયોજન થયું નથી. દેશમાં વર્તમાન સમયે જે પ્રકારના શ્રમની માંગ થાય છે, તે સંદર્ભમાં પૂરતા યોગ્ય શ્રમનો પુરવઠો પ્રાપ્ત થાય તેવા પ્રકારની માનવશક્તિનું આયોજન કરવા માટેની શિક્ષણ-વ્યવસ્થા ઊભી થઈ નથી. દેશના આર્થિક વિકાસમાં કેટલા અને કેવા પ્રકારના માનવશ્રમની જરૂર ઊભી થશે તે અંગેના ચોક્કસ અંદાજો કર્યા વગર શિક્ષણનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. પરિણામે પ્રતિ વર્ષે લાખો શિક્ષિત યુવાનો ડિગ્રી મેળવે છે. જેમની પાસે વર્તમાન આર્થિક વિકાસને અનુરૂપ જ્ઞાન, તાલીમ કે શિક્ષણ ના હોવાથી શિક્ષિત હોવા છતાં બેરોજગારીનો ભોગ બને છે. આ માનવશક્તિના આયોજનની ખામીનું સીધું પરિણામ છે. કેટલાક સંજોગોમાં રોજગારી કે વિકાસની અપૂરતી તકોને કારણે ઉચ્ચ લાયકાત ધરાવતા ડૉક્ટરો અને એન્જિનિયરો દેશમાં યોગ્ય કામ ના મળતા વિદેશમાં જાય છે. જેમ બ્રિટિશ શાસનમાં સોનાનો એક તરફી પ્રથા 'Drain of Gold' ભારતમાંથી બ્રિટન તરફ જોવા મળેલ, તેવી જ રીતે વર્તમાનમાં બુદ્ધિધનનો એક તરફી પ્રવાહ 'Drain of Brain' ભારતમાંથી વિદેશ તરફનો જોવા મળે છે.

### 6.3.7 જાહેર ક્ષેત્રની બિનકાર્યક્ષમતા :

આઝાદી પછી ભારતમાં ખાનગી ક્ષેત્ર કરતા જાહેર ક્ષેત્રના વિકાસને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. જાહેર ક્ષેત્રના એકમોની સંખ્યા અને તેમાં મૂડીરોકાણમાં ખૂબ વધારો થયો છે. જાહેર ક્ષેત્રે રોજગારી સર્જનના જે અંદાજો કરવામાં આવ્યા હતા, તે પ્રમાણેની રોજગારીનું સર્જન કરવામાં જાહેર ક્ષેત્ર નબળી કાર્યક્ષમતાને કારણે સફળ થયા નથી. પ્રમાણમાં વધુ રોજગારી આપી શકે તેવા ખાનગી ક્ષેત્ર ઉપર જાહેર ક્ષેત્રના વિકાસ હેતુસર અંકુશો મૂકવામાં આવ્યા. તેમજ ખાનગી ક્ષેત્રના વિકાસ માટે પૂરતું ધ્યાન પણ આપવામાં ના આવતા રોજગારીની તકો ઓછી ઊભી થઈ શકી અને બેરોજગારીમાં વધારો થયો.

### 6.3.8 કૃષિક્ષેત્રના વિકાસની અવગણના :

ભારત કૃષિપ્રધાન દેશ છે અને ભારતની મોટા ભાગની વસ્તી ગામડાઓમાં વસે છે. આ વસ્તી મોટે ભાગે રોજગારી માટે કૃષિક્ષેત્ર પર આધાર રાખતી હોય છે. તેથી કૃષિક્ષેત્ર વધારે રોજગારી પૂરી પાડે તેવું આયોજન જરૂરી છે. પરંતુ ભારતની આર્થિક વિકાસનીતિમાં કૃષિક્ષેત્ર કરતાં અન્ય ક્ષેત્રોને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરિણામ સ્વરૂપ કૃષિક્ષેત્રના વિકાસને ઓછું મહત્ત્વ અપાતા કૃષિક્ષેત્રનો યોગ્ય વિકાસ થઈ શક્યો ના હોવાથી તેમાં રોકાયેલ શ્રમિકોને પૂરા સમયની રોજગારી મળી શકે તેવું નક્કર આયોજન થઈ શક્યું નથી. કૃષિક્ષેત્રે આવેલ હરિયાળી ક્રાંતિનો લાભ પણ દેશમાં પંજાબ, હરિયાણા જેવાં અમુક રાજ્યોને જ થયો. તેથી કૃષિક્ષેત્રે સાર્વત્રિક રોજગારીની તકોમાં વધારો ના થઈ શક્યો. વધતી વસ્તીનું કૃષિક્ષેત્ર પર ભારણ, અપૂરતી સિંચાઈની સગવડ, કૃષિધિરાણની અપૂરતી સગવડ, વરસાદની અનિશ્ચિતતા તેમજ કૃષિક્ષેત્રનાં અન્ય જોખમોને કારણે ભારતમાં કૃષિક્ષેત્રનો વિકાસ પૂરતો થયો નથી. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં બિનકૃષિક્ષેત્રનો પણ અપૂરતો વિકાસ થયો છે. તેથી ખાસ કરીને કૃષિક્ષેત્ર પર આધારિત ગ્રામીણ શ્રમિકોમાં મોસમી બેરોજગારી અને પ્રચ્છન્ન બેરોજગારી વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

### 6.3.9 શ્રમની ઓછી ગતિશીલતા :

કેટલાક સંજોગોમાં શ્રમની ઓછી ગતિશીલતાના કારણે પણ બેરોજગારીની સમસ્યા સર્જાય છે. ભારતમાં ક્યારેક સામાજિક પરિબળો, કૌટુંબિક સંબંધો, ભાષા, ધર્મ, રીતરિવાજ, સંસ્કૃતિ, માહિતીનો અભાવ, વાહનવ્યવહારની અપૂરતી સગવડો તેમજ રહેઠાણની સમસ્યા જેવાં કારણોસર શ્રમની ગતિશીલતામાં અવરોધ સર્જાય છે, જેને કારણે બેરોજગારીની સમસ્યા વધે છે.

ઉચ્ચ શિક્ષણ મેળવેલા લોકો ગામડાઓમાં, પછાત વિસ્તારોમાં કે દૂરનાં સ્થળોએ કામ મળતું હોવા છતાં જવા તૈયાર થતા નથી, પણ બેરોજગાર રહેવાનું પસંદ કરે છે. મોટા ભાગે આવી વ્યક્તિઓ શહેરોમાં જ કામ મેળવવાનો આગ્રહ રાખતા હોય છે, જે શક્ય ના બનતા બેરોજગાર રહે છે. શહેરી જીવનનાં આકર્ષણો તથા સુવિધાથી આકર્ષાયેલા લોકો રોજગારી માટે ગામડામાં જવાનું પસંદ કરતા નથી.

### 6.3.10 અપૂરતી માળખાકીય સુવિધા :

ગ્રામ્ય વિસ્તારમાં અપૂરતી માળખાકીય સુવિધા પણ બેરોજગારીની સમસ્યા માટેનું એક કારણ છે. ગામડામાં અપૂરતી વાહનવ્યવહારની સગવડ, સારા રસ્તાઓની ઓછી સગવડ, શિક્ષણ, આરોગ્ય અને વીજળીની અપૂરતી સુવિધા હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીનું સર્જન મોટા પાયે કરી શકાતું નથી. જેમ કે ગામડામાં ઉદ્યોગો માટે સસ્તા દરે શ્રમિકો અને કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગોને કાચો માલ સરળતાથી મળી શકે તેમ છે. પરંતુ ત્યાં ઉદ્યોગો માટે સતત અને પૂરતી વીજળીની સગવડનો અભાવ હોવાથી લોકો ગ્રામ્ય વિસ્તારમાં ઉદ્યોગો સ્થાપવા તૈયાર થતા નથી. પરિણામે ત્યાં નવી રોજગારી ઊભી ના થતાં બેરોજગારી સર્જાય છે.

ઉપર્યુક્ત કારણો ઉપરાંત ભારતમાં રાષ્ટ્રીય રોજગાર નીતિનો અભાવ, ઉદ્યોગ-ધંધાને પ્રોત્સાહન મળે તેવા વાતાવરણનો અભાવ, કુદરતી સંસાધનનો અપૂરતો ઉપયોગ પણ બેરોજગારીની સમસ્યા વધારવા માટે જવાબદાર હોય છે.

## 6.4 બેરોજગારી ઘટાડવાના ઉપાયો (Measures to Reduce Unemployment)

ભારતમાં બેરોજગારીનું પ્રમાણ અને કારણો વિશેના અભ્યાસ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે, ભારતમાં બેરોજગારીની સમસ્યા દિન-પ્રતિદિન વધુ ને વધુ ચિંતાજનક બનતી જાય છે. તેનાં કારણો તપાસ્યાં પછી આ સમસ્યા હલ કરવાના ઉપાયોનો સરળતાથી ખ્યાલ આપી શકાશે. બેરોજગારીનો પ્રશ્ન એ માત્ર આર્થિક પ્રશ્ન જ નથી; તે સામાજિક, નૈતિક અને માનસશાસ્ત્રીય પ્રશ્નો પણ ઊભા કરે છે. રાજકીય દૃષ્ટિએ પણ આ પ્રશ્ન

ચિંતાજનક છે. તેથી જ ભારતમાં બેરોજગારી નાબૂદી માટે પ્રથમ પંચવર્ષીય યોજનાથી તેને દૂર કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું છે. ખાસ કરીને પાંચમી અને છઠ્ઠી યોજનામાં બેરોજગારી સમસ્યા હલ કરવા વિશેષ ધ્યાન અપાયું છે. આઠમી યોજનામાં બેરોજગારી નાબૂદી માટે રોજગારીના હકને મૂળભૂત અધિકાર બનાવવા અને તે માટે બંધારણમાં સુધારો કરવાનું પણ વિચારાયું હતું. પણ તે શક્ય ના બન્યું. છતાં પણ એ સ્પષ્ટ છે કે, દેશના લોકોને રોજગારી માટે યોગ્ય તકો પૂરી પાડવી એ રાજ્યની પ્રાથમિક જવાબદારી બની રહે છે.

ભારતમાં બેરોજગારીની સમસ્યા હળવી કરવા નીચે પ્રમાણેના ઉપાયો યોજી શકાય :

### 6.4.1 વસ્તી-નિયંત્રણ :

ભારતમાં ઊંચા દરે વધતી વસ્તીએ બેરોજગારીની સમસ્યામાં વધારો કરવામાં અને સમસ્યાને વધારે ચિંતાજનક બનાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. દેશમાં ઝડપી વસ્તીવધારાને કારણે એક તરફ કામ માગનારા શ્રમિકોની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે. પણ બીજી તરફ ધીમા આર્થિક વિકાસને કારણે પૂરતા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી કરી શકાતી નથી. પરિણામ સ્વરૂપ દેશમાં બેરોજગારીની સંખ્યા વધે છે. તેથી જો ભારતમાં બેરોજગારીની સમસ્યા હલ કરવી હોય તો વસ્તી-નિયંત્રણ માટેનાં અસરકારક પગલાઓ ભરવા જોઈએ. આમ કરવાથી દેશની વસ્તીવૃદ્ધિનો દર નીચો આવશે અને શ્રમના પુરવઠામાં થતો વધારો મંદ પડશે. એટલે રોજગારી માગનારાઓની સંખ્યા ઘટશે અને બીજી બાજુ વસ્તીનિયંત્રણ થતાં સાધનો વધુ ફાજલ થશે. તેથી મૂડીરોકાણનો દર વધશે અને રોજગારીની તકો વધારી શકાશે. વસ્તી-નિયંત્રણ કરીને લાંબા ગાળે ઉત્પાદક વયજૂથ (15થી 64 વર્ષ)નું યથાયોગ્ય નિયમન પણ કરી શકાશે.

### 6.4.2 આર્થિક વિકાસનો દર ઊંચો લઈ જવો :

દેશના આર્થિક વિકાસના દરને ઊંચો લઈ જઈને બેરોજગારીની સમસ્યા હલ કરવી એ એક સાચો રચનાત્મક ઉપાય છે. ભારતમાં આર્થિક વિકાસનો દર આયોજનના શરૂઆતનાં વર્ષોમાં 3 થી 3.5 % જેટલો નીચો રહેવા પામ્યો હતો. જો દેશના આર્થિક વિકાસમાં નિયમિત ઊંચા દરે વધારો કરવામાં આવે, તો રોજગારીની તકોમાં ઘણા ઊંચા દરે વધારો શક્ય બને અને બેરોજગારીની સમસ્યા હળવી બને. આ માટે દેશના અર્થતંત્રમાં જુદા-જુદા વિભાગો વચ્ચે સંકલન કરીને જાહેર, ખાનગી, સહકારી કે અન્ય સ્વરૂપના ઔદ્યોગિક ક્ષેત્રે મૂડીરોકાણ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ. કૃષિક્ષેત્રે સિંચાઈની સગવડ વધારીને અને અન્ય જરૂરી સવલતો પૂરી પાડીને કૃષિ વિકાસનો દર ઊંચો લઈ જવો જોઈએ. હરિયાળી ક્રાંતિના લાભ દેશનાં બધાં જ રાજ્યોને થાય તેવા પ્રયાસ કરીને પણ આર્થિક વિકાસના દરને ઊંચો લઈ જઈને રોજગારીની તકોમાં વધારો કરી બેરોજગારીની સમસ્યા હળવી કરી શકાય તેમ છે.

### 6.4.3 રોજગારલક્ષી આયોજન :

આયોજનકાળ દરમિયાન ભારતમાં વિકાસને જ મહત્ત્વ અપાયું હોય તેવું જોવા મળે છે. જેમ કે બીજી પંચવર્ષીય યોજનાથી જાહેરક્ષેત્રના વિકાસને વિશેષ પ્રાધાન્ય આપીને પાયાના ચાવીરૂપ મૂડીપ્રધાન ઉદ્યોગો પ્રત્યે વિશેષ ધ્યાન અપાયું છે. દેશમાં ઔદ્યોગીકરણનો પાયો મજબૂત કરવા માટે આ જરૂરી હતું. પરંતુ વર્તમાન સમયમાં રોજગારલક્ષી આયોજન અપનાવવાની તાતી જરૂર છે. આ માટે રાજ્યે વપરાશી માલના અને શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિવાળા નાના અને મધ્યમ કદના ઉદ્યોગોનો અને વેપાર-વાણિજ્યની પ્રવૃત્તિઓનો તેમજ પશુપાલન, ડેરીઉદ્યોગના વિકાસ પર ભાર મૂકવાની જરૂર છે. કારણ કે આ બધા ઉદ્યોગો પ્રમાણમાં ઓછી મૂડી એ વધુ રોજગારી આપવાની ક્ષમતા ધરાવે છે. આવા રોજગારીલક્ષી ઉદ્યોગોની સ્થાપના અને તેનો વિકાસ કરવાથી વપરાશી વસ્તુઓનું ઉત્પાદન વધશે, રોજગારી વધશે અને આર્થિક સ્થિરતા મેળવવામાં પણ સફળતા મળે છે. બાંધકામક્ષેત્રે રોજગારીલક્ષી આયોજન કરીને રોજગારીની વધુ તકો સર્જી શકાય તેમ છે. રાજ્ય પણ

શ્રમપ્રધાન અને મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ વચ્ચે યોગ્ય સંકલન કરીને શક્ય હોય ત્યાં શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિને જ મહત્ત્વ આપવું જોઈએ. જેથી બેરોજગારીની સમસ્યામાં ઘટાડો થાય.

**6.4.4 રોજગારીલક્ષી શિક્ષણ :**

ભારતમાં વર્તમાન શૈક્ષણિક માળખું બેરોજગારીની સમસ્યા માટે એક જવાબદાર કારણ છે. વર્તમાન શિક્ષણ પદ્ધતિ એ કારકૂનો તૈયાર કરતું પુસ્તકીય જ્ઞાન આપતી જ એક શિક્ષણ-વ્યવસ્થા છે. પરિણામે વિનિયન અને વાણિજ્યના સ્નાતક થયા પછી પણ વ્યક્તિમાં સ્વયં રોજગારી મેળવવાની ક્ષમતા આવતી નથી. તેથી તેને લાંબા સમય સુધી બેરોજગાર રહેવું પડે છે. આ પરિસ્થિતિમાં સુધારો થાય તે હેતુથી વર્તમાન વેપાર, વાણિજ્ય, ઉદ્યોગો, ખેતી અને અન્ય ક્ષેત્રોને અનુરૂપ વ્યવસાયલક્ષી શિક્ષણ આપવાની દેશમાં આવશ્યકતા છે. આ માટે હાલની શિક્ષણ પદ્ધતિના માળખામાં ધરખમ પરિવર્તનની જરૂર છે. શિક્ષણક્ષેત્રે હાલ આ પ્રકારના પરિવર્તન લાવવાના પ્રયાસો થયા છે. પરંતુ તેનાથી શિક્ષણ પદ્ધતિમાં યોગ્ય અને પૂરતા સુધારા થયા નથી. તે એક વાસ્તવિકતા છે. વેપાર, વાણિજ્ય, ખેતી અને ઉદ્યોગક્ષેત્રને અનુરૂપ વ્યવસાયલક્ષી શિક્ષણ અને તાલીમ આપતા અભ્યાસક્રમો વ્યાપક પ્રમાણમાં શરૂ કરવા ખૂબ જરૂરી છે. જેથી વ્યક્તિ આવા અભ્યાસ અને તાલીમ મેળવ્યા પછી સરળતાથી રોજગારી મેળવી શકે છે.

ભારતમાં બેરોજગારીની સમસ્યા હળવી કરવા માટે રોજગારી મેળવાની ક્ષમતા વધે તે મુજબ યોગ્ય માનવશક્તિનું આયોજન કરી શકે તેવી શિક્ષણ પદ્ધતિ અપનાવવા માટે શિક્ષણક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો કરવાની આવશ્યકતા છે.

ઈ.સ. 2015ની નવી શિક્ષણનીતિમાં શિક્ષણ દ્વારા રોજગારી સર્જન કરવા માટે ઉદ્યોગો સાથે જોડાણ સાધવાનો ઉત્પાદકીય શિક્ષણનો હેતુ નિર્ધારિત કરવામાં આવ્યો છે. તેમજ આવનાર વર્ષોમાં કયાં ક્ષેત્રોમાં કેટલી રોજગારીની તકો છે તેનો અભ્યાસ કરી તે પ્રમાણે અભ્યાસક્રમો તૈયાર કરવા અને આ કાર્યમાં ખાનગી ક્ષેત્રને પણ સાંકળવાનું સ્વીકારવામાં આવ્યું છે.

**6.4.5 ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ :**

ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો ઓછા મૂડીરોકાણે વધુ રોજગારી અપાવવાની ક્ષમતા ધરાવે છે. કારણ કે નાના ઉદ્યોગોમાં એક વ્યક્તિને રોજગારી આપવા માટે મોટા ઉદ્યોગની સરખામણીમાં ખૂબ જ ઓછા મૂડીરોકાણની આવશ્યકતા હોય છે. તેથી આ પ્રકારના ઉદ્યોગોનો વિકાસ કરીને બેરોજગારીની સમસ્યા હળવી કરી શકાય તેમ છે. એકસરખા મૂડીરોકાણ દ્વારા નાના ઉદ્યોગોમાં મોટા ઉદ્યોગો કરતા 7.5 ગણી વધુ રોજગારીની તકો ઊભી થઈ શકે છે. આ દૃષ્ટિએ પણ મૂડીની ખેંચવાળા અને શ્રમપ્રધાન ભારત દેશમાં ગૃહ અને નાના ઉદ્યોગોને દેશમાં વધુ રોજગારી આપતા શ્રેષ્ઠ વિકલ્પના સ્વરૂપમાં સ્વીકારીને તેના વિકાસ માટે રાજ્યે વિશેષ તકેદારી રાખવી જોઈએ. દેશની ઔદ્યોગિક નીતિમાં પણ આ ઉદ્યોગોના મહત્ત્વનો સ્વીકાર કરીને તેના વિકાસ માટેના અનેક ઉપાયો હાથ ધરાયા છે. જેમ કે નાના ઉદ્યોગ માટે અમુક વસ્તુઓને ઉત્પાદન માટે અનામત રાખવામાં આવી છે. રાજ્ય દ્વારા આ ઉદ્યોગોના વિકાસ માટે નાણાકીય, ટેક્નિકલ અને સંચાલકીય સહાય આપવામાં આવે છે.

**6.4.6 આંતર માળખાકીય સેવાનો વિસ્તાર :**

ભારતમાં શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીનું સર્જન ઓછું રહેવા માટેનું એક જવાબદાર પરિબળ ગ્રામ્ય વિસ્તારમાં અપૂરતી માળખાકીય સુવિધા પણ છે. તેથી રાજ્ય દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, રહેઠાણ, વીજળી, સડક, વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર જેવી આંતર માળખાકીય સુવિધાઓ વધારવામાં આવે તો સ્થાનિક સાધનોની મદદથી પોતાના રહેઠાણથી નજીક રોજગારી મેળવવાનું શક્ય બનશે. તેમજ ગ્રામ્ય

વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધા વધવાથી નવી રોજગારીની તકો વધશે. કૃષિક્ષેત્ર અને તેની સાથે સંકળાયેલ અન્ય ક્ષેત્રોમાં પણ રોજગારી વધશે. પરિણામે બેરોજગારીની સમસ્યા હળવી બનશે.

**6.4.7 કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિનો વેગ અને વિસ્તાર :**

દેશમાં ઊંચા વસ્તીવૃદ્ધિ-દરને કારણે રોજગારી માટે કૃષિક્ષેત્રે વસ્તીનું ભારણ વધતા પ્રચ્છન્ન બેકારી તેમજ અનિયમિત વરસાદ અને અપૂરતી સિંચાઈની સગવડને કારણે મોસમી બેકારીની સમસ્યા વધતી ગઈ છે. આ સમસ્યાને હલ કરી કૃષિક્ષેત્રે ભારણરૂપ વસ્તીને રોજગારી માટે અન્ય ક્ષેત્રોમાં ખસેડી શકાય તેવી ક્ષમતા હજી સુધી પ્રાપ્ત થઈ શકી નથી. તેથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં કૃષિક્ષેત્રે રોકાયેલ લોકોની બેકારીની સમસ્યા હળવી કરવા માટે હરિયાળી ક્રાંતિને વેગ આપવાની અને તેનો વધુ ને વધુ વિસ્તાર કરવાના વિશેષ પ્રયાસો કરવા જોઈએ અને રોજગારીની તકો વધારવી જોઈએ.

જો સારી રીતે આયોજન કરવામાં આવે તો અન્ય કોઈ પણ ક્ષેત્ર કરતાં કૃષિક્ષેત્રમાં રોજગારીની તકો ઊભી કરવા માટે સૌથી વધારે અવકાશ છે. આ વાતને પી. સી. મહાલનોબિસે કરેલ રોજગારીની તકોની ગણતરીના અંદાજોથી સમર્થન મળે છે. જેમ કે તેમના મત મુજબ ભારતમાં કૃષિક્ષેત્રે ₹ 1 કરોડનું મૂડીરોકાણ કરવાથી 40,000 વ્યક્તિને રોજગારી આપી શકાય છે અને ઉત્પાદનમાં 5.7 ટકાના દરે વધારો કરી શકાય છે, જ્યારે મોટા ઉદ્યોગોમાં ₹ 1 કરોડનું મૂડીરોકાણ કરવાથી માત્ર 500 વ્યક્તિને જ રોજગારી આપી શકાય છે અને ઉત્પાદનમાં 1.4 % દરે જ વધારો કરી શકાય છે. આ અંદાજ પરથી કહી શકાય કે, કૃષિક્ષેત્ર ઉદ્યોગક્ષેત્ર કરતાં વધુ રોજગારીની તકો સર્જાવા માટે વધુ અનુકૂળ છે. તેથી કૃષિક્ષેત્રે જોવા મળતી હરિયાળી ક્રાંતિ માટે જરૂરી એવી પૂરક પ્રવૃત્તિઓ જેવી કે નાની અને મધ્યમ કદની સિંચાઈ, જમીન-સંરક્ષણ, મિશ્ર ખેતી, વનવિકાસ, વધુ પાક લેવાય તેવી યોજના. વર્ષમાં વધુ વખત પાક લેવાય તેવું આયોજન, જમીનનું નવીનીકરણ તેમજ કૃષિક્ષેત્ર પર આધારિત ગ્રામોદ્યોગને વેગ આપીને રોજગારીની તકોમાં વધારો કરી શકાય તેમ છે. ડૉ. એમ. એસ. સ્વામીનાથનના મત મુજબ કૃષિક્ષેત્રના વિકાસની દિશામાં વધારે પ્રયત્ન કરવામાં આવે, તો અનેક ગણી નવી રોજગારીની તકો ઊભી કરી શકાય તેમ છે.

**6.5 બેરોજગારીની સમસ્યા હલ કરવા માટે રાજ્યની યોજનાઓ (State Program to Solve Unemployment Problem) :**

ઈ.સ. 1951થી દેશમાં આયોજનની શરૂઆત કરવામાં આવી ત્યારે એવું વિચારવામાં આવેલ કે આયોજનબદ્ધ પગલાંને કારણે દેશનો આર્થિક વિકાસ શક્ય બનતા બેરોજગારીની સમસ્યા હલ કરી શકાશે. પરંતુ શરૂઆતની ચાર પંચવર્ષીય યોજનામાં આ ખ્યાલ ખોટો સાબિત થયો. પરિણામ સ્વરૂપ પાંચમી યોજનાથી બેરોજગારીની સમસ્યા નિવારવાના ઉદ્દેશને સફળ બનવવા રાજ્ય દ્વારા વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા. **જેવા કે સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ, કામના બદલામાં અનાજ, જવાહર રોજગાર યોજના, નેહરુ રોજગાર યોજના, સુર્વણ જયંતી ગ્રામ રોજગાર યોજન, સુર્વણ જયંતી શહેર રોજગાર યોજના, ગ્રામીણ યુવકને સ્વ-રોજગારી માટે તાલીમ આપતો કાર્યક્રમ, નેશનલ ગ્રામીણ રોજગારી ગેરંટીનો કાર્યક્રમ, મનરેગા, કૌશલ્યવિકાસ કાર્યક્રમો, શ્રમેય જયતે યોજના, સ્કિલ ઇન્ડિયા, મેક ઇન્ડિયા તેમજ મુદ્રા જેવી અનેક રોજગારીલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. જેમાંની કેટલીક યોજનાઓ નીચે પ્રમાણે હતી :**

**(1) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારો (MGNREGA) :** ફેબ્રુઆરી 2006માં શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારો (NREGA) કે જેમાં દેશના પછાત જિલ્લાઓમાં વસતા ગ્રામીણ લોકોને રોજગારી આપવાનો હેતુ હતો. આ નરેગા યોજનાનું નામ 2 ઑક્ટોબર, 2009થી બદલીને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી ઍક્ટ (MGNREGA) મનરેગા કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવાના હેતુથી સરકારે 2 ફેબ્રુઆરીના દિવસને 'રોજગાર

દિવસ' તરીકે જાહેર કર્યો છે. આ યોજના દ્વારા પ્રત્યેક ગ્રામીણ પરિવારમાંથી ઓછામાં ઓછા એક વ્યક્તિને વર્ષમાં 100 દિવસની રોજગારી આપવાની બાંહેધરી આપવામાં આવી છે. જેમાં $\frac{1}{3}$ ભાગની રોજગારી સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગ્રામીણ લોકોને શારીરિક શ્રમ દ્વારા નક્કી થયેલ ન્યૂનતમ વેતન આપવાની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ શ્રમિકને તેનું મહેનતાણું સાત દિવસમાં આપી દેવામાં આવે છે. શ્રમિકને તેના નિવાસસ્થાનેથી 5 કિલોમીટર અંતરમાં જ રોજગારી આપવામાં આવે છે. જો શ્રમિકને આ અંતરથી દૂર રોજગારી આપવામાં આવે તો તેને 10 % વધારે મજૂરી આપવામાં આવે છે. આ યોજનામાં નોંધાયેલા શ્રમિકોને જૉબકાર્ડ આપવામાં આવે છે. જે પાંચ વર્ષના સમય માટેનું હોય છે. જૉબકાર્ડ મેળવ્યા પછી વ્યક્તિને 15 દિવસ સુધી કામ ન મળે તો તેને નક્કી કરેલ બેરોજગારી ભથ્થું આપવાની જોગવાઈ પણ આ કાર્યક્રમમાં કરવામાં આવી છે.

**(2) પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના (PDUSJY) :** આ યોજના 16 ઑક્ટોબર, 2014થી શરૂ કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલા શ્રમિકોને સ્વાસ્થ્ય અને સુરક્ષાની સાથે સારું સંચાલન, કૌશલ્ય વિકાસ અને શ્રમિકોનું કલ્યાણ કરવાનો છે. તેમજ ઔદ્યોગિક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થાય તેવો હેતુ પણ આ યોજનામાં રાખવામાં આવ્યો છે.

**(3) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના (DUGJY) :** અગાઉની ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનાના સ્થાને આ યોજના શરૂ કરવામાં આવી. જેનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારમાં 24 × 7 સતત વીજળીની સેવા ઉપલબ્ધ કરવાનો છે.

**(4) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DUGKY) :** આ યોજનાની શરૂઆત 25 સપ્ટેમ્બર, 2014થી કરવામાં આવી. જેનો મુખ્ય ઉદ્દેશ 18 થી 35 વર્ષના યુવાનોને રોજગારી આપવાનો છે.

**(5) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના :** આ કાર્યક્રમની શરૂઆત 1 જુલાઈ, 2015થી કરવામાં આવી. ''હર ખેત કો પાની'' એ સૂત્રને સાર્થક કરવાના ઉદ્દેશથી ખેત-ઉત્પાદકતા વધારવા અને દેશનાં ઉપલબ્ધ સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે તે પ્રમાણે કૃષિક્ષેત્ર માટે સિંચાઈ યોજનાઓનું આયોજન કરવાનું લક્ષ્ય આ કાર્યક્રમમાં રાખવામાં આવ્યું છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) પ્રવર્તમાન વેતન-દરે કામ કરવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં કામ ન મળે તેવી વ્યક્તિ

(અ) બેરોજગાર (બ) ગરીબ (ક) ફાજલ (ડ) કામદાર

(2) ફરજિયાત સ્વરૂપની બેરોજગારીનો વિચાર કયા શ્રમના પુરવઠાના સંદર્ભમાં કરવામાં આવે છે ?

(અ) સક્રિય (બ) નિષ્ક્રિય (ક) બાળકો (ડ) વૃદ્ધો

(3) બેરોજગારીના પ્રકારો નક્કી કરવા માટેના ચાર માપદંડો કોણે રજૂ કર્યા છે ?

(અ) રાજકૃષ્ણ (બ) મહાલનોબિસ (ક) કેઇન્સ (ડ) રોડાન

(4) અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે ?

(અ) ઘર્ષણજન્ય (બ) મોસમી (ક) ચક્રીય (ડ) પ્રચ્છન્ન

(5) કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિ બેરોજગારીમાં વધારો કરે છે ?

(અ) શ્રમપ્રધાન (બ) મૂડીપ્રધાન (ક) ખેતપ્રધાન (ડ) શિક્ષણપ્રધાન

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) બેરોજગારીનો અર્થ જણાવો.

(2) વિકસિત દેશોમાં સામાન્ય રીતે કેવા પ્રકારની બેરોજગારી જોવા મળે છે ?

(3) પ્રચ્છન્ન બેરોજગારીનો અર્થ જણાવો.

(4) કંઈ મંદીને વિશ્વ મહામંદી તરીકે ઓળખવામાં આવે છે ?

(5) ભારતમાં બેરોજગારીના પ્રમાણની માહિતી ક્યાંથી પ્રાપ્ત થાય છે ?

(6) કયા વયજૂથને ઉત્પાદકીય વયજૂથ તરીકે ઓળખવામાં આવે છે ?

(7) બેરોજગારીની સમસ્યા હલ કરવા માટે કયા ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ ?

(8) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં કયું સૂત્ર આપવામાં આવ્યું છે ?

(9) ''પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેય જયતે યોજના'' ક્યારે શરૂ કરવામાં આવી ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) સંપૂર્ણ બેરોજગારીનો અર્થ સમજાવો.

(2) ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ અને ઉદાહરણ આપો.

(3) ભારતમાં બેરોજગારીની સમસ્યા માટે બચત અને મૂડીરોકાણનો નીચો દર જવાબદાર છે. ટૂંકમાં સમજાવો.

(4) ભારતમાં શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ વધારે અનુકૂળ છે. સમજાવો.

(5) ગ્રામ્ય વિસ્તારમાં સતત વીજળીની સેવા ઉપલબ્ધ કરવા કઈ યોજના શરૂ કરવામાં આવી તેનો ખ્યાલ આપો.

(6) પ્રધાનમંત્રી કૃષિસિંચાઈ યોજના ક્યારે અને કયા ઉદ્દેશની શરૂ કરવામાં આવી ?

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) બેરોજગારીનું સ્વરૂપ જાણવા માટે શ્રી રાજકૃષ્ણએ રજૂ કરેલા માપદંડો સમજાવો.

(2) અર્ધબેરોજગારીનો ખ્યાલ વિગતે સમજાવો.

(3) પ્રચ્છન્ન બેરોજગારીનો ખ્યાલ ઉદાહરણ સહિત સમજાવો.

(4) ચક્રીય બેરોજગારીનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(5) ખામીયુક્ત શિક્ષણ પદ્ધતિ બેરોજગારી માટે જવાબદાર છે. સમજાવો.

(6) ભારતમાં કૃષિક્ષેત્રની અવગણના એ બેરોજગારીની સમસ્યામાં વધારો કર્યો છે. સમજાવો.

(7) હરિયાળી ક્રાંતિના વેગ અને વિસ્તાર દ્વારા બેરોજગારીની સમસ્યા હળવી કરી શકાય. સમજાવો.

(8) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરેંટી યોજના (મનરેગા)ની માહિતી આપો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ભારતમાં ઉદ્ભવતી બેરોજગારીનાં કારણો જણાવી કોઈ પણ પાંચ કારણો વિગતે સમજાવો.

(2) ભારતમાં બેરોજગારીની સમસ્યા હલ કરવાના ઉપાયો જણાવી કોઈ પણ પાંચ ઉપાયો વિગતે સમજાવો.

(3) ભારતમાં બેરોજગારી હલ કરવાના કોઈ પણ ત્રણ કાર્યક્રમોની માહિતી આપો.

## પારિભાષિક શબ્દો

| | | |
|---|---|---|
| **તેજી** | : | વ્યાપાર-ચક્રનો એવો તબક્કો કે જેમાં વ્યાપાર-પ્રવૃત્તિ ઉચ્ચત્તમ કક્ષાએ હોય અને માંગના ઊંચા દરને કારણે અર્થતંત્રમાં નફાકારકતા હોય છે. તેથી મૂડીરોકાણ અને રોજગારી ઊંચા દરે હોય છે. |
| **મંદી** | : | અસરકારક માંગમાં ઘટાડો થતા પુરવઠાની છત ઊભી થાય છે. તેથી બજારકિંમત ઘટવાનું વલણ જોવા મળે છે. પરિણામે નફો ઘટતા મૂડીરોકાણ અને રોજગારીમાં ઘટાડો થાય તેવો વ્યાપાર-ચક્રનો તબક્કો |
| **સક્રિય શ્રમનો પુરવઠો** | : | પ્રવર્તમાન વેતન-દરે કામ કરવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી ધરાવતા શ્રમનો પુરવઠો |
| **વિકસિત દેશ** | : | જે દેશનો આર્થિક વિકાસ થઈ ચૂક્યો છે તેવો દેશ દા.ત., અમેરિકા, બ્રિટન |
| **વિકસતા દેશ** | : | જે દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયા ચાલુ હોય તેવો દેશ. દા.ત., ભારત |
| **શ્રમશક્તિ/પુરવઠો** | : | રોજગારી મેળવતા લોકો અને બેરોજગાર લોકોની કુલ સંખ્યા |
| **મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ** | : | ચીજવસ્તુના ઉત્પાદનકાર્યની પદ્ધતિમાં શ્રમના એકમો કરતા મૂડીના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પદ્ધતિ |
| **શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ** | : | ચીજવસ્તુના ઉત્પાદનકાર્યની પદ્ધતિમાં મૂડીના એકમો કરતા શ્રમના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પદ્ધતિ |
| **મૂડીવાદી અર્થતંત્ર** | : | જે અર્થતંત્રમાં ઉત્પાદનનાં તમામ સાધનોની માલિકી ખાનગી ક્ષેત્ર હસ્તક હોય અને ઉત્પાદનના નિર્ણય બજારતંત્ર દ્વારા નફાના ઉદ્દેશથી લેવાતા હોય તેવી અર્થવ્યવસ્થા. |
| **જાહેર ક્ષેત્ર** | : | ઉત્પાદન એકમની માલિકી, મૂડીરોકાણ અંકુશ, વહીવટ રાજ્ય હસ્તક હોય તેવા એકમો |
| **શ્રમની ગતિશીલતા** | : | એક સ્થળેથી બીજા સ્થળે કે એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં શ્રમિકનું રોજગારી હેતુ માટેનું સ્થળાંતર |

●

# 7 વસ્તી


- પ્રસ્તાવના

**7.1 વસ્તી-વિસ્ફોટનો અર્થ**

**7.2 ભારતમાં વસ્તીનાં વલણો**

7.2.1 ભારતમાં વસ્તીનું કદ અને વૃદ્ધિ-દર

7.2.2 ભારતમાં સ્ત્રી અને પુરુષની વસ્તી

7.2.3 ભારતમાં જાતિ-પ્રમાણ

7.2.4 વય-જૂથ પ્રમાણે ભારતની વસ્તી

7.2.5 ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી

**7.3 વસ્તીવધારાનાં કારણો**

7.3.1 જન્મ-દરનો અર્થ

7.3.2 મૃત્યુ-દરનો અર્થ

7.3.3 ઊંચા જન્મ-દર માટેનાં કારણો

7.3.3.1 સામાજિક પરિબળો

7.3.3.2 આર્થિક પરિબળો

7.3.3.3 અન્ય પરિબળો

7.3.4 નીચા મૃત્યુ-દરનાં કારણો

7.3.4.1 જીવનધોરણમાં સુધારો

7.3.4.2 રોગચાળા પર નિયંત્રણ

7.3.4.3 દુષ્કાળ પર નિયંત્રણ

7.3.4.4 કુદરતી આપત્તિઓ સામે રક્ષણ અને વાહનવ્યવહારની સગવડો

**7.4 વસ્તી-નિયંત્રણના ઉપાયો**

7.4.1 લોકશિક્ષણ અને જાગૃતિ

7.4.2 કુટુંબનિયોજન કાર્યક્રમની અસરકારકતા

7.4.3 મહિલાઓની લગ્નવય અને દરજ્જામાં વધારો

7.4.4 પ્રોત્સાહનો અને બિનપ્રોત્સાહનો

7.4.5 તબીબી સેવાઓનો વ્યાપ અને અસરકારકતામાં વધારો


## પ્રસ્તાવના (Introduction)

વર્તમાન સમયમાં વિશ્વની વસ્તી સાત અબજને પાર કરી ગઈ છે જ્યારે ભારતની વસ્તી સવા અબજને પહોંચવા આવી છે ત્યારે વધતી વસ્તી વિશે ચર્ચા કરવી અનિવાર્ય બની જાય છે. કારણ કે વધતી વસ્તી અને તેની આવશ્યક જરૂરિયાતની પૂર્તિ દરેક સરકાર માટે પાયાની બાબત છે. આ માટે દરેક દેશમાં કુદરતી સંસાધનો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. કારણ કે કુદરતી સંસાધનોની મદદથી આર્થિક વિકાસ શક્ય બને છે. અહીં વસ્તી અને કુદરતી સંસાધનો વચ્ચે બે બાબતો મહત્ત્વની છે : (1) વસ્તી વધવાથી સીમિત કુદરતી સંસાધનોનો નાશ ઝડપથી થશે જે લાંબા ગાળે ભાવિ પેઢી માટે ખતરો બનશે. (2) ઓછી કેળવાયેલી વસ્તી વધવાથી કુદરતી સંપત્તિનો ઈષ્ટતમ ઉપયોગ થશે નહિ જે કોઈ પણ દેશના આર્થિક વિકાસ માટે બાધારૂપ નીવડશે.

આમ, દેશના અર્થતંત્રમાં વસ્તીનો અભ્યાસ કરવો અતિ આવશ્યક બની જાય છે. કારણ કે મોટા ભાગની સમસ્યાઓના મૂળમાં વસ્તી-વધારો જવાબદાર જોવા મળે છે.

## 7.1 વસ્તી-વિસ્ફોટનો અર્થ (Meaning of Population Explosion)

ભારતમાં મૃત્યુ-દર ઝડપથી ઘટવાની સામે જન્મ-દર ઝડપથી ન ઘટવાથી ચોખ્ખો વસ્તીવધારો ઊંચા દરે થયો જેને વસ્તી-વિસ્ફોટ કહેવામાં આવે છે.

વિશ્વની અનેકવિધ સમસ્યાઓ પૈકીની એક મોટી અને મહત્ત્વની સમસ્યા વસ્તીવધારાની છે. વિશ્વની વસ્તીમાં વર્તમાન સમયમાં જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલો વધારો અગાઉ ક્યારેય થયો નથી તેમાં ભારત પણ અપવાદ નથી.

ભારતમાં 1931થી 2011 સુધી ભારતની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. 1951માં ભારતની વસ્તી 36.1 કરોડ હતી તે 2011ના વર્ષમાં વધીને 121.02 કરોડ થઈ એટલે કે 60 વર્ષમાં 84.92 કરોડનો વધારો થયો તેમજ ભારતમાં સરેરાશ વસ્તીવૃદ્ધિનો દર 2.5 ટકાની આસપાસ રહ્યો છે. આમ, વધુ વસ્તી અને વસ્તીવૃદ્ધિના ઊંચા દરને કારણે વસ્તીમાં, ખાસ કરીને 1970 પછી જે ઝડપી વધારો થયો જેને 'વસ્તી-વિસ્ફોટ' તરીકે ઓળખવામાં આવે છે.

## 7.2 ભારતમાં વસ્તીનાં વલણો (Profiles of Indian Population)

વસ્તીનાં વલણો એટલે વસ્તીનું કદ, વસ્તીવૃદ્ધિ-દર, જન્મ-દર, મૃત્યુ-દર, શહેરી વસ્તી, ગ્રામીણ વસ્તી તેમજ સ્ત્રી-પુરુષ પ્રમાણને લગતી આંકડાકીય માહિતી મેળવી તેનું અર્થઘટન કરવું.

ભારતમાં સૌપ્રથમ વસ્તી-ગણતરીની શરૂઆત 1871માં જમશેદજી તાતાએ કરી. ત્યાર બાદ ભારતમાં વ્યવસ્થિત વસ્તી-ગણતરી 1891માં થઈ હતી. ભારતમાં 1891 પછી દર 10 વર્ષે વસ્તી-ગણતરી કરવામાં આવે છે. સ્વતંત્રતા પછી પહેલું વસ્તી-ગણતરીનું પત્રક 1951માં તૈયાર થયું.


### 7.2.1 ભારતમાં વસ્તીનું કદ અને વૃદ્ધિ-દર (Size of Indian Population and Growth Rate) :

વસ્તીનું કદ એટલે જુદાં-જુદાં વર્ષો દરમિયાન ભારતની કુલ વસ્તી અથવા તો પ્રમાણને વસ્તીનું કદ કહે છે અને વસ્તીમાં થતા વધારાની ટકાવારીને વસ્તીવૃદ્ધિ-દર કહે છે. ભારતની વસ્તીનું કદ અને વૃદ્ધિ-દર નીચેના કોષ્ટકમાં રજૂ કર્યો છે :

**કોષ્ટક 7.1 ભારતમાં વસ્તીનું કદ અને વસ્તીવૃદ્ધિ-દર (1901 થી 2011)**

| વર્ષ | વસ્તી (કરોડમાં) | વસ્તીનો વાર્ષિક સરેરાશ ટકાવારી વૃદ્ધિ-દર |
|---|---|---|
| 1901 | 23.8 | +0.08 |
| 1911 | 25.2 | +0.57 |
| 1921 | 25.1 | –0.03 |
| 1931 | 27.9 | +1.04 |
| 1941 | 31.9 | +1.33 |
| 1951 | 36.1 | +1.25 |
| 1961 | 43.9 | +1.96 |
| 1971 | 54.8 | +2.20 |
| 1981 | 68.3 | +2.22 |
| 1991 | 84.6 | +2.16 |
| 2001 | 102.7 | +1.97 |
| 2011 | 121.02 | +1.64 |

**સ્રોત :** Census of India, 2011




**આકૃતિ 7.1**

**વિશ્લેષણ અથવા તારણો :**

(1) 1901થી 1921 સુધીના સમયગાળા દરમિયાન વસ્તીમાં થયેલો વધારો ધીમો હતો. 1901થી 1911ના દશક દરમિયાન કુલ વસ્તીમાં 5.7 ટકાનો વધારો થયો હતો, જ્યારે 1911 થી 1921 ના દશકમાં વસ્તીમાં –0.03 ટકાનો ઘટાડો થયો હતો. વસ્તીમાં થયેલા ઘટાડાનું મુખ્ય કારણ મૃત્યુ-દરમાં થયેલો વધારો હતો. અનેકવાર પડતા દુષ્કાળ, વિવિધ રોગો (કૉલેરા, પ્લેગ, ક્ષય, મૅલેરિયા અને ઇન્ફ્લુએન્ઝા)ના ઊંચા પ્રમાણને કારણે મરણ-દર ઊંચો રહેવા પામ્યો હતો.

(2) 1921ના વર્ષને બાદ કરતા પછીના દરેક વર્ષોમાં ભારતમાં વસ્તીવૃદ્ધિનો દર ઊંચો રહેવા પામ્યો હતો. આથી વસ્તીવધારાની દૃષ્ટિએ 1921ના વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે ઓળખવામાં આવે છે. 1921 પછીના દરેક દશકમાં વસ્તીવૃદ્ધિ-દરનો દર ઊંચો જોવા મળે છે.

(3) 1951માં ભારતમાં આયોજનનો આરંભ થયો. આયોજનકાળ દરમિયાન એટલે કે 1951માં દેશની વસ્તી 36.1 કરોડની હતી તે પાંચ દશકમાં એટલે કે 2001માં 102.7 કરોડ થઈ, એટલે કે વસ્તીમાં 66.6 કરોડનો વધારો નોંધાયો.

(4) પ્રવર્તમાન સમયમાં ભારતમાં વાર્ષિક વસ્તીવધારો લગભગ 170 લાખ જેટલો છે.

(5) વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ચીન છે. જ્યારે ભારત બીજા ક્રમે આવે છે. 1911માં ભારતની વસ્તી 25.2 કરોડ હતી તે વધીને એક સૈકાના અંતે એટલે કે 2011માં 121.02 કરોડની થઈ.

વસ્તીવૃદ્ધિના સંદર્ભમાં નિષ્ણાતોએ એવી આગાહી કરી હતી કે, 2000ના વર્ષ સુધીમાં દેશની વસ્તી 100 કરોડનો આંક વટાવી જશે જે સાચી પડી. 1997ના વિશ્વ વિકાસ અહેવાલ મુજબ ભારતની વસ્તી 1995માં

લગભગ 93 કરોડ થઈ હતી. 2011ની વસ્તી-ગણતરી અહેવાલ મુજબ 2011થી 2025ના સમયગાળા દરમિયાન ભારતની વસ્તી 139.98 કરોડ થવાનો અંદાજ છે.

### 7.2.2 ભારતમાં સ્ત્રી અને પુરુષની વસ્તી

ભારતની કુલ વસ્તીમાં જુદાં-જુદાં વર્ષો દરમિયાન સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યા કેટલી છે તે સ્ત્રી-પુરુષના પ્રમાણ દ્વારા જાણી શકાય છે.

**કોષ્ટક 7.2 ભારતની કુલ વસ્તીમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ**

| વર્ષ | પુરુષ-વસ્તી (કરોડમાં) | સ્ત્રી-વસ્તી (કરોડમાં) | કુલ વસ્તી (કરોડમાં) |
|---|---|---|---|
| 1951 | 18.55 (51.37 %) | 17.56 (48.63 %) | 36.11 (100 %) |
| 1991 | 43.92 (51.90 %) | 40.71 (48.10 %) | 84.63 (100 %) |
| 2011 | 62.37 (51.54 %) | 58.65 (48.46 %) | 121.02 (100 %) |

**સ્રોત :** Census of India, 2011

**નોંધ :** કૌંસમાં આપેલ સંખ્યા ટકાવારીનું પ્રમાણ દર્શાવે છે.

**ભારતમાં સ્ત્રી પુરુષની વસ્તીની વહેંચણીનાં વિશ્લેષણ અને તારણો :**

(1) 1951થી 2011ના સમયગાળા દરમિયાન પુરુષની કુલ વસ્તી અને સ્ત્રીની કુલ વસ્તીમાં સતત વધારો થયો છે જે ઊંચા વસ્તીવૃદ્ધિ-દરનું પરિણામ છે.

(2) ટકાવારીની રીતે જોઈએ તો 1951માં કુલ વસ્તીમાં પુરુષની વસ્તી 51.37% હતી તે 2011માં 51.54 ટકા થઈ છે એટલે કે 0.17 તફાવતનો વધારો સૂચવે છે. જે સ્ત્રીની વસ્તી કરતા પુરુષની વસ્તી વધુ હોવાનો નિર્દેશ કરે છે.

(3) ટકાવારીની રીતે 1951માં કુલ વસ્તીમાં સ્ત્રીની વસ્તી 48.63% હતી તે 2011માં ઘટીને 48.46% થઈ છે એટલે કે –0.17 તફાવતનો ઘટાડો નોંધાયો છે જે પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યાનો નિર્દેશ કરે છે, જે આવનાર સમય માટે એક પડકાર ગણાવી શકાય.

### 7.2.3 ભારતમાં જાતિ-પ્રમાણ (દર 1000 પુરુષોએ સ્ત્રીની સંખ્યા)

દેશની વસ્તીમાં પ્રતિદર 1000 પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યાને સ્ત્રી-પુરુષનું પ્રમાણ અથવા લિંગ-પ્રમાણ અથવા જાતિ-પ્રમાણ (Sex Ratio) તરીકે ઓળખવામાં આવે છે.

વસ્તીના અભ્યાસમાં જાતિનું પ્રમાણ ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. દર 1000 પુરુષોએ ઘટતી જતી સ્ત્રીઓની સંખ્યા દેશમાં કેટલીક વિષમતાઓ સર્જે છે. સ્ત્રી-પુરુષ પ્રમાણ વચ્ચે વધારે વિષમતા હોય તો લગ્ન, કુટુંબ, પ્રજનન, અર્થવ્યવસ્થા વગેરેમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. જાતિના પ્રમાણ વિશેની ચોક્કસ માહિતી મેળવી જાતિના પ્રમાણની વિષમતાનાં કારણો શોધી તેના નિવારણ માટેના પ્રયાસો કરવાનું શક્ય બને છે.

કેટલાક વિકસિત દેશોમાં સ્ત્રી-પુરુષનું જાતિય ગુણોત્તર દરનું પ્રમાણ એક હજારથી વધુ હોય છે. ભારતમાં એકમાત્ર કેરળને બાદ કરતા અન્ય વિસ્તારોમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ઓછી હતી. કેરળમાં 2011માં દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા 1084 હતી.

સ્ત્રી-પુરુષના પ્રમાણ-વિષમતા માટે કેટલાક સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કારણો જવાબદાર હોવાનું જણાય છે. ભારતીય સમાજમાં પ્રાચીન સમયથી સ્ત્રીઓનું સ્થાન નીચું રહ્યું છે. દીકરીઓને પોષણયુક્ત આહાર, સ્વાસ્થ્ય, શિક્ષણ, સંભાળ વગેરેમાં પૂરતું ધ્યાન આપવામાં આવતું ન હતું, તેમજ દહેજપ્રથાને કારણે પણ દીકરીઓ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. આ ઉપરાંત કન્યાઓની નાની વયે લગ્ન, વધારેપડતી પ્રસૂતિઓ તેમના સ્વાસ્થ્ય પર વિપરિત અસર કરે છે, તેના કારણે કન્યાઓનો બાળ-મરણ અને પુખ્ય વયની સ્ત્રીઓનો મરણ-દર ઊંચો રહે છે. જેના કારણે ભારતીય સમાજમાં કુલ વસ્તીમાં પુરુષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ ઓછું રહે છે.

**કોષ્ટક 7.3 ભારતમાં જાતિ-પ્રમાણ**

| વર્ષ | દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા (ભારત) | દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા (ગુજરાત) |
|---|---|---|
| 1901 | 972 | 954 |
| 1931 | 950 | 945 |
| 1961 | 941 | 940 |
| 1991 | 927 | 936 |
| 2001 | 933 | 921 |
| 2011 | 940 | 918 |

**સ્રોત :** Census of India, 2011

**વિશ્લેષણ અને તારણો :**

(1) 1901થી 1991 દરમિયાન ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ઘટતી જતી જોવા મળે છે. પરંતુ 2001 અને 2011ના વર્ષ દરમિયાન દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યામાં નજીવો સુધારો જોવા મળે છે, જે દેશમાં ચાલી રહેલા 'બેટી બચાવો' અભિયાન તેમજ દીકરી-જન્મને મળતાં પ્રોત્સાહનોને આભારી છે.

(2) ગુજરાતની વાત કરીએ તો 1901થી 2011ના સમય દરમિયાન દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા સતત ઘટતી જતી જોવા મળે છે. જેના કારણે કેટલીક સામાજિક-સાંસ્કૃતિક વિષમતાઓ ઊભી થાય તેમ છે. સ્ત્રીઓના સતત ઘટતા જતા પ્રમાણનાં કારણોની ચર્ચા કરીએ તો પુત્રપ્રાપ્તિની ઘેલછાને કારણે આધુનિક યુગમાં તબીબી સાધનો સ્ત્રીભ્રૂણ હત્યામાં સહાયક બન્યાં છે. આ પરિસ્થિતિને અટકાવવા માટે સરકારે કાયદાકીય પ્રતિબંધ જરૂર બનાવ્યા છે. પરંતુ આ કાયદાઓનો અમલ મોટા ભાગે કાગળ પર જ રહી જાય છે. પંજાબ, હરિયાણા અને ગુજરાત જેવા આર્થિક રીતે સમૃદ્ધ રાજ્યોમાં સ્ત્રી-પુરુષ પ્રમાણની અસમતુલા વધુ જોવા મળે છે.


**7.2.4 વયજૂથ પ્રમાણે ભારતની વસ્તી :**

ભારતની વસ્તીમાં વય-જૂથ અનુસાર વહેંચણી એટલે દેશની વસ્તીનું વિવિધ વય-જૂથોમાં વિભાજન. દા.ત., 0 થી 14 વર્ષની વયની વ્યક્તિઓનું કુલ વસ્તીમાં પ્રમાણ (ટકાવારી). વય-જૂથલક્ષી વિભાજન દ્વારા કામ કરતી વસ્તી અને કામ નહિ કરતી વસ્તી વગેરેનો ખ્યાલ આવે છે.

**કોષ્ટક 7.4 વય-જૂથ પ્રમાણે ભારતની વસ્તી (ટકાવારી)**

| વય-જૂથ (વર્ષ) | 2005 | 2010 | 2011 | * 2014 (અંદાજિત) |
|---|---|---|---|---|
| 0-14 | 32.78 | 30.89 | 30.5 | 29.21 |
| 15-64 | 62.44 | 63.99 | 64.3 | 65.30 |
| 65 થી વધુ | 04.78 | 05.12 | 05.2 | 5.49 |

**સ્રોત :** Census of India, 2011 * અંદાજિત




**આકૃતિ 7.2**

**વિશ્લેષણ અને તારણો :**

વય અનુસાર વસ્તીની વહેંચણીને મૃત્યુ-દર અને પ્રજનન-ક્ષમતામાં આવતા ફેરફારો અસર કરે છે તે બાબત જાણીતી ઘટના છે. આ પ્રકારના ફેરફારો આગળ વધીને કુટુંબના કદને પણ અસર કરે છે અને સાથે-સાથે શ્રમ-બજારને પણ અસર કરે છે.

(1) ઈ.સ. 2005માં 0-14 વર્ષની વયના લોકોનું પ્રમાણ 32.78 % હતું તે 2014માં ઘટીને 29.21 % થયું છે, જે જન્મ-દરમાં ઘટાડો દર્શાવે છે.

(2) ઈ.સ. 2005માં 15-64 સુધીના વય-જૂથની વાત કરીએ તો આ વય-જૂથમાં 62.44 % જેટલી વસ્તી હતી તે વધીને 2014માં 65.30 % થઈ છે. આ વય-જૂથમાં મોટા ભાગની વસ્તી કામ કરતી વસ્તી છે. કામ કરતી વસ્તીમાં થતો વધારો દેશના વિકાસ માટે સારી બાબત ગણી શકાય.


### 7.2.5 ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી :

ભારતની કુલ વસ્તીમાં કેટલા લોકો, ગ્રામીણ વિસ્તારમાં અને કેટલા લોકો શહેરી વિસ્તારમાં રહે છે તેની માહિતી ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણ દ્વારા જાણવા મળે છે. ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ રોજગારી, શિક્ષણ, આરોગ્ય, સ્વાસ્થ્ય, સામાજિક જીવન, જીવનની ગુણવત્તા, આર્થિક વળતર, વ્યવસાય વગેરે પરિબળોથી પ્રભાવિત થાય છે.

**કોષ્ટક 7.5 ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી**

| વર્ષ | ગ્રામીણ વસ્તી (કરોડમાં) | શહેરી વસ્તી (કરોડમાં) | કુલ વસ્તી (કરોડમાં) |
|---|---|---|---|
| 1901 | 21.2 (89.1 %) | 2.6 (10.9 %) | 23.8 (100 %) |
| 1951 | 29.9 (82.8 %) | 6.2 (17.2 %) | 36.1 (100 %) |
| 1981 | 52.4 (76.72 %) | 15.9 (23.28 %) | 68.3 (100 %) |
| 2011 | 83.02 (68.0 %) | 38.0 (32.0 %) | 121.02 (100 %) |

**સ્રોત :** Census of India, 2011




**આકૃતિ 7.3**

**વિશ્લેષણ અને તારણો :**

(1) ભારતમાં તાજેતરનાં વર્ષોમાં કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે જેના કારણે કેટલીક સમસ્યાઓ પણ સર્જાય છે. દા.ત., શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં વધારો થતા ગંદકીની સમસ્યા ઊભી થાય છે. અપૂરતી આંતરમાળખાકીય સગવડોને કારણે વ્યવસ્થાતંત્ર વીજળી, વાહનવ્યવહાર, પાણી જેવી પાયાની સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય છે. કચરાના નિકાલની વ્યવસ્થા ન થતા પ્રદૂષણના પ્રશ્નો ઊભા થાય છે. આ ઉપરાંત ગુનાખોરી, લૂંટફાટ જેવાં સામાજિક દૂષણોનું પણ સર્જન થાય છે.

(2) 1901માં ગ્રામીણ વસ્તી 21.2 કરોડ (89.1 %) હતી તે 2011માં 83.02 કરોડ (68.0 %) થઈ. ટકાવારીની રીતે ઘટાડો નોંધાયો છે. જેનું કારણ ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની તકોનો અભાવ તેમજ પ્રચ્છન્ન બેકારી અને અર્ધ બેકારી બહુ મોટા પ્રમાણમાં ગામડાંમાં જોવા મળે છે. સારી એવી રોજગારીની તકો શહેરોમાં હોવાથી ગામડાંના લોકો શહેરો તરફ સ્થળાંતર કરે છે.

(3) 1901માં શહેરી વસ્તી 2.6 કરોડ (10.9 %) હતી તે 2011માં 38.0 કરોડ (32.0 %) થઈ. એટલે કે દરેક દસકા દરમિયાન શહેરી વસ્તીમાં ટકાવારીની રીતે વધારો નોંધાયો છે, જેનું કારણ શહેરોમાં અનેકવિધ ભૌતિક સગવડો, જેમ કે વીજળી, શાળા-કૉલેજો, સિનેમાઘર, સારા રસ્તા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારનાં પૂરતાં સાધનો, સાંસ્કૃતિક અને મનોરંજન પ્રવૃત્તિઓ, તબીબી સારવારની સવલતો પૂરતા પ્રમાણમાં મળી રહે છે. જમીનદારી પ્રથાની નાબૂદી અને શાહુકારના ધંધા પરનાં નિયંત્રણને કારણે પણ કેટલાક લોકો શહેરો તરફ વળ્યા છે.

### 7.3 વસ્તીવધારાનાં કારણો (Causes of Population Increase)

વસ્તીવધારાને અસર કરતાં બે પરિબળો છે. જન્મ-દર અને મૃત્યુ-દર. જન્મ-દર અને મૃત્યુ-દરમાં સર્જાતો તફાવત વસ્તીવધારાનું કારણ બને છે. બીજા શબ્દોમાં કહીએ તો ઊંચા જન્મ-દર અને નીચા મૃત્યુ-દરને કારણે વસ્તીમાં વધારો થાય છે.

**7.3.1 જન્મ-દરનો અર્થ :** વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ જન્મ પામતાં બાળકોની સંખ્યાને જન્મ-દર કહે છે.

$$\text{જન્મ-દર} = \frac{\text{વર્ષ દરમિયાન જીવતાં જન્મેલાં બાળકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$$

જન્મ-દરને ટકાવારીમાં દર્શાવાતો નથી પરંતુ પ્રત્યેક 1000ની વસ્તી દીઠ ગણવામાં આવે છે. વસ્તીમાં કેટલો વધારો થાય છે તે જન્મ-દરના આધારે ખ્યાલ આવે છે. વસ્તીનીતિ નક્કી કરવામાં જન્મ-દરના આંકડા ખૂબ જ ઉપયોગી પૂરવાર થાય છે.

**કોષ્ટક 7.6 ભારતમાં જન્મ-દરનું પ્રમાણ**

| વર્ષ | જન્મ-દર (પ્રતિ 1000 વ્યક્તિએ) |
|---|---|
| 1951 | 39.9 |
| 2011 | 21.8 |

**સ્રોત :** Census of India, 2011

**વિશ્લેષણ અને તારણો :**

(1) ભારતમાં 1951માં જન્મ-દરનું પ્રમાણ 39.9 હતું તે 2011માં ઘટીને 21.8 (39.9-21.8 = તફાવત 18.1) થયું છે જે ધીમા દરે જન્મ-દરમાં ઘટાડો દર્શાવે છે. જેનાં મુખ્ય કારણોમાં શિક્ષણનું નીચું પ્રમાણ, પુત્રપ્રાપ્તિની ઘેલછા, આવકની નીચી સપાટી વગેરે ગણાવી શકાય.

**7.3.2 મૃત્યુ-દરનો અર્થ :** વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યાને મૃત્યુ-દર કહે છે.

$$\text{મૃત્યુ-દર} = \frac{\text{એક વર્ષ દરમિયાન મૃત્યુ પામતા માણસોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$$

વસ્તીમાં કેટલો ઘટાડો થાય છે તે મૃત્યુ-દરના આધારે ખ્યાલ આવે છે. વસ્તીમાં વર્ષ દરમિયાન થયેલા કુલ મરણને અમુક માપમાં રજૂ કરવાથી વસ્તીમાં થતો ઘટાડો ચોક્કસ સ્વરૂપે સમજી શકાય છે.

**કોષ્ટક 7.7 ભારતમાં મૃત્યુ-દરનું પ્રમાણ**

| વર્ષ | મૃત્યુ-દર (પ્રતિ 1000 વ્યક્તિએ) |
|---|---|
| 1951 | 27.4 |
| 2011 | 07.1 |

**સ્રોત :** Census of India, 2011

**વિશ્લેષણ અને તારણો :**

(1) ભારતમાં 1951માં મૃત્યુ-દરનું પ્રમાણ 27.4 હતું તે 2011માં ઘટીને 7.1 (27.4 – 7.1 = તફાવત 20.3) થયું છે. આમ જન્મ-દરની તુલનાએ મૃત્યુ-દરમાં વધુ ઘટાડો નોંધાયો છે. જેનાં મુખ્ય કારણો, દુષ્કાળો પર નિયંત્રણ, જીવનધોરણમાં સુધારો, પૌષ્ટિક આહાર, તબીબી સારવારમાં સુધારો-વધારો, શિક્ષણનો વધતો જતો વ્યાપ, તબીબી વિજ્ઞાન અને શસ્ત્રક્રિયાનાં ક્ષેત્રે થયેલાં નોંધપાત્ર સંશોધનો, ચેપી રોગ પરનાં નિયંત્રણો વગેરે ગણાવી શકાય.

**7.3.3 ઊંચા જન્મ-દર માટેનાં કારણો :** ભારતમાં ઊંચા જન્મ-દર માટેનાં કારણોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : સામાજિક પરિબળો, આર્થિક પરિબળો અને અન્ય પરિબળો.

**7.3.3.1 સામાજિક પરિબળો**

**(1) સાર્વત્રિક લગ્નપ્રથા :** ભારતમાં લગ્ન એ ધાર્મિક સંસ્કાર છે. લગ્ન ન કરનાર વ્યક્તિ પ્રત્યે સમાજ શંકાની દૃષ્ટિએ જુએ છે. તેમાંથી બચવા માટે દરેક સ્ત્રી-પુરુષ લગ્નગ્રંથિથી જોડાય છે. દિવ્યાંગ પણ અપવાદ નથી. વિકસિત દેશોની તુલનામાં ભારતમાં દરેક સ્ત્રી લગ્ન કરે છે. આમ, સાર્વત્રિક લગ્નપ્રથાથી જન્મ-દર ઊંચો જાય છે.

**(2) નાની ઉંમરે લગ્ન અને વિધવા પુનઃલગ્ન :** દેશમાં બાળલગ્ન અટકાવતો કાયદો હોવા છતાં ઘણા વિસ્તારોમાં નાની ઉંમરે લગ્ન થાય છે. તેમાંય ખાસ કરીને જ્યારે સ્ત્રીઓ નાની ઉંમરે લગ્ન કરતી હોવાથી તેમનો પ્રજનનકાળ ખૂબ જ લાંબો રહે છે. જેથી બાળકોને જન્મ આપવાનું પ્રમાણ વધી જાય છે.

દેશમાં વિધવા પુનઃલગ્નને કાયદા દ્વારા અમલી બનાવાયો હોવાથી તેને વ્યાપક ટેકો મળેલો છે. જેથી વિધવા પુનઃલગ્ન સામાન્ય થતા જાય છે. જેના કારણે પણ જન્મ-દર ઊંચો જોવા મળે છે.

**(3) પુત્રપ્રાપ્તિની ઘેલછા :** ભારતીય સમાજ પુરુષપ્રધાન છે. અહીં પુત્રી કરતા પુત્રને ત્રણ કારણોથી વધારે મહત્ત્વ આપવામાં આવે છે :

(1) પુ-નામના નર્કમાંથી તારે તે પુત્ર-કહેવત. (2) વંશવેલાને આગળ વધારવા માટે (3) ઘડપણમાં આર્થિક સહારો ઊભો કરવા માટે.

ઉપર્યુક્ત ત્રણ કારણોસર કેટલાંક કુટુંબો પુત્રની ઘેલછામાં ઘણી પુત્રીઓને જન્મ આપે છે. જેથી કુટુંબના કદમાં વધારો થાય છે.

**(4) સંયુક્ત કુટુંબપ્રથા :** ભારતના ગ્રામીણ વિસ્તારમાં સંયુક્ત કુટુંબપ્રથા વ્યાપક પ્રમાણમાં છે. પરિણામે અહીં બાળકના ઉછેરની આર્થિક જવાબદારી કુટુંબના બધા સભ્યો વચ્ચે વહેંચાઈ જવાથી બાળક બોજારૂપ બનતું નથી પરિણામે જન્મ-દર ઊંચો જાય છે.

**7.3.3.2 આર્થિક પરિબળો :**

**(1) શિક્ષણનું નીચું પ્રમાણ :** શિક્ષણ અને વસ્તીવૃદ્ધિ વચ્ચેનો સંબંધ અત્યંત જટિલ છે. આ બાબત સ્ત્રીશિક્ષણને ખાસ લાગુ પડે છે. અપર્યાપ્ત શિક્ષણના કારણે નાના કુટુંબની અગત્ય જલદી સમજી શકાતી નથી. પરિણામે કુટુંબનું કદ મોટું રહેવાનું વલણ જણાય છે. ઉપરાંત સ્ત્રીઓમાં શિક્ષણના સ્તર અને બાળકોની સંખ્યા વચ્ચેનો વ્યસ્ત સંબંધ દુનિયાભરમાં જોવા મળ્યો છે. નિરક્ષર સ્ત્રીઓની તુલનામાં પ્રાથમિક શિક્ષણ પામેલી સ્ત્રીઓ ઓછાં બાળકોને જન્મ આપતી માલૂમ પડે છે. એ જ બાબત પ્રાથમિક શિક્ષણની તુલનામાં માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ પામેલી સ્ત્રીઓ માટે સાચી ઠરે છે. આ અનુભવના આધારે કહી શકાય કે, દેશમાં નિરક્ષરતા અને અલ્પશિક્ષણને કારણે જન્મ-દર ઊંચો રહેવા પામે છે.

**(2) આવકની નીચી સપાટી :** કુટુંબની આવક નીચી હોય ત્યારે વધારાના બાળકનું આગમન જવાબદારી નહિ, પરંતુ અસ્કામત ગણાય છે. 'ઝાઝા હાથ રળિયામણા' એ ન્યાયે બાળક પણ ભવિષ્યમાં કુટુંબની આવકમાં વધારો કરશે તેવી આશા સેવાય છે. અત્યારે પણ ચાની લારી પર અથવા નાની હૉટેલોમાં રોજી રળીને કુટુંબની આવકમાં વધારો કરતાં બાળકોને આપણે જોઈએ જ છીએ ને ?

**(3) બાળમૃત્યુ-દરનું ઊંચું પ્રમાણ :** ''જીવતાં જન્મેલાં દર હજાર બાળકોમાંથી એક વર્ષનું આયુષ્ય પૂરું કર્યા પહેલાં મૃત્યુ પામતાં બાળકોની સંખ્યાને બાળમૃત્યુ-દર કહે છે.''

**કોષ્ટક 7.8 ભારતમાં બાળમૃત્યુ-દરનું પ્રમાણ**

| વર્ષ | બાળમૃત્યુ-દર (1000 જીવતાં જન્મેલાં બાળકોમાંથી) |
|---|---|
| 1951 | 146 |
| 2011 | 41.40 |

**સ્રોત :** www.data.worldbank.org

ભારતમાં વિકસિત દેશોની તુલનામાં બાળમરણનું પ્રમાણ ઘણું ઊંચું છે. ભારતમાં 1951માં બાળમૃત્યુ-દર 146 હતો તે ઘટીને 2011માં 41.40 થયો છતાં આ દર ઘણો ઊંચો ગણાવી શકાય. બાળમૃત્યુ-દર ઊંચો હોવાનાં કારણોમાં ગરીબી, દીકરીના જન્મની ઉપેક્ષા, પોષણયુક્ત આહારનો અભાવ, સ્ત્રીઓને વારંવાર થતી કસુવાવડો, ઉછેરની જૂની માન્યતા, અપૂરતી આરોગ્યની સગવડો, બે બાળકો વચ્ચેનો ઓછો ગાળો વગેરેને કારણે બાળમૃત્યુ વધારે થતાં હોવાથી લોકો વધારે બાળકોને જન્મ આપવાનું વલણ ધરાવે છે જે ઊંચા જન્મ-દરમાં પરિણમે છે.

**7.3.3.3 અન્ય પરિબળો :**

**(1) ઊંચો પ્રજનન-દર :** ''વર્ષ દરમિયાન 15થી 49 વર્ષની વય ધરાવતી દર 1000 સ્ત્રીઓની કુખે જીવતાં જન્મેલાં બાળકોની સંખ્યાને પ્રજનનનો દર કહે છે. ભારતના વસ્તીમાળખાની એક વિશેષતા ઊંચા પ્રજનનના દર અંગેની છે. બાળકને જન્મ આપી શકે તેવી 15 થી 49 વર્ષની વયની મહિલાઓના સંદર્ભમાં

આ વિશેષતા તપાસીએ. 1961માં આ વય-જૂથમાં રહેલી મહિલાઓ માટે સરેરાશ જીવિત બાળકોની સંખ્યા 6 જેટલી હતી જે 2011માં ઘટીને 3 જેટલી થઈ છે. તેમ છતાં આ પ્રમાણે થોડું ઊંચું કહી શકાય. સરેરાશ જીવિત બાળકોના ઊંચા પ્રમાણ માટે બે પરિબળો જવાબદાર હોઈ શકે : (1) ભારતમાં નાની વયે થતાં લગ્નોને કારણે મહિલાઓમાં માતૃત્વ ધારણ કરી શકવાનો સમયગાળો લાંબો જોવા મળે છે અને (2) માતૃત્વ ધારણ કરી શકે તેવી મહિલાઓમાં અપરણિત મહિલાઓનું પ્રમાણ ઘણું ઓછું છે.

**(2) કુટુંબનિયોજન અંગેની માહિતીનો અભાવ :** ''કુટુંબનિયોજન એટલે આયોજિત માતૃત્વ અને પિતૃત્વ દ્વારા કુટુંબને સમજપૂર્વક મર્યાદિત રાખવું તેમજ બે બાળકો વચ્ચે યોગ્ય સમયમર્યાદા નક્કી કરવી.'' ભારતીય સમાજમાં વ્યાપક ગરીબી, સામાજિક રીત-રિવાજો તથા ધાર્મિક માન્યતાઓની સાથે શિક્ષણના નીચા પ્રમાણના કારણે કુટુંબનિયોજન સામે અવરોધ ઊભા થાય છે. તે ઉપરાંત કુટુંબનિયોજન માટેનાં વિવિધ સાધનોની જાણકારી અને આ સાધનોનું ક્યારેક અપૂરતું પ્રમાણ જન્મ-દરને ઊંચી સપાટી પર ટકાવી રાખે છે.

### 7.3.4 નીચા મૃત્યુ-દરનાં કારણો :

**7.3.4.1 જીવનધોરણમાં સુધારો :** આર્થિક વિકાસના કારણે લોકોની આવક વધવાથી જીવનધોરણમાં સુધારો થયો છે. દેશના લોકો પહેલાં કરતા સારી ગુણવત્તાવાળું અનાજ, રહેઠાણની પૂરતી સગવડ, આરોગ્યની જાળવણી અને પૂરતું શિક્ષણ પ્રાપ્ત કરતા થયા છે. જેના પરિણામે મૃત્યુ-દર ઘટ્યો છે.

**7.3.4.2 રોગચાળા પર નિયંત્રણ :** 20મી સદીના ઉત્તરાર્ધમાં દેશમાં પ્લેગ, શીતળા, ક્ષય, મૅલેરિયા જેવા જીવલેણ રોગોનાં કારણે મૃત્યુ-દર ઊંચો હતો પરંતુ 20મી સદીના અંતમાં વિકાસના પરિણામે મેડિકલ ક્ષેત્રે અદ્ભુત પ્રગતિ સાધવાથી તેમજ વિવિધ રોગ-પ્રતિકારક રસીઓનો આવિષ્કાર થવાથી ઉપર્યુક્ત રોગો પર અંકુશ મૂકવામાં સફળતા પ્રાપ્ત થઈ છે જેના પરિણામે મૃત્યુ-દર ઘટ્યો છે.

**7.3.4.3 દુષ્કાળ પર અંકુશ :** વિજ્ઞાન અને ટેક્નોલૉજીના કારણે દુષ્કાળ પર અંકુશ આવ્યો છે. તેથી ભૂખમરાને કારણે થતા મૃત્યુને ટાળી શકાયા છે. 1966થી હરિયાળી ક્રાંતિ થવાથી દેશમાં અનાજના પુરવઠામાં નોંધપાત્ર વધારો થયો છે. પરિણામે દેશના કોઈ એક અછતગ્રસ્ત વિસ્તારમાં છતવાળા વિસ્તારમાંથી સહેલાઈથી અનાજની હેરફેર કરી શકાય છે તેથી માનવીને ભૂખમરાને કારણે મોતના મુખમાં જતો બચાવી શક્યા છીએ.

**7.3.4.4 કુદરતી આપત્તિઓ સામે રક્ષણ અને વાહનવ્યવહારની સગવડો (Transportation) :** દેશમાં પહેલાં ધરતીકંપ, ત્સુનામી, ભૂસ્ખલન, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી કુદરતી હોનારતોથી માનવ મૃત્યુ-દરનો આંક ઊંચો હતો. આજે દેશના કોઈ પણ ભાગમાં આ પ્રકારની કુદરતી આપત્તિઓ સર્જાય તો ઝડપી વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં પરિણામે તાત્કાલિક અનાજ, દવાઓ અને અન્ય પ્રાથમિક જરૂરિયાતો માનવતાના ધોરણે પ્રાપ્ત થવાથી મૃત્યુ-દરમાં ઘટાડો થયો છે.

## 7.4 વસ્તી-નિયંત્રણના ઉપાયો (Measure of Population Control)

### 7.4.1 લોકશિક્ષણ અને જાગૃતિ :

જન્મ-દરને નીચો લાવવા માટે નાના કુટુંબનું મહત્ત્વ લોકો સુધી પહોંચે તે જરૂરી છે. આ માટે લોકોમાં શિક્ષણનો પ્રચાર કરવો જોઈએ. ખાસ કરીને સ્ત્રીઓના શિક્ષણ અંગે સમાજ વધુ જાગ્રત થાય તે જરૂરી છે. આ માટે સંદેશા-વ્યવહારનાં વિવિધ માધ્યમો દ્વારા વસ્તીશિક્ષણ પરના ખાસ કાર્યક્રમો પ્રસારિત કરવા જોઈએ. શાળા-કૉલેજોમાં નિષ્ણાત વ્યક્તિઓના વ્યાખ્યાન ગોઠવવાં, નાટક, મૂક અભિનય, ગીતો વગેરે દ્વારા જાગૃતિ લાવી શકાય. વર્ષ 2000ની વસ્તીનીતિમાં મહિલાવિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. એક વસ્તીશાસ્ત્રીએ કહ્યું છે તે મુજબ ''શિક્ષણ એ સંતતિ-નિયમનનું સર્વશ્રેષ્ઠ સાધન છે.''

### 7.4.2 કુટુંબનિયોજન કાર્યક્રમની અસરકારકતા :

કુટુંબનિયોજન અંગેના કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટે લોકશિક્ષણની સાથે-સાથે કુટુંબનિયોજન સેવાઓ અને સવલતોમાં વધારો કરાયો છે. સંતતિ નિયમનનાં સાધનો સાદાં, સસ્તાં અને સુલભ બની રહે તે જરૂરી છે. 2000ની વસ્તીનીતિમાં કુટુંબનિયોજન કાર્યક્રમમાં ફેરફાર કરીને વંધ્યીકરણને અપાતા વધુપડતા મહત્ત્વને ઘટાડીને અનૈચ્છિક ગર્ભધારણને અટકાવવા માટે અન્ય સલામત પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવ્યો છે.

### 7.4.3 મહિલાઓની લગ્નવય અને દરજ્જામાં વધારો :

લગ્ન માટેની વયમાં કાયદા દ્વારા વધારો કરી ખાસ મહિલાઓ માટે લગ્નવય વધારીને જન્મ-દરમાં ઘટાડો નિપજાવી શકાય. 2000ની વસ્તીનીતિમાં મહિલાઓ માટે લગ્નની 18 વર્ષની વયના સ્થાને શક્ય હોય, તો 20 વર્ષ થાય તેવા પ્રયત્નો માટે પ્રોત્સાહન અપાયું છે.

સમાજમાં સ્ત્રીઓના દરજ્જામાં વધારો કરવામાં આવે તોપણ જન્મ-દર ઘટી શકે છે. સ્ત્રીઓને પુરુષોની તુલનામાં શિક્ષણ અને રોજગારીની સમાન તક આપવામાં આવે, તો આવી સ્ત્રીઓ પોતાના કુટુંબનું કદ સીમિત રાખે છે.

### 7.4.4 પ્રોત્સાહનો અને બિનપ્રોત્સાહનો :

સરકાર તરફથી આપવામાં આવતાં પ્રોત્સાહનો અને બિનપ્રોત્સાહનો કુટુંબનિયોજનમાં અગત્યનો ભાગ ભજવે છે. જેમ કે વંધ્યીકરણનું ઑપરેશન કરાવનાર દંપત્તીઓને સરકાર તરફથી આર્થિક વળતર આપવામાં આવે છે.

વધતી વસ્તીને અટકાવવા માટે ચીને બિનપ્રોત્સાહનનો દાખલો વિશ્વ સમક્ષ આપ્યો છે. જેમાં બે બાળકવાળાં દંપત્તીઓના મહત્ત્વના લાભો પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. જોકે થોડા સમયથી આમાં છૂટછાટો આપી છે. તેમજ ભારતની વાત કરીએ તો ભારતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બે કરતા વધારે સંતાન હોય તે દંપતી ચૂંટણી લડી શકતા નથી.

### 7.4.5 તબીબી સેવાઓનો વ્યાપ અને અસરકારકતામાં વધારો :

ભારતમાં મૃત્યુનો દર નીચો હોવા છતાં વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં આ દર હજુ ઊંચો જણાય છે. વિજ્ઞાનની મદદ વડે પ્રજનન તથા બાળ આરોગ્યને લગતી સેવાઓ તથા સવલતોમાં વધારો કરવો. રસીકરણની પ્રક્રિયાને સાર્વત્રિક તથા અસરકારક બનાવવી. 'એઈડ્સ' જેવી બાબતો અંગે જાણકારી વધારવી, અન્ય ચેપી તથા જાતીય રોગોના પ્રમાણમાં ઘટાડો કરવો - આ પ્રકારનાં પગલાં મૃત્યુના દર તથા બાળમૃત્યુના દર નીચી સપાટીએ લઈ જઈ શકે તેમ છે.

વિશ્વમાં સૌપ્રથમ વખત વસ્તીને નિયંત્રિત કરવા માટેનો પ્રયત્ન વસ્તીનીતિ દ્વારા ભારતમાં થયો. નવી વસ્તીનીતિ (2000) માટેની સમિતિની રચના ડૉ. એમ. એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ થઈ હતી.

વસ્તીનીતિનાં વિવિધ પગલાંને કારણે સમાજકલ્યાણની ઊંચી સપાટી પ્રાપ્ત થઈ શકશે અને વસ્તીવધારા સામે સ્વયં જાગૃતિ આવશે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) ભારતમાં સૌપ્રથમ વખત વસ્તી-ગણતરી કોના દ્વારા કરવામાં આવી ?

(અ) જમશેદજી તાતા (બ) સ્વામીનાથન (ક) દીનદયાલ ઉપાધ્યાય (ડ) દાદાભાઈ નવરોજી

(2) ઈ.સ. 2011 થી 2025ના વર્ષ સુધીમાં ભારતની વસ્તી કેટલા કરોડ થવાનો અંદાજ છે ?

(અ) 155 કરોડ (બ) 130 કરોડ (ક) 139.98 કરોડ (ડ) 180 કરોડ

(3) ભારતમાં સૌપ્રથમ વસ્તી-ગણતરી કઈ સાલમાં કરવામાં આવી ?

(અ) ઈ.સ. 1901 (બ) ઈ.સ. 1951 (ક) ઈ.સ. 1871 (ડ) ઈ.સ. 1921

(4) ઈ.સ. 1901માં ભારતની કુલ વસ્તી કેટલી હતી ?

(અ) 22.2 કરોડ (બ) 25.2 કરોડ (ક) 102.7 કરોડ (ડ) 23.8 કરોડ

(5) ઈ.સ. 2011માં ભારતની કુલ વસ્તી કેટલી હતી ?

(અ) 36.1 કરોડ (બ) 54.8 કરોડ (ક) 121.02 કરોડ (ડ) 23.8 કરોડ

(6) ભારતમાં આયોજનનો આરંભ કઈ સાલમાં થયો ?

(અ) ઈ.સ. 1901 (બ) ઈ.સ. 1951 (ક) ઈ.સ. 1950 (ડ) ઈ.સ. 2000

(7) વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ કયો છે ?

(અ) ચીન (બ) ભારત (ક) ઑસ્ટ્રેલિયા (ડ) અમેરિકા

(8) ભારતના કયા રાજ્યમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે ?

(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર (ક) કેરલ (ડ) ઉત્તરપ્રદેશ

(9) ઈ.સ. 2011માં ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?

(અ) 930 (બ) 950 (ક) 940 (ડ) 970

(10) ઈ.સ. 2011માં ભારતમાં જન્મ-દરનું પ્રમાણ કેટલું હતું ?

(અ) 21.8 (બ) 36.8 (ક) 72.0 (ડ) 23.8

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) બધી જ સમસ્યાના મૂળમાં કઈ સમસ્યા રહેલી છે ?

(2) કામ કરતી અને કામ ન કરતી વસ્તી એટલે શું ?

(3) ઈ.સ. 2011માં વસ્તીવૃદ્ધિનો દર કેટલો હતો ?

(4) વિશ્વવસ્તીમાં ભારતનો ક્રમ કેટલામો છે ?

(5) ઈ.સ. 2011માં ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?

(6) વય-જૂથ અનુસાર વસ્તીની વહેંચણી એટલે શું ?

(7) કયા વય-જૂથમાં ભારતમાં સૌથી વધુ વસ્તી જોવા મળે છે ?

(8) ભારતમાં 2011માં ગ્રામીણ અને શહેરી વસ્તીની ટકાવારી જણાવો.

(9) બાળમૃત્યુ-દર એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) 1921ના વર્ષને મહાનવિભાજક વર્ષ તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?

(2) ઉત્પાદક અને અનઉત્પાદક વસ્તી એટલે શું ?

(3) જન્મ-દરનો અર્થ આપી જન્મ-દર માપવા માટેનું સૂત્ર જણાવો.

(4) મૃત્યુ-દરનો અર્થ આપી મૃત્યુ-દર માપવા માટેનું સૂત્ર જણાવો.

(5) વસ્તીનીતિનો અર્થ આપો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) વસ્તીવિસ્ફોટની વિગતે સમજૂતી આપો.

(2) નીચા મૃત્યુ-દરનાં કારણો જણાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ભારતમાં જાતિ-પ્રમાણ (દર 1000 પુરુષોએ સ્ત્રીની સંખ્યા)ની વિગતે ચર્ચા કરો.

(2) ઊંચા જન્મ-દર માટેનાં કારણોની વિગતે ચર્ચા કરો.

(3) વસ્તી-નિયંત્રણના ઉપાયોની વિગતવાર સમજૂતી આપો.

## પારિભાષિક શબ્દો

**વસ્તી-વિસ્ફોટ** : ભારતમાં મૃત્યુ-દર ઝડપથી ઘટવાની સામે જન્મ-દર ઝડપથી ન ઘટવાથી ચોખ્ખો વસ્તી વધારો ઊંચા દરે થયો જેને વસ્તી-વિસ્ફોટ કહેવામાં આવે છે.

**વસ્તીનાં વલણો** : વસ્તીનાં વલણો એટલે વસ્તીનું કદ, વસ્તીવૃદ્ધિ-દર, જન્મ-દર, મૃત્યુ-દર, શહેરી વસ્તી, ગ્રામીણ વસ્તી તેમજ સ્ત્રી-પુરુષના પ્રમાણને લગતી આંકડાકીય માહિતી મેળવી તેનું અર્થઘટન કરવું.

**વસ્તીનું કદ** : વસ્તીનું કદ એટલે જુદાં-જુદાં વર્ષો દરમિયાન દેશની કુલ વસ્તી અથવા તો પ્રમાણને વસ્તીનું કદ કહે છે.

**સ્ત્રી-પુરુષનું પ્રમાણ** : કુલ વસ્તીમાં જુદાં-જુદાં વર્ષો દરમિયાન સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યા કેટલી છે તે પ્રમાણને સ્ત્રી-પુરુષનું પ્રમાણ કહે છે.

**જાતિ-પ્રમાણ/લિંગ-પ્રમાણ** : દેશની વસ્તીમાં પ્રતિ 1000 પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યાને જાતિ-પ્રમાણ અથવા લિંગ-પ્રમાણ કહે છે.

**વસ્તીની વયજૂથ અનુસાર વહેંચણી** : વસ્તીની વય-જૂથ અનુસાર વહેંચણી એટલે દેશની કુલ વસ્તીનું વિવિધ વય-જૂથોમાં વિભાજન દા.ત., 0-14,15-64, 65 અને વધુ વર્ષની વયની વ્યક્તિઓનું કુલ વસ્તીમાં પ્રમાણ

**ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ** : દેશની કુલ વસ્તીમાં કેટલા લોકો ગ્રામીણ વિસ્તારમાં અને કેટલા લોકો શહેરી વિસ્તારમાં રહે છે. તેની માહિતી ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણ દ્વારા જાણવા મળે છે.

**જન્મ-દર** : વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ જન્મતાં બાળકોની સંખ્યાને જન્મ-દર કહે છે.

**મૃત્યુ-દર** : વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યાને મૃત્યુ-દર કહે છે.

**બાળમૃત્યુ-દર** : વર્ષ દરમિયાન જીવતાં જન્મેલાં દર હજાર બાળકોમાં એક વર્ષનું આયુષ્ય પૂરું કર્યા પહેલાં મૃત્યુ પામતાં બાળકોની સંખ્યાને બાળ મૃત્યુ-દર કહે છે.

**વસ્તીનીતિ** : વસ્તીવૃદ્ધિના દરને ઈચ્છનીય સપાટી પર લઈ જવા માટે સરકાર દ્વારા લેવામાં આવતાં પગલાંને વસ્તીનીતિ કહે છે.

**કામ કરતી વસ્તી** : દેશની કુલ વસ્તીમાંથી કામ કરતી વસ્તીને કામ કરતી વસ્તી કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો દેશની ઉત્પાદન-પ્રવૃત્તિમાં જે વસ્તી પોતાનો સહયોગ આપે છે. દા.ત., 15 થી 64 વર્ષની વય ધરાવતા લોકો કામ કરતી વસ્તીમાં સમાવેશ થાય છે.

**કામ ન કરતી વસ્તી** : દેશમાં થતી ઉત્પાદન-પ્રવૃત્તિમાં જેમનો કોઈ હિસ્સો નથી તેવી વસ્તીને કામ ન કરતી વસ્તી કહે છે. દા.ત., મહિલાઓ, બાળકો અને વૃદ્ધો

●

# 8 કૃષિક્ષેત્ર


- **પ્રસ્તાવના**
- **8.1 અર્થતંત્રની કરોડરજ્જુ**
- **8.2 ભારતમાં કૃષિક્ષેત્રની વર્તમાન સ્થિતિ/મહત્ત્વ**
  - 8.2.1 રાષ્ટ્રીય આવકમાં ફાળો
  - 8.2.2 રોજગારી
  - 8.2.3 નિકાસ-આવક
  - 8.2.4 જીવનધોરણ
  - 8.2.5 કૃષિ-ઉત્પાદનમાં વૃદ્ધિ
  - 8.2.6 ઔદ્યોગિક વિકાસનો પાયો
- **8.3 નીચી ખેત-ઉત્પાદકતાનાં કારણો**
  - 8.3.1 સંસ્થાકીય પરિબળો
    - 8.3.1.1 જમીન મહેસૂલ ઉઘરાવવાની પ્રથા
    - 8.3.1.2 ખેત-ધિરાણ
    - 8.3.1.3 કૃષિ પેદાશોની વેચાણ-વ્યવસ્થા
    - 8.3.1.4 ગ્રામીણ સમાજ-વ્યવસ્થા
  - 8.3.2 ટેક્નોલૉજિકલ પરિબળો
  - 8.3.3 અન્ય પરિબળો
    - 8.3.3.1 વસ્તીનું ભારણ
    - 8.3.3.2 આર્થિક આયોજનનો અભાવ
- **8.4 ખેત-ઉત્પાદકતા વધારવાના ઉપાયો**
  - 8.4.1 સંસ્થાકીય સુધારાઓ
    - 8.4.1.1 જમીનવિષયક સુધારાઓ
    - 8.4.1.2 સંસ્થાકીય ધિરાણની પ્રાપ્તિ
    - 8.4.1.3 કૃષિ પેદાશોની વેચાણ-વ્યવસ્થામાં સુધારો
    - 8.4.1.4 કૃષિ-સંશોધનો
  - 8.4.2 ટેક્નોલૉજિકલ સુધારાઓ
    - 8.4.2.1 સુધારેલાં બિયારણો
    - 8.4.2.2 રાસાયણિક ખાતરનો વપરાશ
    - 8.4.2.3 સિંચાઈની સગવડમાં વધારો
    - 8.4.2.4 યંત્રોનો ઉપયોગ
    - 8.4.2.5 જંતુનાશક દવાઓ
    - 8.4.2.6 ભૂમિ-પરીક્ષણ
  - 8.4.3 અન્ય ઉપાયો
- **8.5 આધુનિક ખેતી**
  - 8.5.1 હરિયાળી ક્રાંતિ
  - 8.5.2 પાકની ફેરબદલી
  - 8.5.3 પાક-સંરક્ષણ
  - 8.5.4 કૃષિ-સંશોધન


### પ્રસ્તાવના (Introduction)

કૃષિક્ષેત્ર દુનિયાનાં તમામ અર્થતંત્રોમાં ખૂબ જ અગત્યનું ગણવામાં આવતું ક્ષેત્ર છે. આ ક્ષેત્ર દ્વારા દેશની વસ્તીને અનાજ, શાકભાજી, ફળ-ફળાદિ, ફૂલો જ નહિ પરંતુ ઉદ્યોગો માટે કાચો માલ પણ પૂરો પાડવામાં આવે છે. દુનિયાના દરેક દેશના કૃષિક્ષેત્રની ક્ષમતા જુદી-જુદી હોય છે. તે જુદાં-જુદાં પ્રમાણમાં ઉત્પાદન, રોજગારી અને આવકસર્જન કરી આપતું જોવા મળે છે.

### 8.1 અર્થતંત્રની કરોડરજ્જુ (Backbone of the Economy)

ભારતમાં કૃષિક્ષેત્ર પુરાતન કાળથી મહત્ત્વનું રહ્યું છે. ભારત કૃષિ-ઉત્પાદન, રોજગારી અને નિકાસ-કમાણી જેવી બાબતોમાં કૃષિક્ષેત્ર પર ખૂબ નભતું હોવાથી ભારતને ખેતીપ્રધાન દેશ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં કૃષિક્ષેત્ર દેશની જીવાદોરી સમાન છે, તેથી તેને અર્થતંત્રની કરોડરજ્જુ સમાન દરજ્જો આપવામાં આવે છે એટલે કે ભારતીય અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો કૃષિક્ષેત્ર ઉપર અવલંબે છે. જેનું મુખ્ય કારણ એ છે કે, જો કોઈ કારણસર ભારતમાં કૃષિક્ષેત્ર તેના ખેત-ઉત્પાદનમાં નિષ્ફળ જાય તો અનાજ, શાકભાજી, ફળ-ફળાદિ, ફૂલો જ નહિ પણ ઉદ્યોગોમાં કાચા માલ તરીકે વપરાતો રોકડિયો પાક પણ નિષ્ફળ જાય તો, તેવા સંજોગોમાં દેશના લોકોને ખેતીજન્ય ચીજવસ્તુઓ પૂરતા પ્રમાણમાં મળી રહેતી નથી. તે ખૂબ ઊંચા ભાવો એ પ્રાપ્ત થાય

છે જેથી લોકોનું જીવન ખૂબ જ પ્રભાવિત થાય છે. તદુપરાંત દેશની વસ્તીનો મોટો ભાગ (2011ની વસ્તી-ગણતરી મુજબ 68.8 % વસ્તી) ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતો હોવાથી એમ કહી શકાય કે જો ખેત-ઉત્પાદન નિષ્ફળ જાય તો આ દેશની મોટા ભાગની વસ્તીની આવકને માઠી અસર થાય છે અને જો દેશની મોટા ભાગની વસ્તીની આવકને માઠી અસર થાય તો તેઓ જે ઔદ્યોગિક વસ્તુઓના મોટા ઉપભોક્તાઓ છે તેઓને તેમની ઔદ્યોગિક વસ્તુઓની માંગ ઘટાડવી પડે છે, જેના કારણે એક તરફ ઉદ્યોગોને ઓછો કાચો માલ મળ્યો હોય છે અને બીજી તરફ તેમની ઔદ્યોગિક ઉત્પાદિત વસ્તુઓની માંગ થતી નથી. સરવાળે એમ કહી શકાય કે, કૃષિક્ષેત્રની નિષ્ફળતા ઔદ્યોગિક ક્ષેત્રને નિષ્ફળતા અપાવે છે અને જો આ બંને ક્ષેત્રો પર માઠી અસરો જોવામાં આવે તો દેશનું ત્રીજું ક્ષેત્ર એટલે કે સેવાક્ષેત્ર પર પણ તેની સેવાકીય માંગ અને આવકમાં ઘટાડારૂપ અસર થાય છે. જેથી કહી શકાય કે જો ભારતમાં કૃષિક્ષેત્ર નિષ્ફળ નીવડે તો દેશનું અર્થતંત્ર ખોરવાય છે અને આ જ રીતે કૃષિક્ષેત્ર સફળ નીવડે તો દેશ પ્રગતિના પંથે અગ્રેસર રહે છે. આ કારણથી દેશના કૃષિક્ષેત્રને દેશની કરોડરજ્જુ કહેવામાં આવે છે.

ભારતમાં વર્ષ 1956 (બીજી પંચવર્ષીય યોજના)થી ઔદ્યોગિકીકરણના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ભારત સરકારે ઔદ્યોગિકીકરણ માટે કરેલા પ્રયત્નો છતાં આજે પણ ભારત ખેતીપ્રધાન અર્થતંત્ર તરીકે જ ઓળખાય છે. અહીં આયોજનના પરિણામ સ્વરૂપે ખેતીક્ષેત્ર પર ઉત્પાદન, આવક, રોજગારી, નિકાસ-કમાણી વગેરે પરની નિર્ભરતા ઘટી છે. તેમ છતાં ભારતના અર્થતંત્રનો વિકાસનો દર આજે પણ કૃષિક્ષેત્રના વૃદ્ધિના દર પર આધાર રાખે છે.

## 8.2 ભારતમાં કૃષિક્ષેત્રની વર્તમાન સ્થિતિ /મહત્ત્વ(Present Situation of Agriculture Sector in India/Importance)

ભારત અંગ્રેજોના શાસન પહેલાં, અંગ્રેજોના શાસન દરમિયાન અને અંગ્રેજોથી મળેલ આઝાદી બાદ પણ કૃષિ આધારિત દેશ છે. દેશમાં આયોજન દરમિયાન ઔદ્યોગિકીકરણને વધુ મહત્ત્વ આપવાને કારણે ભૂતકાળની કૃષિક્ષેત્રની સ્થિતિ કરતાં વર્તમાન સ્થિતિમાં ખૂબ મોટાં પરિવર્તન જોવા મળે છે. દેશમાં આજે ભૂતકાળની તુલનામાં રોજગારી, ઉત્પાદન અને નિકાસ-કમાણી કે જે સ્તરે ખેતીક્ષેત્ર અગ્રેસર રહ્યું છે તેમાં ફેરફાર જોવામાં આવી રહ્યા છે. દેશમાં ખેતીક્ષેત્રે નોંધનીય બાબત એ રહી છે કે તે અર્થતંત્રના ખૂબ મોટા રોજગારીના ક્ષેત્રે ઉપયોગી રહ્યું છે છતાં દેશની કુલ આવક (રાષ્ટ્રીય આવક)માં કૃષિક્ષેત્રનો ફાળો અન્ય ક્ષેત્રોની તુલનામાં ખૂબ ઓછો નોંધાયો છે. આ ફેરફારો ઉપરાંત અન્ય ફેરફારો કેવા પ્રકારના અને કઈ દિશાના છે તે સમજવા કૃષિની વર્તમાન સ્થિતિ સ્પષ્ટ કરતા નીચેના મુદ્દાઓ તપાસીએ :

### 8.2.1 રાષ્ટ્રીય આવકમાં ફાળો :

**કોષ્ટક 8.1**

| વર્ષ | રાષ્ટ્રીય આવકમાં ફાળો (ટકામાં) |
|---|---|
| 1950-51 | 53.1 |
| 1960-61 | 48.7 |
| 1970-71 | 42.3 |
| 1980-81 | 36.1 |
| 1990-91 | 29.6 |
| 2000-01 | 22.3 |
| 2011-12 | 13.9 |

**સ્રોત :** આર્થિક સર્વે, 2011-12

સામાન્ય રીતે ખેતીક્ષેત્રની આવકને પ્રાથમિક ક્ષેત્રની આવક પણ કહેવામાં આવે છે. જેમાં ખેતીના પાક, મરઘાં-પાલન, મત્સ્યપાલન, પશુપાલનનો સમાવેશ થાય છે. આર્થિક સર્વે 2011-12 મુજબ 1950-51માં રાષ્ટ્રીય આવક (GDP)માં ખેતીક્ષેત્રનો ફાળો 53.1 % હતો. તે 1956થી શરૂ કરવામાં આવેલ ઔદ્યોગિકીકરણના મહત્ત્વને કારણે ઘટાડા તરફી રહ્યો છે. તે વર્ષ 2011-12માં ઘટીને રાષ્ટ્રીય આવકના 13.9 % (સ્થિર ભાવોએ) રહેવા પામ્યો છે. રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રના ફાળામાં થતો ઘટાડો મુખ્યત્વે બિનકૃષિક્ષેત્રમાં ઝડપી થયેલ વૃદ્ધિને પરિણામે છે. ભારતમાં કૃષિક્ષેત્રનો વિકાસ એ એક જટિલ પ્રશ્ન બની રહ્યો છે.

### 8.2.2 રોજગારી :

ભારતનું કૃષિક્ષેત્ર સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર છે. આઝાદી સમયે ભારતના 72 % લોકો કૃષિ અને કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓ (પશુપાલન, મત્સ્યપાલન, જંગલ, મરઘાં-બતકાં ઉછેર વગેરે)માંથી રોજગારી મેળવતા હતા. આઝાદી બાદ ભારતીય અર્થતંત્રમાં વિકાસ ઝડપી બનતાં ખાસ કરીને ઉદ્યોગો અને સેવાક્ષેત્રનો વિકાસ એ કૃષિક્ષેત્ર કરતાં ઝડપી બનતાં કૃષિક્ષેત્ર પરનો રોજગારી માટેનો આધાર ઘટ્યો છે. વર્ષ 2001-02માં કૃષિક્ષેત્ર 58 %, જ્યારે વર્ષ 2014-15મા 49 % લોકોને રોજગારી પૂરી પાડે છે.

### 8.2.3 નિકાસ-આવક :

ભારતનું કૃષિક્ષેત્ર એ વિભિન્ન જરૂરી ચીજવસ્તુઓ કે જે દેશમાં ઉત્પાદિત થતી નથી અથવા ઓછી ઉત્પાદિત થાય છે તેવી વસ્તુઓની આયાત કરવા માટેનું વિદેશી હૂંડિયામણ મેળવી આપવા માટે જરૂરી નિકાસો દ્વારા દેશમાં પોતાનો ફાળો આપતું રહ્યું છે. આમ, કૃષિક્ષેત્ર દ્વારા દેશના આર્થિક વિકાસ માટે જરૂરી વિદેશી હૂંડિયામણની જરૂરિયાત કૃષિક્ષેત્રની વસ્તુઓની નિકાસ દ્વારા મળી રહે છે. દા.ત., ચા, મરી-મસાલો, ફળ વગેરેની નિકાસો કરીને કીમતી વિદેશી હૂંડિયામણ કૃષિક્ષેત્ર દેશ માટે મેળવી (કમાઈ) આપે છે. આઝાદીના સમયે ભારતની કુલ નિકાસ-આવક પૈકીની 70 % આવક માત્ર કૃષિક્ષેત્રમાંથી મળી રહેતી હતી. પરંતુ, દેશની વિકાસ-પ્રક્રિયામાં ઉદ્યોગો અને સેવાક્ષેત્ર અગ્રસ્થાને રહેવાને કારણે કૃષિક્ષેત્રનો ફાળો નિકાસ-આવકમાં પણ ઘટ્યો છે. વર્ષ 2013-14 મુજબ દેશની કુલ નિકાસ-આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો 14.2 % નોંધવામાં આવ્યો હતો.

### 8.2.4 જીવનધોરણ :

વિશ્વમાં લોકોના જીવનનો પ્રાથમિક આધાર એ કૃષિક્ષેત્ર રહ્યો છે. ભારતમાં પણ કૃષિક્ષેત્રે લોકોના જીવનધોરણમાં સુધારો કરવાનું કાર્ય સતત કર્યું છે. કૃષિક્ષેત્ર મુખ્યત્વે બે પ્રકારના પાક, અનુક્રમે અનાજ અને રોકડિયા પાકનું ઉત્પાદન કરતું રહ્યું છે. અનાજના પાકમાં મુખ્યત્વે તમામ ધાન્યનો સમાવેશ થાય છે. તેમને ઉત્પાદિત કરી ભારત સ્વનિર્ભર બન્યું છે. તેમજ રોકડિયા પાકો જેવા કે રૂ, શણ, મગફળી, તેલીબિયાં, શેરડી વગેરેનો ઉપયોગ મુખ્યત્વે કાચા માલ તરીકે થાય છે અને તેના ઉત્પાદનમાં વૃદ્ધિ જોવા મળી છે. આ ઉપરાંત વર્તમાન ખેડૂતો શાકભાજી, ફળ-ફળાદિ, ફૂલ વગેરેની ખેતી પણ કરતા થયા છે. જેથી કહી શકાય કે ભારતનું કૃષિક્ષેત્ર લોકોની કૃષિજન્ય જરૂરિયાતો પૂર્ણ કરતું રહ્યું છે. ભારતમાં અનાજની માથા દીઠ ઉપલબ્ધતા જે 1951માં દૈનિક 395 ગ્રામ હતી તે ભારતની વસ્તીમાં થયેલ ખૂબ ઝડપી વધારા છતાં વધીને વર્ષ 2013માં દૈનિક 511 ગ્રામ થઈ છે. જેથી કહી શકાય છે કે કૃષિક્ષેત્ર દ્વારા ભારતીય લોકોની જરૂરિયાતો ઘણા સારા પ્રમાણમાં સંતોષાતી હોવાથી લોકોનું સરેરાશ આયુષ્ય પણ વધ્યું છે.

### 8.2.5 કૃષિ-ઉત્પાદનમાં વૃદ્ધિ (Growth of Agriculture Production) :

**કોષ્ટક 8.2**

| ક્રમ | પાક | 1950-51 | 2013-14 |
|---|---|---|---|
| 1. | અનાજ (મેટ્રિક ટન) | 51.0 | 264.4 |
| 2. | કઠોળ (મેટ્રિક ટન) | 8.4 | 19.6 |
| 3. | શેરડી (મેટ્રિક ટન) | 69.0 | 348.0 |
| 4. | તેલીબિયાં (મેટ્રિક ટન) | 5.1 | 32.4 |
| 5. | કપાસ (મેટ્રિક બેલ) (ગાંસડી) | 2.1 | 36.5 |

**સ્રોત :** કૃષિ મંત્રાલય, ભારત સરકાર, 2015

ભારતના કૃષિક્ષેત્રમાં કુલ ઉત્પાદનની દૃષ્ટિએ વધારો થયો છે. અનુસૂચિમાં જણાવ્યા મુજબ અનાજનું ઉત્પાદન-વર્ષ 1951 માં 51 મેટ્રિક ટન હતું તે વધીને 2013-14માં 264.4 મેટ્રિક ટન થયું. જે પાંચ ગણાથી વધુ વૃદ્ધિ સૂચવે છે. કઠોળનું કુલ ઉત્પાદન 8.4 મેટ્રિક ટન હતું જે વધીને 2013-14 19.6 મેટ્રિક ટન થયું. જે લગભગ 2.5 ગણો વધારો સૂચવે છે. જ્યારે શેરડીનું કુલ ઉત્પાદન 1951માં 69.0 મેટ્રિક ટન હતું જે 2013-14 વધીને 348 મેટ્રિક ટન થયું, તે પણ લગભગ પાંચ ગણો વધારો સૂચવે છે. અહીં તેલીબિયાં અને કપાસ ખૂબ વધુ વૃદ્ધિ સૂચવે છે. જેમાં તેલીબિયાં 1951માં 5.1 મેટ્રિક ટનનું કુલ ઉત્પાદન હતું તે વધીને 32.4 મેટ્રિક ટનનું કુલ ઉત્પાદન થયું, એટલે કે 6.35 ગણો વધારો સૂચવે છે અને કપાસનું કુલ ઉત્પાદન 1950-51 2.1 મેટ્રિક બેલ્સ (ગાંસડી) હતું તે વધીને 2013-14માં 36.5 મેટ્રિક બેલ્સ થયું એટલે કે તે 17 ગણો વધારો સૂચવે છે. જે વાવેતર હેઠળની જમીન વધવા અને હેક્ટર દીઠ ઉત્પાદનમાં વધારો થતાં શક્ય બન્યું છે.

### 8.2.6 ઔદ્યોગિક વિકાસનો પાયો :

ભારતમાં કૃષિક્ષેત્ર ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસનો આધાર બને છે. ઔદ્યોગિક ક્ષેત્રને જરૂરી એવી કાચા માલની જરૂરિયાત કૃષિક્ષેત્ર દ્વારા જ પૂરી પાડવામાં આવે છે જેથી ઔદ્યોગિક ક્ષેત્ર તેની ક્ષમતા અનુસાર ઉત્પાદન વધારી શકે અને શક્ય વિકાસ હાંસલ કરી શકે. તદુપરાંત આ ઉત્પાદિત વસ્તુઓ માટેનું ભારતમાંનું સૌથી મોટું બજાર ગ્રામ્યક્ષેત્રો બને છે. કારણ કે ભારતની લગભગ 69 % વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં વસે છે. અહીં એ નોંધનીય છે કે, આ 69 % ભારતીય વસ્તીની આવકનો મુખ્ય સ્રોત એ કૃષિક્ષેત્ર છે જેથી જ ગ્રામ્યક્ષેત્ર ઔદ્યોગિક ઉત્પાદનની વસ્તુઓ દા.ત., ટી.વી., ફ્રિજ, બાઇક, મોબાઇલ વગેરે જેવી વસ્તુઓની માંગનું સર્જન કરી શકે છે.

## 8.3 નીચી ખેત-ઉત્પાદકતાનાં કારણો (Causes of Low Productivity of Agriculture)

ભારત ખેતીપ્રધાન દેશ છે છતાં, આ દેશમાં ખેતી-સંલગ્ન ઘણી સમસ્યાઓ પ્રવર્તે છે. જે પૈકીની એક મોટી સમસ્યા એ નીચી ખેત-ઉત્પાદકતા છે. ખેત-ઉત્પાદકતા વાસ્તવમાં, પ્રતિ હેક્ટર થતાં ઉત્પાદન અથવા હેક્ટર દીઠ થતી આવકના સંદર્ભમાં માપવામાં આવે છે જે વિશ્વના સ્તરો કરતાં ખૂબ નીચી જોવા મળે છે, જે માટેનાં કારણભૂત પરિબળો નીચે મુજબ છે :

**8.3.1** સંસ્થાકીય પરિબળો

**8.3.2** ટેક્નોલૉજિકલ પરિબળો

**8.3.3** અન્ય પરિબળો

### 8.3.1 સંસ્થાકીય પરિબળો :

ભારતના ખેડૂતો જે સંસ્થાકીય માળખામાં રહી ખેતી કરે છે તેને અસર કરતાં ભૌતિક, સામાજિક, આર્થિક અને કાયદાકીય પરિબળોને સંસ્થાકીય પરિબળો કહેવામાં આવે છે. ભારતમાં આવાં પરિબળો ખેતી માટે અવરોધરૂપ હોઈ ખેતીનો વિકાસ સતત ઓછો અથવા નિમ્ન સ્તરનો રહ્યો છે જેથી ખેતીની નીચી ઉત્પાદકતા જોવા મળે છે.

આ સંસ્થાકીય પરિબળોમાં અંગ્રેજોએ દાખલ કરેલ જમીન-મહેસૂલ ઉઘરાવવાની જમીનદારી-પ્રથા, મહાલવારી-પ્રથા અને રૈયતવારી-પ્રથા, ખેત-ધિરાણની સવલતો, ખેત-પેદાશોની વેચાણ-વ્યવસ્થા, વાહનવ્યવહારની સવલતો, જમીન માલિકીની પ્રથા વગેરેનો સમાવેશ થાય છે. આવાં સંસ્થાકીય પરિબળો અવરોધક અથવા નકારાત્મક રહેવાને કારણે ભારતમાં ખેતીક્ષેત્રે નીચી ખેત-ઉત્પાદકતા જોવા મળે છે.

**8.3.1.1 જમીન મહેસૂલ ઉઘરાવવાની પ્રથા :** ભારત દેશ આઝાદ થયો ત્યારે દેશમાં જમીન-મહેસૂલ ઉઘરાવવાની ત્રણ પ્રથાઓ પ્રચલિત હતી. જમીનદારી-પ્રથા, મહાલવારી-પ્રથા અને રૈયતવારી-પ્રથા. આ પ્રથાઓમાં જમીન પર ખેતી ગણોતિયા કે જમીનવિહોણા ખેતમજૂરો દ્વારા કરવામાં આવતી હતી. દરેક પ્રથામાં માત્ર જમીન પરનું ભાડું અથવા મહેસૂલ ઉઘરાવવાની જુદી-જુદી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેમાં જમીનદારો કુલ ખેત-ઉત્પાદનનો એક મોટો ભાગ ભાડા સ્વરૂપે ઉઘરાવતા અથવા ખેડૂતો પાસે માત્ર જીવનનિર્વાહ થઈ શકે તેટલું ખેત-ઉત્પાદન રહેવા દઈ બાકીનું બધું જ વધારાનું ઉત્પાદન તેઓ ફરજિયાતપણે લઈ લેતા. જેના કારણે ખેતી કરતા વર્ગને ખેત-ઉત્પાદન વધારવામાં રસ ન હતો. તેઓ ખેતીક્ષેત્રમાં ઉત્પાદન વધે તેવા નવા પ્રકારો પણ અજમાવવા તૈયાર ન હતા. જેથી ખેતીક્ષેત્રનું ઉત્પાદન-પ્રમાણ લગભગ સ્થિર રહેવા પામતું હતું. આમ, કૃષિક્ષેત્રનું ઉત્પાદન દેશની જરૂરિયાત અને ખેતી કરતા વર્ગની જરૂરિયાત અનુસાર વધારો પ્રાપ્ત કરતું ન હતું.

આઝાદી પૂર્વે 'ખેડે તેની જમીન' ના કાયદા હેઠળ ખેડ-હક સલામતી અને સાંથ (ભાડા) નિયમન અંગેના કાયદાઓ પસાર કરવામાં આવ્યા. પરંતુ, આ કાયદાઓનો સંપૂર્ણપણે અમલ ન થતાં ખેડૂતોને શોષણ મુક્ત કરી શકાયા નથી અને સરવાળે કૃષિક્ષેત્રમાં નીચી ઉત્પાદકતાનો પ્રશ્ન વિકટ બન્યો છે.

**8.3.1.2 ખેત-ધિરાણ :** ભારતમાં મોટા ભાગના ખેડૂતો ગરીબીનો સામનો કરતા જોવા મળે છે, જેમને દરેક પાક અગાઉ ખેત-ધિરાણની આવશ્યકતા રહે છે. આ ખેત-ધિરાણ દ્વારા તેઓ બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરે ખરીદી કરવા શક્તિમાન બને છે અને ઉત્પાદન-પ્રક્રિયા શક્ય બને છે. પરંતુ, આઝાદી સમયથી ખેત-ધિરાણમાં ખાનગી નાણાં ધીરનારની મોટી ભૂમિકા જોવા મળી છે. ભારતમાં 1951માં અંદાજે 71.6 % ખેત-ધિરાણ નાણાં ધીરનારનો વ્યવસાય કરતા લોકો દ્વારા કરવામાં આવતું હતું. આ ધિરાણ તેઓ ખૂબ ઊંચા વ્યાજ-દરે ખેડૂતોને પૂરું પાડતા હતા. આ ઉપરાંત તેઓ હિસાબમાં ગરબડ કરી ગરીબ ખેડૂતોને છેતરતા પણ હતા.

આઝાદી પછી સરકારે રાષ્ટ્રીય સ્તરે બૅન્કોનું વિસ્તરણ કરતાં નાણાં ધીરનારનો વ્યવસાય કરતા લોકોનું મહત્ત્વ ઘટ્યું છે. સરકારે 1975 થી પ્રાદેશિક ગ્રામીણ બૅન્કોનું અને 1982 થી નાબાર્ડ (NABARD – National Bank for Agriculture and Rural Development)ની રચના કરી સંસ્થાકીય ખેત-ધિરાણનો વ્યાપ વધાર્યો છે તેમજ આ સઘન પ્રયાસોને કારણે વર્તમાન સમયમાં નાણાં ધીરનારનો વ્યવસાય કરતા લોકો દ્વારા માત્ર 27 % ખેત-ધિરાણ પૂરું પાડવામાં આવે છે. જ્યારે બાકીનું મોટા ભાગનું ખેત-ધિરાણ વિભિન્ન સંસ્થાઓ દ્વારા પૂરું પાડવામાં આવે છે. આ તમામ બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે, ખેડૂતોનો સંસ્થાકીય ખેત-ધિરાણનાં માધ્યમો સિવાયના ખેત-ધિરાણમાં ધિરાણ મેળવવા પાછળનો ખર્ચ ઊંચો રહેતો હોવાથી ખેડૂતોને કૃષિક્ષેત્રની

આવક (નફો) નહિવત્ રહેતો હોવાથી ખેડૂતોને વધુ ઉત્પાદકતા મેળવવા કે ખેતીજન્ય કામ કરવાનું આકર્ષણ રહેતું ન હતું, જેના કારણે કૃષિક્ષેત્રમાં સતત નીચી ઉત્પાદકતા જોવા મળી છે.

**8.3.1.3 કૃષિ પેદાશોની વેચાણ-વ્યવસ્થા :** ભારતમાં નબળા પાયાના માળખા (ઇન્ફ્રાસ્ટ્રક્ચર)ને કારણે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોને અને ખેત-બજારોને જોડતા યોગ્ય રોડ-રસ્તા કે વાહનવ્યવહારની સગવડ યોગ્ય નથી. ઉપરાંત ખેતબજારોમાં ખેત-ઉત્પાદન પછી તરતના બજારભાવ અને મોસમના અંતે મળતા ભાવ વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. મોટા ભાગે ખેતપેદાશોના ઊંચા ભાવનો લાભ ખેડૂતોને બદલે વેપારીઓ અને સંગ્રહખોરોને મળે છે. દેવામાં ડૂબેલા ખેડૂતોને દેવાની ચૂકવણી કરવા પોતાના ખેત-પેદાશોને ઘણી વાર ઉત્પાદન પહેલાં જ સ્થાનિક શાહુકાર કે દલાલ (આડતિયા)ને વેચી દેવા પડે છે. ખેડૂતો ઓછા માહિતગાર હોવાથી બજાર અંગેની જાણકારી, બજારભાવ અંગેની જાણકારી, બજારમાં વેચાણની પદ્ધતિની જાણકારી વગેરે ન ધરાવતા હોઈ પોતાના ખેત-ઉત્પાદનનું સારું વળતર મેળવી શકતા નથી જેના કારણે તેઓ નિરાશાવાદી બને છે.

**8.3.1.4 ગ્રામીણ સમાજ-વ્યવસ્થા :** ભારતના ખેડૂતો મોટા ભાગે પ્રારબ્ધવાદી અને અપૂરતી માહિતી ધરાવે છે. ગ્રામ્ય સમાજ જૂનવાણી પરંપરાઓ અને વ્યવસ્થાઓથી બંધાયેલ છે. તેઓ મૂળભૂત રીતે પ્રારબ્ધવાદી હોઈ ઈશ્વરે આપેલ સમસ્યાઓ અથવા અભાવપણાનો સ્વીકાર કરી લે છે. જેથી તેઓ પોતાના જીવનનિર્વાહ પૂરતી ખેતી કરીને સંતોષિત રહે છે. તેઓમાં આર્થિક વિકાસ કરવા, ખેતીનો વિકાસ કરવા, આવકમાં વૃદ્ધિ કરવા જેવી પ્રેરણાઓ (અભિલાષાઓ) હોતી નથી. તેના કારણે ગ્રામ્ય અર્થતંત્રોનું કેન્દ્ર એવું કૃષિક્ષેત્ર નીચી ઉત્પાદકતા ધરાવે છે.

**8.3.2 ટેક્નોલૉજિકલ પરિબળો :**

ભારતના કૃષિક્ષેત્રમાં પાકની બાબતમાં પરંપરાગત એવી જૂની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ જોવા મળે છે. ખેતીનાં જૂનાં સાધનો, જૂનવાણી વિચારધારાઓ, પદ્ધતિઓ વગેરે કૃષિક્ષેત્રને નિર્બળ બનાવે છે. વર્તમાન સમયમાં પણ ભારતના ખેડૂતો ટ્રેક્ટરને બદલે હળ અને બળદનો ઉપયોગ કરતા જોવા મળે છે. સુધારેલાં બિયારણને બદલે પરંપરાગત બિયારણો વાપરે છે જે નીચી ઉત્પાદકતા આપે છે. રાસાયણિક ખાતરોની જગ્યાએ છાણિયાં ખાતરોનો ઉપયોગ પણ નીચી ઉત્પાદકતા સર્જે છે. પાક-સંરક્ષણ માટે જંતુનાશક દવાઓ અને નવીન પદ્ધતિઓનો ઉપયોગ ભારતનો ખેડૂત ખૂબ ઓછા પ્રમાણમાં કરે છે, જેથી ભારતનું કૃષિક્ષેત્ર મંદ ગતિએ આગળ વધે છે.

**8.3.3 અન્ય પરિબળો :**

**8.3.3.1 વસ્તીનું ભારણ :** ભારતના કૃષિક્ષેત્રની નીચી ઉત્પાદકતા પાછળનું એક મોટું કારણ ખેતી પર વસ્તીનું વધુ પડતું ભારણ છે. કૃષિક્ષેત્ર પર વસ્તીના વધુ પડતા ભારણને કૃષિક્ષેત્ર પર રોજગારી માટે નભતા લોકોના પ્રમાણને આધારે સમજી શકાય છે. ભારતની આઝાદી સમયે ભારતના 72 % લોકો ખેતીક્ષેત્રમાંથી રોજગારી મેળવતા હતા. આ ટકાવારી વર્ષ 2001-02માં ઘટીને 58 % થઈ જ્યારે 2013-14માં ખેતીક્ષેત્રમાં રોજગારી મેળવતી વસ્તીનું પ્રમાણ 49 % નોંધવામાં આવ્યું છે. આમ, ખેતીક્ષેત્ર પર રોજગારીનું ભારણ ઘટ્યું હોવા છતાં તે અન્ય ક્ષેત્રો કરતાં ખૂબ વધુ છે અને વિદેશોની તુલનામાં ખૂબ ઊંચું જણાય છે. અહીં ખેતીક્ષેત્ર કુલ ઉત્પાદનનું જે પ્રમાણ મેળવે તેને વધુપડતી વ્યક્તિઓ વચ્ચે ઉત્પાદન અથવા આવક સ્વરૂપે વહેંચાતું હોઈ શ્રમની ઉત્પાદકતા ઘણી નીચી જોવા મળે છે.

**8.3.3.2 આર્થિક આયોજનનો અભાવ :** ભારત સરકારે પ્રથમ પંચવર્ષીય યોજના બૃહદપણે ખેતીક્ષેત્ર માટે બનાવી હતી. પરંતુ બીજી પંચવર્ષીય યોજના (1956)થી ભારતનું આર્થિક આયોજન ઉદ્યોગો કેન્દ્રિત બન્યું છે. ભારત સરકાર ઉદ્યોગોના વિકાસ પાછળ જેટલા પ્રયત્નો, સમય-ફાળવણી, ખર્ચ કરે છે તેટલું પ્રદાન તેણે

ખેતીક્ષેત્રને આપેલ નથી. સરવાળે એમ કહી શકાય કે, ભારતનું કૃષિક્ષેત્ર અનિયમિત અને મંદ દરે વિકાસ કરતું ક્ષેત્ર હોવાથી સરકાર પણ કૃષિક્ષેત્રને જરૂરી પ્રમાણમાં સહાયક બની નથી અને આ જ કારણથી ભારતના કૃષિક્ષેત્રની સ્થિતિ ચિંતાજનક બની છે.

### 8.4 ખેત-ઉત્પાદકતા વધારવાના ઉપાયો (Measures to Increase Agriculture Productivity)

ભારતના કૃષિક્ષેત્રની નીચી ખેત-ઉત્પાદકતા એ કૃષિક્ષેત્રની પછાત અવસ્થાનું પ્રતિબિંબ પૂરું પાડે છે. કૃષિક્ષેત્ર ભારતનો મુખ્ય વ્યવસાય અને અર્થતંત્રનો એક મોટો આધાર સ્તંભ હોવાથી તેમાં સુધારણા થવા ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કૃષિક્ષેત્રમાં ખેત-ઉત્પાદકતા વધારવામાં આવતાં ગ્રામ્ય અર્થતંત્રોની આવકમાં વધારો થશે જે ઉદ્યોગ અને સેવાક્ષેત્રને વિકાસનું બળ પૂરું પાડશે. તદુપરાંત રોજગારી, શહેરીકરણ, સ્થળાંતર, આવકની અસમાનતા વગેરે પ્રશ્નોનું નીરાકરણ થશે. કૃષિક્ષેત્રની ખેત-ઉત્પાદકતા વધારવાના ઉપાયો નીચે મુજબ છે :

**8.4.1** સંસ્થાકીય સુધારાઓ

**8.4.2** ટેક્નોલૉજિકલ સુધારાઓ

**8.4.3** અન્ય ઉપયો

#### 8.4.1 સંસ્થાકીય સુધારાઓ :

કૃષિક્ષેત્રની ખેત-ઉત્પાદકતામાં વધારો કરવા માટે ભારતમાં આર્થિક આયોજનના ભાગરૂપે સંસ્થાકીય સુધારાઓ હાથ ધરવામાં આવેલ છે, જે કૃષિક્ષેત્રની આર્થિક પ્રગતિ માટે અનુકૂળ બનશે.

**8.4.1.1 જમીનવિષયક સુધારાઓ :** ભારતમાં ખેડૂતોને જમીનની માલિકી મળે તથા ગણોતિયાને ખેડ-હકોની સલામતી પ્રાપ્ત થાય એ માટે જમીનદારી નાબૂદીના કાયદા, ખેડ-હકની સલામતી તથા સાંથ (ગણોત) નિયમન અંગેના કાયદા પસાર કરવામાં આવ્યા છે. જેના કારણે ખેડૂતોનું આર્થિક શોષણ થતું અટકે અને ખેત-ઉત્પાદનનો મોટો ભાગ પ્રાપ્ત કરી શકે એવી સ્થિતિનું નિર્માણ થતાં તેઓ ખેત-ઉત્પાદન વધારવા પ્રયત્નશીલ બને અને સરવાળે કૃષિક્ષેત્રની ખેત-ઉત્પાદકતા વધે.

**8.4.1.2 સંસ્થાકીય ધિરાણની પ્રાપ્તિ :** ભારત દેશમાં કૃષિક્ષેત્ર સુધી ધિરાણ અને અન્ય નાણાકીય સગવડો પહોંચે તે સંદર્ભે વર્ષ 1969 અને 1980માં બૅન્કોનું રાષ્ટ્રીયકરણ હાથ ધરવામાં આવ્યું. આ ઉપરાંત ખેત-ધિરાણ પર પૂરતું ધ્યાન આપવા માટે માત્ર ખેતીક્ષેત્ર માટે દેશની મધ્યસ્થ બૅન્કનું અંગ એવું NABARD (National Bank for Agriculture and Rural Development)ની સ્થાપના 1982માં કરવામાં આવી અને તેના અંતર્ગત $RRB_S$ (Regional Rural Banks) પ્રાદેશિક ગ્રામીણ બૅન્કો અને LDBs (Land Development Banks) જમીનવિકાસ બૅન્કોનો વિકાસ કરવામાં આવ્યો જેથી ભારતીય ખેડૂતોને સમયસર, પૂરતું અને સસ્તું ધિરાણ મળી શકે અને આમ, સરળ રીતે ખેતીકાર્ય માટે મૂડીની પ્રાપ્તિ પૂરતા અને સસ્તા દરે થતા તેઓ વધુ ખેત-ઉત્પાદકતા મેળવી શકે.

**8.4.1.3 કૃષિપેદાશની વેચાણ-વ્યવસ્થામાં સુધારો :** કૃષિપેદાશોની વેચાણ-વ્યવસ્થામાં રહેલી ખામીઓ દૂર કરવા માટે ઘણાં પાયારૂપ પગલાંઓ લેવામાં આવ્યાં છે.

(1) નિયંત્રિત બજારોની સ્થાપના કરવામાં આવી છે.

(2) ખેત-ઉત્પાદનોની ગુણવત્તા અનુસાર તેઓનું વર્ગીકરણ કરવા 'એગમાર્ક' (AGMARK = Agriculture Marketing) પ્રથા દાખલ કરવામાં આવી છે.

(3) ખેડૂતો ખેત-પેદાશોનો સંગ્રહ કરી શકે તે હેતુથી 'રાષ્ટ્રીય કોઠાર નિગમ' અને રાજ્ય કોઠાર નિગમો ઊભાં કરવામાં આવ્યાં છે.

(4) ખેત-પેદાશોના ભાવની માહિતી ખેડૂતો સુધી પહોંચી રહે તેવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.

(5) ખેડૂતોને બજારના ભાવ ફેરફારોથી સુરક્ષિત કરવાના હેતુથી 'તળિયાના ભાવ' સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે.

**8.4.1.4 કૃષિ-સંશોધનો :** ભારતના ખેડૂતો ઓછા શિક્ષિત હોવાથી તેમજ આર્થિક રીતે નબળા હોવાથી કૃષિ-સંશોધનો જાતે કરી શકતાં નથી માટે આ જવાબદારી NABARDને સોંપવામાં આવી છે. જે વિવિધ પ્રકારનાં કૃષિ-સંશોધનો કરે છે અને તે અંગેની તાલીમ અને સમજૂતી ખેડૂતોને પૂરી પાડે છે. જેથી ખેડૂતો માત્ર પરંપરાગત ખેતીનું ઉત્પાદન ન કરે, પરંતુ બજારમાં જે વસ્તુની માંગ વધતી હોય તેને સંલગ્ન વાવેતર દ્વારા વધુ આવક મેળવે અને તેઓ બજારલક્ષી ઉત્પાદન લેતા થાય. આ ઉપરાંત કૃષિ-સુધારણા કાર્યક્રમોમાં ખેડૂતોની સામેલગીરી વધારવા, સામૂહિક ગ્રામ-વિકાસ યોજનાઓ, પંચાયતીરાજ, સંકલિત ગ્રામવિકાસ યોજનાઓ, જનધન યોજના વગેરે શરૂ કરી કૃષિક્ષેત્ર આધુનિકીકરણ તરફ પ્રેરી ખેત-ઉત્પાદકતા વધારવા તરફ વાળી શકાય છે.

**8.4.2 ટેક્નોલૉજિકલ સુધારાઓ :**

સંસ્થાકીય સુધારાઓની સરખામણીમાં, ટેક્નોલૉજીના સુધારા વધુ સરળ અને ઝડપી લાભ આપનારા હોય છે. તેથી ખેતવિકાસની વ્યૂહરચનામાં આ ફેરફારોને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. આ સુધારાઓ નીચે મુજબ છે :

**8.4.2.1 સુધારેલાં બિયારણો :** વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા સુધારેલાં બિયારણો (હાઇબ્રિડ બિયારણો) વિકસાવવામાં આવ્યાં છે. આવાં વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર થતાં બિયારણો વધુ પેદાશ આપે છે, ઝડપી પાક તૈયાર કરી આપે છે અને રોગોની સામે સફળ સામનો કરી શકે તે પ્રકારના હોય છે. ભારતમાં અન્ન-ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરવામાં આવાં બિયારણો મોટો ભાગ ભજવે છે. તેથી અન્ન-ઉત્પાદનમાં થયેલ અસાધારણ વધારાને 'કૃષિક્રાંતિ' ને સ્થાને 'બીજક્રાંતિ' (Seed Revolution)ના નામે પણ ઓળખવામાં આવે છે. રાષ્ટ્રીય કૃષિ સંશોધન સમિતિ, રાષ્ટ્રીય બીજ નિગમ અને કૃષિ વિશ્વ વિદ્યાલયોમાં સુધારેલાં બિયારણો વિકસાવવાને ઉચ્ચ અગ્રિમતા આપવામાં આવે છે જેથી સાચા અર્થમાં ખેત-ઉત્પાદકતા ઊંચી લઈ જઈ શકાય.

**8.4.2.2 રાસાયણિક ખાતરનો વપરાશ :** સુધારેલાં બિયારણના ઉપયોગની સાથે રાસાયણિક ખાતરનો ઉપયોગ પણ ભારતમાં વધ્યો છે. જે-તે પાકને પૂરતું પોષણ મળી રહે અને તેનો શક્ય તેટલો ઝડપી વિકાસ થાય તે હેતુથી વિવિધ પાક પર રાસાયણિક ખાતરોના કરેલ પ્રયોગોથી સિદ્ધ થયેલ રાસાયણિક ખાતરો પાકની ઊંચી ઉત્પાદકતા માટે ખૂબ જ ફાયદાકારક બની રહે છે. જે-તે પાકને જરૂરી નાઇટ્રોજન, ફૉસ્ફેટ, પોટાશ જેવા રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં રાસાયણિક ખાતરોના ઉત્પાદન માટે જાહેર ક્ષેત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં જરૂરી આયાતો કરી ખેડૂતોને નીચા ભાવે (સબસિડી ભાવે) ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**8.4.2.3 સિંચાઈની સગવડમાં વધારો :** ભારતનું કૃષિક્ષેત્ર મોટા ભાગે આકાશી ખેતી કરે છે. એટલે કે ભારતીય ખેતી મુખ્યત્વે વરસાદ પર નભે છે પરંતુ વરસાદ એ ખૂબ જ અનિશ્ચિતતા ધરાવે છે જેની સીધી અસર ખેત-ઉત્પાદન અને ખેત-ઉત્પાદકતા ઉપર પડે છે. ભારતમાં ખેતીનો મુખ્ય પ્રશ્ન સિંચાઈની સગવડો અપૂરતી છે. જો ખેતીને વરસાદની અનિશ્ચિતતામાંથી ઉગારી એક કરતાં વધુ પાક લઈ શકાય તેવું નિશ્ચિત વાતાવરણ ઊભું કરવા સિંચાઈની સુવિધામાં વધારો કરવો એ ઉચ્ચ અગ્રિમતા ધરાવે છે. તેથી વિવિધ હેતુવાળી સિંચાઈ યોજનાઓ અંતર્ગત મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓ વિકસાવવાની બાબતનો આયોજનમાં સ્વીકાર કરેલ છે. ભારતમાં સિંચાઈની સગવડોનો વ્યાપ વધારવાના હેતુસર 'સિંચાઈક્ષેત્ર વિકાસ યોજના' અને 'આંતર માળખાકીય વિકાસ ભંડોળ' ની રચનાઓ કરવામાં આવી છે. આ ઉપરાંત નાબાર્ડને અધૂરી સિંચાઈ યોજનાઓ પૂરી કરવા અને અન્ય સવલતો વિકસાવવાની જવાબદારીની સોંપણી કરવામાં આવી છે.

**8.4.2.4 યંત્રોનો ઉપયોગ :** ભારતમાં કૃષિક્ષેત્રની નીચી ખેત-ઉત્પાદકતા માટેનું એક કારણ પરંપરાગત સાધનો કે યંત્રો છે. વાસ્તવમાં દેશમાં એન્જિનિયરિંગ અને ઓટોમોબાઇલ વિકાસની સાથે ટ્રેક્ટર, ટ્રેલર, થ્રેશર, ઇલેક્ટ્રિક પમ્પસેટ, ઑઇલ એન્જિનો, દવા છાંટવાના પંપ વગેરે આધુનિક યંત્રોની શોધ થઈ છે. આવાં યંત્રોની મદદથી વર્ષમાં એકથી વધુ પાક લેવાનું શક્ય બનતાં, ઉત્પાદકતા વધી છે.

**8.4.2.5 જંતુનાશક દવાઓ :** તૈયાર પાકને વિવિધ રોગો અને જંતુઓનો ભય વધુ પ્રમાણમાં હોય છે. પાકને થતા જુદા-જુદા રોગો સાથે રક્ષણ મેળવવા તેમજ વિવિધ જંતુઓથી થતા પાકના નુકસાનને રોકવા વૈજ્ઞાનિક પદ્ધતિએ વિવિધ જંતુનાશકોનો કારગત ઉપાય શોધવામાં આવેલ છે. જેનો સવિશેષ ઉપયોગ કરી થતા નુકસાનને અટકાવવાથી પણ પાકની ઊંચી ઉત્પાદકતા મેળવી શકાય છે.

**8.4.2.6 ભૂમિ-પરીક્ષણ :** વૈજ્ઞાનિક ઢબે થતી ખેતીમાં પાક લેતા પહેલાં ભૂમિ-પરીક્ષણ (soil testing) કરાવવાની રીત પ્રચલિત બની છે. તે પરીક્ષણ જે-તે પાકને અનુકૂળ જમીનની ગુણવત્તા છે કે નહિ અને જે-તે જમીનમાં ખૂટતા ઘટકોની અને તેના પ્રમાણની માહિતી આપે છે. જેથી પાક લેતા અગાઉ જમીનની ખાસ પ્રકારની ઊણપને દૂર કરી શકાય છે અને આમ, જે-તે પાક માટે જમીનને પાક અનુકૂળ કરી દેવાય છે. તેથી જમીન ઊંચી ઉત્પાદકતા આપવા માટે કાર્યક્ષમ બને છે. આ ઉપરાંત જે-તે જમીન કયા પાકને અનુકૂળ છે તે પણ જાણી શકાય.

**8.4.3 અન્ય ઉપાયો :**

કૃષિક્ષેત્રની ઉત્પાદકતા વધારવા માટે ખેડૂતોને શિક્ષિત કરવા અથવા ખેતીની નવીન પ્રકારની પદ્ધતિઓથી માહિતગાર કરવાથી ખેડૂતની કાર્યપ્રણાલીમાં ફેરફારો થાય છે. તે અને ગ્રામ્ય અર્થતંત્રના કુરિવાજો વગેરે બાબતમાં તેમને જાગૃત કરી તેમજ માત્ર પ્રારબ્ધવાદને સહારે બેસી ન રહેવા બાબત તેમને સમજૂતી આપી શકાય છે. કૃષિમેળા જેવા તમામ નવીનતમ ઉપાયો ખેત-ઉત્પાદકતા વધારવા ઉપયોગી સાબિત થાય છે.

આ ઉપરાંત ખેડૂતોને ખેતી સંલગ્ન પ્રવૃત્તિ જેમ કે પશુપાલન, મરઘાં-બતકાં ઉછેર, ફૂડ પ્રોસેસિંગ કાર્યો, જંગલ જેવા સંશોધનોના વ્યાપક ઉપયોગથી પણ ખેતીક્ષેત્ર પરનું ભારણ ઘટે છે. જે ઉત્પાદકતા વધારવા ઉપયોગી બને છે. અહીં ખૂબ ઉપયોગી એવા નાના પાયાના ઉદ્યોગોનો વ્યાપ જો ગ્રામ્ય અર્થતંત્ર સુધી ફેલાવવામાં આવે તો આવા ઉદ્યોગો સાથે ગ્રામ્ય અર્થતંત્રોનો વિકાસ થશે જે ખેતીને સહાયક બનતાં વાસ્તવમાં ખેત-ઉત્પાદકતા વધારવી શક્ય અને સરળ બનશે.

## 8.5 આધુનિક ખેતી (Modern Agriculture)

ભારતની પરંપરાગત ખેતી જે સેન્દ્રિય ખાતર, બિયારણ, સાદા હળ, બળદ અને ખેતીનાં પ્રાથમિક સાધનોના ઉપયોગ દ્વારા કરવામાં આવતી હતી. આ સાધનો ખૂબ ઓછી ઉત્પાદકતા આપતા હતા. તેથી તેઓના ઉપયોગ દ્વારા આખા દેશની ખેતીજન્ય જરૂરિયાતો સંતોષવી શક્ય ન હતી. તેથી વર્ષ 1966થી ભારતમાં આધુનિક ખેતીનો જન્મ થયો. આધુનિક ખેતીમાં આધુનિક ટેક્નોલૉજી જેમ કે હાઇબ્રિડ બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, ખેતી માટેનાં નવાં યંત્રો, સિંચાઈ પદ્ધતિઓ વગેરેનો ઉપયોગ થયો. જેના કારણે ખેત-ઉત્પાદનમાં અભૂતપૂર્વ વધારો થયો જેને એક પ્રકારની ક્રાંતિ ગણવામાં આવી. આ ક્રાંતિ ખેતીક્ષેત્રમાં થયેલ હોવાથી તેને 'હરિયાળી ક્રાંતિ' ના નામે ઓળખવામાં આવી.

### 8.5.1 હરિયાળી ક્રાંતિ (Green Revolution) :

વર્ષ 1960-61માં ખેતીક્ષેત્રની નવી ટેક્નોલૉજીનો ઉપયોગ ભારતના માત્ર સાત જિલ્લાઓમાં 'પાઇલટ પ્રોજેક્ટ' રૂપે કરવામાં આવ્યો. જેને શરૂઆતમાં IADP (Intensive Agricultural District Program) એટલે કે જિલ્લાઓ માટેનો 'સઘન ખેતીનો કાર્યક્રમ' સ્વરૂપે ઓળખાયો. સમય જતાં તેની અદ્ભુત સફળતાને કારણે તે

આખા દેશ પર લાગુ પાડવામાં આવ્યો ત્યારે તેને HYVP (High Yielding Varities Program) એટલે કે 'ઊંચી ઉત્પાદકતા આપતી જાતોનો કાર્યક્રમ' નામથી ઓળખાયો. જેને 'હરિયાળી ક્રાંતિ' ના નામથી પણ ઓળખવામાં આવે છે. આ ઉપરાંત તેને 'આધુનિક ખેત ટેક્નોલૉજીનો કાર્યક્રમ' અથવા 'બિયારણ ખાતર અને પાણીની ટેક્નોલૉજીનો કાર્યક્રમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**8.5.2 પાકની ફેરબદલી (Multiple Cropping) :**

પાકની ફેરબદલી એ દેશમાં લેવાતા જુદા-જુદા પાકો માટે ઉપયોગમાં લેવાતી ખેડાણ પામેલ જમીનના વિસ્તાર દ્વારા મેળવી શકાય છે. પાકની ફેરબદલી એ ખેતીકાર્યોનું સ્વરૂપ દર્શાવે છે. સામાન્ય રીતે બે પ્રકારના પાક હોય છે : (1) અનાજનો પાક અને (2) અનાજેત્તર પાક, જેને રોકડિયા પાક તરીકે પણ ઓળખવામાં આવે છે. અનાજના પાકમાં ઘઉં, ચોખા, બરછટ અનાજ (બાજરી, જુવાર, મકાઈ વગેરે) અને કઠોળનો સમાવેશ થાય છે. જ્યારે રોકડિયા પાકમાં વિવિધ તેલીબિયાં (મગફળી, તલ, એરંડો, સોયાબીન, અળસી, સૂર્યમૂખી વગેરે) ઉપરાંત શેરડી, રબર, કપાસ, શણ વગેરેનો સમાવેશ થાય છે.

પાકની ફેરબદલી માટેનાં બે મુખ્ય કારણો છે : (1) ટેક્નોલૉજિકલ પરિબળો (2) આર્થિક પરિબળો.

**ટેક્નોલૉજિકલ પરિબળો :** કોઈ એક વિસ્તારમાં પાકની ફેરબદલી એ જમીન, આબોહવા, વરસાદ વગેરે બાબતો પર આધાર રાખે છે. દા.ત., મધ્યપ્રદેશમાં વર્ષો સુધી બાજરીનો પાક લીધા બાદ ચોખાનો પાક લેવામાં આવે છે. ભારતનાં ઘણાં રાજ્યોમાં સિંચાઈની સગવડોના આધાર પર શેરડી, તમાકુ જેવા પાક લેવામાં આવે છે. આમ, પાકની ફેરબદલી મૂડી, નવાં બિયારણો, ખાતરો, ધિરાણની સગવડો વગેરેના આધારે શક્ય બને છે.

**આર્થિક પરિબળો :** પાકની ફેરબદલી માટે આર્થિક પરિબળો પણ અગત્ય ધરાવે છે. આ આર્થિક પરિબળો નીચે મુજબ છે :

(1) કિંમત અને આવક મહત્તમ બનાવવી. (2) ખેતીજન્ય સાધનોની ઉપલબ્ધતા (3) ખેતરનું કદ (4) વીમા-રક્ષણ (5) મુદ્દત (જમીન માલિક પાસેથી મળેલ જમીનની મુદ્દત) વગેરે.

આ પરિબળોની ઉપલબ્ધતા કે ઊણપ જે-તે પાકની પસંદગી કે ફેરબદલી માટે જવાબદાર હોય છે.

1950-51માં અંદાજે 75 % અનાજનો પાક અને 25 % રોકડિયો પાક લેવામાં આવતો હતો. ત્યાર બાદ 1966થી દેશમાં 'હરિયાળી ક્રાંતિ'ના ઘટકોનો ઉપયોગ અમલમાં આવતાં પાકની ફેરબદલી જોવા મળી છે. 1970-71માં અનાજનાં પાક અંદાજે 74 % જ્યારે રોકડિયો પાક 26 % લેવાયો હતો. તે વર્ષ 2006-7માં અંદાજે અનાજના પાકમાં 64 % અને રોકડિયા પાકનું 36 % પ્રમાણ ધરાવતો હતો. પરંતુ ફરી પાકની ફેરબદલીના કારણે વર્ષ 2010-11માં અંદાજે અનાજનો પાક 66 % અને રોકડિયો પાક 34 % લેવાયેલ હતો. તેવું એગ્રિકલ્ચરલ સ્ટેટિસ્ટિક્સ ઍટ અ ગ્લાન્સના 2010-11ની આવૃત્તિમાં દર્શાવવામાં આવ્યું છે જેના આધારે કહી શકાય છે.

**8.5.3 પાક-સંરક્ષણ (Crop Protection) :**

જંતુનાશક દવાઓના ઉપયોગ વડે ખેત-ઉત્પાદકતા વધવી જોઈએ પરંતુ ભારતમાં જંતુનાશકોનો હેક્ટર દીઠ વપરાશ ઘણો ઓછો છે. આર્થિક સર્વે 2015-16 મુજબ ભારતમાં માત્ર 0.5 કિગ્રા પ્રતિ હેક્ટર જંતુનાશક દવાનો ઉપયોગ થાય છે. જ્યારે અમેરિકામાં પ્રતિ હેક્ટર 7.0 કિગ્રા, યુરોપમાં 2.5 કિગ્રા, જાપાનમાં 12 કિગ્રા અને કોરિયામાં 6.6 કિગ્રા જંતુનાશક દવાનો ઉપયોગ થાય છે. જેના કારણે ભારતમાં 15 થી 25 % પાક જંતુઓ, રોગો, નીંદણ અને પશુ-પંખીઓના કારણે નુકસાન પામે છે. જેને બચાવી શકાય છે.

જંતુનાશક દવાઓ વિશેની યોગ્ય માહિતીનો અભાવ, નીચી ગુણવત્તાવાળી જંતુનાશક દવાઓ અને જંતુનાશક દવાઓના વપરાશ અંગેની માહિતીનો અભાવ એ ભારતના મોટા પ્રશ્નો છે. ભારતમાં થતા જંતુનાશક દવાઓનો અયોગ્ય ઉપયોગ પર્યાવરણ અને માનવજાત માટે મોટા પ્રાણઘાતક બની રહ્યા છે.

ભારતના ખેડૂતોને જંતુનાશક દવાઓના જુદા-જુદા પ્રકારો અને તેમના ઝેરીપણા વિશેની માહિતી આપવા માટે CIBRC (Central Insecticide Board and Registration Committee) કાર્યરત છે જે ખેડૂતોને માહિતગાર કરવા વિવિધ માર્ગદર્શિકાઓ બહાર પાડે છે. જે જંતુનાશકોના પ્રમાણ, ઉપયોગોનો ગાળો અને ઝેરીપણા વિશેની સમજ આપે છે. આ માહિતીનો વ્યાપ ખેડૂતોમાં વધારવો જોઈએ. જેથી જંતુનાશક દવાઓ પર્યાવરણ સંવર્ધક બને. બિનઝેરી અને સસ્તી બને જેથી નાના ખેડૂતો પ્રોત્સાહિત થાય અને ખેત-ઉત્પાદકતામાં વધારો થાય.

### 8.5.4 કૃષિ-સંશોધન (Agriculture Research)

ICAR (Indian Council of Agricultural Research) એ એવી એક માત્ર સંસ્થા છે જે ભારતમાં વિવિધ કૃષિ-સંશોધનો કરાવે છે, તે માટેની વ્યવસ્થાઓ કરે છે અને તે માટેની મદદ પૂરી પાડે છે. આ ઉપરાંત દેશમાં ખેતી સહિત બાગાયતી ખેતી, મત્સ્યપાલન અને પશુપાલન વિજ્ઞાન વિશે જ્ઞાન ફેલાવવામાં મદદ કરે છે. ICAR એ હરિયાળી ક્રાંતિના વિસ્તાર માટે પાયાનું કાર્ય કર્યું છે. તેણે રાષ્ટ્રીય અનાજ-પ્રાપ્તિ અને પોષણયુક્ત રક્ષણ મળી રહે તે માટે શક્ય તેટલા પ્રયત્નો પણ કર્યા છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) 2011ની વસ્તી-ગણતરી મુજબ કેટલા ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે ?

(અ) 68.8 %　(બ) 72 %　(ક) 60 %　(ડ) 74 %

(2) ખેતીક્ષેત્રમાં વર્ષ 2011-12માં રાષ્ટ્રીય આવકનો ફાળો કેટલો હતો ?

(અ) 53.1 %　(બ) 42.3 %　(ક) 13.9 %　(ડ) 59.9 %

(3) વર્ષ 2014-15ના અંદાજો પ્રમાણે ખેતીક્ષેત્રમાં રોજગારી મેળવતા લોકોનું પ્રમાણ કેટલું હતું ?

(અ) 72 %　(બ) 49 %　(ક) 26 %　(ડ) 24 %

(4) નાબાર્ડની રચના કયા વર્ષમાં થઈ ?

(અ) 1947　(બ) 1969　(ક) 1975　(ડ) 1982

(5) હરિયાળી ક્રાંતિનો ભારતમાં સર્વાંગણીપણે ઉપયોગ કયા વર્ષથી શરૂ થયો ?

(અ) 1961　(બ) 1966　(ક) 1969　(ડ) 1991

(6) ભારતમાં જંતુનાશક દવાઓનો પ્રતિ હેક્ટર વપરાશ કેટલો છે ?

(અ) 0.5 કિગ્રા　(બ) 2.5 કિગ્રા　(ક) 6.6 કિગ્રા　(ડ) 7 કિગ્રા

(7) ભારતમાં કૃષિ-સંશોધન કરતી સંસ્થા કઈ છે ?

(અ) ICAR　(બ) CIBRC　(ક) પ્રાદેશિક ગ્રામીણ બૅન્કો　(ડ) RBI

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ભારતમાં બીજી પંચવર્ષીય યોજના ક્યારે શરૂ થઈ ?

(2) ભારતની નિકાસ-આવકમાં ખેતીક્ષેત્રનો ફાળો કેટલો છે ?

(3) અંગ્રેજોના શાસનમાં જમીન મહેસૂલ ઉઘરાવવાની પ્રથાનાં નામ આપો.

(4) રોકડિયા પાકનાં ઉદાહરણ આપો.

(5) ખેત-પેદાશોના સંગ્રહ માટે કયા નિગમની સ્થાપના કરવામાં આવી છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ખેતીની નીચી ઉત્પાદકતા માટેના 'વસ્તીનું ભારણ' પરિબળની સમજૂતી આપો.

(2) ખેતીની ખેત-ઉત્પાદકતા વધારતા ખેત-ધિરાણ વિશે સમજૂતી આપો.

(3) ભારત શા માટે 'ખેતીપ્રધાન' દેશ તરીકે ઓળખાય છે ?

(4) લોકોનું જીવનધોરણ વધારવા ખેતીક્ષેત્રનો ફાળો સમજાવો.

(5) હરિયાળી ક્રાંતિનાં બીજાં નામો જણાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) પાકની ફેરબદલી સમજાવો.

(2) હરિયાળી ક્રાંતિ એટલે શું ?

(3) કૃષિ-સંશોધનની ચર્ચા કરો.

(4) કૃષિનું મહત્ત્વ સ્પષ્ટ કરતા ત્રણ મુદ્દા ચર્ચો.

(5) કૃષિની નીચી ખેત-ઉત્પાદકતા માટેનાં કોઈ પણ ત્રણ કારણો સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ભારતમાં કૃષિની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરો.

(2) કૃષિક્ષેત્રની નીચી ખેત-ઉત્પાદકતાનાં કારણો ચર્ચો.

(3) કૃષિક્ષેત્રની ખેત-ઉત્પાદકતા વધારવાના ઉપાયો જણાવો.

**પારિભાષિક શબ્દો**

**રાષ્ટ્રીય આવક** : ઉત્પાદનનાં સાધનો વડે વર્ષ દરમિયાન ઉત્પાદિત થયેલ વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય

**નિકાસ** : અન્ય દેશને થતા વેચાણને નિકાસ કહે છે.

**નાબાર્ડ** : ભારતની મધ્યસ્થ બૅન્ક (RBI)ની એક સંસ્થા છે જે માત્ર ખેતીક્ષેત્ર માટે નાણાકીય કાર્ય કરતી હોવાથી તેને ખેતીક્ષેત્રની મધ્યસ્થ બૅન્ક કહે છે.

(National Bank for Agricultural ands Rural Development)

**વસ્તીનું ભારણ** : જ્યારે મર્યાદિત ક્ષેત્ર કે વિસ્તારમાં વસ્તીનો એક મોટો ભાગ વસે છે અથવા રોજગારીનો આધાર રાખે છે ત્યારે તે ક્ષેત્ર કે વિસ્તારમાં વસ્તીનું ભારણ થયું છે તેમ કહેવાય.

**હરિયાળી ક્રાંતિ** : સિંચાઈ, ખાતર, બિયારણ, જંતુનાશક દવા, યંત્રો દ્વારા ખેતીક્ષેત્રે ટેક્નોલૉજિકલ વિકાસની જે હરણફાળ ભરવામાં આવી તે હરિયાળી ક્રાંતિ છે. બીજા શબ્દોમાં ખેતીક્ષેત્રે ટેક્નોલૉજિકલ વિકાસ દ્વારા ટૂંકા ગાળામાં જે ઝડપી ઉત્પાદન-વૃદ્ધિ થઈ તે હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખાય છે.

**રોકડિયો પાક** : મુખ્યત્વે ઉદ્યોગોમાં કાચા માલ તરીકે વપરાતા પાકને રોકડિયો પાક કહે છે. જે સામાન્ય રીતે બિનધાન્ય પાક છે.

**થ્રેશર** : અનાજના ડુંડામાંથી દાણા છૂટા પાડવા માટે વપરાતા યંત્રને થ્રેશર કહે છે.

●

# 9 વિદેશવેપાર


- પ્રસ્તાવના

**9.1 આંતરિક વેપાર અને વિદેશવેપાર (આંતરરાષ્ટ્રીય વેપાર)નો અર્થ**

**9.2 વિદેશવેપાર માટેનાં કારણો**

**9.3 વિદેશવેપારના સ્વરૂપને અસર કરતી બાબતો**

**9.4 આંતરિક અને વિદેશવેપાર વચ્ચેનો તફાવત**

**9.5 વિદેશવેપારની પ્રવર્તમાન સ્થિતિ**

**9.6 વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો**

**9.7 ભારતના વિદેશવેપારનું કદ, સ્વરૂપ અને દિશા**

9.7.1 વિદેશવેપારનું કદ

9.7.2 ભારતની આયાત અને નિકાસ થતી વસ્તુઓનું સ્વરૂપ

9.7.3 ભારતના વિદેશવેપારની દિશા

**9.8 લેણદેણની તુલાનો ખ્યાલ**

9.8.1 લેણદેણની તુલાના પ્રકારો

9.8.2 લેણદેણની તુલનાનાં ખાતાઓ

9.8.3 લેણદેણની તુલાને અસર કરતાં પરિબળો

**9.9 હૂંડિયામણ-દરનો ખ્યાલ**


## પ્રસ્તાવના (Introduction)

આપણા દેશની અને તેમજ દરેક દેશની ભૌગોલિક હદ નિર્ધારિત હોય છે. દેશની હદની બહાર જવા-આવવા પર કાયદાકીય નિયંત્રણો અને ક્યારેક પ્રતિબંધ હોય છે. તો પછી આપણે વિચાર્યું છે કે, આપણાં ઘરોમાં કૉરિયાનું રેફ્રિજરેટર, જાપાનનું ટી.વી., રસ્તા પર જર્મનીની કાર, ખેતરોમાં અમેરિકાનાં ટ્રેક્ટર, મોલમાં યુ.કે.નાં બૂટ અને કપડાં શી રીતે આવે છે ? શું આપણે જાણીએ છીએ કે, આપણા દેશનાં વાહનો જે પેટ્રોલ કે ડીઝલથી ચાલે છે તેમાંનું મોટા ભાગનું તેલ અખાતી દેશોથી આવે છે ?

તો આ પ્રકરણમાં આપણે સમજીશું કે દેશની હદ બહારથી વસ્તુઓ, સેવાઓ, ટેક્નોલૉજીને વગેરેની આપ-લે થાય તો તે વિદેશવેપાર કહેવાય અને આ વેપારનાં કેટલાંક અગત્યનાં પાસાઓ વિશે પણ સમજીશું.

## 9.1 આંતરિક વેપાર અને વિદેશવેપાર (આંતરરાષ્ટ્રીય વેપાર)નો અર્થ (Meaning of Domestic and International Foreign Trade)

વેપાર એટલે એવી વ્યાવસાયિક પ્રવૃત્તિ/ધંધાકીય પ્રવૃત્તિ કે જેમાં વસ્તુઓ, સેવાઓ, મૂડી, ટેક્નોલૉજી, ટેક્નિકલ જાણકારી અને માહિતી, બૌદ્ધિક સંપદા (Intellectual Property) વગેરેનો વિનિમય થાય છે. બીજા શબ્દોમાં વેપારમાં આવી વસ્તુઓ - સેવાઓની હેરફેર આવક કે નફા-પ્રાપ્તિ માટે કરવામાં આવે છે.

કોઈ એક દેશની હદની અંદર થતી વેપાર-પ્રવૃત્તિને આંતરિક વેપાર તથા દેશની હદની બહાર થતી વેપાર-પ્રવૃત્તિને વિદેશવેપાર કે આંતરરાષ્ટ્રીય વેપાર કહેવાય છે.

## 9.2 વિદેશવેપાર માટેનાં કારણો (Reasons for Foreign Trade)

અર્થશાસ્ત્રમાં વેપાર માટેનાં મુખ્ય કારણો નીચે મુજબનાં છે :

**(1) દેશોમાં ઉપલબ્ધ ઉત્પાદનનાં સાધનોમાં તફાવત :** અલગ-અલગ દેશોમાં ઉત્પાદનનાં સાધનો જુદાં-જુદાં પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. વળી, બધી જાતનાં ઉત્પાદન માટે જરૂરી બધા પ્રકારનાં સંસાધનનો પણ દરેક

દેશ પાસે હોતાં નથી. માટે દુનિયાના દેશો સંસાધનનો, કેટલાંક સાધનો, ટેક્નોલૉજી વગેરેનો વેપાર કરી પોતાની જરૂરિયાતો પૂરી કરે છે.

**(2) ઉત્પાદન-ખર્ચ :** સાધનો અને સંસાધનોની ઉપલબ્ધી જુદી હોવાના કારણે વસ્તુ અને સેવાનો ઉત્પાદન-ખર્ચ પણ જુદા-જુદા દેશોમાં જુદો હોય છે. કેટલાંક સાધનોની અછત અને ઊંચી કિંમતોના કારણે કેટલીક વસ્તુઓ/સેવાઓનો ઉત્પાદન-ખર્ચ ઊંચો હોય છે. ઘરેલું ખર્ચ ઊંચો હોય ત્યારે તેવી વસ્તુઓ/સેવાઓની અન્ય દેશો (કે જ્યાં આવી વસ્તુઓ અત્યંત સસ્તી બને છે) પાસેથી આયાત કરવી સરળ અને સસ્તી બને છે.

**(3) ટેક્નોલૉજિકલ પ્રગતિ :** બધા દેશોમાં સરખા પ્રમાણમાં ટેક્નોલૉજિકલ પ્રગતિ થઈ હોતી નથી. અમુક દેશો અમુક પ્રકારની ટેક્નોલૉજીમાં માહેર હોય છે, તો કેટલાક દેશો બીજા પ્રકારની ટેક્નોલૉજીમાં આવડત ધરાવે છે. આથી દરેક દેશ દરેક વસ્તુના ઉત્પાદનમાં એકસરખી કાર્યક્ષમતા ધરાવતો નથી અને આથી દેશો વચ્ચે વસ્તુઓ અને સેવાઓનો વેપાર થાય છે.

**(4) શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ :** દરેક દેશમાં શ્રમની ઉત્પાદકતા અને કૌશલ્ય અલગ હોય છે. વળી, નિયોજનશક્તિની કાર્યક્ષમતા પણ અલગ હોય છે. તેથી દેશો વચ્ચે શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ જોવા મળે છે. એટલે કે અમુક શ્રમ અમુક પ્રકારની વસ્તુઓ/સેવાઓના ઉત્પાદનમાં વધુ આવડત ધરાવતો હોવાથી તે દેશ તેવી વસ્તુઓનું વધુ ઉત્પાદન કરે છે અને તેમાં વિશિષ્ટીકરણ કરે છે. આવી વસ્તુઓ/સેવાઓનું અન્ય દેશોમાં નિકાસ કરે છે અને જે વસ્તુઓ/સેવાઓને વધુ કાર્યક્ષમ રીતે ઉત્પન્ન ના કરી શકે તે વસ્તુઓ/સેવાઓની આયાત કરે છે.

વળી, જ્યારે કોઈ દેશ પોતાની વિશિષ્ટતાની બહારની વસ્તુઓ/સેવાઓ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેમ કરવા માટે તે કૌશલ્ય ધરાવતા નિષ્ણાતો, તેમના જ્ઞાન વગેરેની આયાત પણ કરે છે.

### 9.3 વિદેશવેપારના સ્વરૂપને અસર કરતી બાબતો (Factor affecting Nature of Forign Trade)

વિદેશવેપારનું સ્વરૂપ એટલે વેપાર-પ્રવૃત્તિની એવી વિશિષ્ટ બાબતો અને પાસાઓ જે તેને અન્ય પ્રવૃત્તિઓથી જુદી પાડે તથા તેને અલગ ઓળખ આપે. વિદેશવેપારનું સ્વરૂપ તેને અસર કરતાં સંજોગો, તેને નિયમન કરતી નીતિઓ અને કાયદાઓના આધારે નક્કી થાય છે. જેમ કે,

**(1) વિદેશવેપારમાં સાધનોની ભૌગોલિક તથા વ્યાવસાયિક ગતિશીલતા ઓછી હોય છે :** વિદેશવેપારમાં નીતિવિષયક અને સામાજિક કારણોના લીધે શ્રમ ઓછો ગતિશીલ હોય છે. કેટલીક મૂડી સ્થાયી અને જંગી હોવાના કારણે ઓછી ગતિશીલ હોય છે, તો કેટલીક મૂડીની ગતિશીલતા પર કાયદાકીય પ્રતિબંધ હોય છે. નિયોજકો શ્રમની જેમ ઓછા ગતિશીલ હોય છે. પરંતુ નિયોજનશક્તિ આજના સમયમાં વધુ ગતિશીલ બની છે. જમીનની ભૌગોલિક ગતિશીલતા શૂન્ય હોય છે.

આમ, સાધનોની ગતિશીલતા ઓછી હોવાના કારણે વિદેશવેપારનું કદ તેટલાં પ્રમાણમાં મર્યાદિત રહે છે.

**(2) વિવિધતા ધરાવતી ચીજવસ્તુઓનો વેપાર :** વિદેશવેપારમાં અનેક પ્રકારની વિવિધતાવાળી વસ્તુઓ અને સેવાઓ ઉપલબ્ધ કરાવાય છે, જેથી વિવિધ જીવનધોરણ તથા જીવનશૈલી ધરાવતા લોકોની વિવિધ પ્રકારની માંગ સંતોષી શકાય.

વિદેશવેપારની સફળતા અને સમૃદ્ધિનો આધાર જ વિવિધતા છે. દા.ત., જે દેશોમાં વીજળીની અછત હોય ત્યાં માનવસંચાલિત (manually operated) મશીનોની માંગ વધુ હશે જ્યારે વધુ વીજળી ઉત્પન્ન કરતાં દેશોમાં સ્વયંસંચાલિત (automatic) મશીનોની માંગ વધુ પ્રમાણમાં હશે.

**(3) પડકારજનક સ્વરૂપ :** વિદેશવેપારનું સ્વરૂપ વધુ પડકારજનક છે કારણ કે વિવિધ દેશોમાં વિવિધ પ્રકારની આબોહવા, ભાષા, સંસ્કૃતિ, રિવાજો, રુચિ, ટેવો, પસંદગીઓ વગેરે હોય છે. આવા બધા અવરોધો પાર કરીને વેપાર કરવાનો પડકાર વેપારીઓ સામે હોય છે.

**(4) રાજનયિક પ્રયત્નો :** વિદેશવેપાર સ્થાપવા અને વિકસાવવા ફક્ત વેપારીના પ્રયત્નો કાફી નથી હોતા. તેમાં દરેક દેશની સરકારોએ રાજનયિક પ્રયત્નો કરવા પડે છે તથા સાથે-સાથે બીનઔપચારિક મિટિંગ તથા વેપારમેળા યોજવા પડે છે. જેમાં વેપારીઓ તથા રાજ્યના સભ્યો વિદેશના સભ્યો સાથે મળે છે. દા.ત., ગુજરાત રાજ્યમાં વેપાર વધારવા Vibrant Gujarat Summit યોજાય છે જ્યાં વિશ્વના અનેક દેશો અને વેપાર-ઉદ્યોગોના પ્રતિનિધિઓ એકસાથે મળે છે અને જાણકારીની આપ-લે કરવા સાથે ગુજરાત રાજ્યની નીતિઓ, સંસ્કૃતિ વગેરે વિશે માહિતી મેળવે છે.

દરેક દેશની રાજકીય અને કાયદાકીય સંસ્થાઓ તથા આર્થિક નીતિઓ અલગ હોવાના કારણે વેપારીઓનાં ઉત્પાદન અને વેચાણ તથા પ્રચારના પ્રયત્નોની સાથે-સાથે રાજનયિક પ્રયત્નો જરૂરી બને છે.

**(5) વિવિધ ચલણોના ભાવ અને તેમના મૂલ્ય અંગેની અટકળો :** વિદેશવેપારમાં સર્વસ્વીકૃત માન્ય ચલણમાં ચૂકવણી કરવાની હોય છે. માટે વેપાર કરતાં દરેક દેશે પોતાના દેશના ચલણને આંતરરાષ્ટ્રીય ચલણમાં રૂપાંતર કરવું પડે છે. આ માટે વિવિધ હૂંડિયામણોના દર અને તેમાં થતી વધ-ઘટની જાણકારી હોવી જરૂરી બને છે. જો મોંઘા ભાવે હૂંડિયામણ ખરીદવામાં આવે, તો વેપારમાં નુકસાન થઈ શકે. માટે આ અંગે વેપારીઓએ કેટલીક વાર નિષ્ણાતોની સલાહ લેવી પડે છે.

**(6) વિવિધ રાષ્ટ્રો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સંયુક્ત પ્રયાસો :** વિશ્વ સ્તરે આંતરરાષ્ટ્રીય વેપાર વિકસાવવા માટે અનેક દેશોએ એટલે કે આમ તો દરેક દેશની સરકારો તથા વિશ્વ વેપાર સંગઠન (WTO – World Trade Organization) જેવી સંસ્થાઓએ સાથે પ્રયત્નો કરવા પડે છે. વેપારનું કદ વધારવા માટે દરેક દેશે મક્કમ ઇરાદાથી પ્રયાસો કરવા જરૂરી છે. જે પૈકી તેમણે તેમની નીતિઓ વેપારને વધુ અનુરૂપ બનાવવી પડે, દેશમાં સામાજિક અને સાંસ્કૃતિક જૂથોએ વેપારને ખુલ્લાં મને સ્વીકારવો જોઈએ અને દરેક દેશના વિવિધ ઉદ્યોગોનાં સંગઠનોએ વેપાર વધારવા માટે સહકાર આપવો જોઈએ.

**(7) રાજકીય અને સામાજિક વિચારધારાઓની અસર :** વિદેશવેપારના કદ અને દિશા પર રાજકીય તથા સામાજિક બાબતોની અસર વધુ પ્રમાણમાં રહેલી હોય છે. દા.ત., વિશ્વ યુદ્ધ જેવી ઘટનાઓ પછી અનેક દેશો વચ્ચે વેપારના સંબંધો બગડે છે, તો ક્યારેક વિશ્વના નેતાઓ સાથે મળીને વેપાર વધારવાના પ્રયત્નો કરે છે જેથી દેશોનું ધ્યાન યુદ્ધ પરથી હટીને વેપાર તરફ દોરાય/ખેંચાય.

વળી, કોઈ એક દેશમાં વેપારનું કદ અને દિશા જે-તે દેશના વિચારો, સામાજિક માળખું, ઐતિહાસિક ઘટનાઓ તથા અન્ય દેશો સાથેના સંબંધો પર આધાર રાખે છે.

**(8) અત્યંત મોટા પાયાનો વેપાર :** વિદેશવેપારનું કદ અત્યંત વિશાળ હોય છે તેમાં અનેક દેશો, અસંખ્ય વસ્તુઓ, અનેક કાયદાઓ, અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વગેરે સંકળાયેલાં હોય છે.

**(9) વધુ પ્રમાણમાં કરવેરા અને પરવાનગીઓ :** આંતરરાષ્ટ્રીય વેપાર કરવા માટે દરેક દેશે પોતાના દેશ તેમજ બીજા દેશની (જેની સાથે વેપાર કરવાનો હેતુ છે) અનેક ચકાસણીઓ અને પરવાનગીઓ પાર કરવાની હોય છે જેમ કે, વેપારજન્ય વસ્તુ/સેવા માટેની પરવાનગી અને ચકાસણી, ગુણવત્તાની ચકાસણીનું સર્ટિફિકેટ, આંતરરાષ્ટ્રીય જકાતની ચૂકવણી, ટ્રાન્સપૉર્ટ અંગેની વ્યવસ્થા દર્શાવતા પુરાવાઓ અને તેવાં અનેક ધોરણો. વળી, દરેક દેશના ગુણવત્તાનાં ધોરણો જુદાં હોવાનાં કારણે વેપાર કરનારાઓએ ઉત્પાદન પદ્ધતિઓ વિશેની જાણકારી પણ રાખવી પડે છે. દરેક દેશમાં ખાદ્ય વસ્તુઓની અને દવાની ગુણવત્તાનાં ધોરણો જુદાં હોય છે માટે વેપારીએ ઉત્પાદક પાસે તે રીતનું ઉત્પાદન કરાવવું પડે છે.

**(10) હરીફાઈ અને જોખમની ઊંચી માત્રા :** કોઈ એક વસ્તુ કે સેવા અનેક દેશો ઉત્પન્ન કરીને વિશ્વબજારમાં વેચવાના અનેક પ્રયાસો કરતા હોય છે. માટે વેચનારાઓ વચ્ચે હરીફાઈનું પ્રમાણ ઊંચું હોય છે. વળી, કોઈ વસ્તુ કે સેવાની માંગ પણ અનેક દેશના ગ્રાહકો કરતા હોય છે અને આથી ગ્રાહકો વચ્ચે પણ હરીફાઈનું પ્રમાણ ઊંચું હોય છે.

વિશ્વબજારમાં પોતાની વસ્તુની માંગ અને બજાર ઊભું કરવાનું જોખમ ખૂબ ઊંચું હોય છે. ઊંચા પ્રમાણની ગુણવત્તા જાળવવી પડે છે, પ્રચાર-ખર્ચ વધુ રાખવો પડે છે, વેચાણ-ખર્ચ ઊંચો હોય છે અને અન્ય દેશોના ગ્રાહકોને સંતોષવાના પ્રયાસો મોટા પ્રમાણમાં કર્યા બાદ જો પોતાની વસ્તુને પૂરતા પ્રમાણમાં બજાર ન મળે, તો મોટું નુકસાન ભોગવવું પડે છે.

## 9.4 આંતરિક અને વિદેશવેપાર વચ્ચેનો તફાવત

**(Difference between Domestic Trade and Foreigen Trade)**

વિદેશવેપારનું સ્વરૂપ અને પડકારો આંતરિક વેપાર કરતાં જુદા હોય છે અને તેમાં અંતરાયો વધુ હોય છે તથા આથી તેમની વચ્ચેનો તફાવત જાણવો જરૂરી છે. આ તફાવતના કેટલાક મુદ્દા નીચે જણાવ્યા મુજબ છે :

**(1) કદના આધારે તફાવત :** વિદેશવેપારમાં અનેક દેશો, વસ્તુઓ અને સેવાઓ, કાયદાઓ, પદ્ધતિઓ વગેરે સંકળાયેલા હોવાથી વિદેશવેપારનું કદ આંતરિક વેપાર કરતાં અનેક ગણું મોટું હોય છે.

**(2) વિવિધ ચલણો અને ચૂકવણીની પદ્ધતિઓ :** આંતરિક વેપારમાં ચૂકવણીઓ પોતાના દેશના ચલણમાં જ થાય છે. વળી, પોતાના જ દેશની એક બૅન્કમાંથી બીજી બૅન્કમાં ચૂકવણી કરવાની હોય છે. પરંતુ વિદેશવેપારમાં પોતાના દેશના ચલણનું કોઈ સર્વસ્વીકૃત આંતરરાષ્ટ્રીય ચલણમાં રૂપાંતર કરવું પડે છે. હૂંડિયામણના દરોની જાણકારી રાખવી પડે છે, જે-તે દેશના કાયદાઓ મુજબ પરવાનગીઓ લેવી પડે છે. વળી, આયાતકારો અને નિકાસકારોએ પોતાના દેશની બૅન્ક પાસે ચૂકવણી કરવા અંગે શાખનું પ્રમાણપત્ર પણ મેળવવું પડે છે.

**(3) ભાષા, સંસ્કૃતિ અને સમાજ અંગેના તફાવતો :** આંતરિક વેપારમાં વિનિમય એકસમાન ભાષા, સંસ્કૃતિ અને સામાજિક વ્યવસ્થામાં થાય છે. પરંતુ વિદેશવેપારમાં દરેક દેશમાં ભાષા, સંસ્કૃતિ, સમાજ વગેરે જુદા હોવાના કારણે કોઈ પણ પ્રજાની લાગણીઓ ન દુભાય તે રીતે વેપાર કરવો પડે છે.

દરેક દેશની જીવનશૈલીને અનુરૂપ વસ્તુઓ વેચવી પડે છે.

**(4) વાહન-વ્યવહાર ખર્ચનો તફાવત :** વિદેશવેપારમાં આંતરિક વેપારની સરખામણીમાં વાહન-વ્યવહારનો ખર્ચ ઊંચો હોય છે. ઉપરાંત દરેક દેશની હદ પર અનેક જાતના વેરા ભરવાના હોય છે જે આંતરિક વેપારની સરખામણીમાં વધુ હોય છે.

**(5) હરીફાઈના પ્રમાણમાં તફાવત :** આંતરિક વેપારમાં કોઈ વસ્તુના અનેક ઉત્પાદકો હોય તોપણ ઉત્પાદનનાં સાધનો, ટેક્નોલૉજી વગેરે સમાન હોવાના કારણે તેઓ વસ્તુઓનું વર્ગીકરણ અને વિભિન્નતાના ધોરણે વધુપડતી હરીફાઈ કરી શકતા નથી. પરંતુ વિદેશવેપારમાં દરેક ઉત્પાદક વર્ગીકરણ અને વિભિન્નતાના આધારે હરીફાઈ કરે છે. વળી, કોઈ દેશમાં એક પ્રકારની વસ્તુ વેચવા માટે જે-તે દેશના ઉત્પાદકો તથા અન્ય દેશના ઉત્પાદકો બજારહિસ્સો મેળવવા હરીફાઈ કરે છે.

દા.ત., જ્યારે ભારતમાં વિદેશી ગાડીઓ (કાર) ન હતી ત્યારે દેશના ઉત્પાદકો વચ્ચે હરીફાઈ હોવા છતાં તેનું પ્રમાણ આજના સમય જેવું ન હતું જ્યાં રોજ નવા મૉડલ, નવાં આકર્ષણો, નવી વિજ્ઞાપન વગેરે જોવા મળે છે. આજે વિદેશી કાર બનાવવાવાળી કંપનીઓ ભારતના બજારમાં પોતાનો હિસ્સો વધારવા માટે પ્રયાસ કરે છે.

**(6) ગ્રાહકને સંતોષવા અંગેનો તફાવત :** એક જ દેશમાં સમાજ, શિક્ષણ, સજાગતા, માહિતી, પસંદગીઓ, મૂલ્યો, સહનશીલતા વગેરેનાં ધોરણો સમાન હોવાના કારણે કોઈ વેચનારને ગ્રાહકના સંતોષનો અંદાજ સહેલાઈથી મળે છે અને તે પ્રમાણેની વસ્તુઓનું ઉત્પાદન, વેચાણ અને વિજ્ઞાપન તે કરે છે.

પરંતુ વિદેશવેપારમાં દરેક દેશમાં આવી બાબતોમાં મોટો તફાવત હોય છે. માટે વેચનારે દરેક દેશના ગ્રાહકોને સંતોષવા માટે વધુ મહેનત કરવી પડે છે.

બીજા શબ્દોમાં, આંતરિક વેપારમાં ગ્રાહકના વર્તનની આગાહી કરી શકાય છે. જ્યારે વિદેશવેપારમાં સહેલાઈથી આ પ્રકારની આગાહી થઈ શકતી નથી.

**(7) વહીવટી અને કાયદાકીય વ્યવસ્થામાં તફાવત :** પોતાના દેશની વહીવટી અને કાયદાકીય વ્યવસ્થા વેપારીઓ જાણતા હોવાથી તેમને વેપાર કરવામાં આવી બાબતોની મુશ્કેલીઓ ઓછી પડે છે. પરંતુ વિદેશવેપારમાં દરેક દેશની વેરા, કાયદાકીય, પરવાના અંગેની પદ્ધતિઓ પૂરી જાણ્યા વગર વેપાર કરવાનું લગભગ અસંભવ બને છે. અન્ય દેશોની નીતિઓ વિશેની માહિતી મેળવવાની પ્રક્રિયા અઘરી અને ખર્ચાળ બાબત છે.

### 9.5 વિદેશવેપારની પ્રવર્તમાન સ્થિતિ (Magnitude of World Trade in Present Times)

ઍગ્નસ મૅડિસન (Agnus Maddison) નામના ઈતિહાસકારની શોધ દર્શાવતા 'વર્લ્ડ ટ્રેડ રિપૉર્ટ' (World Trade Report) 2013માં દર્શાવ્યું છે કે,

1800મી સદીના મધ્યગાળાથી વિશ્વની વસ્તી 6 ગણી વધી છે. વિશ્વનું ઉત્પાદન 60 ગણું વધ્યું છે જ્યારે વિશ્વવેપાર 140 ગણો વધ્યો છે.

આ રિપૉર્ટ મુજબ, વિશ્વમાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાથી વેપારને વેગ મળ્યો છે. તદુપરાંત પ્રદેશો વચ્ચે રાજનયિક સંબંધોનો વિકાસ થતા વેપાર વધવા પામ્યો છે.

છેલ્લાં 30 વર્ષોમાં વ્યાવસાયિક (professional) સેવાઓના વેપારમાં દર વર્ષે સરેરાશ 7 ટકાનો વધારો નોંધાયો છે.

1980 અને 2011ની વચ્ચે વિકાસશીલ દેશોનો નિકાસમાં ફાળો 34 ટકાથી વધીને 47 % અને આયાતોમાં તેમનો ફાળો 29 ટકાથી વધીને 42 % થયો. એશિયાના દેશો આજે વિશ્વવેપારમાં નોંધપાત્ર ભાગ ભજવે છે.

છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન વિશ્વ ઉત્પાદનના વૃદ્ધિ-દર કરતાં વિશ્વવેપારનો વૃદ્ધિનો દર બમણા પ્રમાણમાં વધ્યો છે. આ દર્શાવે છે કે વિશ્વમાં વેચાણ-વ્યવસ્થાઓનો વિકાસ થયો છે.

**કોષ્ટક 9.1**

**વિવિધ સમયગાળાઓ દરમિયાન વિશ્વવેપારનો વાર્ષિક સરેરાશ વૃદ્ધિ-દર**

| સમયગાળો | વેપારનો વૃદ્ધિનો દર |
|---|---|
| 1950-1973 | 7.88 % |
| 1973-1985 | 3.65 % |
| 1985-1996 | 6.55 % |
| 1996-2000 | 6.89 % |
| 2000-2011 | 5.00 % |
| 2015-2016 | 2.8 % |

**સ્રોત :** વિવિધ સ્રોતોમાંથી સંકલિત

## 9.6 વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો (India's Share in Global Trade)

વિશ્વવેપારનું કદ અને વૃદ્ધિનો દર જોતાં ભારતનો વિશ્વવેપારમાં હિસ્સો નાનો છે. પરંતુ એક વિકાસશીલ દેશ તરીકે ભારત વિશ્વવેપારમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતની પોતાની નિકાસો વધી છે તેમજ GDPમાં નિકાસનો ફાળો વધ્યો છે.

નિકાસના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં, ભારતની આયાતો તેની નિકાસો કરતાં વધુ પ્રમાણમાં વધે છે. આયાતોનું GDPમાં પ્રમાણ નિકાસો કરતાં વધુ છે.

વધતી આયાતોનું અર્થઘટન એવું થાય છે કે, ભારતની વૃદ્ધિ અને વિકાસ સારા એવા પ્રમાણમાં થાય છે. જેથી વિકાસ માટેની આયાતોનું પ્રમાણ વધ્યું છે અને ભારતને આવી આયાતો કરવાનું પોસાય છે. વધતી નિકાસોનો અર્થ એ થાય છે કે, ભારતની વિશ્વ કક્ષાએ સ્પર્ધાત્મક કિંમતોએ સારી ગુણવત્તાવાળી વસ્તુઓ અને સેવાઓનો નિકાસલક્ષી જથ્થો ઉત્પન્ન કરવાની ક્ષમતા વધી છે.

2014-15માં વિશ્વના કુલ વેપારમાં ભારતના વેપારનો હિસ્સો 2.07 % રહ્યો હતો.

**કોષ્ટક 9.2**

**વિશ્વની કુલ નિકાસોમાં ભારતની નિકાસોનો ટકાવારી હિસ્સો**

| વર્ષ | વિશ્વની કુલ નિકાસોમાં ભારતની નિકાસોનો ટકાવારી હિસ્સો | ભારતનો વિશ્વમાં ક્રમ |
|---|---|---|
| 2005 | 0.9 | 29 |
| 2010 | 1.5 | 19 |
| 2012 | 1.6 | 19 |
| 2013 | 1.7 | 19 |
| 2014 | 1.7 | 19 |

**સ્રોત :** Exim બૅન્ક

## 9.7 ભારતના વિદેશવેપારનું કદ, સ્વરૂપ અને દિશા

**(Size, Nature and Direction of India's Foreign Trade)**

કોઈ દેશના વેપારનાં વલણો જાણવા, તેના વેપાર અંગેનો વિકાસ જાણવા, આંતરરાષ્ટ્રીય ધોરણે દેશના વેપાર માટેના પ્રયાસો સમજવા અને દેશના અન્ય દેશો સાથેના સંબંધો સમજવા તેમજ દેશના ઘરેલું ઉત્પાદનની આંતરરાષ્ટ્રીય ધોરણે ગુણવત્તા અને હરીફાઈ-ક્ષમતા તપાસવા માટે વિદેશવેપારનું કદ, સ્વરૂપ અને દિશા જાણવા જરૂરી છે.

### 9.7.1 વિદેશવેપારનું કદ :

વિદેશવેપારનું કદ એટલે સરળ શબ્દોમાં કહીએ તો આયાત અને નિકાસ થતી ભૌતિક વસ્તુઓનું કુલ મૂલ્ય (તથા કુલ જથ્થો). પ્રતિ વર્ષ જો આયાત માટે થતી ચૂકવણી અને નિકાસમાંથી થતી કમાણી વધતી જાય, દેશની રાષ્ટ્રીય આવકમાં વેપારના મૂલ્યનો ટકાવારી હિસ્સો વધતો જાય તથા વિશ્વવેપારમાં દેશના વેપારનો હિસ્સો વધે તો તે દેશના વેપારનું કદ વધ્યું એમ કહેવાય.

ભારતમાં 1951 થી 2016 સુધીના સમયના ગાળામાં આયાત અને નિકાસ બંનેનું કદ અને તેમનો રાષ્ટ્રીય

આવક તથા વિશ્વવેપારમાં ટકાવારી હિસ્સો વધ્યા છે. પરંતુ નિકાસના કદ અને વૃદ્ધિના દર કરતાં આયાતનું કદ અને વૃદ્ધિનો દર મોટા ભાગના વર્ષમાં વધુ રહ્યા છે.

**નોંધ :** પ્રતિ વર્ષ વસ્તુઓની કિંમતો વધતાં આયાત કે નિકાસના મૂલ્યના વધારાને વેપારના કદના માપ તરીકે લેવાય નહિ. આયાત અને નિકાસનો જથ્થો વધતાં જે મૂલ્ય વધે તેને કદમાં વધારો કહેવાય. આથી આયાત અને નિકાસનું મૂલ્ય સ્થિર ભાવોએ અથવા USAના $ માં મપાય છે. (આયાત-નિકાસનું મૂલ્ય US $ માં મપાય ત્યારે હૂંડિયામણના દર દ્વારા પ્રતિ વર્ષ થતા કિંમતના ફેરફારો આપોઆપ દૂર થઈ જાય છે અને વેપારના મૂલ્યનું વાસ્તવિક કદ જાણવા મળે છે.)

**કોષ્ટક 9.3**

**1991 પછી ભારતના વિદેશવેપારનું કદ (મિ. US $ માં)**

| | 1991-92 | 1998-99 | 2014-15 |
|---|---|---|---|
| વસ્તુઓની નિકાસો | 17.9 | 33.2 | 310.5 |
| વસ્તુઓની આયાતો | 19.4 | 42.4 | 448.0 |
| વેપારતુલા | –1.5 | –9.2 | –137.5 |

**સ્રોત :** ભારતનો આર્થિક સર્વે, 2015-16

સ્વતંત્રતા પછી શરૂઆતનાં વર્ષોમાં નીચા વિકાસના કારણે ભારતમાં વિકાસલક્ષી આયાતોનું કદ ખૂબ ઊંચું રહ્યું. જ્યારે નિકાસ કરવાની ક્ષમતા નીચી હોવાના કારણે નિકાસો નીચી રહી.

1980 પછી જેમ-જેમ ભારતમાં વિકાસ વધતો ગયો તેમ-તેમ મોટા ઉદ્યોગોને ટકાવવા, નિભાવવા અને ફેલાવવા માટેની આયાતો વધતી ગઈ. આ ગાળા દરમિયાન દેશમાં આવકોમાં વધારો થતા દેશમાં માંગ વધતી ગઈ અને નિકાસ માટે ઓછું ઉત્પાદન બચતા નિકાસો પ્રમાણમાં નીચી રહી.

1991 પછી નિકાસોમાં સારા એવા પ્રમાણમાં વધારો થયો. વૈશ્વિકીકરણમાં હરીફાઈમાં ટકવા માટે ટેક્નોલૉજી, પેટ્રોલ વગેરેની આયાતો ઊંચી રહી પરંતુ નિકાસો પણ સારા પ્રમાણમાં વધી.

(વિકાસલક્ષી આયાતો એટલે કાચો માલ, નિષ્ણાતોની સલાહ, મશીનો વગેરે. નિભાવ માટેની આયાતો એટલે વીજળી, આંતરમાળખાકીય સુવિધાઓ, કૌશલ્ય-પ્રાપ્તિ વગેરે માટે થતી આયાતો)


**કોષ્ટક 9.4**

**ભારતની GDPમાં (કુલ ઘરેલું પેદાશમાં) વેપારનો ટકાવારી હિસ્સો**

| વર્ષ | ભારતના વેપારનો GDPમાં ટકાવારી હિસ્સો (વેપારની USA $ માં માપણીના આધારે) |
|---|---|
| 1981 | 12 |
| 1991 | 13.9 |
| 2001 | 19 |
| 2011 | 41.8 |
| 2014 | 38.3 |

**સ્રોત :** વિશ્વવેપાર અહેવાલ (World Trade Report), 2015

**ભારતની GDP માં વેપારનો ટકાવારી હિસ્સો**




**આકૃતિ 9.1**

### 9.7.2 ભારતની આયાત અને નિકાસ થતી વસ્તુઓનું સ્વરૂપ :

આ વિભાગમાં વિદેશવેપારના સ્વરૂપનો અર્થ વેપારની રચના તરીકે લઈશું. એટલે ભારતની ભૌતિક આયાતો અને નિકાસોની રચના અથવા આયાત અને નિકાસ થતી વસ્તુઓના પ્રકારો.

ભારતના વિદેશવેપારનું સ્વરૂપ તપાસતા સમજાય છે કે, ભારત જે 1951માં ઓછા વિકસિત દેશ તરીકે ઓળખાતો હતો તે આગળ વધીને 1980 સુધીમાં વિકાસશીલ બન્યો અને 2000 પછી વિશ્વમાં ઝડપથી વિકસતા દેશ તરીકે ઊભરતા અર્થતંત્ર તરીકેની ઓળખ પામી.

ઓછા વિકસિત દેશમાં દરેક ક્ષેત્રની આયતો મોટા પ્રમાણમાં થાય છે. 1950 અને 1960ના દાયકાઓમાં ભારતમાં નબળી ખેતીના કારણે ભારતમાં અનાજની આયાતો વારંવાર થતી હતી. વળી, વિકાસલક્ષી આયાતો જેવી કે મશીનો, મૂડી, ટેક્નોલૉજી, નિષ્ણાતોની સલાહ, સ્પૅરપાર્ટ્સ વગેરેની પણ મોટા પ્રમાણમાં થતી હતી.

વળી, નીચા વિકાસની પરિસ્થિતિમાં પ્રાથમિક ચીજવસ્તુઓની નિકાસો વધુ હોય છે. ભારતમાં ચા, કૉફી, શણ, કાચી ધાતુઓ અને ખનીજ વગેરેની નિકાસનું પ્રમાણ વધુ હતું અને ઔદ્યોગિક વસ્તુઓની નિકાસો નીચી હતી.

જ્યારે દેશ વિકાસશીલ બને ત્યારે અનાજની આયાતો ઘટવા પામે છે અને દેશની નિકાસોમાં પ્રાથમિક વસ્તુઓનો હિસ્સો ઘટે છે અને ઔદ્યોગિક નિકાસોનો હિસ્સો વધે છે. ભારતમા સીત્તેર અને ઍંશીના દાયકાઓમાં આ પ્રકારનાં વલણો જોવા મળ્યાં.

નિકાસની ગતિ વધતા, વિકાસના નિભાવ માટે, નિકાસલક્ષી ઉદ્યોગો માટે અને ઉદ્યોગોના વૈવિધ્યકરણ તથા વિસ્તૃતીકરણ માટેની આયાતો વધે છે જેમ કે વચગાળાની વસ્તુઓ, કાચો માલ, સ્પૅરપાર્ટ્સ, પેટ્રોલ, નવીન ટેક્નોલૉજી વગેરે વિકાસની પ્રક્રિયા સાથે ભારતમાં વધતી ગઈ.

1991 પછી ભારતમાં આયાતો અને નિકાસોનું સ્વરૂપ નોંધપાત્ર રીતે બદલાયું. ભારતની આયાતોમાં અનાજ અને ખેતીલક્ષી આયાતો ખૂબ ઓછી થઈ અને મૂડી આયાતો પણ ઓછી થઈ.

પરંપરાગત નિકાસો જેવી કે ચા, કૉફી, શણ વગેરેનો કુલ નિકાસોમાં હિસ્સો ઓછો થયો અને ઔદ્યોગિક અને બિનપરંપરાગત નિકાસોનો ફાળો વધ્યો. દા.ત., સૉફ્ટવેરની નિકાસ.

1961માં ખાદ્યવસ્તુઓની આયાતો કુલ વસ્તુ આયાતોમાં 19.1 ટકાનો હિસ્સો ધરાવતી હતી જે 2014-15માં ઘટીને ફક્ત 3.9% થયો. એટલે કે ભારતે અનાજ અને અન્ય ખાદ્યવસ્તુઓમાં સ્વનિર્ભરતા પ્રાપ્ત કરી. વિકાસની ગતિ વધતાં ભારતમાં મૂડી અને મૂડીપ્રચુર વસ્તુઓ પણ સારી રીતે ઉત્પન્ન થઈ શકી અને આથી મૂડી આયાતો સારા પ્રમાણમાં ઘટવા પામી. 1960-61માં કુલ વસ્તુ આયાતોમાં મૂડીજન્ય આયાતોનો હિસ્સો 31.7 % હતો, જે ખૂબ ઊંચા હતો જે 2014-15માં ઘટીને 9.8 % થયો.

અન્ય નવીન આયાતોનું પ્રમાણ 1960-61માં 2.2 % હતું, જે 2014-15માં 46.5 % થયું. એટલે કે વિકાસમાં વૈવિધ્યકરણ આવતા નવીન વસ્તુઓની આયાતો વધે છે.

તે જ રીતે નિકાસોનું સ્વરૂપ પણ બદલાયું છે. સમગ્ર પ્રાથમિક ક્ષેત્રનો વસ્તુનિકાસોમાં ફાળો 1960-61માં 44.2 % હતો જે 2014-15માં ઘટીને ફક્ત 12.3 % જેટલો રહ્યો, (જેમાં, ચા તથા કૉફીની નિકાસોનો હિસ્સો 19.3 થી ઘટીને 0.2 ટકાનો થયો, શણની નિકાસનો હિસ્સો 21 ટકાથી ઘટીને 0.2 % થયો) તેમજ વસ્તુનિકાસમાં ચામડાંની નિકાસનો ફાળો 1960-61માં 4.4 ટકાથી ઘટીને 2014-15માં 1.3 % અને કાપડની નિકાસનો હિસ્સો 10 ટકાથી ઘટીને 2 % થયો.

તેની સામે તૈયાર કપડાંઓની વસ્તુનિકાસમાં હિસ્સો જે 1960-61માં 0.1 % જેટલો જ હતો તે 2014-15માં વધીને 5.4 % થયો.

બધી જ ઉત્પાદિત વસ્તુઓનો કુલ વસ્તુનિકાસમાં હિસ્સો જે 1960-61માં 45.3 % હતો તે 2014-15માં વધીને 66.7 % જેટલો થયો.

પેટ્રોલને લગતી નિકાસોનો કુલ વસ્તુનિકાસમાં ફાળો 1960-61માં 1.1 % જ હતો, જે 2014-15માં 18.5 % જેટલો થયો.

### 9.7.3 ભારતમાં વિદેશવેપારની દિશા :

વિદેશવેપારની દિશા એટલે કોઈ દેશનો વિશ્વના વિવિધ પ્રદેશો સાથેનો વેપાર માટેનો સંબંધ. અલગ-અલગ દિશાના પ્રદેશો સાથે વેપાર કરવા માટે કોઈ દેશ પાસે,

- વિવિધ પ્રકારનું ઉત્પાદન કરવાની શક્તિ હોવી જોઈએ.
- અનેક દેશો સાથે સારા રાજકીય સંબંધો/રાજનયિક સંબંધો હોવા જોઈએ.

- અનેક પ્રકારના રાજનયિક પ્રયત્નો કરવાની તૈયારી જોઈએ.
- વેચાણ-વ્યવસ્થા અને વેપાર-વ્યવસ્થાપન માટેની આવડત તથા ટેક્નોલૉજી હોવા જોઈએ.
- વધુ પ્રમાણમાં નિકાસજન્ય ઉત્પાદન હોવું જોઈએ.

સ્વતંત્રતા પછી ભારતનો મોટા પ્રમાણનો વેપાર UK સાથે થતો હતો. કારણ કે સ્વતંત્રતા પહેલાં UK સાથે આપણો વેપાર સ્થપાયેલો જ હતો.

1960-61માં ભારતની કુલ આયાતોમાંથી 19 % આયાતો UKથી આવતી હતી, જે 2007 પછી ઘટીને 2 ટકાથી ઓછી થઈ ગઈ.

સ્વતંત્રતા પછી આપણે અમેરિકા (USA) પર અનેક પ્રકારની આયાતો માટે નિર્ભર રહ્યા હતા. 1960-61માં વસ્તુઓ અને સેવાઓની કુલ આયાતોમાં USAથી 29 % આયાતો થઈ હતી, જે 2007 પછી ઘટીને 8 ટકાથી નીચી થઈ ગઈ.

OPEC થી આયાતોનું પ્રમાણ વસ્તુઓની કુલ આયાતોમાં વધ્યું કારણ કે ઔદ્યોગિકીકરણ અને વિકાસ વધતાં પેટ્રોલની (ખનીજ તેલની) આયાતો વધી. (OPEC - ખનીજતેલની નિકાસ કરતા દેશોનું જૂથ)

રશિયા સાથે ભારતના મૈત્રીસંબંધો હતા અને સ્વતંત્રતા પછી રશિયાથી ઊંચા પ્રમાણમાં આયાતો થતી હતી જે 1980 પછી રશિયામાં થયેલી આર્થિક કટોકટીના કારણે ઘટી ગઈ.

આમ, પરંપરાગત ભાગીદારો સાથે વેપાર ઘટ્યો પરંતુ વિકાસશીલ દેશો સાથેનો આપણો વેપાર વધ્યો. ખાસ કરીને એશિયા, મધ્ય એશિયા અને આફ્રિકાના વિકાસશીલ દેશો સાથે આપણો વેપાર વધ્યો છે. 1960-61માં વસ્તુઓની કુલ આયાતોમાંથી 11.8 % જેટલી આયાતો વિકાસશીલ દેશોમાંથી આવતી હતી, જે 2007-08માં 32 % જેટલી થઈ અને 2014-15માં 59 % જેટલી થઈ.

તે જ પ્રમાણે, 1960-61માં UK તરફની વસ્તુઓના કુલ નિકાસોમાંની 26.8 % નિકાસો થતી હતી જે 2007-8 પછી ઘટીને 4 ટકાથી નીચી ગઈ.

તે જ સમયગાળા દરમિયાન અમેરિકા ખાતે થતી વસ્તુનિકાસની ટકાવારી 16 ટકાથી ઘટીને 12.7 % થઈ અને રશિયા ખાતેની વસ્તુનિકાસોમાં ટકાવારી 4.5 ટકાથી ઘટીને 0.6 % થઈ.


તેની સામે OPEC ખાતે થતી આપણી વસ્તુનિકાસોની ટકાવારી 1960-61માં 4.1 % હતી જે ત્યાર પછીના સમયમાં વધવા પામી અને 2007-8 પછી 16 ટકાથી વધુ થઈ અને તે જ સમયગાળા દરમિયાન વિકાસશીલ દેશો સાથેની વસ્તુનિકાસોની ટકાવારી 14.8 ટકાથી વધી અને 42.6 ટકાથી વધુ થવા પામી.

2014-15માં એશિયાના દેશો ખાતે આપણી વસ્તુનિકાસોમાંની 50 % જેટલી નિકાસો થઈ હતી. આમ, અલગ-અલગ દેશો સાથે અને દિશાઓમાં વેપાર વિકસાવવા ભારતે સફળ પ્રયત્નો કર્યા છે.

**નોંધ :** 2007-8 સુધી ભારતના વેપારની દિશા દર્શાવવા પ્રદેશોનું વર્ગીકરણ જે રીતે થતું હતું તે ત્યાર પછી બદલાયું છે.

**કોષ્ટક 9.5 વિશ્વના વિવિધ પ્રદેશોનો ભારતની વસ્તુઆયાતોમાં ટકાવારી હિસ્સો (નાણાકીય વર્ષ : 2014-15)**

| પ્રદેશ | ભારતની આયાતોમાં ટકાવારી હિસ્સો |
|---|---|
| એશિયા | 59 |
| યુરોપ | 16 |
| આફ્રિકા | 08 |
| લૅટિન અમેરિકન દેશો | 07 |
| નોર્થ અમેરિકા | 06 |
| CIS અને બાલ્ટિક પ્રદેશો | 02 |
| અન્ય | 02 |
| **કુલ** | **100** |





**આકૃતિ 9.2**

**સ્રોત :** EXIM બૅન્ક (ઍક્સપૉર્ટ-ઈમ્પૉર્ટ બૅન્ક) તથા ભારતનો આર્થિક સર્વે, 2015-16

**કોષ્ટક 9.6 વિશ્વના વિવિધ પ્રદેશોનો ભારતની વસ્તુનિકાસોમાં ટકાવારી હિસ્સો (વિત્તિય વર્ષ : 2014-15)**

| પ્રદેશ | ભારતની નિકાસોમાં ટકાવારી હિસ્સો |
|---|---|
| એશિયા | 50 |
| યુરોપ | 18 |
| નોર્થ અમેરિકા | 14 |
| આફ્રિકા | 11 |
| લૅટિન અમેરિકન દેશો | 05 |
| CIS અને બાલ્ટિક પ્રદેશો | 01 |
| અન્ય | 01 |
| **કુલ** | **100** |




**આકૃતિ 9.3**

**સ્રોત :** EXIM બૅન્ક (ઍક્સપૉર્ટ-ઈમ્પૉર્ટ બૅન્ક) તથા ભારતનો આર્થિક સર્વે, 2015-16

### 9.8 લેણદેણની તુલાનો ખ્યાલ (Concept of Balance of Payments)

લેણદેણની તુલા એટલે કોઈ એક દેશના અન્ય દેશો સાથેના વેપારના મૂલ્યનું સરવૈયું જેમાં વસ્તુઓ તથા સેવાઓના વેપારનું મૂલ્ય, સાધનોની હેરફેરનું ખર્ચ અને મૂડીવેપારના મૂલ્યની નોંધણી થાય છે.

**અર્થ :** વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દૃશ્ય) અને અભૌતિક (અદૃશ્ય) આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે લેણદેણની તુલા.

(ભૌતિક કે દૃશ્ય ચીજો એટલે વસ્તુઓ અભૌતિક કે અદૃશ્ય ચીજો એટલે સેવાઓ)

લેણદેણની તુલાને બે બાજુઓ, એટલે કે જમાબાજુ અને ઉધારબાજુ હોય છે. વિદેશો પાસેથી દેશને થતી બધી જ આવકો જમાબાજુએ નોંધાય છે અને વિદેશોને થતી બધી જ ચૂકવણીઓ ઉધારબાજુએ નોંધાય છે.

**9.8.1 લેણદેણની તુલાના પ્રકારો :**

લેણદેણની તુલા (1) સમતોલ અને (2) અસમતોલ હોય છે.

સમતોલ તુલામાં જમા અને ઉધારબાજુના સરવાળા સમાન હોય છે. અસમતોલ તુલામાં જમા અને ઉધારબાજુના સરવાળા સરખા હોતા નથી.

જ્યારે જમાબાજુનો સરવાળો ઉધારબાજુના સરવાળા કરતા વધુ હોય તો લેણદેણની તુલામાં પુરાંત છે એમ કહેવાય.

જ્યારે ઉધારબાજુનો સરવાળો જમાબાજુના સરવાળા કરતાં વધુ હોય, તો લેણદેણની તુલામાં ખાધ છે એમ કહેવાય.

**નોંધ :** ડબલ એન્ટ્રી બુક કીપિંગ પ્રમાણે લેણદેણની તુલા સમતોલ હોય છે પરંતુ વાસ્તવમાં તેમાં ખાધ અથવા પુરાંત હોઈ શકે છે.

**9.8.2 લેણદેણની તુલાનાં ખાતાઓ**

લેણદેણની તુલામાં બે ખાતાઓ હોય છે : (1) ચાલુ ખાતું (2) મૂડી ખાતું

**(1) ચાલુ ખાતું :** આ ખાતામાં નીચેની બાબતો માટે જમા અને ઉધાર રકમો નોંધવામાં આવે છે.

**(i) ભૌતિક વસ્તુઓના વેપારનું મૂલ્ય :** ભૌતિક વસ્તુઓની નિકાસકમાણી જમાબાજુ અને ભૌતિક વસ્તુઓની આયાત પાછળનો ખર્ચ ઉધારબાજુ નોંધાય છે.

આ વિભાગના સરવાળાને વેપારતુલા કહેવાય છે. દેશમાં ભૌતિક વસ્તુઓની આયાત ચૂકવણીઓ ભૌતિક વસ્તુઓની નિકાસકમાણી કરતા વધુ હોય, તો વેપારતુલામાં ખાધ આવે છે અને તેથી ઊલટું હોય તો વેપારતુલામાં પુરાંત નોંધાય છે.

**(ii)** અભૌતિક સેવાઓના નિકાસ કે આયાતથી થતી આવક અને જાવકની નોંધ પણ ચાલુ ખાતામાં થાય છે.

(i) અને (ii)ના સંયુક્ત સરવાળાને ચાલુ ખાતાની તુલા કહેવાય છે.

**(2) મૂડી ખાતું :** આ ખાતામાં એક દેશના અન્ય દેશો સાથેના મૂડી વહેવારોનું મૂલ્ય નોંધાય છે જેવા કે બૉન્ડ, શૅર, સોનું, મૂડી પ્રકારનું ધિરાણ વગેરે તથા સ્થાયી મૂડીરોકાણ.

ચાલુ ખાતા અને મૂડી ખાતાના સરવાળાને લેણદેણની તુલા કહેવાય છે.

**9.8.3 લેણદેણની તુલાને અસર કરતાં પરિબળો :**

લેણદેણની તુલાને અસર કરતાં પરિબળો એટલે કે દેશમાં આયાત, નિકાસ, મૂડીની હેરફેર, સાધનની હેરફેર, મૂડીરોકાણ, ધિરાણ વગેરેને અસર કરતાં પરિબળો. આવાં પરિબળોના કારણે તુલામાં પુરાંત અથવા ખાધ આવી શકે છે.

આવાં પરિબળો મુખ્યત્વે દેશના આર્થિક વિકાસના સ્તર પર આધારિત હોય છે. આવાં કેટલાંક પરિબળો નીચે મુજબ જણાવી શકાય :

- હૂંડિયામણનો દર

- વેપાર થતી વસ્તુઓ અને સેવાઓની પોતાના દેશમાં તથા વિદેશોમાં કિંમત
- વેપાર થતી વસ્તુઓની વિવિધતા અને ગુણવત્તા
- અનિવાર્ય આયાતો
- દેશના આર્થિક વિકાસનું સ્તર
- વેપાર પર રાજકીય અને કાયદાકીય અંકુશો
- વેપારને આધાર આપતી સવલતો જેમ કે વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, અન્ય આંતર માળાખાકીય સુવિધાઓ વગેરે.

**કોષ્ટક 9.7**

**લેણદેણની તુલાનું કાલ્પનિક ઉદાહરણ**

| **જમા (કરોડ ₹ માં)** | | **ઉધાર (કરોડ ₹ માં)** | | **તુલા** |
|---|---|---|---|---|
| **ચાલુ ખાતું** | | | | |
| વસ્તુની નિકાસો | 200 | વસ્તુની આયાતો | 300 | |
| વેપાર તુલા | | | | –100 |
| સેવાઓની નિકાસો | 100 | સેવાઓની આયાતો | 200 | |
| મૂડી આવકો | 100 | મૂડી-ચૂકવણીઓ | 200 | |
| એકતરફી આવકો | 200 | એકતરફી ચૂકવણીઓ | 100 | |
| પેટા સરવાળો (ચાલુ ખાતું) | **600** | | **800** | |
| ચાલુ ખાતાની તુલા = (ચાલુ ખાતાની જમા બાજુનો સરવાળો - ચાલુ ખાતાની ઉધાર ખાતાનો સરવાળો) | | | | –200 |
| **જમા (કરોડ ₹ માં)** | | **ઉધાર (કરોડ ₹ માં)** | | **તુલા** |
| **મૂડી ખાતું** | | | | |
| લાંબાગાળાનું ઋણ | 200 | લાંબા ગાળાનું ધિરાણ | 80 | |
| ટૂંકા ગાળાનું ઋણ | 100 | ટૂંકા ગાળાનું ધિરાણ | 60 | |
| સોનાનું વેચાણ | 100 | સોનાની ખરીદી | 50 | |
| પેટા સરવાળો (મૂડી ખાતુ) | **400** | | **190** | |
| | | ગણતરીની ભૂલો | +10 = **200** | |
| મૂડી ખાતાની તુલા = (મૂડી ખાતાની જમા બાજુનો સરવાળો - મૂડી ખાતાની ઉધાર બાજુનો સરવાળો) | | | | +200 |
| **કુલ જમા** | **1000** | **કુલ ઉધાર** | **1000** | |
| લેણદેણની તુલા | | | | 0 |

વાસ્તવમાં કોઈ પણ દેશની લેણદેણની તુલામાં ખાદ્ય અથવા પુરાંત હોઈ શકે.

## 9.9 હૂંડિયામણના દરનો ખ્યાલ (Concept of Exchange Rate)

જ્યારે ભારતીય નાગરિકો વિદેશ ફરવા જાય છે ત્યારે તેઓ ભારતના ચલણ ₹ માં ત્યાં ખરીદી કરી શકતા નથી. તેમણે ₹ નું જે-તે દેશના ચલણમાં રૂપાંતર કરવું પડે. તેમજ જ્યારે ભારતમાં કોઈ આયાતકાર વિદેશી વસ્તુની આયાત કરે ત્યારે તેની ચૂકવણી જે-તે દેશના ચલણમાં કે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત ચલણમાં કરવી પડે. આ ઉદાહરણો ભારતની વિદેશી હૂંડિયામણ માટેની માંગ દર્શાવે છે.

તે જ પ્રમાણે વિદેશીઓ ભારતના ₹ ની માંગ કરી શકે.

આવા પ્રવાસીઓ કે વેપારીઓ બૅન્કો પાસે અથવા ચલણના કાયદામાન્ય વેપારીઓ પાસે જઈને પોતાના દેશની ચલણને અન્ય ચલણમાં રૂપાંતર કરાવે છે. આ પ્રકારનું રૂપાંતર જે-તે સમયે પ્રવર્તતા કોઈ ચોક્કસ દરે થાય છે. આવા દરને હૂંડિયામણનો દર કહેવાય.

- *જે દરે એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં રૂપાંતર કરી શકાય તે દર એટલે હૂંડિયામણનો દર.*
- *એક દેશના ચલણની બીજા દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે હૂંડિયામણનો દર.*

કોઈ એક દેશ માટે હૂંડિયામણનો દર એટલે વિદેશી ચલણના એક એકમની પોતાના દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે કે વિદેશી ચલણનું એક એકમ ખરીદવા માટે પોતાના દેશના ચલણના જેટલા એકમો ચૂકવવા પડે તે કિંમત.

દા.ત., US \$ 1 = ₹ 60ના હૂંડિયામણ દરનો અર્થ એવો થાય કે US \$ 1 ખરીદવા માટે ભારતીય નાગરિકે ₹ 60 ચૂકવવા પડે છે.

જ્યારે ભારત માટે હૂંડિયામણનો દર ઊંચો થાય ત્યારે ભારતના ચલણનું આંતરરાષ્ટ્રીય બજારમાં મૂલ્ય ઘટ્યું ગણાય. કારણ કે વિદેશી ચલણનું એક એકમ ખરીદવા માટે હવે વધુ રૂપિયા આપવા પડે. એટલે કે વિદેશી ચલણની કિંમત મોંઘી થાય અને ભારતના ₹ નું મૂલ્ય ઓછું થાય.

પહેલા US \$ 1 = ₹ 60 દર ઊંચો થવાથી US \$ 1 = ₹ 65

તેમજ જ્યારે ભારત માટે હૂંડિયામણનો દર નીચો થાય ત્યારે ₹ નું મૂલ્ય વધે.

(પરંતુ ચલણના મૂલ્ય વિશેના વિશ્લેષણમાં ચલણનો દર વધ-ઘટ થવા વચ્ચેનો સમય અંતર, દરેક દેશમાં વસ્તુઓની કિંમત વગેરે ભાગ ભજવે છે.)

ક્યારેક ખુલ્લા બજારમાં હૂંડિયામણના દરોમાં ફેરફાર થાય છે, તો ક્યારેક કોઈ દેશની સરકાર આયાતો અને નિકાસોને અસર પહોંચાડવા તેમ કરે છે.

ભારત માટે હૂંડિયામણનો દર વધે અને રૂપિયાનું મૂલ્ય ઓછું થાય, તો ભારતમાં આયાતોની માંગ ઘટે છે અને નિકાસો વધવા પામે છે.

જ્યારે US \$1 ની કિંમત ₹ 60 થી ₹ 65 થાય તો આયાતકારે US \$1 ની વસ્તુની આયાત માટે ₹ 65 ચૂકવવા પડે છે જેના માટે અગાઉ ફક્ત ₹ 60 ચૂકવવા પડતા હતા. માટે આયાતો ઓછી થવા પામે છે.

કોઈ વિદેશી વેપારીને \$1 ખર્ચીને પહેલાં ₹ 60 ની વસ્તુ મળતી હતી જ્યારે હવે \$1 ખર્ચીને ₹ 65ની વસ્તુઓ મળે છે. માટે નિકાસો વધવા પામે છે.

ભારત માટે હૂંડિયામણનો દર ઘટે તો તેથી ઊલટું જોવા મળે છે.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) વેપાર દ્વારા શું થાય છે ?

(અ) સાધનોની ગતિશીલતા ઘટે છે. (બ) ઉદ્યોગોની સંખ્યા ઘટે છે.

(ક) ઉત્પાદન-પ્રક્રિયા ધીમી પડે છે. (ડ) ઉત્પાદનમાં વિવિધતા આવે છે.

(2) આજના સમયમાં વિદેશવેપારમાં કયું સાધન વધુ ગતિશીલ બન્યુ છે?

(અ) મૂડી (બ) શ્રમ (ક) નિયોજનશક્તિ (ડ) જમીન

(3) 2005 પછી ભારતના વિદેશવેપારમાં શું નોંધપાત્ર ફેરફાર થયો છે ?

(અ) વેપારનું કદ વધ્યું છે અને ભારતનો વેપારમાં ક્રમ આગળ થયો છે.

(બ) વેપારનું કદ વધ્યું છે પરંતુ ભારતનો વિશ્વવેપારમાં ક્રમ પાછળ ગયો છે.

(ક) ભારતના લેણદેણની તુલામાં હંમેશાં પુરાંત નોંધાઈ છે.

(ડ) વેપારમાં પરંપરાગત નિકાસોનો ફાળો વધ્યો છે.

(4) ભારતના વેપારના પરંપરાગત ભાગીદાર દેશોમાં કયા દેશોનો સમાવેશ કરી શકાય ?

(અ) ઇંગ્લૅન્ડ અને રશિયા (બ) જાપાન અને ચીન (ક) મધ્ય એશિયાના દેશો (ડ) ઑસ્ટ્રેલિયા

(5) વેપારતુલા એટલે શું ?

(અ) ચાલુ ખાતાની તુલા (બ) મૂડી ખાતાની તુલા

(ક) વસ્તુ વેપારની (દૃશ્ય વેપારની) તુલા (ડ) સેવા વેપારની (અદૃશ્ય વેપારની) તુલા

(6) લેણદેણની તુલામાં કેટલાં ખાતાં હોય છે ?

(અ) 1 (બ) 2 (ક) 3 (ડ) 4

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) વિદેશવેપાર એટલે શું ? (2) વિદેશવેપારનું કદ એટલે શું ?

(3) વિદેશવેપારનું સ્વરૂપ એટલે શું ? (4) વિદેશવેપારની દિશા એટલે શું ?

(5) હૂંડિયામણનો દર એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) વેપાર તુલાનો અર્થ આપો.

(2) 'આંતરરાષ્ટ્રિય વેપારનું કદ' પારિભાષિક શબ્દ સમજાવો.

(3) લેણદેણની તુલાનો અર્થ આપો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) વિદેશવેપારની પ્રવર્તમાન સ્થિતિ દર્શાવો.

(2) વેપારતુલા અને લેણદેણતુલા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(3) હૂંડિયામણ-દર પર નોંધ લખો.

(4) વિદેશવેપારનાં કારણો ટૂંકમાં સમજાવો.

(5) લેણદેણતુલાના ચાલુખાતા અને મૂડીખાતાનો તફાવત સ્પષ્ટ કરો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ભારતના વિદેશવેપારના સ્વરૂપમાં થયેલાં ફેરફારો સવિસ્તર જણાવો.

(2) આંતરિક વેપાર અને વિદેશવેપાર વચ્ચેના તફાવત સમજાવો.

(3) ભારતના વિદેશવેપારના કદમાં થયેલા ફેરફારો સવિસ્તર જણાવો.

(4) ભારત વિદેશવેપારની દિશામાં આવેલા ફેરફારો સવિસ્તર જણાવો.

(5) લેણદેણની તુલાનો અર્થ આપી તેના પ્રકારો, ખાતાઓ તેમજ લેણદેણની તુલાને અસર કરતાં પરિબળો જણાવો.

## પારિભાષિક શબ્દો

**વેપાર** : વેપાર એટલે એવી ધંધાકીય/વ્યાવસાયિક પ્રવૃત્તિ જેમાં વસ્તુઓ, સેવાઓ, મૂડી, ટેક્નોલૉજી, ટેકનિકલ જાણકારી, માહિતી, નવીન જ્ઞાન વગેરેનો નફા માટે વિનિમય થાય છે.

**વેપારનું સ્વરૂપ** : અર્થતંત્રમાં પ્રવર્તમાન સંજોગો, નીતિઓ, વેપારની રચના (વેપાર થતી વસ્તુઓના પ્રકાર) અને વેપાર-વ્યવસ્થા વગેરે પરિબળોનો વેપાર સાથેનો સંબંધ એટલે વેપારનું સ્વરૂપ

**આયાત-નિકાસનું સ્વરૂપ** : આયાત અને નિકાસ થતી વસ્તુઓની રચના અથવા તેમના પ્રકારો એટલે આયાત અને નિકાસનું સ્વરૂપ

**વેપારનું કદ** : કોઈ દેશમાં કોઈ સમયગાળા દરમિયાન આયાત અને નિકાસ થતી વસ્તુઓનું કુલ મૂલ્ય તથા કુલ જથ્થો એટલે વેપારનું કદ

**વેપારની દિશા** : વેપારની દિશા એટલે કોઈ દેશનો વિશ્વના વિવિધ પ્રદેશો સાથેનો વેપાર માટેનો સંબંધ

**વેપાર તુલા** : વર્ષ દરમિયાન કોઈ દેશના વિદેશો સાથેની આપ-લેના હિસાબી સરવૈયામાં ભૌતિક વસ્તુઓની આયાત અને નિકાસના મૂલ્યની તુલા

**લેણદેણની તુલા** : વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દશ્ય) અને અભૌતિક (અદશ્ય) ચીજોની આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે લેણદેણની તુલા

**હૂંડિયામણનો દર** : જે દરે એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં રૂપાંતર કરી શકાય તે દર એટલે હૂંડિયામણનો દર અથવા એક દેશના ચલણની બીજા દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે હૂંડિયામણનો દર

**પરંપરાગત નિકાસો** : દેશમાં સ્વતંત્રતા પહેલાં અને પછીનાં ઘણાં વર્ષો સુધી જે વસ્તુઓની નિકાસોનું પ્રમાણ વધુ રહ્યું હોય અને દેશની પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા ઉત્પાદિત થયેલી વસ્તુઓની નિકાસોને પરંપરાગત નિકાસો તરીકે ઓળખાય છે.

**વિકાસલક્ષી આયાતો** : દેશમાં વિકાસની પ્રક્રિયા વધારવા માટે ઓછા વિકસિત દેશો અને વિકાસશીલ દેશો દ્વારા થતી મૂડી, ટેક્નોલૉજી વગેરેની આયાતો એટલે વિકાસલક્ષી આયાતો

**નિભાવ માટેની આયાતો** : વિકાસશીલ દેશોમાં હાથ ધરાયેલી વિકાસ અને ઔદ્યોગિકીકરણની પ્રવૃત્તિને ટકાવી રાખવા અને નિભાવવા માટેની આયાતો જેવી કે, સ્પૅરપાર્ટ્સ, ટેકનિકલ સલાહ અને જાણકારી, વચગાળાની વસ્તુઓ, પેટ્રોલ, ઊર્જા વગેરેની આયાતો એટલે નિભાવ માટેની આયાતો.

•

# 10 ઉદ્યોગક્ષેત્ર


- **પ્રસ્તાવના**

**10.1 ઉદ્યોગક્ષેત્રનું મહત્ત્વ**

10.1.1 રાષ્ટ્રીય આવકમાં ફાળો

10.1.2 રોજગારી

10.1.3 નિકાસઆવક

10.1.4 અર્થતંત્રનો સમતોલ વિકાસ

10.1.5 ખેતીનું આધુનિકીકરણ

10.1.6 અર્થતંત્રનું મજબૂત માળખું

10.1.7 સામાજિક માળખામાં ફેરફાર

**10.2 ઔદ્યોગિક માળખું**

10.2.1 મૂડીરોકાણના કદના આધારે ઉદ્યોગોના પ્રકારો

10.2.1.1 ગૃહઉદ્યોગ

10.2.1.2 ટચુકડા ઉદ્યોગ

10.2.1.3 નાના પાયાના ઉદ્યોગો

10.2.1.4 મધ્યમ પાયાના ઉદ્યોગો

10.2.1.5 મોટા પાયાના ઉદ્યોગો

10.2.2 માલિકીના આધારે ઉદ્યોગોના પ્રકારો

10.2.3 ઉત્પાદિત વસ્તુના સ્વરૂપને આધારે ઉદ્યોગોના પ્રકારો

**10.3 ઔદ્યોગિક વિકાસ માટે સરકારે લીધેલાં પગલાં**

10.3.1 રાજ્યની માલિકીનાં સાહસો

10.3.2 ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોને ઉત્તેજન

10.3.3 આયાત-જકાત

10.3.4 ટેકનિકલ કૌશલ્ય અને તાલીમ

10.3.5 આર્થિક સહાય

10.3.6 પાયાની સુવિધાઓ

10.3.7 વિવિધ સંસ્થાઓ અને નીતિઓની રચના

**10.4 વિશિષ્ટ આર્થિક વિસ્તાર**

**10.5 નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ**


### પ્રસ્તાવના (Introduction)

દુનિયાના દેશોમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્ર એમ ત્રણ ઉત્પાદકીય ક્ષેત્રોનો સમન્વય જોવા મળે છે. જે પૈકી ઉદ્યોગ એક મહત્ત્વનું ઉત્પાદકીય ક્ષેત્ર હોઈ તે દરેક અર્થતંત્રમાં ખૂબ જ અગત્ય ધરાવે છે. સામાન્ય રીતે વિકસિત દેશોનો અભ્યાસ કરતાં સાઉદી અરેબિયા જેવા પેટ્રોલિયમ નિકાસ કરતા દેશોને બાદ કરતા મોટા ભાગના વિકસિત દેશો ઔદ્યોગિક દેશો છે. દા.ત., અમેરિકા, બ્રિટન, જાપાન વિશ્વમાં ખેતીને મુખ્ય વ્યવસાય ગણતા દેશો પણ વિકસિત હોઈ શકે છે. દા.ત., ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ પરંતુ ખેતીક્ષેત્ર આધારિત વિકસિત દેશો ખૂબ ઓછા જોવા મળે છે. જ્યારે ઔદ્યોગિક દેશ હોય અને વિકસિત દેશ હોય તેવા સંખ્યાબંધ ઉદાહરણ જોવા મળે છે. જેથી વિશ્વના દેશોમાં મોટા ભાગના દેશો એવું માનતા થયા છે કે ઝડપી આર્થિક વિકાસ સાધવા માટે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ ખૂબ જરૂરી છે.

### 10.1 ઉદ્યોગક્ષેત્રનું મહત્ત્વ (Importance of Industrial Sector)

દેશના ઝડપી આર્થિક વિકાસ માટે, કૃષિક્ષેત્રના વિકાસ માટે, રોજગારીની નવી તકો સર્જવા માટે, અર્થતંત્રનાં આંતરિક સાધનોના મહત્તમ વપરાશ માટે, લોકોની આવકમાં ઝડપી વધારો કરવા માટે અને લોકોના જીવનધોરણને સુધારવા માટે ઔદ્યોગિકીકરણ જરૂરી છે. જેથી કહી શકાય કે, ભારત જેવા વિકાસમાન દેશોમાં જોવા મળતી બેરોજગારી અને ગરીબી જેવી વિકટ સમસ્યાઓને નિવારવા ઔદ્યોગિકીકરણ જરૂરી છે. આ ઔદ્યોગિકીકરણ માત્ર આર્થિક વિકાસ હાંસલ કરવા માટે નહિ પણ, સામાજિક અને રાજકીય સ્થિરતા માટે પણ ખૂબ જરૂરી છે, જે નીચેના મુદ્દાઓ પરથી સ્પષ્ટ થાય છે :

**10.1.1 રાષ્ટ્રીય આવકમાં ફાળો :**

ભારતની આઝાદી સમયે ખેતીક્ષેત્રનું અર્થતંત્ર પર પ્રભુત્વ હતું. જે ઉત્તરોત્તર ઉદ્યોગોના વિકાસને કારણે ઘટ્યું છે અને તેની સામે ઉદ્યોગોનો રાષ્ટ્રીય આવકમાં ફાળો વધવા પામ્યો છે. અર્થતંત્રના આયોજિત પ્રયાસોના ફળ સ્વરૂપે ઉદ્યોગોએ રાષ્ટ્રીય આવકમાં પોતાનો ફાળો વધાર્યો હોવા છતાં તે પૂરતો છે તેમ કહી શકાય નહિ. વર્ષ 1951માં રાષ્ટ્રીય આવકના 16.6 % હિસ્સો ઉદ્યોગો દ્વારા પ્રાપ્ત થતો હતો. જ્યારે 2013-14માં રાષ્ટ્રીય આવકના 27 % હિસ્સો (સ્થિર ભાવોએ) ઉદ્યોગક્ષેત્ર દ્વારા પ્રાપ્ત થયો છે. જેના પરથી કહી શકાય કે, રાષ્ટ્રીય આવકમાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો વધવા પામ્યો છે. અહીં પણ નોંધનીય છે કે સેવાક્ષેત્રના વિકાસમાં પણ ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો અભૂતપૂર્વ રહ્યો છે.

**10.1.2 રોજગારી :**

ભારત અતિ વસ્તી ધરાવતો દેશ છે જેમાં શ્રમનો પુરવઠો પૂર્ણ સ્વરૂપે રોજગાર અર્થે ઉત્પાદકીય કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવતો નથી એટલે કે અર્થતંત્રમાં રોજગારીની તકોના અભાવને કારણે બેરોજગારીનો પ્રશ્ન વિકટ સ્વરૂપનો જોવા મળે છે. ઉદ્યોગક્ષેત્ર દ્વારા આયોજન પ્રયાસોના ભાગરૂપે વિકાસ હાંસલ કરતા તેની રોજગાર-ક્ષમતામાં વૃદ્ધિ થયેલ જોવા મળે છે. વર્ષ 1951માં 10.6 % શ્રમિકો ઉદ્યોગક્ષેત્રે રોજગારી મેળવતા હતા. તે પ્રમાણ વધીને વર્ષ 2011-12માં 24.3 % થવા પામ્યું છે. ઔદ્યોગિક ક્ષેત્ર નાના પાયાના ઉદ્યોગો કે જે શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતા હોય છે તેમનો વ્યાપ વધારવાથી રોજગારીના પ્રમાણમાં નોંધપાત્ર ફેરફાર લાવી શકાય છે.

**10.1.3 નિકાસઆવક :**

ખેતીક્ષેત્રની જેમ ઉદ્યોગક્ષેત્ર પણ પોતાનું ઉત્પાદન-પ્રમાણ વધારીને, અર્થતંત્રમાં બચતપાત્ર અધિશેષની નિકાસ કરીને વિદેશી હૂંડિયામણની કમાણી સર્જે છે. જે હૂંડિયામણ અર્થતંત્રની અન્ય અછત ધરાવતી વસ્તુઓની આયાત કરવામાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે. વર્ષ 2013-14માં દેશની કુલ નિકાસઆવકના $\frac{2}{3}$ ભાગ ઉદ્યોગક્ષેત્રના પ્રયત્નો દ્વારા પ્રાપ્ત થયો છે. આમ, દેશનું ઉદ્યોગક્ષેત્ર અર્થતંત્રમાં પોતાના ઉત્પાદન કાર્ય દ્વારા પ્રજાની જરૂરિયાતો સંતોષે છે તદુપરાંત વધારાના ઉત્પાદન-પ્રમાણની નિકાસ દ્વારા વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત કરી પરોક્ષરૂપે અર્થતંત્રની અન્ય વસ્તુઓની જરૂરિયાતો પણ સંતોષે છે.

**10.1.4 અર્થતંત્રનો સમતોલ વિકાસ :**

ઔદ્યોગિક ક્ષેત્ર એ સમતોલ આર્થિક વિકાસ માટે તેમજ ઝડપી આર્થિક વિકાસ માટે ઉપયોગી છે. દેશના વિકાસ થવા સાથે લોકોની ખેતીજન્ય (પ્રાથમિક) જરૂરિયાતો માટેની માંગ સર્જવા માટેની આવક ઉપરાંત આવકનો એક ભાગ બચત સ્વરૂપે રહેતો હોવાથી લોકોની મોજશોખ અને આનંદ-પ્રમોદની જરૂરિયાતોની માંગ વધે છે, જે મુખ્યત્વે ઉદ્યોગ દ્વારા પૂરી પાડી શકાય છે. તદુપરાંત ઉત્પાદનક્ષેત્રે સરકાર જાહેર સાહસો સ્થાપી અલ્પવિકસિત અથવા પછાત વિસ્તારોમાં પણ રોજગારી અને આવક સર્જી શકતી હોવાથી અર્થતંત્રનો ઝડપી અને સમતોલપણે વિકાસ થાય છે.

**10.1.5 ખેતીનું આધુનિકીકરણ :**

ખેતીક્ષેત્રના ઝડપી વિકાસ માટે અને જમીનની તેમજ શ્રમની ઉત્પાદકતા વધારવાના હેતુથી ખેતીનું આધુનિકીકરણ જરૂરી જણાય છે. ઉદ્યોગક્ષેત્ર દ્વારા ખેતીક્ષેત્રના સહાયક તરીકે નવીન ટેક્નોલૉજીની મદદ પૂરી પાડી શકાય છે. ટ્રેક્ટર, થ્રેશર, સબમર્સિબલ પંપ, જંતુનાશક દવા છાંટવાનાં સંયંત્રો જેવાં આધુનિક સાધનો પૂરાં પાડી શકાય છે તેમજ ઉદ્યોગ-ક્ષેત્રે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ વગેરેનું ઉત્પાદન પણ કરી શકાય છે. સરવાળે એમ કહી શકાય કે ઉદ્યોગ દ્વારા અપનાવાયેલ નવીન ટેક્નોલૉજીની મદદ દ્વારા ખેતીક્ષેત્રનો વિકાસ શક્ય બને છે.

### 10.1.6 અર્થતંત્રનું મજબૂત માળખું :

અર્થતંત્રનું મજબૂત માળખું સર્જવા ઔદ્યોગિક ક્ષેત્ર જરૂરી છે. ઔદ્યોગિક ક્ષેત્ર દ્વારા લોખંડ (સ્ટીલ), સિમેન્ટ જેવી વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે જે દેશ માટેની સિંચાઈ યોજનાઓ, રોડ-રસ્તા, પુલો વગેરે બાંધકામમાં ઉપયોગી બને છે. આ ઉપરાંત ઉદ્યોગ દ્વારા વાહનવ્યવહારનાં સાધનો જેવા કે બસ, ટ્રક, રેલવે, વિમાન, કાર, દ્વિચક્રીય વાહન વગેરે પૂરા પાડવામાં આવે છે જે અર્થતંત્રનું પાયાનું માળખું સબળ બનાવે છે. આ ઉપરાંત સંરક્ષણનાં સાધનો (બંદૂક, ગોળીઓ, ટૅન્ક વગેરે)નું ઉત્પાદન પણ ઔદ્યોગિક ક્ષેત્ર દ્વારા કરવામાં આવતાં વિદેશો પરનું અવલંબન ઘટે છે અને અર્થતંત્ર મજબૂત બને છે.

### 10.1.7 સામાજિક માળખામાં ફેરફાર :

ઔદ્યોગિકીકરણના ઉપયોગથી નવી ઔદ્યોગિક સંસ્કૃતિનું સર્જન થાય છે. જેમાં શિસ્ત, કઠોર પરિશ્રમ, હરીફાઈ, ટીમ વર્ક, સ્વનિર્ભરતા, સાથ-સહકાર, સમજૂતી, નવ-સંશોધન વૃત્તિ, સંસ્થાકીય ક્ષમતા જેવા ગુણો ખીલે છે. જ્યારે સામા પક્ષે અંધશ્રદ્ધા, પ્રારબ્ધવાદ, સંકુચિત માનસિકતા, જડ વલણ વગેરે બાબતોમાં ઘટાડો આવે છે. આમ, આવા સામાજિક ફેરફારો અર્થતંત્રના વિકાસ માટે પ્રેરક બની રહે છે.

## 10.2 ઔદ્યોગિક માળખું (Structure of Industry)

ભારતનું ઔદ્યોગિક ક્ષેત્ર આયોજન દરમિયાન વધુ પ્રગતિશીલ રહ્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રની વિવિધ સમજૂતી મેળવવા ઔદ્યોગિક માળખાની સમજૂતી જરૂરી છે. ઔદ્યોગિક માળખાનો વિચાર મૂડીરોકાણના કદના આધારે, માલિકીના આધારે, ઉત્પાદિત વસ્તુના સ્વરૂપને આધારે કરવામાં આવે છે, જેની સમજૂતી નીચે મુજબ છે :

### 10.2.1 મૂડીરોકાણના કદના આધારે ઉદ્યોગોના પ્રકાર :

**10.2.1.1 ગૃહઉદ્યોગ :** મુખ્યત્વે કુટુંબના સભ્યો અને સાદાં ઓજારો વડે વીજળી, યંત્રોના ઉપયોગ વગર નહિવત્ મૂડીરોકાણ વડે ચાલતા ઉદ્યોગને ગૃહઉદ્યોગ કહે છે.

**ઉદાહરણ :** ખાદી, પાપડ, ખાખરા, અગરબત્તી વગેરેના ઉદ્યોગો

**10.2.1.2 ટચૂકડા ઉદ્યોગો :** આ પ્રકારના ઉદ્યોગો સંપૂર્ણ શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ દ્વારા કુલ ₹ 25 લાખની મૂડીરોકાણ મર્યાદામાં ચાલતા ઉદ્યોગો છે.

ઉદાહરણ : ધાતુ, ચામડું, માટી વગેરેના ઉપયોગ વડે કલાત્મક ચીજવસ્તુઓ બનાવવાના ઉદ્યોગો

**10.2.1.3 નાના પાયાના ઉદ્યોગો :** જે ઉદ્યોગોમાં ₹ 25 લાખથી વધુ અને ₹ 5 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય, માત્ર શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતું હોય અને મોટા ઉદ્યોગોને સહાયક હોય તેવા ઉદ્યોગો

**ઉદાહરણ :** ઓજારો, વાહનોનું સમારકામ, વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો

**10.2.1.4 મધ્યમ પાયાના ઉદ્યોગો :** જો ઉદ્યોગોમાં ₹ 5 કરોડથી વધુ અને ₹ 10 કરોડથી ઓછી એવી મૂડી રોકવામાં આવી હોય, જે શ્રમપ્રધાન અથવા મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતો હોય તેવા ઉદ્યોગોને મધ્યમ પાયાના ઉદ્યોગો કહે છે.

**ઉદાહરણ :** યંત્રો, રસાયણો, ઈલેક્ટ્રૉનિક સાધનો વગેરેના ઉદ્યોગો

**10.2.1.5 મોટા પાયાના ઉદ્યોગો :** જે ઉદ્યોગમાં ₹ 10 કરોડથી વધુ મૂડીનો ઉપયોગ થયો હોય અને જે માત્ર મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો વધુ ઉપયોગ કરતા હોય તેવા ઉદ્યોગોને મોટા પાયાના ઉદ્યોગો કહે છે.

**ઉદાહરણ :** રેલવેનાં સાધનો, મોટાં વાહનો, લોખંડ વગેરેના ઉદ્યોગો

**10.2.2 માલિકીના આધારે ઉદ્યોગોના પ્રકારો :**

**(1) જાહેર ક્ષેત્રના ઉદ્યોગો :** જ્યારે ઉત્પાદિત એકમની માલિકી અને સંચાલન સરકાર હસ્તક હોય છે ત્યારે તે જાહેર ક્ષેત્રનું એકમ ગણાય છે. ઉદાહરણ રેલવે, ટેલિફોન, ટપાલ વગેરે સરકારની માલિકીના ઉદ્યોગો છે, જે જાહેર ક્ષેત્રના ઔદ્યોગિક એકમો તરીકે ઓળખાય છે. આ જાહેર ક્ષેત્રના એકમોને ત્રણ વિભાગમાં વર્ગીકરણ અનુસાર વહેંચવામાં આવે છે.

**ખાતાકીય ઉદ્યોગો :** જ્યારે સરકાર કેટલાક ઔદ્યોગિક એકમો પોતાની સીધી દેખરેખ હેઠળ, એક ખાતા તરીકે ચલાવે છે. ઉપરાંત આવા એકમોની આવક અને ખર્ચની જોગવાઈઓ અંદાજપત્રમાં સામેલ કરવામાં આવે છે. તેવા ઔદ્યોગિક એકમોને ખાતાકીય એકમો તરીકે ઓળખવામાં આવે છે. દા.ત., રેલવે, ટપાલ વગેરે.

**જાહેર નિગમો :** જે એકમોની માલિકી કેન્દ્ર કે રાજ્ય સરકારની હોય છે. પરંતુ તેનું સંચાલન સ્વતંત્રપણે નિગમ (કૉર્પોરેશન) દ્વારા કરવામાં આવે છે. પરંતુ નિગમના સંચાલન અને નિર્ણય-પ્રક્રિયામાં સરકારનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. ઉદાહરણ જીવનવીમા નિગમ, સ્ટેટ ટ્રાન્સપૉર્ટ નિગમ, ઍર ઇન્ડિયા, ખાતર-ઉત્પાદન-વેચાણ કરતા (GSFC, GNFC વગેરે) એકમો જાહેર નિગમો તરીકે ઓળખાય છે.

**સંયુક્ત મૂડી કંપનીઓ :** જે એકમોનું સંચાલન સરકાર ખાનગી ક્ષેત્રની જેમ પ્રવર્તમાન કંપનીધારા મુજબ કરે છે. ઉપરાંત, આ એકમોનો નિશ્ચિત માલિકી હક સરકાર જે-તે એકમના શૅર બહાર પાડી લોકો કે સંસ્થાઓને વેચી મૂડી એકઠી કરે છે. આ એકમો સરકારના સીધા અંકુશોથી મુક્ત હોય છે. આવા એકમો ખાતાકીય એકમો અને જાહેર નિગમોથી જુદા પ્રકારના હોય છે.

**ઉદાહરણ :** હિન્દુસ્તાન મશીન ટુલ્સ, ઑઇલ ઍન્ડ નેચરલ ગૅસ કૉર્પોરેશન (ONGC), ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન વગેરે.

**(2) ખાનગીક્ષેત્રના ઉદ્યોગો :** જે ઔદ્યોગિક એકમોની માલિકી અને સંચાલન ખાનગી હોય તેવા એકમને ખાનગી એકમ કહે છે. અહીં નોંધનીય છે કે આવા એકમોનું સંચાલન વ્યક્તિગત માલિકીનું કે ભાગીદારી હેઠળનું હોય છે. **ઉદાહરણ :** કાર, ટીવી, બૂટ-ચંપલ બનાવતા એકમો

**(3) સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો :** જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાં ચાલતા સંયુક્ત મૂડી એકમો અને સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો વચ્ચે તફાવત હોય છે. સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગોએ જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાં સરકાર ઉદ્યોગોનો માલિકી હક શૅર સ્વરૂપે લોકો અને પેઢીઓને 51 % કે તેથી વધુ પ્રમાણમાં આપે છે જેથી ઉદ્યોગ સંયુક્ત ક્ષેત્રનું હોવા છતાં, તે સરકારના અધિકાર ક્ષેત્રમાં જ રહે છે. **ઉદાહરણ :** GSPC

**(4) સહકારી ક્ષેત્રના ઉદ્યોગો :** નાના (સીમાંત) માલિકોનું શોષણ અટકાવવા, શ્રમિકોનું શોષણ અટકાવવા કે ગ્રાહકોના શોષણને અટકાવવા અને બધાના લાભ (ભલા) માટેના મુખ્ય આશયથી કરવામાં આવતી પ્રવૃત્તિઓને સહકારી ક્ષેત્રના ઉદ્યોગો કહે છે. જેમાં જીવનજરૂરી (આવશ્યક) વસ્તુઓની કેટલીક દુકાનો, દૂધની ડેરીઓ, કેટલીક બૅન્કો વગેરેનું સંચાલન સહકારી ધોરણે થાય છે. **ઉદાહરણ :** IFFCO, KRIBHCO

**10.2.3 ઉત્પાદિત વસ્તુના સ્વરૂપને આધારે ઉદ્યોગોના પ્રકારો :**

**(1) વપરાશી વસ્તુના ઉદ્યોગો :** જે વસ્તુઓ લોકોની પ્રત્યક્ષ જરૂરિયાતો સંતોષે છે તેવી વસ્તુઓ વપરાશી વસ્તુઓ કહેવાય છે. આવી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને વપરાશી વસ્તુના ઉદ્યોગો કહેવાય છે.

**ઉદાહરણ :** ઘી, તેલ, સાબુ, શેમ્પુ, પાઉડર વગેરે બનાવતા ઉદ્યોગો

**(2) અર્ધતૈયાર વસ્તુના ઉદ્યોગો :** જે વસ્તુઓનું ઉત્પાદન અર્ધ સ્વરૂપનું થાય છે એટલે કે એવી વસ્તુઓ કે જેનું ઉત્પાદન થયું છે પરંતુ, ઉત્પાદનનો વધુ એક તબક્કો બાકી હોય તેવા પ્રકારની વસ્તુઓને મૂડી વસ્તુઓ કહે છે અને તેવા પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરતા એકમોને અર્ધતૈયાર વસ્તુના ઉદ્યોગો કહે છે.

**ઉદાહરણ :** સૂતર, લોખંડનાં પતરાં, યંત્રો વગેરેના ઉદ્યોગો

## 10.3 ઔદ્યોગિક વિકાસ માટે સરકારે લીધેલાં પગલાં

**(Measures Taken by Government for Industrial Development)**

દેશના સર્વાંગી વિકાસ માટે અન્ય ક્ષેત્રોની જેમ ઔદ્યોગિક ક્ષેત્રની પણ જરૂરિયાત છે. જેથી સરકાર તેને સહાયક એવાં પગલાંઓ ભરે છે.

**10.3.1 રાજ્યની માલિકીનાં સાહસો :** સરકાર દ્વારા પાયાના અને ચાવીરૂપ એવા ઉદ્યોગોની રચના કરવામાં આવે છે. આવાં ક્ષેત્રોમાં ખૂબ વધુ મૂડીની જરૂરિયાત હોય છે. તેમજ તે વધુ પ્રમાણમાં સાહસવૃત્તિ ધરાવતા હોય છે જેના માટે સામાન્ય રીતે ખાનગી ક્ષેત્ર તૈયારી દાખવતાં નથી. આ ઉપરાંત આ એવા એકમો હોય છે જે અન્ય ઉદ્યોગોને ખૂબ ઉપયોગી સાધન-સામગ્રી તૈયાર કરી આપે છે. આમ, સરકાર વિવિધ પ્રકારના ખૂબ અગત્યના અને વધુપડતા સાહસ ધરાવતા એકમો પોતાના હસ્તક રાખી સમગ્ર ઉદ્યોગક્ષેત્રનો સમતોલ વિકાસ થાય તેવા પ્રયત્નો કરે છે.

**10.3.2 ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોને ઉત્તેજન :** ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો ચાલુ કરવા તેમજ તેને સફળ રીતે ચલાવવા વિવિધ મદદ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. જેમ કે નવા શરૂ થતા ઉદ્યોગોને રાહત દરે જમીન, વીજળી, પાણી ઉપરાંત કરરાહતો પણ આપવામાં આવે છે. આ ઉપરાંત સસ્તુ અને પૂરતું ધિરાણ પૂરું પાડવામાં આવે છે. આમ, અનેક રીતે ખાનગી ક્ષેત્રોને મદદ પૂરી પાડી તેઓને હરીફાઈમાં સક્ષમ બનાવવા સરકાર ઉત્તેજન પૂરું પાડે છે. જ્યારે સરકાર ઘણાં અનામત રખાયેલાં ક્ષેત્રોમાં પણ તેમને પ્રવેશ આપી તેમને વિકાસની પૂરતી તકો પૂરી પાડે છે.

**10.3.3 આયાત-જકાત :** આયાત-જકાત એટલે આયાત પર વેરો સરકાર આંતરરાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં સ્થાનિક ઉદ્યોગોને રક્ષણ પૂરું પાડવા માટે આયાત-જકાત નામનું શસ્ત્ર ઉપયોગમાં લે છે. જેના કારણે વિદેશી ચીજવસ્તુઓ (કરવેરાના કારણે) મોંઘી બને છે અને આપણા દેશની ચીજવસ્તુઓના ઉત્પાદન અને વેચાણ અર્થે થતા ખર્ચ સમકક્ષ બને છે. આ કારણે વિદેશી વસ્તુઓ સામે સ્વદેશી વસ્તુઓ હરીફાઈક્ષમ બને છે અને તેમને રક્ષણ પૂરું પાડે છે.

**10.3.4 ટેક્નિકલ કૌશલ્ય અને તાલીમ :** ઉદારીકરણ અને વૈશ્વિકરણના સમયમાં સ્થાનિક ઉદ્યોગો હરીફાઈમાં સક્ષમ બની રહે તેમજ તે હરીફાઈમાં સફળતા પ્રાપ્ત કરી શકે તે હેતુથી સરકાર ઉદ્યોગોના માલિકોને ટેક્નિકલ તેમજ વ્યાવસાયિક તાલીમ આપે છે. તેમને વિશ્વમાં પ્રવર્તતી નવી ટેક્નોલૉજી, નવા પ્રકારની વસ્તુઓ, નવા પ્રકારની વેચાણ-વ્યવસ્થા, નવા પ્રકારના સંચાલન વગેરેના ગુણો શીખવવાના હેતુસર તેમને તાલીમ આપે છે અને શક્ય તેટલા ગુણો ખીલવવાનો પ્રયત્ન કરે છે, જેથી સ્થાનિક ઉદ્યોગો હરીફાઈમાં બળવાન પૂરવાર થઈ શકે.

**10.3.5 આર્થિક સહાય :** સરકાર દ્વારા ઉદ્યોગોને વિવિધ આર્થિક સહાય પૂરી પાડી તેમના ઉત્પાદન-ખર્ચમાં ઘટાડો કરવાના પ્રયત્નો પણ કરવામાં આવે છે. જેથી નીચા ઉત્પાદન-ખર્ચને લીધે જે-તે વસ્તુઓ આંતરરાષ્ટ્રીય બજારમાં નીચા ભાવે સ્થાનિક ઉદ્યોગો વેચી શકે અને શક્ય તેટલો કિંમત-લાભ મેળવી પોતાની વસ્તુની માંગને મહત્તમ બનાવી સફળતા પ્રાપ્ત કરી શકે. સરકાર આ પ્રકારની આર્થિક સહાય પૂરી પાડવા સસ્તી જમીન, પાણી, વીજળી, ટેલિફોન ઉપરાંત વાહનવ્યવહાર, ધિરાણ વગેરે ક્ષેત્રોએ ઉદ્યોગોને સહાયરૂપ થઈ તેઓને સક્ષમ બનાવવાના પ્રયત્નો કરે છે.

**10.3.6 પાયાની સુવિધાઓ :** ઉદ્યોગોના વિકાસ માટેની પાયાની સુવિધાઓ જેમ કે રોડ-રસ્તા, પાણી, વીજળી, બૅન્કો, વીમા, ગટર-વ્યવસ્થા જેવી અનેક સગવડો પૂરી પાડવામાં આવે છે. જેના કારણે ઉદ્યોગો તેમના ખર્ચને કાબૂમાં રાખી શકે. અહીં, એ પણ નોંધનીય બને છે કે પાયાની સુવિધાઓની પ્રાપ્તિને કારણે ઉદ્યોગો તેમનાં નાણાં, સમય અને પ્રયત્નોને ઘટાડી ન્યૂનતમ ખર્ચનાં ધોરણો હાંસલ કરી શકે જેના દ્વારા તેઓ હરીફાઈમાં સક્ષમ બની રહે અને તેઓને તેમના ઉદ્યોગો ચલાવવાનું પ્રોત્સાહન પૂરું પડે.

**10.3.7 વિવિધ સંસ્થાઓ અને નીતિઓની રચના :** સરકાર વિવિધ ઔદ્યોગિક નીતિની રચના કરી તેમજ સમય અનુસાર તેમાં જરૂરી ફેરફારો કરી ઉદ્યોગોને મદદ કરે છે. આ ઉપરાંત આયાતનીતિ, નિકાસનીતિ, નાણાકીય નીતિ, રાજકોષીય નીતિ, કરવેરાનીતિ વગેરે નીતિઓ ઉદ્યોગોને અનુકૂળ રહે તેવી વ્યવસ્થા ગોઠવે છે. તદુપરાંત ઈન્ડસ્ટ્રિયલ ઍક્ટ કંપની ઍક્ટ, બૅંકિંગ ઍક્ટ, કૉમ્પિટિશન ઍક્ટ વગેરે કાયદાઓ ઘડીને અયોગ્ય હરીફાઈને અટકાવવાનો પ્રયત્ન કરે છે. તદુપરાંત IDBI, SIDBI, ICICI, IFCI, LIC, GIC વગેરે સંસ્થાઓ

ઉદ્યોગોને જરૂરી નાણાકીય મદદ પૂરી પાડવા માટે રચવામાં આવી છે એટલું જ નહિ વિદેશી મૂડીરોકાણ આકર્ષવાના પ્રયત્નો પણ કરવામાં આવે છે. આમ, ઉદ્યોગોને તમામ પાસાઓ તરફથી મદદ અને રક્ષણ પૂરું પાડી તેમનો વિકાસ કરાવવા યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે.

### 10.4 વિશિષ્ટ આર્થિક વિસ્તાર (Special Economic Zone)

વિશિષ્ટ આર્થિક વિસ્તારોને અંગ્રેજીમાં SEZ (Special Economic Zone) તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તારનો અમલ 1 એપ્રિલ, 2000થી શરૂ થયો. જેનો મુખ્ય આશય વિદેશી મૂડીરોકાણને આકર્ષવા અને આંતરરાષ્ટ્રીય હરીફાઈ મુજબનું અંકુશોમુક્ત નિકાસ કરવા માટેનું વાતાવરણ સર્જવું. જેથી દેશની નિકાસો વધે અને દેશનાં ઉત્પાદકક્ષેત્રો વિશ્વ સમકક્ષ બને.

વિશિષ્ટ આર્થિક વિસ્તારમાં કાયદા દ્વારા કર-રાહતો આપી વિદેશી મૂડી રોકાણકારોને આકર્ષવામાં આવે છે. આ વિશિષ્ટ આર્થિક વિસ્તાર ચીનના વિશિષ્ટ આર્થિક વિસ્તારના મૉડલ પરથી વિકસાવવામાં આવ્યો છે. જે પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI = Foreign Direct Investment) દ્વારા નિકાસ કરતાં ઉત્પાદિત ક્ષેત્રોનો વિકાસ કરવા ઉપયોગી છે.

વિશિષ્ટ આર્થિક વિસ્તારમાં કરમુક્ત વિસ્તાર ઊભો કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો વિશિષ્ટ આર્થિક વિસ્તાર એ એક એવો ભૌગોલિક વિસ્તાર ઊભો કરવામાં આવે છે જે દેશમાં જ એક એવો વિસ્તાર બને છે જ્યાં આર્થિક કાયદાઓ દેશના કાયદાઓથી ભિન્ન હોય છે. વિશિષ્ટ આર્થિક વિસ્તારનો ઉપયોગ ચીન, ભારત, જોર્ડન, પોલૅન્ડ, ફિલિપાઈન્સ, રશિયા અને ઉત્તર કોરિયા જેવા દેશોએ કર્યો છે.

ભારતમાં આઠ વિશિષ્ટ આર્થિક વિસ્તારોની સ્થાપના કરવામાં આવી છે. જેમાં સાંતાક્રૂઝ (મહારાષ્ટ્ર), કોચીન (કેરળ), કંડલા અને સુરત (ગુજરાત), ચેન્નઈ (તમિલનાડુ), વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ), ફાલ્તા (પશ્ચિમ બંગાળ) અને નોઈડા (ઉત્તરપ્રદેશ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવા અઢાર વિશિષ્ટ આર્થિક વિસ્તારોની રચના માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

કોઈ પણ ખાનગી વ્યક્તિ, સરકાર, સંયુક્ત ક્ષેત્ર, રાજ્ય સરકાર કે તેમના પ્રતિનિધિ સંસ્થા દ્વારા વિશિષ્ટ આર્થિક વિસ્તારનું નિર્માણ કરી શકાય છે. જેમાં વિદેશી સંસ્થા દ્વારા પણ વિશિષ્ટ આર્થિક વિસ્તારનું ભારતમાં નિર્માણ કરી શકાય છે. આ બધા જ પ્રકારના વિશિષ્ટ આર્થિક વિસ્તારોને સરકાર દ્વારા અંકુશિત કરી શકાય છે.

### 10.5 નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ (Importance of Small Scale Industries)

નાના પાયાના ઉદ્યોગો છેલ્લા પાંચ દાયકાઓ દરમિયાન ખૂબ અગત્યના અને પ્રગતિશીલ રહ્યા છે. તેઓ રોજગારી-સર્જન માટે, ઓછી મૂડી દ્વારા ઉત્પાદન કરવા માટે, ગ્રામ્ય વિસ્તારોમાં ઔદ્યોગિકીકરણ કરવા માટે, પછાત વિસ્તારોના વિકાસ કરવા માટે, પ્રાદેશિક અસમાનતા ઘટાડવા માટે તેમજ રાષ્ટ્રીય આવક અને સંપત્તિની સમાન વહેંચણી કરવા ઉપયોગી છે. ભારતમાં નાના પાયાના ઉદ્યોગો એ મોટા પાયાના ઉદ્યોગોના પૂરક બની દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં સહભાગી થઈ રહ્યા છે.

વાસ્તવમાં, જે ઉદ્યોગોમાં ₹ 25 લાખથી વધુ અને ₹ 5 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય તેવા ઉદ્યોગને નાના પાયાનો ઉદ્યોગ કહે છે. સામાન્ય રીતે આ ઉદ્યોગો શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત આ ઉદ્યોગો મોટા ઉદ્યોગોની સાપેક્ષમાં ખૂબ ઓછી મૂડીનો ઉપયોગ કરતા હોવા છતાં તે મોટા ઉદ્યોગોને સહાયક ઉદ્યોગો હોય છે.

**નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ :**

**(1) રોજગારી સર્જન :** નાના પાયાના ઉદ્યોગોમાં મોટા પાયે રોજગારી-સર્જનની શક્યતાઓ રહેલી હોય છે. જેનું મુખ્ય કારણ તે શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે તે છે. વર્ષ 1994-95માં નાના પાયાના ઉદ્યોગોએ 191.40 લાખ રોજગારી-સર્જન કર્યું હતું તે વધીને વર્ષ 2001-2માં 249.33 લાખ થયું અને વર્ષ 2011-12માં તે હરણફાળ ભરી 1012.59 લાખ રોજગારી અપાવનાર ક્ષેત્ર બન્યું છે. આમ, નાના પાયાના ઉદ્યોગો ઉત્તરોત્તર રોજગારી-સર્જનની ક્ષમતા વધારતા રહ્યા છે, જે ભારત જેવા દેશો કે જેમાં અતિવસ્તી અસ્તિત્વ ધરાવે તેમના માટે આશીર્વાદ રૂપ છે.

**(2) ઉત્પાદન-વૃદ્ધિ :** સામાન્ય રીતે મોટા પાયાના ઉદ્યોગો યંત્રોનું ઉત્પાદન કરે છે અને દેશમાં જરૂરિયાત ધરાવતી વસ્તુઓનું નાના પાયાના ઉદ્યોગો દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે અને આવા ઉદ્યોગો દ્વારા ઝડપી ઉત્પાદન-વૃદ્ધિ કરી શકાય છે. વર્ષ 1994-95માં ₹ 1,22,154 કરોડનું ઉત્પાદન થયું હતું. જે વર્ષ 2001-2 દરમિયાન વધીને ₹ 2,82,270 કરોડ થયું અને તે વર્ષ 2011-12માં વૃદ્ધિ પામી ₹ 18,34,332 કરોડ થયું. આમ, નાના પાયાના ઉદ્યોગો દ્વારા ઉત્પાદનમાં ખૂબ જ ઝડપી વૃદ્ધિ નોંધવામાં આવી છે. જ્યાં ઉલ્લેખનીય બાબત એ છે કે, ઓછી મૂડીના ઉપયોગ દ્વારા આ ઉત્પાદન હાથ ધરવામાં આવે છે.

**(3) ઉત્પાદન એકમોમાં વૃદ્ધિ :** નાના પાયાના ઉદ્યોગો દેશને અનેકવિધ લાભ આપતા હોવાથી દેશની સરકાર અને લોકો (પ્રજા) તેમાં ખૂબ રસ ધરાવતા હોય છે. ઉત્પાદનમાં થતી વૃદ્ધિ પણ ઉત્પાદન એકમોની વૃદ્ધિને કારણે જ શક્ય બને છે. ભારતમાં વર્ષ 1994-95માં 79.60 લાખ નાના એકમો હતા. જે વર્ષ 2001-2માં વધી 105.21 લાખ થયા અને વર્ષ 2011-12 તે વૃદ્ધિ પામી 447.73 લાખ એકમોના આંક સુધી પહોંચ્યા છે. જે દર્શાવે છે કે નાના પાયાના એકમોનો વિકાસ ભારતમાં ઔદ્યોગિકીકરણની સ્થાપના તરફનું પ્રયાણ છે.

**(4) નિકાસો :** ભારત દ્વારા જે નિકાસો કરવામાં આવે છે તેમાં નાના પાયાના ઉદ્યોગોનો ફાળો નોંધપાત્ર છે. ભારત દ્વારા વર્ષ 1994-95માં ₹ 29.068 કરોડની નિકાસો થઈ હતી તે વર્ષ 2001-2માં વધી ₹ 71,244 કરોડ સુધી વધી અને વર્ષ 2006-7માં તે ₹ 1,77,600 સુધી વૃદ્ધિ પામી હતી. આમ, નાના પાયાના ઉદ્યોગોની નિકાસ એ ભારતની વસ્તુઓ અને સેવાઓની વિદેશોમાં વધતી માંગ દર્શાવે છે. તદુપરાંત ભારત માટે તે વિદેશી હૂંડિયામણની આવક સર્જે છે જે દેશ માટે જરૂરી એવી વસ્તુઓ અને સેવાઓની આયાત માટે ખૂબ જરૂરી બને છે.

**(5) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ :** ઉત્પાદન પદ્ધતિઓ બે પ્રકારની હોય છે : મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અને શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ. જે પૈકી મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિમાં ઉત્પાદન મુખ્યત્વે મૂડી આધારિત હોય છે. તેમાં વધુ મૂડી અને ઓછાં શ્રમનાં સાધનો ઉત્પાદન-પ્રક્રિયામાં જોડવામાં આવે છે ત્યારે નિયોજક અને જમીનના પ્રમાણને સ્થિર રાખવામાં આવે છે. આનાથી ઊલટું શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિમાં ઉત્પાદન શ્રમ આધારિત હોય છે. તેમાં વધુ શ્રમ અને ઓછી મૂડીનો ઉપયોગ થાય છે ત્યારે નિયોજક અને જમીનના પ્રમાણને સ્થિર રાખવામાં આવે છે.

શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ ભારત જેવા દેશો કે જ્યાં શ્રમની છત છે તેમના માટે આશીર્વાદરૂપ જણાય છે. શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ મુખ્યત્વે રોજગારીપ્રધાન હોવાથી આ પ્રકારના દેશો માટે યોગ્ય ગણવામાં આવે છે.

**(6) વિદેશી હૂંડિયામણની બચત :** નાના પાયાના ઉદ્યોગો ભારત દેશ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. તે એક તરફ નિકાસો વધારીને દેશને વિદેશી હૂંડિયામણની આવક મેળવી આપે છે. જ્યારે બીજી તરફ મોટા ભાગની જરૂરિયાત વસ્તુઓનું પૂરતા પ્રમાણમાં ઉત્પાદન કરતા હોવાથી દેશની આયાતોના પ્રમાણમાં ઘટાડો થાય છે. જેથી વિદેશી હૂંડિયામણનો ખર્ચ ઘટે છે અને સરવાળે ભારતના વિદેશવેપારમાં સમતુલા લાવવા માટે તે ખૂબ કારગર નીવડે છે.

**(7) સમયનો ટૂંકો ગાળો :** નાના પાયાના ઉદ્યોગો ખૂબ જ ટૂંકા સમયગાળામાં શરૂ કરી શકાય છે. આ ઉદ્યોગોમાં મૂડીરોકાણ અને ઉત્પાદન વચ્ચે સમયનો ખૂબ નાનો ગાળો ઉપયોગી થઈ પડે છે. આમ, ખૂબ ટૂંકા સમયગાળામાં ઉત્પાદન-કાર્ય શરૂ થઈ શકતું હોવાથી દેશમાં રહેલી જે-તે વસ્તુઓની અછતને સંતોષવી (પૂરતી) એવી ચીજવસ્તુઓનું ઉત્પાદન-કાર્ય ટૂંકા ગાળામાં જ શરૂ કરાવી જરૂરી પ્રમાણમાં ઉત્પાદન શક્ય બનાવે છે જે દેશને ખૂબ મોટી મદદ થઈ પડે છે.

**(8) સમતોલ પ્રાદેશિક વિકાસ :** મોટા પાયાના ઉદ્યોગોની સામે નાના પાયાના ઉદ્યોગો ઓછી મૂડી, ઓછી સાધનસામગ્રી, ઓછાં સંસાધનો દ્વારા દેશના કોઈ પણ ભાગમાં શરૂ કરી શકાય છે. જેથી માત્ર વિકસિત પ્રદેશો સુધી લાભ અટકી ન રહેતાં તે સમતોલ વિકાસ થવો શક્ય બને છે. આમ, નાના પાયાના ઉદ્યોગો દ્વારા ધનિકો અને ગરીબો, વિકસિત અને અલ્પવિકસિત પ્રદેશો જેવી અસમાનતા ઘટાડવી શક્ય બને છે.

**(9) વિકેન્દ્રીકરણ :** મોટા પાયાના ઉદ્યોગો ધનિક અને ખૂબ નાના સમાજના વર્ગ દ્વારા ચલાવવામાં આવે છે. કારણ કે તેમાં ખૂબ વધુ પ્રમાણમાં મૂડીની આવશ્યક્તા હોય છે. જેથી મોટા પાયાના ઉદ્યોગો મૂડી અને સંપત્તિનું કેન્દ્રીકરણ કરાવે છે તેમ કહી શકાય. જ્યારે નાના પાયાના ઉદ્યોગોમાં ખૂબ ઓછા પ્રમાણમાં મૂડીની જરૂરિયાત હોઈ તે અર્થતંત્રના નાના-નાના ઉત્પાદકો દ્વારા શરૂ થઈ શકે છે અને તે દ્વારા તેઓ તેના લાભ મેળવી શકે છે. એટલું જ નહિ પણ દેશનાં વિભિન્ન ક્ષેત્રે રહેલ સંસાધનો, સુષુપ્ત અથવા નિષ્ક્રિય સાધનોનો ઉપયોગ શક્ય બને છે. આવાં સાધનો કે જે વણ-વપરાયેલ કે વેર-વિખેર પડી રહ્યાં છે તેમનો ઉપયોગ થાય છે. જેથી દેશનું કુલ ઉત્પાદન વધે છે. ઉપરાંત આવાં સાધનો કે જેમનો અગાઉ ઉપયોગ થયો નથી તેમને રોજગારી મળતાં તેઓ આવક મેળવતાં થાય છે. જેથી સમગ્ર દેશમાં ઉત્પાદનના લાભો સરખા પ્રમાણે વહેંચી શકાય છે જેને સાચા અર્થમાં વિકેન્દ્રીકરણ કહે છે.

**(10) ઊંચો વિકાસ-દર :** મોટા પાયાના ઉદ્યોગોમાં ખૂબ વધુ પ્રમાણમાં મૂડીનો ઉપયોગ થયેલ હોવાથી તેમાં ઊંચા નફાની આવશ્યક્તા હોય છે. તદુપરાંત તેઓ દ્વારા થયેલ મૂડીરોકાણથી અર્થતંત્રનો વિકાસ અસ્થિરપણે પ્રાપ્ત થાય છે. કારણ કે તેવા ઉદ્યોગોને બજારના ફેરફારો અનુસાર ઝડપથી બદલવા શક્ય હોતા નથી. જ્યારે નાના પાયાના ઉદ્યોગો ખૂબ ઓછી મૂડી દ્વારા સ્થપાયેલ હોવાથી એક તરફ વધુ ઉત્પાદકો ઉત્પાદન-કાર્ય શરૂ કરી શકે છે. જેથી દેશનું કુલ ઉત્પાદન અને કુલ આવક વધે છે. તદુપરાંત આ ઉદ્યોગો સ્થાપવાનો સમયગાળો ટૂંકો હોવાથી બજારની જરૂરિયાત અનુસાર ઉત્પાદનમાં ફેરફાર ઝડપથી શક્ય બને છે. જેથી નાના પાયાના ઉદ્યોગો સતત ઊંચો વિકાસ-દર આપે છે જે દેશના વિકાસ માટે ખૂબ જરૂરી બાબત છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) ભારતની રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગોનો ફાળો વર્ષ 2013-14 મુજબ કેટલો હતો ?

(અ) 16.6 % (બ) 27 % (ક) 40 % (ડ) 60 %

(2) વર્ષ 2011-12માં ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારીનું પ્રમાણ કેટલું હતું ?

(અ) 10 % (બ) 24.3 % (ક) 27 % (ડ) 49 %

(3) મોટા પાયાના ઉદ્યોગોમાં કેટલું મૂડીરોકાણ જરૂરી છે ?

(અ) 2 કરોડ (બ) 5 કરોડ (ક) 10 કરોડથી વધુ (ડ) 100 કરોડ

(4) જાહેર ક્ષેત્ર એટલે શું ?

(અ) લોકો દ્વારા સંચાલિત ક્ષેત્ર (બ) સરકાર દ્વારા સંચાલિત ક્ષેત્ર

(ક) સહકારવૃત્તિવાળું ક્ષેત્ર (ડ) આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર

(5) વિશિષ્ટ આર્થિક વિસ્તારનો અમલ ભારતમાં ક્યારે થયો ?

(અ) 1947 (બ) 1991 (ક) 2000 (ડ) 2011

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) નાના પાયાના ઉદ્યોગો કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે ?

(2) મધ્યમ કદના ઉદ્યોગો એટલે શું ?

(3) જાહેર નિગમનો અર્થ આપો.

(4) ભારતમાં કેટલા વિશિષ્ટ આર્થિક વિસ્તારો છે ?

(5) વિશ્વમાં ઑસ્ટ્રેલિયા કયા પ્રકારના દેશ તરીકે ઓળખાય છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) નાના પાયાનો ઉદ્યોગ એટલે શું ?

(2) સંયુક્ત મૂડી કંપનીના ઉદાહરણ આપો.

(3) ઔદ્યોગિકીકરણથી કેવી રીતે સામાજિક માળખામાં ફેરફાર કરી શકાય ?

(4) ખેતીના આધુનિકીકરણમાં ઉદ્યોગો કેવી રીતે ઉપયોગી છે ?

(5) વિશિષ્ટ આર્થિક વિસ્તાર એટલે શું ?

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ઉદ્યોગોનું મહત્ત્વ સ્પષ્ટ કરતા ત્રણ મુદ્દા સમજાવો.

(2) મૂડીરોકાણને આધારે ઔદ્યોગિક માળખું સમજાવો.

(3) માલિકીના આધારે ઔદ્યોગિક માળખું સમજાવો.

(4) નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ સ્પષ્ટ કરતી ત્રણ બાબતો ચર્ચો.

(5) વિશિષ્ટ આર્થિક વિસ્તારનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ઉદ્યોગો ક્ષેત્રનું મહત્ત્વ ચર્ચો.

(2) ઔદ્યોગિક માળખું સમજાવો.

(3) નાના પાયાના ઉદ્યોગોના મહત્ત્વની ચર્ચા કરો.

(4) ઔદ્યોગિક વિકાસ માટે સરકારે લીધેલાં પગલાં ચર્ચો.

### પારિભાષિક શબ્દો

**સમતોલ આર્થિક વિકાસ** : જ્યારે દેશનાં તમામ ક્ષેત્રોનો એકસરખો વિકાસ થાય ત્યારે તેને સમતોલ આર્થિક વિકાસ કહે છે.

**આયાત-જકાત** : આયાત (વિદેશોમાંથી થયેલ ખરીદી) પરના વેરાને આયાત-જકાત કહે છે, જે મુખ્યત્વે આયાતોને અવરોધવા માટે ઉપયોગમાં લેવાય છે.

**વિશિષ્ટ આર્થિક વિસ્તાર** : એક એવો વિસ્તાર જે વિદેશી મૂડીરોકાણકારોને આકર્ષે અને અંકુશોમુક્ત વાતાવરણ સર્જી, દેશની નિકાસો વધે તેવા પ્રયાસો કરતો વિસ્તાર

**પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ** : જેને અંગ્રેજીમાં Foreign Direct Investment એટલે કે FDI પણ કહે છે. મૂળ વિદેશના લોકો દ્વારા દેશમાં ઉત્પાદનના હેતુથી વ્યક્તિગત ધોરણે મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યારે તેને વિદેશી સીધું મૂડીરોકાણ કહેવામાં આવે છે.

**જાહેર ક્ષેત્ર** : કોઈ એક ઉત્પાદન એકમની માલિકી, સંચાલન અને અંકુશ સરકાર હસ્તક હોય છે તેવા ઉત્પાદન ક્ષેત્રને જાહેર ક્ષેત્રનું એકમ કહેવામાં આવે છે.

**જાહેર નિગમ** : કોઈ એક ઉત્પાદન એકમની માલિકી સરકાર હસ્તક હોય છે પરંતુ, સંચાલન સ્વતંત્રપણે કરવામાં આવતું હોય તેવા ઉત્પાદન ક્ષેત્રને જાહેર નિગમ તરીકે ઓળખવામાં આવે છે.

●

# 11 ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો


| | |
|---|---|
| ● **પ્રસ્તાવના** | **11.2 શહેરીકરણ** |
| **11.1 સ્થળાંતર** | 11.2.1 શહેરીકરણનો અર્થ |
| 11.1.1 સ્થળાંતરનો અર્થ | 11.2.2 શહેરીકરણની અસરો |
| 11.1.2 સ્થળાંતરના પ્રકારો | 11.2.2.1 શહેરીકરણની હકારાત્મક અસરો |
| 11.1.2.1 સ્થળ આધારિત સ્થળાંતર | 11.2.2.2 શહેરીકરણની નકારાત્મક અસરો |
| 11.1.2.2 કારણ આધારિત સ્થળાંતર | 11.2.3 શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો |
| 11.1.3 સ્થળાંતરનાં કારણો | **11.3 આંતર માળખાકીય સેવાઓ** |
| 11.1.3.1 આર્થિક કારણો | 11.3.1 શિક્ષણ |
| 11.1.3.2 સામાજિક કારણો | 11.3.2 આરોગ્ય |
| 11.1.3.3 રાજકીય કારણો | 11.3.3 વીજળી |
| 11.1.3.4 કુદરતી આપત્તિઓ કે પર્યાવરણીય કારણો | 11.3.4 રેલવે |
| 11.1.4 સ્થળાંતરની અસરો | 11.3.5 પેટ્રોલિયમ |
| 11.1.4.1 સ્થળાંતરની હકારાત્મક અસરો | |
| 11.1.4.2 સ્થળાંતરની નકારાત્મક અસરો | |


**પ્રસ્તાવના (Introduction)**

1991માં જે મોટાં આર્થિક પરિવર્તનો કરવામાં આવ્યાં તે પરિવર્તનો આર્થિક સુધારા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં, ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ અન્વયે ભારતીય અર્થતંત્રની કાયાપલટ કરવામાં આવી, જેના પરિણામ સ્વરૂપે આજે ભારતીય અર્થતંત્રની ગણના વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામી રહેલા અર્થતંત્ર તરીકે કરવામાં આવે છે. સ્થળાંતર અને શહેરીકરણને પણ વિકાસ પામી રહેલા અર્થતંત્રની ભેટ ગણવામાં આવી રહી છે તેમ કહીએ તો તે અતિશયોક્તિ ન ગણાય.

તે જ રીતે આંતરમાળખાકીય સુવિધાઓ પણ આર્થિક વિકાસની પૂર્વશરત ગણાતી હોવાથી તે સ્થળાંતર અને શહેરીકરણ સાથે સીધી રીતે સંકળાયેલ છે. આંતરમાળખાકીય સુવિધાઓ એટલે એવી વ્યવસ્થા કે સવલતોનો સમૂહ જે દેશના આર્થિક વિકાસ માટે કે આર્થિક સમૃદ્ધિ માટે અત્યંત આવશ્યક હોય છે.

આમ, આપણે આ પ્રકરણમાં દેશના આર્થિક વિકાસ કે સમૃદ્ધિ સાથે સંકળાયેલ ત્રણ જુદાં-જુદાં ક્ષેત્રોની વિસ્તૃત માહિતી મેળવીશું જેમાં (1) સ્થળાંતર (2) શહેરીકરણ (3) આંતર માળખાકીય સેવાઓ કે સુવિધાઓનો સમાવેશ થાય છે.

**11.1 સ્થળાંતર (Migration)**

આર્થિક વિકાસના કારણે અર્થતંત્રનો જે ઝડપી આર્થિક વિકાસ સધાયો તેણે સ્થળાંતરને ખૂબ ઝડપી બનાવ્યું જેમાં વ્યક્તિ રોજી મેળવવા, કુટુંબને સ્થાઈ કરવા તેમજ ઊંચા જીવનધોરણને પ્રાપ્ત કરવા એમ અનેક ઉદ્દેશોથી પોતાના વતનથી દૂર જઈ વસવાટ કરવા લાગ્યો.

**11.1.1 સ્થળાંતરનો અર્થ :**

સામાન્ય અર્થમાં સ્થળાંતર એટલે સ્થળ બદલવું તે, એક સ્થળેથી બીજે સ્થળે વસવાટ કરવો તે. પરંતુ સ્થળાંતરની શાસ્ત્રીય વ્યાખ્યા નીચે પ્રમાણે આપી શકાય :

**વ્યાખ્યા :** ''જ્યારે વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે વતનથી દૂર દેશમાં કે વિદેશમાં નોકરી, વ્યવસાય, ધંધો કે વધુ સારું જીવનધોરણ પ્રાપ્ત કરવા માટે કાયમી વસવાટ કરે છે ત્યારે તેને સ્થળાંતર કહે છે.''


ઉપર્યુક્ત વ્યાખ્યાનો અભ્યાસ કરતાં કહી શકાય કે સ્થળાંતર,

(1) દેશમાં કે વિદેશમાં લાંબા સમય માટેનું હોય છે.

(2) સ્થળાંતર નોકરી, વ્યવસાય, ધંધો કરવા માટે કે વધુ સારું જીવનધોરણ મેળવવા માટે હોય છે.

**11.1.2 સ્થળાંતરના પ્રકારો :**

સ્થળાંતરનો અર્થ વિસ્તૃત રીતે સમજવા માટે સ્થળાંતરના પ્રકારોનો અભ્યાસ કરીએ. સ્થળાંતરના પ્રકારોને નીચેની માહિતીની મદદથી સમજીએ :




સ્થળ આધારિત સ્થળાંતરને આપણે બે વિભાગમાં વહેંચીને સમજીએ : (1) આંતરિક સ્થળાંતર (2) આંતરરાષ્ટ્રીય સ્થળાંતર.

**11.1.2.1 સ્થળ આધારિત સ્થળાંતર**

કોઈ પણ દેશની ભૌગોલિક સીમા સ્થળ આધારિત સ્થળાંતરને (1) આંતરિક સ્થળાંતર અને (2) આંતરરાષ્ટ્રીય સ્થળાંતર એમ બે રીતે વિભાજન કરે છે :

**(1) આંતરિક સ્થળાંતર :** દેશના ભૌગોલિક સીમામાં આપેલા એક સ્થળેથી બીજા સ્થળે થતા સ્થળાંતરને આંતરિક સ્થળાંતર કહે છે. દા.ત., ગુજરાત રાજ્યમાંથી દેશના અન્ય રાજ્યો કે શહેરોમાં જઈ વસવાટ કરે કે દેશના અન્ય કોઈ પણ ભાગના લોકો ગુજરાતમાં આવી વસવાટ કરે તો તેને આંતરિક સ્થળાંતર કહેવામાં આવે છે.

**(2) આંતરરાષ્ટ્રીય સ્થળાંતર :** એક દેશમાંથી બીજા દેશોમાં થતાં સ્થળાંતરને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કહે છે. દા.ત., ગુજરાત કે ભારતના કોઈ પણ રાજ્યમાંથી વિશ્વના જુદા-જુદા દેશોમાં નોકરી, વ્યવસાય કે ધંધાર્થે અથવા ઉચ્ચ જીવનધોરણની અપેક્ષાએ કાયમી વસવાટ કરે કે દુનિયાના કોઈ પણ દેશના લોકો ભારતમાં આવી વસવાટ કરે તો તેને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કહેવાય.

**11.1.2.2 કારણ આધારિત સ્થળાંતર :**

કારણ આધારિત સ્થળાંતરના બે પ્રકારો પાડવામાં આવ્યા છે : (1) આકર્ષણ સ્થળાંતર (2) અપાકર્ષણ સ્થળાંતર

**(1) આકર્ષણ સ્થળાંતર :** જ્યારે વ્યક્તિ કોઈ પણ કારણસર શહેરી જીવન પદ્ધતિ અને વિવિધ સવલતોથી આકર્ષાઈને (અદ્યતન માળખાકીય સુવિધાઓ) પોતાના વતનથી દૂર જઈ વસવાટ કરે ત્યારે તેને આકર્ષણ સ્થળાંતર કહે છે. દા.ત., ગામડાંમાંથી શહેરોમાં થતું સ્થળાંતર આ પ્રકારનું ગણાવી શકાય કારણ કે ગામડાં કરતાં શહેરોમાં ઉચ્ચ જીવનશૈલી, અત્યાધુનિક વાહન-વ્યવહાર, સંદેશા-વ્યવહાર, શિક્ષણ, આરોગ્ય વગેરે જેવી સુવિધાઓ તેમજ નોકરીની વિશાળ તકો ઉપરાંત ધંધા કે વ્યવસાયની તકોથી આકર્ષાઈને ગામડાંના લોકો શહેરોમાં કાયમી વસવાટ માટે આવે તેને આકર્ષણ સ્થળાંતર કહેવાય.

તેવી જ રીતે અન્ય દેશોમાં પણ ઉપર્યુક્ત જેવાં આકર્ષણોથી પ્રેરાઈને અન્ય દેશોમાં કાયમી વસવાટ માટે જાય તો તેને પણ આકર્ષણ સ્થળાંતર કહેવાય.

**(2) અપાકર્ષણ સ્થળાંતર :** જ્યારે ગ્રામ્ય સમાજમાં વસતા લોકોને ધંધો, વ્યવસાય કે નોકરીની પૂરતી તકો પોતાનાં ગામડાંમાં ન હોય કે આર્થિક પ્રવૃત્તિ માટેના બીજા વિકલ્પો ન હોય કે અપૂરતા હોય, શિક્ષણની પૂરતી તકો ન હોય ત્યારે તેઓ ફરજિયાતપણે શહેરો તરફ ધકેલાય છે, ત્યારે તેને અપાકર્ષણ સ્થળાંતર કહે છે.

આમ, કારણ આધારિત સ્થળાંતરના ઉપર્યુક્ત બંને પ્રકારોનો અભ્યાસ કરતા કહી શકાય કે,

(અ) આકર્ષણ સ્થળાંતરમાં ગ્રામ્યપ્રજાનો આર્થિક રીતે સંપન્ન વર્ગ શહેરી જીવનનાં વિવિધ આકર્ષણોથી આકર્ષાઈને સ્વેચ્છાએ સ્થળાંતર કરે છે.

(બ) જ્યારે અપાકર્ષણ સ્થળાંતરમાં ગ્રામ્ય સમાજનો આર્થિક રીતે નબળો વર્ગ ગામડામાં વધુ સારા જીવનના વિકલ્પની ગેરહાજરીથી ફરજિયાતપણે શહેરો તરફ ધકેલાય છે.

### 11.1.3 સ્થળાંતરનાં કારણો :

સ્થળાંતરના પ્રકારોનો અભ્યાસ કર્યા બાદ સ્થળાંતરને વિસ્તૃત રીતે સમજવા માટે સ્થળાંતરનાં કારણોનો અભ્યાસ કરવો અનિવાર્ય બને છે. સ્થળાંતરનાં કારણોને મુખ્ય ચાર ભાગમાં વર્ણવી શકાય :

**11.1.3.1 આર્થિક કારણો :** સ્થળાંતરનાં કારણોમાં સૌથી મહત્ત્વનું કારણ આર્થિક કારણ ગણાવી શકાય. આર્થિક કારણમાં,

**નોકરી, વ્યવસાય કે ધંધા માટે :** વ્યક્તિ જ્યારે નોકરી, વ્યવસાય કે ધંધા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરે તે.

**બદલી :** જ્યારે વ્યક્તિ એક જગ્યાએ નોકરી કરતી હોય અને તેની બદલી દૂરના સ્થળે થતાં તેને તે સ્થળે સ્થળાંતર કરવું પડે તે.

**કુદરતી સંપત્તિનું પ્રમાણ :** જ્યારે કોઈ પણ જગ્યાએ કુદરતી સંપત્તિ વિપુલ પ્રમાણમાં હોય પરંતુ તે સ્થળે વસ્તીનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય ત્યારે તે સ્થળે થતું સ્થળાંતર દા.ત., સોનાની ખાણ, હીરાની ખાણ, ખનિજ સંપત્તિ, પેટ્રોલિયમ પેદાશો વગેરેના ખનન અને શુદ્ધીકરણની પ્રક્રિયા માટે વિવિધ પ્રકારનાં કૌશલ્યો ધરાવતા માનવશ્રમની મોટા પ્રમાણમાં જરૂર પડે છે ત્યારે પોતાનું વતન છોડી આવી જગ્યાએ વસવાટ કરવાનું પ્રમાણ ખૂબ જ વધતું ગયું છે. દા.ત. યુ.એ.ઈ.ના દેશોમાં થતું સ્થળાંતર એ જ રીતે ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કૅનેડા વગેરે દેશોમાં થતું સ્થળાંતર.

**શિક્ષણની વધુ સારી તકો મેળવવા :** વ્યક્તિને જ્યારે પોતાના વતનમાં શિક્ષણની મર્યાદિત તકો હોય અને તેને ઉચ્ચ શિક્ષણ મેળવવાની ભૂખ હોય ત્યારે તે શિક્ષણની વધુ સારી તકો મેળવવા વતનથી દૂર સ્થળાંતર કરે છે જે આગળ જતાં કાયમી સ્વરૂપ ધારણ કરે છે.

**આરોગ્યની અત્યાધુનિક સુવિધાઓ મેળવવા :** જ્યારે વ્યક્તિ આરોગ્યની પૂરતી સુવિધાઓ પોતાના વતનમાં ન મેળવી શકતો હોય ત્યારે આરોગ્યની અત્યાધુનિક સુવિધાઓ મેળવવા સ્થળાંતર કરે છે જેથી તે વધુ સારું તંદુરસ્ત જીવન જીવી શકે અને તેની હકારાત્મક અસર આર્થિક ઉપાર્જનમાં જોવા મળે.

**આયોજિત સ્થળાંતર :** જ્યારે કુટુંબના સભ્યો આયોજન કરી કુટુંબના એક અથવા વધુ સભ્યોને આર્થિક પ્રવૃત્તિ માટે વતનથી દૂર વસવાટ માટે મોકલે તે આયોજિત સ્થળાંતર તરીકે ગણાવી શકાય.

**11.1.3.2 સામાજિક કારણો :** સ્થળાંતરના આર્થિક કારણો સાથે કેટલાંક સામાજિક કારણો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે જેવા કે,

**લગ્ન :** લગ્ન થવાથી સ્ત્રી પોતાનું વતન છોડી જે સ્થળે તેનાં લગ્ન થયાં હોય તે સ્થળે કાયમી વસવાટ કરે તે સ્થળાંતર સામાજિક સ્થળાંતર કહેવાય.

**સામાજિક રીતરિવાજોમાંથી મુક્તિ મેળવવા :** ગ્રામ્ય સમાજ મહદંશે પરંપરાવાદી રૂઢિચુસ્ત હોય છે જ્યારે શહેરી સમાજ મુક્ત વિચારસરણી તેમજ આધુનિક જીવનશૈલી ધરાવતો હોય છે. ખાસ કરીને ગ્રામ્ય સમાજનો યુવા વર્ગ આવી મુક્ત વિચારસરણીથી આકર્ષાઈ શહેરો તરફ વસવાટ કરવાનું પસંદ કરે છે.

**11.1.3.3 રાજકીય કારણો :** સ્થળાંતરનાં રાજકીય કારણોમાં મુખ્ય બે કારણો ગણાવી શકાય :

**(I) યુદ્ધ અને અશાંતિ :** જ્યાં વારંવાર યુદ્ધ થતા હોય તેવા વિસ્તાર સતત અશાંત રહેતા હોય છે અને તે વિસ્તારની પ્રજા સતત ભયના ઓથાર નીચે જીવવા કરતાં સલામત અને શાંત સ્થળે રહેવાનું પસંદ કરે છે અને તેથી અશાંત વિસ્તારમાંથી શાંત વિસ્તારમાં સ્થળાંતર કરે છે.

**(II) ઘર્ષણ નિવારવા :** જ્યાં વારંવાર તોફાનો, ઘર્ષણ વગેરે થતા હોય તેવા અશાંત વિસ્તારમાં પણ શાંતિ ઈચ્છતી પ્રજા રહેવાનું પસંદ કરતી નથી અને ઘર્ષણથી દૂર શાંત વિસ્તારમાં સ્થળાંતર કરે છે.

**11.1.3.4 કુદરતી આપત્તિઓ કે પર્યાવરણીય પરિબળ :** કુદરતી આપત્તિઓ જેવી કે વારંવાર પડતો દુષ્કાળ, ધરતીકંપ, જ્વાળામુખી વગેરે જેવી કુદરતી આપત્તિ ધરાવતા વિસ્તારોમાંથી લોકો સલામત સ્થળે સ્થળાંતર કરે છે.

પર્યાવરણીય પરિબળમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને કારણે થતા સ્થળાંતરને વિકાસલક્ષી સ્થળાંતર કહે છે. દા.ત., ગુજરાતમાં સરદાર સરોવર યોજનાને કારણે થયેલું સ્થળાંતર વિકાસલક્ષી સ્થળાંતર કહેવાય. તે જ રીતે રાષ્ટ્રીય ઉદ્યાન કે અભયારણ્ય તરીકે અમુક વિસ્તારો જાહેર થતાં ત્યાંના સ્થાનિક લોકોનું થતું સ્થળાંતર પણ વિકાસલક્ષી સ્થળાંતર ગણાવી શકાય.

**11.1.4 સ્થળાંતરની અસરો :**

સ્થળાંતરની અસરોનો અભ્યાસ કરવાથી સરકારને સ્થળાંતરવિષયક નીતિ ઘડવા માટેનાં માર્ગદર્શક સૂચનો મળી શકે છે. સ્થળાંતરની અસરોનો આર્થિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરતાં તેનો બે ભાગમાં અભ્યાસ કરી શકાય :

**સ્થળાંતરની અસરો**

સ્થળાંતરની હકારાત્મક અસરો | સ્થળાંતરની નકારાત્મક અસરો

**11.1.4.1 સ્થળાંતરની હકારાત્મક અસરો :** સ્થળાંતરની હકારાત્મક અસરો વિવિધ આર્થિક ક્ષેત્રો, વ્યક્તિ, કુટુંબ, સમાજ તેમજ સમગ્ર દેશ માટે ફાયદાકારક તેમજ વિકાસલક્ષી હોય છે જેમાં,

**(1) આવકમાં વૃદ્ધિ :** સ્થળાંતરનો મુખ્ય ઉદ્દેશ આવક-સર્જન અને આવકવૃદ્ધિનો છે. જે લોકો ગામડાંમાંથી શહેરોમાં કમાવા માટે જાય છે તેઓ પોતાની કમાણીનો કેટલોક ભાગ પોતાના કુટુંબને મોકલે છે જેને પરિણામે વતનમાં વસતા કે રહેતા કુટુંબના સભ્યોના જીવનધોરણમાં સુધારો થાય છે.

ઉપરાંત ગામડાંના લોકોની આવકમાં જે વધારો થાય છે તેનો કેટલોક ભાગ તેઓ કૃષિમાં રોકે છે, જેને પરિણામે કૃષિમાં મૂડીરોકણ વધતા જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા તેમજ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થતો જોવા મળે છે.

છેલ્લાં થોડાં વર્ષોમાં એવું પણ જોવા મળ્યું છે કે, ગામડાંના લોકો આવી આવકનો કેટલોક ભાગ ધંધા તેમજ વ્યવસાયમાં પણ રોકતા જોવા મળ્યા છે, જેને પરિણામે ગામડાંમાં કૃષિ સંલગ્ન ઉદ્યોગ-ધંધા તેમજ વ્યવસાય વિકસેલા જોવા મળે છે.

**(2) દેશના ઝડપી આર્થિક વિકાસમાં ફાળો :** જ્યારે દેશની વસ્તી અન્ય દેશોમાં સ્થળાંતર કરે છે ત્યારે આવી વસ્તી પોતાની કમાણીનો કેટલોક ભાગ પોતાના વતનમાં વસતા પોતાનાં કુટુંબીજનોને મોકલે છે. ઉપરાંત પોતાના દેશના ધંધા, વેપાર, ઉદ્યોગોમાં પણ મૂડીરોકાણ કરે છે જેને પરિણામે દેશમાં વિદેશી ચલણની અનામતોમાં વધારો થવાથી દેશના આર્થિક વિકાસમાં ઝડપી વૃદ્ધિ થવા પામે છે. 1991ના નવા આર્થિક સુધારાને પરિણામે સ્થળાંતરને વેગ મળવાથી દેશમાં વિદેશી ચલણનો પ્રવાહ સતત વધતો ગયો હોવાથી ભારતનો આર્થિક વિકાસ ઝડપી બનતો ગયો છે.

ઉપરાંત આપણા દેશના લોકો વિદેશમાં જઈ ઉચ્ચ અભ્યાસ કરી કે કોઈ પણ એક ક્ષેત્રમાં ઉચ્ચત્તમ કૌશલ્ય મેળવે અને તે કૌશલ્ય કે ટેક્નોલૉજીનો લાભ ભારતને આપે અને તેને પરિણામે દેશમાં વિકાસની પ્રક્રિયાને વેગ મળે તેવું પણ બન્યું છે.

**11.1.4.2 સ્થળાંતરની નકારાત્મક અસરો :** ઉપર્યુક્ત જેવી સ્થળાંતરની હકારાત્મક અસરો સાથે સ્થળાંતરની કેટલીક નકારાત્મક અસરો પણ જોવા મળે છે કારણ કે ગામડાંઓમાંથી અલ્પશિક્ષિત, અકુશળ, અલ્પકૌશલ્ય ધરાવતાં ગરીબ લોકો રોજગારી મેળવવા શહેરો તરફ ધકેલાય છે પરંતુ શહેરોમાં આવા અલ્પશિક્ષિત, અકુશળ કે અલ્પ કૌશલ્ય ધરાવતા લોકો માટે નીચું વળતર આપતા શ્રમપ્રધાન વ્યવસાય સિવાય રોજગારીની તકો હોતી નથી જેથી કેટલીક નકારાત્મક અસરો નીચે પ્રમાણે જોવા મળે છે :

**(1) અનિયંત્રિત શહેરીકરણ :** જ્યારે અલ્પશિક્ષિત, અકુશળ, અલ્પ કૌશલ્ય ધરાવતાં ગામડાંના ગરીબ લોકો શહેરોમાં સ્થળાંતર કરે છે ત્યારે તેઓને નીચી આવકને કારણે શહેરોના છેવાડાના વિસ્તારોમાં ફરજિયાતપણે વસવાટ કરવો પડે છે જેને પરિણામે અનિયંત્રિત શહેરીકરણની સમસ્યા સર્જાય છે.

ઉપરાંત ઝૂંપડપટ્ટી અને ગંદા વસાવટોમાં રહેવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં અનિયંત્રિત વધારો થતો જોવા મળે છે.

**(2) માળખાકીય સુવિધાઓનું અપૂરતું પ્રમાણ :** અનિયંત્રિત શહેરીકરણ તેમજ ઝૂંપડપટ્ટી અને ગંદા વસવાટોને કારણે સ્થાનિક વહીવટીતંત્ર તેમને પૂરતા પ્રમાણમાં પાણી, ડ્રેનેજ, વીજળી, રસ્તા, વાહનવ્યવહાર, સંદેશા-વ્યવહાર, શૌચાલયો, શિક્ષણ, શાળાઓ, આરોગ્ય વગેરે જેવી આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય છે, જે આરોગ્યની ગંભીર સમસ્યા ઊભી કરે છે અને આવો ગરીબ વર્ગ અનેક ગંભીર બીમારીઓનો ભોગ બનતો જોવા મળે છે.

**(3) પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યા :** સ્થળાંતરને કારણે ઝૂંપડપટ્ટી અને ગંદા વસવાટોનું જે સર્જન થાય છે તેવા ઝૂંપડપટ્ટી અને ગંદા વસવાટોમાં શૌચાલયો તેમજ ડ્રેનેજની અપૂરતી સવલતો તેમજ કચરાના યોગ્ય

નિકાલના અભાવને કારણે પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરે છે જેનું જ્વલંત ઉદાહરણ અમદાવાદ, અંકલેશ્વર, સુરત, મુંબઈ, કોલકાતા, દિલ્લી વગેરે જેવાં શહેરોમાં જોઈ શકીએ છીએ.

ઉપર્યુક્ત શહેરોમાં જાહેર વાહનવ્યવહારની અપૂરતી સેવાઓને કારણે વૈકલ્પિક વાહનવ્યવહારનો જે વિકાસ થયો છે ખાસ કરીને અમદાવાદ જેવાં મોટા શહેરમાં કે જેણે હવાના પ્રદૂષણની ગંભીર સમસ્યા ઊભી કરી છે.

એ જ રીતે ઘોંઘાટ અને પાણીના પ્રદૂષણની પણ ગંભીર સમસ્યા જોવા મળે છે.

**(4) સામાજિક દૂષણો :** જ્યારે ગામડામાંથી શહેરોમાં સ્થળાંતર કરીને જે લોકો આવે છે તેઓને તેમની અપેક્ષા પ્રમાણે કે નિયમિત સ્વરૂપે આવક કે રોજગારી પ્રાપ્ત થતાં નથી જેના પરિણામ સ્વરૂપ આમાંના કેટલાક લોકો ચોરી, લૂંટફાટ જેવાં અસામાજિક કાર્યો તરફ વળે છે, જેથી મોટાં શહેરોની સામાજિક સમતુલા પણ ખોરવાતી જોવા મળે છે. સ્થળાંતરને પરિણામે પ્રજા વચ્ચે ભાષા-સંસ્કૃતિ રહેણીકરણી વગેરેને કારણે સામાજિક સંઘર્ષો ઊભા થાય છે.

### 11.2 શહેરીકરણ (Urbanization)

શહેરીકરણ એ આર્થિક વિકાસની પ્રક્રિયાનું પરિણામ છે કારણ કે આર્થિક વિકાસ થવાથી ઉદ્યોગો અને આંતર માળખાકીય સેવાઓનો વિકાસ અને વિસ્તાર થતા કૃષિ વિભાગમાંથી શ્રમની હેરફેર ઉદ્યોગ અને સેવા વિભાગ તરફ થાય છે જેથી શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળે છે.

#### 11.2.1 શહેરીકરણનો અર્થ :

સામાન્ય અર્થમાં ગ્રામ્ય વિસ્તારમાંથી શહેર વિસ્તારમાં થતા વસ્તીના સ્થળાંતરને શહેરીકરણ કહે છે.

શહેરીકરણ એ એવી સામાજિક-આર્થિક પ્રક્રિયા છે જેનાથી કોઈ એક વિસ્તારની વસ્તીનું પ્રમાણ વધે છે અને કેન્દ્રિત થાય છે જે નગર કે શહેરમાં પરિણમે છે. આ ખ્યાલને નગર કે શહેરમાં વસ્તીના સ્તરના કેન્દ્રીકરણ તરીકે પણ અર્થઘટન કરી શકાય.

**વ્યાખ્યા :** 1951માં શહેર કે નગરની વ્યાખ્યા ઘણી ઉદાર હતી પરંતુ 1961માં નગર કે શહેરની વ્યાખ્યા ચુસ્ત અપનાવાઈ અને 1971, 1981, 1991 અને 2001ની વસ્તી-ગણતરી વખતે જે વ્યાખ્યા આપવામાં આવી જે નીચે મુજબ છે :

(i) એવા બધા વિસ્તારો કે જ્યાં મ્યુનિસિપાલિટી કૉર્પોરેશન, કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા નોટિફાઇડ ટાઉન્સ ઍરિયા કમિટી (નિર્દિષ્ટ વિસ્તાર વિકાસ સમીતિ) હોય.

(ii) એવા બધા અન્ય વિસ્તારો કે જ્યાં નીચેના ત્રણ માપદંડોનું પાલન થતું હોય. જ્યાં

(a) 5000 કે તેથી વધુ વસ્તી હોય.

(b) 75 % કે તેથી વધુ કાર્યશીલ પુરુષ વર્ગ કૃષિ સિવાયના ક્ષેત્રમાંથી રોજગારી મેળવતી હોય.

(c) વસ્તીની ગીચતા પ્રતિચોરસ કિલોમીટરે 400 કે તેથી વધુની હોય.

વિશ્વમાં ઔદ્યોગિકીકરણને લીધે શહેરીકરણનું પ્રમાણ વધ્યું અને આ જ રીતે વિશ્વમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા ચાલુ રહી તો 2050 સુધીમાં વિશ્વની $\frac{2}{3}$ જેટલી વસ્તી શહેરોમાં વસ્તી હશે.

ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન ઔદ્યોગિક વિકાસનો દર નહિવત્ હોવાથી ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા ખૂબ જ ધીમી હતી પરંતુ આઝાદી બાદ ભારત સરકારે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવી

હોવાથી ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા ઝડપી બનતા શહેરીકરણ થવા પામ્યું જોકે શહેરીકરણની આ પ્રક્રિયા ધીમી હતી. પરંતુ 1991ના આર્થિક સુધારા બાદ ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવાની નીતિ વધુ ઉદાર બનાવવામાં આવી અને ઉદ્યોગોની સ્થાપના માટે અનેકવિધ પ્રોત્સાહનો સરકારે જાહેર કર્યાં ઉપરાંત સેવા વિભાગને પ્રોત્સાહન આપવાની નીતિને કારણે સેવા વિભાગનો પણ આ જ સમય દરમિયાન ઝડપી વિકાસ થતા શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો.

સામાન્ય રીતે ત્રણ પ્રકારે શહેરીકરણ થવા પામે છે :

(i) નગર કે શહેર વિસ્તારમાં મૃત્યુના દર કરતાં જન્મનો દર વધુ હોવાથી શહેરોમાં વસ્તીનું પ્રમાણ વધે છે જેને કુદરતી વસ્તીવધારો કહે છે.

(ii) ગ્રામ અને નગર વિસ્તારની વ્યાખ્યામાં ફેરફાર થતા કેટલાક ગ્રામ વિસ્તારો નગર વિસ્તારમાં સામેલ થઈ જાય છે તેથી નગર વિસ્તારની વસ્તી વધે છે. દા.ત., અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ વગેરે.

(iii) ગ્રામ્ય વિસ્તારમાંથી નગર વિસ્તારમાં લોકો મોટી સંખ્યામાં સ્થળાંતર પામે અને શહેરી વિસ્તારમાં વધારો થાય છે.

આમ, ઉપર્યુક્ત અભ્યાસના તારણ સ્વરૂપે કહી શકાય કે, આઝાદી બાદ ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા શરૂ થઈ હતી અને 1991ના આર્થિક સુધારા બાદ તેમાં સતત વધારો થતો રહ્યો છે, જે બાબતને આપણે આંકડાકીય માહિતીમાં નીચે પ્રમાણે રજૂ કરીએ કે જેથી શહેરીકરણની પ્રક્રિયાનો સચોટ ખ્યાલ મળી રહે :

**કોષ્ટક 11.1**

**ભારતમાં શહેરીકરણનાં વલણો**

| વર્ષ | શહેરી વસ્તીનું ટકાવારી પ્રમાણ |
|---|---|
| 1961 | 17.97 |
| 1971 | 19.91 |
| 1981 | 23.34 |
| 1991 | 25.32 |
| 2001 | 27.86 |
| 2011 | 31.16 |

**સ્રોત :** Census of India

ઉપર્યુક્ત આંકડાનો અભ્યાસ કરતાં કહી શકાય કે 2011ની વસ્તી-ગણતરી પ્રમાણે 37.7 કરોડ લોકો શહેરમાં વસે છે. એનો અર્થ એ થયો કે 2011માં 31.16 % (આશરે 32 %) વસ્તી શહેરોમાં વસે છે.

### 11.2.2 શહેરીકરણની અસરો :

વિશ્વમાં સૌથી વધુ શહેરીકરણ ચીન પછી ભારતમાં થઈ રહ્યું છે. આમ કહી શકાય કે હાલમાં ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા ખૂબ ઝડપી છે જે ભારતના ઝડપી આર્થિક વિકાસનો નિર્દેશ કરે છે. આ આર્થિક વિકાસની પ્રક્રિયાને કારણે જે શહેરીકરણ થયું તેણે ભારતીય અર્થતંત્ર પર અનેકવિધ અસરો સર્જી છે. આ અસરોનો અભ્યાસ બે ભાગમાં કરી શકાય :

**શહેરીકરણની અસરો**

શહેરીકરણની હકારાત્મક અસરો | શહેરીકરણની નકારાત્મક અસરો

**11.2.2.1 શહેરીકરણની હકારાત્મક અસરો :** ભારતમાં થયેલા શહેરીકરણની પ્રક્રિયાએ કેટલીક આવકાર્ય અસરો સર્જી છે તેનો અભ્યાસ આપણે હકારાત્મક અસરોના સંદર્ભમાં કરીએ.

**(1) માળખાકીય સુવિધાઓમાં વધારો :** શિક્ષણ, આરોગ્ય, બૅન્કિંગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીમો, વીજળી વગેરે જેવી માળખાકીય સુવિધાઓમાં સતત વધારો થતા આ બધાં જ ક્ષેત્રોમાં અનેકગણી રોજગારીની તકો ઊભી થઈ અને રોજગારીમાં વધારો થતાં લોકોની વસ્તુ ખરીદવાની ખરીદશક્તિમાં વધારો થયો જેણે અનેક નવા-નવા ઉદ્યોગો સ્થાપવાની શહેરોમાં અનિવાર્યતા ઊભી થતા અનેક નવા-નવા ઉદ્યોગો સ્થપાયા જેમાં પણ અનેક રોજગારીની તકો સર્જી અને રોજગારી વધતા ⟶ આવક વધી આવક વધતાં ખરીદશક્તિ વધી ⟶ ખરીદશક્તિ વધતા ફરી નવા ઉદ્યોગો સ્થપાયા ફરી ⟶ રોજગારી વધી. આમ, આ ચક્ર ચાલ્યા જ કરે છે.

**(2) ગરીબીમાં ઘટાડો :** ગરીબી અને બેરોજગારી પરસ્પર સંકળાયેલ છે. શહેરીકરણ થવાથી શહેરોમાં સેવાક્ષેત્ર અને ઉદ્યોગક્ષેત્રમાં મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થાય છે તેથી ગરીબીમાં ઘટાડો થાય છે. ઉપરાંત ગ્રામ્ય બેકાર અને ગરીબ વસ્તી પણ શહેરમાં આવતા તેમને પણ તેમની યોગ્યતા મુજબ રોજગારી મળી રહેતા ગરીબીમાં ઘટાડો થાય છે.

**(3) સાંસ્કૃતિક વિકાસ :** શહેરોમાં શિક્ષણની સુદૃઢ સુવિધાઓ ઉપલબ્ધ બનતી હોવાથી માનવી શિક્ષણના માધ્યમ દ્વારા પોતાનો સર્વાંગીણ વિકાસ સાધી શકે છે અને સમાજને સુસંસ્કૃત માનવીની ભેટ મળે છે.

ઉપરાંત વૈવિધ્યસભર વાંચનાલયો, બુકસ્ટોલ્સ તેમજ અન્ય સાંસ્કૃતિક વિકાસના વિવિધ કાર્યક્રમો પણ માનવીના સાંસ્કૃતિક વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

**(4) અત્યાધુનિક આરોગ્યની સેવાઓ :** શહેરીકરણની પ્રક્રિયાને પરિણામે શહેરોની વસ્તીમાં વધારો થતા તેમની શિક્ષણની સાથે-સાથે આરોગ્યની પણ અનેકવિધ જરૂરિયાતો ઉદ્‌ભવે છે. આજે અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં અત્યાધુનિક મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલો દરેક વિસ્તારમાં આવેલી જોવા મળે છે જ્યાં આગળ દરેક પ્રકારના રોગોની અત્યાધુનિક સારવાર એક જ સ્થળેથી ઉપલબ્ધ બની શકે છે.

ઉપરાંત સરકાર તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પણ આવી હૉસ્પિટલો ઊભી કરે છે જેનો સીધો લાભ સમાજના ગરીબ અને મધ્યમ વર્ગને મળતા તેમના આરોગ્યમાં સુધારો થતા તેની ઉત્પાદકતા પર હકારાત્મક અસર પડતી જોવા મળે છે.

**(5) સામાજિક અસર – આધુનિક વિચારસરણી :** ગામડાં કરતાં શહેરોમાં શિક્ષણ તેમજ સાંસ્કૃતિક વિકાસને કારણે તદુપરાંત સંદેશાવ્યવહારનાં અત્યાધુનિક ઉપકરણોનો ઉપયોગ સતત વધતા જતા શહેરના લોકોની વિચારસરણી પણ આધુનિક જોવા મળે છે. તેઓ ઝડપથી વિશ્વના પ્રવાહોથી પરિચિત થઈ શકતા હોવાથી તેમનાં વાણી, વર્તન, વિચારો, રહેણીકરણી, રીતભાત વગેરેમાં પરિવર્તનની છાંટ જોવા મળે છે.

**(6) ઊંચું જીવનધોરણ :** શહેરીકરણને લીધે આવકમાં વૃદ્ધિ તથા અત્યાધુનિક માળખાકીય સુવિધાને લીધે ગ્રામ્ય વિસ્તારના લોકો કરતાં શહેરોના લોકોનું જીવનધોરણ ઊંચું જોવા મળે છે.

**11.2.2.2 શહેરીકરણની નકારાત્મક અસરો :**

ભારતમાં થઈ રહેલાં અનિયંત્રિત શહેરીકરણને પરિણામે જે સમસ્યાઓ સર્જાઈ છે તેને આપણે શહેરીકરણની નકારાત્મક અસરો ગણીશું. જેમાં,

**(1) આર્થિક અસમાનતા :** શહેરીકરણની સૌપ્રથમ નકારાત્મક અસરમાં આર્થિક અસમાનતા ગણાવી શકાય.

શહેરોમાં એક તરફ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ બૌદ્ધિક વર્ગ તેમજ સાહસિક નિયોજકો હોય છે જેઓ પોતાના ધંધા, વ્યવસાયના માલિકો હોય છે જેમની આવકનું સ્તર ખૂબ જ ઊંચું હોય છે.

જ્યારે બીજી તરફ ગામડાંમાં શહેરોમાં આવેલ અભણ ગરીબ શ્રમિક વર્ગ હોય છે જેમને મજૂરી સિવાય કોઈ કૌશલ્યવર્ધક કામ મળી શકતું ન હોવાથી તેમની આવક ખૂબ જ નીચી રહે છે આમ, આર્થિક અસમાનતા શહેરોમાં ઊડીને આંખે વળગે છે.

**(2) સામાજિક અસમાનતા :** આર્થિક અસમાનતાની સાથે સામાજિક અસમાનતા પણ જોવા મળે છે. શહેરી સમાજનો ધનિક અને શિક્ષિત વર્ગ આધુનિક વિચારસરણી ધરાવે છે જ્યારે અશિક્ષિત ગરીબ વર્ગ રૂઢિચુસ્ત, કુંઠિત વિચારસરણીનો ભોગ બનેલો જોવા મળે છે.

**(3) ગંદા વસવાટોનો પ્રશ્ન :** ગામડાંમાંથી શહેરોમાં આવતા શહેરી સમાજનો મજૂરવર્ગ ગરીબાઈને કારણે પાકાં મકાનોમાં રહેવાની આર્થિક-ક્ષમતા ધરાવતો ન હોવાથી તેઓને ફરજિયાતપણે દૂરના વિસ્તારોમાં ના છૂટકે ગંદા, ઝૂંપટપટ્ટીવાળા વસવાટોમાં વસવું પડે છે.

**(4) કાયદો-વ્યવસ્થાની સમસ્યા :** અનિયંત્રિત શહેરીકરણને લીધે શહેરોમાં વસ્તી-વિસ્ફોટ ગંભીર સ્વરૂપ ધારણ કરે છે દા.ત., માથાદીઠ વાહનની સંખ્યામાં ખૂબ જ મોટા પ્રમાણમાં વધારો થતા ટ્રાફિકની સમસ્યા સતત વધતી જોવા મળે છે.

ઉપરાંત રોજગારીની પૂરતી તકો ન મળતા કે પૂરતી આવક ન મેળવી શકતા ચોરી, લૂંટફાટ જેવી ઘટનાઓ શહેરોમાં રોજિંદી બનતા કાયદો-વ્યવસ્થા તેને પહોંચી વળવા માટે અપૂરતા સાબિત થતા પરિસ્થિતિ કથળતી જોવા મળે છે.

**(5) આંતર માળખાકીય સુવિધાઓના પ્રશ્નો :** આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે પરિવહન, આરોગ્ય અને રસ્તાની અપૂરતી સેવાઓ, દૂષિત પીવાના પાણીની સમસ્યા જેથી પાણીજન્ય રોગચાળાની સમસ્યા, વીજળીની અપૂરતી સુવિધાઓ, સ્વચ્છતાના પ્રશ્નો, રસ્તાની અપૂરતી સુવિધાઓ વગેરે જેવી આંતર માળખાકીય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં પૂરી પાડવામાં સ્થાનિક વહીવટીતંત્ર નિષ્ફળ રહે છે.

**(6) પર્યાવરણના પ્રદૂષણના પ્રશ્નો :** શહેરીકરણ એ ઔદ્યોગિકીકરણનું પરિણામ હોવાથી શહેરોમાં અનેકવિધ ઉદ્યોગો સ્થપાયા હોવાથી દરેક પ્રકારના પ્રદૂષણ અનિયંત્રિત રીતે વધે છે. ઉપરાંત ગંદકીની ગંભીર સમસ્યા પણ માનવીના સ્વાસ્થ્ય પર થતી જોવા મળે છે અને દા.ત., અડધાથી વધુ ગરીબ વસ્તી ચામડી અને શ્વસનતંત્રના રોગોથી પીડાતી જોવા મળે છે.

### 11.2.3 શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો :

અનિયંત્રિત શહેરીકરણને લીધે તેની હકારાત્મક અસરો કરતાં નકારાત્મક અસરોને લીધે જે સમસ્યાઓ સર્જાઈ રહી છે અને તે વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જો તે સમસ્યાને હળવી કરવામાં આવે, તો નકારાત્મક અસરો ઘટતાં શહેરીકરણનાં સારાં ફળો સમાજના ગરીબમાં ગરીબ વર્ગ સુધી પહોંચાડી શકાશે.

શહેરીકરણની સમસ્યા હળવી કરવા માટેના ઉપાયો નીચે મુજબ વર્ણવી શકાય :

**(1) નીતિવિષયક પગલાં :** નીતિવિષયક પગલાંમાં ભારત સરકારે શહેરીકરણની સમસ્યા હળવી કરવા માટે જે ઉપાયો હાથ ધર્યા છે તેનો અભ્યાસ કરીએ.

(a) 10 લાખથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં નવા ઉદ્યોગોની સ્થાપના પર નિયંત્રણ મૂકીને અનિયંત્રિત રીતે થતા શહેરીકરણને મર્યાદિત બનાવ્યું છે.

(b) મધ્યમ કદના નાનાં નગરોના વિકાસને પ્રોત્સાહન આપી મોટાં શહેરોમાં થતું અસામાન્ય શહેરીકરણ ઓછું થશે.

(c) ભારત સરકારે શહેરીકરણની એવી નીતિ અપનાવી છે કે જેથી મોટાં શહેરો વધુ મોટાં ન બને અને નાનાં તેમજ મધ્યમ કદનાં નગરો મોટા ભાગનાં રાજ્યો કે પ્રદેશોમાં વિકસે.

(d) ભારત સરકારની નીતિ મુજબ મોટાં શહેરોની આસપાસ સેટેલાઇટ ટાઉનના વિકાસની નીતિ અપનાવવામાં આવી.

**(2) રોજગારીની તકો વધારવી :** શહેરીકરણની નકારાત્મક અસરો ઘટાડવા અને શહેરીકરણની સમસ્યા હળવી કરવા માટે શહેરોમાં સ્વરોજગારીની તકો વધે એવા રોજગારલક્ષી કાર્યક્રમો સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા છે. તેનો વ્યાપ અને વિસ્તાર વધારી આવા કાર્યક્રમોનો વધુ ને વધુ લાભ શહેરી ગરીબો લેતા થાય કે જેથી તેઓની આવક વધતા તેઓ વધુ સારાં જીવનધોરણ જીવી શકે જેને પરિણામે શહેરીકરણની નકારાત્મક અસરોમાં ઘટાડો થાય.

**(3) માળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવી :** શહેરોમાં માળખાકીય સુવિધાઓ છે જેવી કે પાણી, રસ્તા, વાહન-વ્યવહાર, સંદેશાવ્યવહાર, ડ્રેનેજ, સેનિટેશન વગેરેની સુવિધાઓ શહેરના છેવાડાના લોકોને પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી માળખાકીય વ્યવસ્થા વધુ સુદૃઢ કરવી જોઈએ. કેન્દ્ર સરકારે સ્માર્ટ સીટીની યોજના પણ અમલમાં મૂકી છે.

ઉપરાંત ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબો માટે પણ મકાનો વધુ ને વધુ વિકસાવી તેઓને તેમાં વસાવવા જોઈએ. જોકે સરકારે આ દિશામાં ઉપાયો શરૂ કર્યા છે અને નબળા વર્ગો માટે રહેઠાણની સુવિધાઓ ઊભી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

**(4) શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ :** શહેરનો સાધનસંપન્ન વર્ગ શિક્ષણ અને આરોગ્યની અત્યાધુનિક સવલતો ખૂબ જ સરળતાથી મેળવી શકે છે પરંતુ શહેરનો ગરીબ વર્ગ હજુ આ સુવિધા પૂરતા પ્રમાણમાં અને ઉચ્ચ કક્ષાની મેળવી શકતો નથી જેને પરિણામે શહેરીકરણની સમસ્યા હળવી બની શકતી નથી. જો ગરીબ અને શ્રમિક વર્ગને પણ શિક્ષણ અને આરોગ્યની અત્યાધુનિક સવલતો સહેલાઈથી સસ્તા દરે ઉપલબ્ધ બની શકે તો શહેરીકરણની સમસ્યા હળવી બની શકે અને શહેરીકરણની હકારાત્મક અસરોનાં ફળો સમાજના ગરીબ વર્ગ સુધી પહોંચી શકે.

**(5) ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ :** શહેરોમાં મોટા પાયાના ઉદ્યોગોની સાથે-સાથે તેમને પૂરક એવા ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોને વધુ ને વધુ વિકસાવવા જેથી આર્થિક અસમાનતામાં ઘટાડો થતાં શહેરીકરણની આર્થિક-સામાજિક અસમાનતાની અસરો હળવી બનશે.

**(6) ગામડામાં પાયાની સુવિધાઓનો વિકાસ :** ગામડાંઓને શિક્ષણ, આરોગ્ય, વાહન-વ્યવહાર, સંદેશા-વ્યવહાર, રસ્તા, વીજળી, સિંચાઈ વગેરે સુવિધાઓથી વધુ ને વધુ સજ્જ કરવા કે જેથી શહેરીકરણની પ્રક્રિયા હળવી બનતાં શહેરો પરનું ભારણ ઘટશે અને નકારાત્મક અસરોનું પ્રમાણ નિયંત્રિત થશે.

**(7) વહીવટી વ્યવસ્થા સુદૃઢ કરવી :** આપણે શહેરીકરણની નકારાત્મક અસરોમાં જોયું કે શહેરીકરણને કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું ધોરણ જે કથળતું ગયું છે જેણે શહેરોમાં અનેકવિધ પ્રશ્નો ઊભા કર્યા છે. જો શહેરોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવી હોય તો વહીવટી વ્યવસ્થા સુદૃઢ કરવી જોઈએ અને વહીવટમાં સંકલનનો જે અભાવ જોવા મળે છે તે દૂર કરી સુશાસન (Good Governance)ની પરિસ્થિતિ સર્જવામાં આવે તો સમસ્યા હળવી બની રહે. શહેરોમાં કાયદો અને વ્યવસ્થાનું કડક રીતે પાલન થાય અને તે માટે પ્રજાને પણ વધુમાં વધુ જાગ્રત કરવામાં આવે તો સમસ્યા હળવી બની શકે.

### 11.3 આંતર માળખાકીય સેવાઓ (Infrastructural Services)

દેશની સમૃદ્ધિનો આધાર કૃષિ અને ઉદ્યોગોના વિકાસ પર આધારિત છે અને કૃષિ તેમજ ઉદ્યોગોનો વિકાસ આંતર માળખાકીય સુવિધાઓ વગર સંભવિત નથી. આમ આંતર માળખાકીય સુવિધાઓનો વિકાસ અને કૃષિ અને ઔદ્યોગિક વિકાસની પૂર્વશરત ગણાવી શકાય. તેથી જ કહેવાય છે કે આંતર માળખાકીય સેવાઓ એ આર્થિક વિકાસનું એન્જિન છે. આ આંતર માળખાકીય સેવાઓમાંની કેટલીક સેવાઓનો અભ્યાસ કરીએ.

#### 11.3.1 શિક્ષણ :

**(1) શિક્ષણનો અર્થ – મહત્ત્વ :** શિક્ષણ એટલે શીખવા કે શીખવવાની પ્રક્રિયા છે.

માનવ મૂડીરોકાણ એટલે માનવીમાં રહેલી શારીરિક અને માનસિક શક્તિઓના વિકાસ માટે જે મૂડીરોકાણ કરવામાં આવે છે તે. આમ કેળવણી, શિક્ષણ, તાલીમ, સંશોધન વગેરે સેવાઓ માટે કરેલ મૂડીરોકાણને માનવ-મૂડીરોકાણ કહેવામાં આવે છે.

માનવ મૂડીરોકાણના મહત્ત્વ વિશે પ્રો. માર્શલ લખે છે કે, પ્રત્યેક પેઢી તેમના પુરોગામી પાસેથી વિચારોનો જે વારસો મેળવે છે તે જ ખરો વારસો છે. દુનિયાની ભૌતિક સંપત્તિનો જો નાશ થઈ જાય, પરંતુ સંપત્તિ પેદા કરવાના વિચારોનો જો નાશ થયો ન હોય તો નાશ પામેલી સંપત્તિ ઝડપથી પાછી મેળવી શકાય છે પરંતુ જો તે માટેના વિચારો જ નાશ પામ્યા હોય અને ભૌતિક સંપત્તિ જેમની તેમ રહે તો વખત જતાં ભૌતિક સંપત્તિ નાશ પામે અને દુનિયા ગરીબીના દ્વારે આવીને ઊભી રહે.

આ સંદર્ભમાં શિક્ષણ, તાલીમ, સંશોધન, ટેક્નોલૉજી, જ્ઞાન અને કૌશલ્યની કક્ષા વિકાસને અસર કરે છે. આમ શિક્ષણ આર્થિક વિકાસને અસર કરતું સૌથી મહત્ત્વનું પરિબળ ગણી શકાય.

શિક્ષણ દ્વારા,

(1) વ્યક્તિ વધુ જ્ઞાન મેળવે છે જેથી તે ઊંચી કક્ષાની તકો માટે યોગ્ય બને છે પરિણામે તેનું જીવનધોરણ સુધરે છે.

(2) શિક્ષણ વ્યક્તિમાં વિચારોના આદાન-પ્રદાનની શક્તિ તથા એક નવો આત્મવિશ્વાસ ઊભો કરે છે.

(3) શિક્ષણ દ્વારા વ્યક્તિ પોતાને લાભદાયી હોય તેવા નિર્ણયો લઈ શકે છે જેના દ્વારા તે જીવન જીવવાની સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે.

(4) શિક્ષણ દ્વારા સમાજનાં વિવિધ ક્ષેત્રોમાંથી મળતી વિકાસની અને અન્ય વિવિધ તકોનો ઉપયોગ કરવા માટે સક્ષમ બને છે.

(5) કારખાનાના શ્રમિકોની ઉત્પાદકતા વધારી શકાય છે.

(6) ટેક્નોલૉજી અંગેનું જ્ઞાન આપીને નાણાકીય સહાય અંગેની માહિતી દ્વારા બજારની પદ્ધતિઓનો ઉપયોગ કરી ખેડૂતોની ઉત્પાદકતા વધારી શકાય છે.

(7) અસરકારક શિક્ષણ દ્વારા વ્યક્તિઓમાં સામાજિક સક્રિયતા વધારી શકાય છે.

(8) શિક્ષણ દ્વારા વ્યક્તિને પર્યાવરણના નુકસાનની સાચી સમજ આપવા, પરિસ્થિતિની સમતુલા માટે તથા જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા માટે શિક્ષણનો વધારો અને વ્યાપ અનિવાર્ય છે.

(9) શિક્ષણ દ્વારા સ્વચ્છતા અને આરોગ્યવિષયક સભાનતા લાવી શકાય છે.

આમ, શિક્ષણ દ્વારા કુશળ શ્રમિકો દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકે જે વિકસિત દેશોના વિકાસને જોતા કહી શકાય.

**(2) શિક્ષણની વર્તમાન સ્થિતિ :**

આપણા દેશમાં શિક્ષણની સુવિધા સરકાર તેમજ ખાનગી ક્ષેત્ર દ્વારા પૂરી પાડવામાં આવે છે.

ભારતમાં બાળકની ઉંમરને ધ્યાનમાં લઈને શિક્ષણના તબક્કાઓ નીચે પ્રમાણે પાડવામાં આવ્યા છે :

(1) પ્રાથમિક શિક્ષણ - 1 થી 5 ધોરણ

(2) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ - 6 થી 8 ધોરણ

(3) માધ્યમિક શિક્ષણ - 9 થી 10 ધોરણ

(4) ઉચ્ચ માધ્યમિક શિક્ષણ - 11 થી 12 ધોરણ

(5) કૉલેજ કે ઉચ્ચશિક્ષણ - 12+

(6) ઉપરાંત ધોરણ 8+ પછી ITI શિક્ષણ મેળવી વ્યાવસાયિક કુશળતા મેળવી શકાય છે.

આપણા બંધારણે 6 થી 14 વર્ષની વય સુધીનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત ધોરણે પ્રાપ્ત થવું જોઈએ અને આ પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવાની જવાબદારી રાજ્ય સરકારોની છે તેવો આદેશ આપ્યો છે.

આયોજનકાળ દરમિયાન શિશુમંદિરથી શરૂ કરી ઉચ્ચશિક્ષણ આપતી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, તેનો વિકાસ વિસ્તાર થયેલાં જોવા મળે છે.

2013-14માં ભારતમાં પ્રાથમિક શાળાઓની સંખ્યા 1.4 મિલિયન હતી અને તેમાં 7.7 મિલિયન શિક્ષકો હતા.

ગુજરાતમાં રાજ્ય સરકારના ગુણોત્સવ અને શાળાના પ્રવેશોત્સવ દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો દ્વારા વધુ ને વધુ બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. 2013-14માં પ્રાથમિક શિક્ષણમાં નોંધાયેલાં બાળકોની સંખ્યા 93 % હતી. સર્વ શિક્ષા અભિયાન, RTE (શિક્ષણ અધિકારનો કાયદો) દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા પ્રયત્નો થઈ રહ્યા છે.

ગરીબી અને નિરક્ષરતાને કારણે આપણા દેશમાં શિક્ષણનો જોઈએ તેટલો વિકાસ થયો નથી. હજુ નાનાં ગામડાંઓમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ ચિંતાજનક જોવા મળે છે. 29 % જેટલાં બાળકો 5 ધોરણનો અભ્યાસ પૂરો કર્યા પહેલાં શાળા છોડી જતાં માલૂમ પડ્યાં છે.

ઉપરાંત હજુ આજે પણ તાલીમ પામેલા શિક્ષકોનું પ્રમાણ ઓછું છે. 2013-14માં પ્રાથમિક શિક્ષણમાં 46 વિદ્યાર્થીએ 1 (46:1) શિક્ષક જ્યારે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં (34:1) બાળકોએ એક શિક્ષકનું પ્રમાણ હતું.

2013-14માં માધ્યમિક કક્ષાએ 69 % વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા જ્યારે આ જ પ્રમાણ ઉચ્ચત્તર શિક્ષણમાં 25 % હતું.

**કોષ્ટક 11.2**

**સાક્ષરતાનું પ્રમાણ**

| વર્ષ | ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ (ટકામાં) | ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ (ટકામાં) |
|---|---|---|
| 1981 | 43.57 | 44.92 |
| 1991 | 52.21 | 61.29 |
| 2001 | 64.83 | 69.14 |
| 2011 | 74.04 | 79.31 |

**સ્રોત :** Census of India

### 11.3.2 આરોગ્ય :

**(1) આરોગ્યનો અર્થ અને મહત્ત્વ :** વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO - World Health Organization) દ્વારા આરોગ્યની વ્યાખ્યા આ પ્રકારે આપવામાં આવી છે :

**વ્યાખ્યા :** ફક્ત રોગની ગેરહાજરી કે શારીરિક શક્તિને જ સારું આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય નહિ, પરંતુ માણસના સંપૂર્ણ ભૌતિક, માનસિક અને સામાજિક કલ્યાણને (well-being) આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય.

શ્રમિકની કાર્યક્ષમતાનો આધાર તેમના સ્વાસ્થ્ય પર રહેલો છે. અંગ્રેજીમાં કહેવત છે કે, sound mind in sound body શિક્ષણ મનની તંદુરસ્તી પૂરી પાડે છે તો આરોગ્ય તનની તંદુરસ્તી પૂરી પાડે છે.

રાષ્ટ્રીય આવકનો આધાર જાહેર આરોગ્યની સુવિધાઓ પર સીધી રીતે સંકળાયેલો છે.

જે શ્રમિકોનું સ્વાસ્થ્ય સારું નથી હોતું અને વારંવાર બીમાર પડે તો તેની ઉત્પાદન અને ઉત્પાદકતા પર માઠી અસર પડે છે. શ્રમિકના આરોગ્યમાં સુધારો થતાં આપોઆપ દેશના કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ થતી જોવા મળે છે. આરોગ્યમાં સુધારો થતાં આર્થિક વિકાસમાં ત્રણ રીતે મદદરૂપ બની શકે છે :

(1) ઉત્પાદકતા વધતાં ઉત્પાદનમાં વધારો થાય છે.

(2) કુદરતી સંપત્તિનો વધુમાં વધુ ઉપયોગ કરી શકાય છે અને તેમાં થતો બગાડ અટકાવી શકાય છે.

(3) શ્રમિકની આવકમાં વૃદ્ધિ થતાં જીવનધોરણ ઊંચું જતું જોવા મળે છે.

સારી તંદુરસ્તી માટે બે બાબતો જરૂરી છે : (1) સમતોલ આહાર (2) સારી દાક્તરી સારવાર.

પ્રજાના આરોગ્યની સ્થિતિ જાણવા માટે લોકોનું સરેરાશ આયુષ્ય એક મહત્ત્વનો માપદંડ ગણાય છે. 1951માં ભારતના લોકોનું સરેરાશ આયુષ્ય 32 વર્ષ હતું જે સમતોલ અને પોષણક્ષમ આહાર તેમજ દાક્તરી સારવારના વિકાસ અને વિસ્તારને કારણે વધીને 2011માં 63.5 વર્ષ થયું હતું તે જ રીતે 1951માં બાળમૃત્યુનું પ્રમાણ દર હજારે 146 હતું તે ઘટીને 2012માં દર હજારે 44 થયું હતું.

**(2) આરોગ્યની સ્થિતિ :** ભારતની કુલ વસ્તીમાંથી હજુ આજે પણ 70 % વસ્તી ગામડાંમાં વસે છે અને કુલ દવાખાનાના પાંચમા ભાગ જેટલા દવાખાના જ ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળે છે. આમ કહી શકાય કે ગામડાંના લોકોને પૂરતી દાક્તરી સારવાર મળી શકતી નથી તેથી ગ્રામ્ય અને શહેરી વસ્તીને મળતી દાક્તરી સારવારમાં મોટો તફાવત જોવા મળે છે.

ગામડાંમાં વિશિષ્ટ દાક્તરી સારવાર જેવી કે બાળકોના નિષ્ણાત ડૉક્ટરો, સ્ત્રીઓના નિષ્ણાત ડૉક્ટરો, એનેસ્થેસિયાના વિશિષ્ટ ડૉક્ટરો, આંખના નિષ્ણાત ડૉક્ટરો કે M.D., M.S. જેવા ઉચ્ચ લાયકાત ધરાવનાર ડૉક્ટરોનો અભાવ હોવાથી આ વસ્તી સારી આરોગ્યની સેવાઓ યોગ્ય સમયે મેળવી શકતી નથી.

માતાની તંદુરસ્તી વગર તંદુરસ્ત બાળક જન્મી શકે નહિ. ભારતમાં 15થી 49 વર્ષની વય ધરાવતી સ્ત્રીઓમાંથી 50 % સ્ત્રીઓ બિનપોષણક્ષમ આહારને કારણે લોહતત્ત્વની ઊણપને લીધે એનિમિયાનો ભોગ બને છે અને તેમાંથી 19 % મૃત્યુનો ભોગ બને છે.

ઉપર્યુક્ત ખામીઓ શિક્ષણના પ્રચાર, પ્રસાર અને આરોગ્યની સુવિધાઓના વિકાસ-વિસ્તારથી શક્ય બની શકે. વિશ્વ બૅન્કના અહેવાલ પ્રમાણે ભારત સરકાર પોતાના કુલ ખર્ચના 4.4 % ખર્ચ જ આરોગ્ય પાછળ ખર્ચે છે જેની સામે અમેરિકા 20.3 % અને ચીન 12.5 % ખર્ચ કરે છે.

સરકાર આરોગ્યની સુવિધાઓ પાછળ વધુ ને વધુ ખર્ચ કરતી રહી છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. આરોગ્ય અને દેશના આર્થિક વિકાસ વચ્ચે ખાસ સંબંધ હોવાથી સરકાર ગામડાંઓ સુધી આ સેવાઓનો વિસ્તાર અને વિકાસ કરી તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે.

### 11.3.3 વીજળી :

આર્થિક વિકાસ માટેનું સૌથી મહત્ત્વનું ચાલકબળ વીજળીને ગણાવી શકાય. ગામડાં તથા શહેરોમાં બંનેના વિકાસ માટે વીજળી અનિવાર્ય ચાલક બળ ગણાય છે.

ગામડામાં કૃષિ, સિંચાઈ, ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ વીજળીને જ આભારી ગણાવી શકાય.

તે જ રીતે શહેરોના ઔદ્યોગિક વિકાસ તેમજ સેવા વિભાગના વિકાસ મટે વીજળી ખૂબ જ મહત્ત્વની ગણાય છે. ભારતમાં વીજળીની ઉત્પાદન-ક્ષમતા વર્ષ 1950-51માં 2300 મેગાવૉટ હતી જે જુલાઈ, 2009માં વધીને 1,54,574 MW મેગાવૉટ થઈ હતી. આમ 1950-51 થી 2011-12નાં 61 વર્ષોમાં અનેક ગણો વધારો થયેલો જોઈ શકાય છે. આ ઉત્પાદન વધારાની સીધી અસર કૃષિ, ઉદ્યોગ અને સેવા વિભાગના વિકાસ પર થયેલી જોઈ શકાય છે.

વીજળીના ઉત્પાદક અને વપરાશકાર દેશ તરીકે ભારત વિશ્વમાં અગ્રેસર છે. ભારતમાં વિશ્વમાં વીજળી ઉત્પન્ન કરનાર દેશ તરીકે 7મો ક્રમ ધરાવે છે જ્યારે વીજળીના વપરાશકાર તરીકે 5મો ક્રમ ધરાવે છે.

ભારતમાં વીજળી 4 રીતે મેળવી શકાય છે :

(1) થર્મલ પાવર - કોલસા દ્વારા

(2) હાઇડ્રોપાવર - પાણી દ્વારા

(3) ન્યુક્લિઅર પાવર - પરમાણુ દ્વારા

(4) અન્ય - પવનચક્કી, બાયોગૅસ, સૂર્યશક્તિ વગેરે.

આ ઉપરાંત સરકાર સૂર્યશક્તિ (સોલર પાવર)ના ઉપયોગને વધુ ને વધુ લોકભોગ્ય બનાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે અને સૂર્યશક્તિનો વિવિધ રીતે ઉપયોગ કરવા માટે સરકાર દ્વારા સૂર્યકૂકર અને સૂર્યગીઝર ખરીદવા માટે સબસિડી આપવામાં આવે છે. આ ઉપરાંત સોલર પૅનલ (Solar Panel) માટે પણ સરકાર પ્રોત્સાહન આપી રહી છે.

વર્ષ 2012-13માં થર્મલ પાવર દ્વારા 70 %, હાઇડ્રોપાવર અને વિન્ડ પાવર દ્વારા 16 %, ન્યૂક્લિઅર પાવર દ્વારા 2 %, અન્ય દ્વારા 12 % વીજળી મેળવવામાં આવી હતી.

ભારત સરકાર હાઇડ્રોપાવર અને વિન્ડ પાવર (પવનચક્કી)ના ઉત્પાદનને વધુ ને વધુ પ્રોત્સાહન આપી રહી છે જેનું મૂળ કારણ આ બંને દ્વારા વીજળી ઉત્પન્ન કરવામાં કોઈ પણ જાતનું પ્રદૂષણ થતું નથી તે છે. આ બંને દ્વારા ઉત્પાદનમાં પ્રગતિ ઝડપથી થઈ રહી છે.

વીજળીનો વપરાશ (1) કૃષિ (2) ઉદ્યોગો (3) રહેઠાણ (4) વાહનવ્યવહાર (5) અન્ય દ્વારા થતો જોવા મળે છે, જે નીચેના કોષ્ટક દ્વારા સ્પષ્ટ થાય છે :

**કોષ્ટક 11.3**

**કુલ ઉત્પાદનમાંથી વીજળીનો વપરાશ ટકામાં**

| **વીજળીનો વપરાશ** | **વર્ષ : 2012-13** |
|---|---|
| (1) રહેઠાણ | 22 |
| (2) ખેતી | 18 |
| (3) ઉદ્યોગ | 45 |
| (4) વાહનવ્યવહાર | 02 |
| (5) અન્ય વીજવહન અને વિતરણ, વપરાશ | 13 |
| **કુલ** | **100** |

વીજળીનું ઉત્પાદન ભારતમાં (1) કેન્દ્ર સરકાર (2) રાજ્ય સરકાર (3) ખાનગી ક્ષેત્ર દ્વારા થતું જોવા મળે છે.

**વીજળી ક્ષેત્ર સામેના પડકારો :**

(1) વીજળી ક્ષેત્ર સામેનો મોટામાં મોટો પડકાર એ છે કે, ઉત્પાદન-ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકતો નથી.

(2) બીજો મોટો પડકાર એ છે કે, આપણા દેશના વાર્ષિક 7 થી 8 ટકાના વિકાસ-દરને પહોંચી વળવા માટેની જેટલી વીજળી ઉપલબ્ધ બનવી જોઈએ તેટલી વીજળી ઉપલબ્ધ બનાવી શકાઈ નથી.

(3) ત્રીજો મોટો પડકાર એ છે કે વીજળીની ઉત્પાદન-ક્ષમતા કરતાં ઓછું ઉત્પાદન થતું જોવા મળે છે.

(4) ઉપરાંત વીજળીની અયોગ્ય વહેંચણી, વીજળીની વહન કરવાની પદ્ધતિ તેમજ વીજચોરીનું મોટું પ્રમાણ પણ વીજળી સામેના પડકારો ગણાવી શકાય.

(5) વીજળીના ઊંચા દરો, ઘણા બધા વિસ્તારોમાં વારંવાર વીજળીનું આવન-જાવન, થર્મલ પાવર ચલાવવા માટે કોલસાની તંગી જેવા પડકારો પણ વીજળીની ઉત્પાદન-ક્ષમતાને સીધી અસર કરે છે.

**11.3.4 રેલવે :**

વાહનવ્યવહાર ક્ષેત્રે વિશ્વમાં રેલવેનો વિકાસ ક્રાંતિકારી ગણાય છે. ભારતમાં રેલવેનો વિકાસ બ્રિટિશરોએ તેમના આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને કર્યો હતો. ભારતીય રેલવેનો પ્રારંભ અંગ્રેજોના શાસન દરમિયાન 16 એપ્રિલ, 1853ના રોજ મુંબઈ અને થાણા વચ્ચેના 22 માઈલ (અત્યારના 34 કિલોમીટર લગભગ)ના અંતરથી થઈ હતી.

સ્વતંત્રતા પછી રેલવેનો વહીવટ ભારત સરકાર હસ્તક આવ્યો અને સરકારે એક અલગ ખાતા દ્વારા રેલવેનો વહીવટ કરવાનું શરૂ કર્યું.

આજે એશિયા ખંડમાં પ્રથમ સ્થાને અને વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું નેટવર્ક ભારતીય રેલવે ધરાવે છે. રેલવે ભારત સરકારનું સૌથી મોટું જાહેર સાહસ ગણાય છે જે આજે પણ આશરે 14 લાખથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે.

2012માં 8200 મિલિયન પેસેન્જર્સ અને 970 મિલિયન ટન માલનું વહન કર્યું હતું.

રેલવે વિકાસનું ભારતના આર્થિક વિકાસમાં ખૂબ જ મહત્ત્વ રહેલું છે જેમાં,

(1) ભારે યંત્રસામગ્રીની ઝડપી હેરફેર શક્ય બનતા વ્યાવસાયિક ગતિશીલતામાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો થતાં ઉદ્યોગધંધાનો વિકાસ ઝડપી બન્યો.

(2) લાંબા અંતરની મુસાફરી સુખદાયક, સલામત અને ઝડપી બનતા શ્રમની ભૌગોલિક ગતિશીલતાને વેગ મળ્યો છે, જેથી શ્રમનો પૂરવઠો સહેલાઈથી મળી રહે છે.

(3) રેલવેના વિકાસથી ખેતીના વાણિજ્યકરણને વેગ મળ્યો છે અને ખેતીને જોઈતા ખાતર, ઓજારો અને ખેત-ઉત્પાદનને રેલવે દ્વારા દૂર-દૂરના વિસ્તાર સુધી પહોંચાડી શકાય છે.

(4) રેલવેના વિકાસથી ભારતના વિદેશવેપારને મોટા પ્રમાણમાં પ્રોત્સાહન મળ્યું છે.

(5) રેલવેના વિકાસથી પ્રવાસન ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન મળતા પ્રવાસન ઉદ્યોગ તરીકે વધુ ને વધુ વિકસતા જતા રોજગારીનું નવું ક્ષેત્ર વિકસેલું જોવા મળે છે.

(6) રેલવેનો વિકાસ દેશની રાષ્ટ્રીય એકતામાં કડીરૂપ સાબિત થયો છે.

આમ, આંતર માળખાકીય સુવિધાઓમાં રેલવેએ જે ફાળો આપ્યો છે તેને કારણે દેશના ખેતી, ઉદ્યોગ અને સેવા વિભાગ સમગ્ર દેશમાં વિકાસ પામી રહ્યો છે અને તેથી જ દરેક પંચવર્ષીય યોજનાઓમાં રેલવેના વિકાસ તેમજ આધુનિકીકરણને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જેમાં,

(1) દરેક યોજનામાં ગેજ રૂપાંતરનું કાર્ય ઝડપી બનાવી રેલવેનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

(2) રેલવે મુસાફરી વધુ ને વધુ સલામત બને તે માટેની વધુ ને વધુ સવલતો ઊભી કરવામાં આવી રહી છે.

(3) રેલવે સ્ટેશનોને પણ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યા છે.

(4) રેલવેના ડબાઓને પણ આધુનિક સવલતોથી સુસજ્જ કરવામાં આવી રહ્યા છે જેથી મુસાફરી આરામદાયક બની શકે.

(5) વધુ ને વધુ રેલવેનું વીજકરણ થઈ રહ્યું છે જેથી મુસાફરી ઝડપી બની શકે.

(6) રેલવે એ ટ્રેનોની વર્તમાન ઝડપમાં આધુનિકીકરણ દ્વારા વધારો કરવાની કામગીરી શરૂ કરી છે. જેથી એક સ્થળેથી બીજા સ્થળ વચ્ચેનું અંતર ઘટતા મુસાફરો તેમજ માલવહન કરવાનો સમય બચાવી શકાય.

(7) ટેલ્ગો અને બુલેટ ટ્રેન એ રેલવે આધુનિકીકરણનું સ્વરૂપ છે.

તેમ છતાં રેલવે સામેના કેટલાક પડકારો પણ જોવા મળે છે. જેમાં,

(1) આધુનિક ટેક્નોલૉજીની અનિવાર્યતા ઘણી અપૂરતી છે.

(2) અર્થતંત્રની જરૂરિયાત પ્રમાણે રેલવેની સવલત ઘણી અપૂરતી છે.

(3) નાણાંની તંગી, સંચાલનની સમસ્યા

(4) મુસાફરોને અપૂરતી સવલતોની સમસ્યા

(5) પ્રાદેશિક અસમતોલ રેલવેનો વિકાસ વગેરે ગણાવી શકાય.

### 11.3.5 પેટ્રોલિયમ :

ઊર્જાના મહત્ત્વના સ્રોત તરીકે પેટ્રોલિયમ પેદાશને ગણાવી શકાય. ઉપરાંત વાહનના ચાલક બળ તરીકે પણ તેનું મહત્ત્વ ઘણું જ છે. અદ્યતન ટેક્નોલૉજી ઉત્પાદન માટે મોટે ભાગે પેટ્રોલિયમ પેદાશ પર આધાર રાખે છે. જોકે ભારતમાં પેટ્રોલિયમ પેદાશનો જથ્થો ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં હોવાથી આપણે તેની આયાતો પર જ મોટો આધાર રાખવો પડે છે. ઔદ્યોગિકીકરણની ઝડપ વધતાં પેટ્રોલિયમ પેદાશની માંગ મોટા પ્રમાણમાં વધતી ગઈ છે અને સાથે-સાથે વાહનવ્યવહારનો ઝડપી વિકાસ થતા માલની હેરફેર કરતાં વાહનો તથા ખાનગી વાહનોની સંખ્યામાં વધારો તથા પેટ્રોલિયમ પેદાશોની માંગ ઉત્તરોત્તર વધતી જ ગઈ છે.

ભારતમાં સૌપ્રથમ અસમમાં તેલના ભંડારો પ્રાપ્ત થયા હતા. સરકારને પેટ્રોલિયમ પેદાશોની દેશના આર્થિક વિકાસમાં અનિવાર્યતા જણાતા દેશમાં ખનિજ તેલ મેળવવાના પ્રયાસો ઘનિષ્ઠ બનાવ્યા અને 1959માં (ONGC - Oil and Natural Gas Commission Limited)ની સ્થાપના કરી પછીથી સરકારે તેને નિગમ બનાવી (Commission નું Corporation) કમિશનનું કૉર્પોરેશન કર્યું છે.

ONGC દ્વારા સરકારે પેટ્રોલિયમ પેદાશો મેળવવાના સઘન પ્રયાસો કર્યા છે. ગુજરાતમાં પણ કડી, કલોલ, અંકલેશ્વર વગેરે જગ્યાએ તેલના ભંડારો શોધી કાઢ્યા અને મુંબઈના (Bombay High) દરિયામાં ખનીજ તેલ મેળવવા માટેનું પ્લૅટફૉર્મ ઊભું કરવામાં આવ્યું છે છતાં હાલમાં વિશ્વના કુલ જથ્થામાં ભારતનો હિસ્સો માત્ર 0.4 % જ છે, વિશ્વના હાલના ઉત્પાદન અને સતત વધતી જતી માંગને કારણે કહી શકાય કે પેટ્રોલિયમનો જથ્થો મર્યાદિત વર્ષો જ ચાલે તેટલો છે. તેથી વિશ્વના દેશો ઊર્જાના વૈકલ્પિક સ્રોતો વિશે ગંભીરતાપૂર્વક વિચારતા થયા છે અને એ દિશામાં સતત સંશોધનો-કાર્યક્રમો અપનાવતા ગયા છે. ભારત પણ આ દિશામાં સંશોધનોને સતત પ્રોત્સાહનો આપી રહ્યું છે.

કુદરતી ગૅસને પણ પેટ્રોલિયમ સ્રોતમાં જ ગણવામાં આવે છે જેનો મુખ્યત્વે ઉપયોગ થર્મલ વિદ્યુતમથકોમાં રાંધણ ગૅસમાં કે વાહનના ચાલક બળ તરીકે કરવામાં આવે છે. ભારતનો ગૅસનો કુલ જથ્થો પણ હાલમાં વિશ્વના ગૅસના કુલ જથ્થામાં માત્ર 0.5 % જ છે. કુદરતી ગૅસના વધુ ઉપયોગને પરિણામે પર્યાવરણીય

પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે તેવું માનવામાં આવતું હોવાથી તેનો વધુ ને વધુ ઉપયોગ વીજળી-ઉત્પાદનમાં તેમજ વાહનવ્યવહારમાં કરવો જોઈએ. ગૅસના ઉપયોગને પર્યાવરણ મિત્ર (Environment friendly) ગણાવાય છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

(1) આર્થિક સુધારા કયા વર્ષમાં કરવામાં આવ્યા ?

(અ) 1990 (બ) 1991 (ક) 1999 (ડ) 2008

(2) આકર્ષણ સ્થળાંતરની અસરો કેવા પ્રકારની હોય છે ?

(અ) નકારાત્મક (બ) હકારાત્મક (ક) શૂન્ય (ડ) સાપેક્ષ

(3) 2050 સુધીમાં વિશ્વની કેટલી વસ્તી શહેરોમાં વસ્તી હશે ?

(અ) $\frac{1}{2}$ (બ) $\frac{1}{4}$ (ક) $\frac{2}{3}$ (ડ) $\frac{3}{4}$

(4) કયા વર્ષમાં આપવામાં આવેલી નગરની વ્યાખ્યા ઉદાર હતી ?

(અ) 1991 (બ) 1981 (ક) 1971 (ડ) 1951

(5) 2011માં આશરે કેટલા % વસ્તી શહેરોમાં વસ્તી હતી ?

(અ) 20 % (બ) 32 % (ક) 35 % (ડ) 25 %

(6) ભારતીય બંધારણે કઈ વય સુધીમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત ધોરણે પ્રાપ્ત થવું જોઈએ તેવું કહ્યું છે ?

(અ) 4-14 વર્ષ (બ) 5-15 વર્ષ (ક) 6-14 વર્ષ (ડ) 7-15 વર્ષ

(7) 2011માં ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું હતું ?

(અ) 50 % (બ) 60 % (ક) 70 % (ડ) 74.04 %

(8) ભારતમાં રેલવેની સૌપ્રથમ શરૂઆત ક્યારે થઈ હતી ?

(અ) 1953માં (બ) 1853માં (ક) 1975માં (ડ) 1901માં

(9) ONGC ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(અ) 1947માં (બ) 1951માં (ક) 1955માં (ડ) 1959માં

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) આંતરિક સ્થળાંતર કોને કહેવાય ?

(2) વિકાસલક્ષી સ્થળાંતર કોને કહેવાય ?

(3) શહેરીકરણ કોને કહેવાય ?

(4) વીજળી કેટલી રીતે મેળવી શકાય છે ?

(5) ONGCનું પૂર્ણ રૂપ આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) સ્થળાંતરનો અર્થ આપો.

(2) આકર્ષણ સ્થળાંતર કોને કહેવાય ?

(3) શહેરીકરણનો અર્થ આપો.

(4) શહેરીકરણ કેટલી રીતે થાય છે તે જણાવો.

(5) શહેરીકરણની નકારાત્મક અસરોના મુદ્દાઓ જણાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) સ્થળાંતરના પ્રકારો સમજાવો.

(2) શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો ટૂંકમાં સમજાવો.

(3) ટૂંક નોંધ લખો : પેટ્રોલિયમ

(4) શિક્ષણનું મહત્ત્વ જણાવો.

(5) ભારતમાં રેલવેના વિકાસ અંગે ટૂંક નોંધ લખો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) સ્થળાંતરનાં કારણોની સમજૂતી આપો.

(2) સ્થળાંતરની હકારાત્મક અસરો ચર્ચો.

(3) સ્થળાંતરની નકારાત્મક અસરો ચર્ચો.

(4) શહેરીકરણની અસરો સમજાવો.

(5) ભારતમાં શિક્ષણની સ્થિતિ વિશે સવિસ્તર સમજાવો.

## પારિભાષિક શબ્દો

**સ્થળાંતર** : જ્યારે વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે વતનથી દૂર દેશમાં કે વિદેશમાં નોકરી, વ્યવસાય, ધંધો કે વધુ સારા જીવનધોરણ પ્રાપ્ત કરવા માટે કાયમી વસવાટ કરે છે ત્યારે તેને સ્થળાંતર કહે છે.

**આકર્ષણ સ્થળાંતર** : જ્યારે વ્યક્તિ કોઈ પણ કારણસર શહેરી જીવન પદ્ધતિ અને અને વિવિધ સવલતોથી આકર્ષાઈને પોતાના વતનથી દૂર જઈ વસવાટ કરે ત્યારે તેને આકર્ષણ સ્થળાંતર કહે છે.

**અપાકર્ષણ સ્થળાંતર** : જ્યારે ગ્રામ્ય સમાજમાં વસતા લોકોને ધંધો, વ્યવસાય કે નોકરીની પૂરતી તકો પોતાનાં ગામડાંમાં ન હોય કે આર્થિક પ્રવૃત્તિ માટેના બીજા વિકલ્પો ન હોય કે અપૂરતા હોય, શિક્ષણની પૂરતી તકો ન હોય ત્યારે તેઓ ફરજિયાતપણે શહેરો તરફ ધકેલાય છે ત્યારે તેને અપાકર્ષણ સ્થળાંતર કહે છે.

**શહેરીકરણ** : ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં થતા વસ્તીના સ્થળાંતરને શહેરીકરણ કહે છે.

**શિક્ષણ** : શિક્ષણ એટલે શીખવા કે શીખવવાની પ્રક્રિયા.

**માનવ મૂડીરોકાણ** : માનવીની શારીરિક અને માનસિક શક્તિઓના વિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને તાલીમ પાછળ કરવામાં આવતું રોકાણ (ખર્ચ) એટલે માનવ મૂડીરોકાણ

**આરોગ્ય** : ફક્ત રોગની ગેરહાજરી કે શારીરિક શક્તિ જે સાચું આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય નહિ પરંતુ માણસના સંપૂર્ણ ભૌતિક, માનસિક અને સામાજિક કલ્યાણને (well-being) આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય.

●

## Abbreviations used in the Book

| | | |
|---|---|---|
| ALE | : | Average Life Expectancy |
| BHEL | : | Bharat Heavy Electricals Limited |
| CD | : | Compact Disc |
| CIS | : | Commonwealth of Independent States |
| CMIE | : | Centre for Monitoring Indian Economy |
| CSO | : | Central Statistical Organization |
| DEMAT | : | Dematerialized Account |
| DUGJY | : | Deendayal Upadhyaya Gram Jyoti Yojna |
| DUGKY | : | Deendayal Upadhyaya Gram Kaushalya Yojna |
| DWCRA | : | Development of Women and Children in Rural Areas |
| EAS | : | Employment Assurance Scheme |
| GDP | : | Gross Domestic Product |
| GIC | : | General Insurance Company |
| GNI | : | Gross National Income |
| GSPC | : | Gujarat State Petroleum Corporation |
| HDI | : | Human Development Index |
| IAY | : | Indira Awaas Yojna |
| ICICI | : | Industrial Credit and Investment Corporation of India |
| IDBI | : | Industrial Development Bank of India |
| IFCI | : | Industrial Finance Corporation of India |
| IFFCO | : | Indian Farmers Fertiliser Co-operative Limited |
| ILO | : | International Labour Organization |
| IMF | : | International Monetary Fund |
| IOC | : | Indian Oil Corporation |
| IRDP | : | Integrated Rural Development Programme |
| JRY | : | Jawahar Rozgar Yojna |
| KRIBHCO | : | Krishak Bharati Co-operative Limited |
| LIC | : | Life Insurance Corporation |
| MGNREGA | : | Mahatma Gandhi National Rural Employment Guarantee Act. |
| MWS | : | Million Well Scheme |
| NREGA | : | National Rural Employment Guarantee Act |
| NSSO | : | National Sample Survey Organization |
| ONGC | : | Oil and Natural Gas Corporation Limited |
| OPEC | : | Organization of Petroleum Exporting Countries |
| PDUSJY | : | Pandit Deendayal Upadhyaya Shramev Jayate Yojna |
| PMAY | : | Pradhan Mantri Awaas Yojna |
| PMFBY | : | Pradhan Mantri Fasal Bima Yojana |
| PPP | : | Purchasing Power Parity |
| PQLI | : | Physical Quality of Life Index |
| RBI | : | Reserve Bank of India |
| REGP | : | Rural Employment Guarantee Programme |
| SGSY | : | Suvarnajayanti Gram Swarojgar Yojna |
| SIDBI | : | Small Industries Development Bank of India |
| SITRA | : | Supply of Improved Tool-Kits to Rural Artisans |
| TYYSEM | : | Training of Rural Youth for Self Employment |
| UK | : | United Kindgdom |
| UNO | : | United Nations Organization |
| USA | : | United States of America |
| WHO | : | World Health Organization |